
ભગવાન મહાવીરની આચાર્ય પરમ્પરા



ભગવાન મહાવીરની

# આચાર્ય પરમ્પરા

: પ્રકાશક :

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

website :www.kanjiswami.org

Email : contact@kanjiswami.org

ભગવાનશ્રીકુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા, પુષ્પ–૨૩૭

ॐ

नमः सद्गुरुवे ।

# ભગવાન મહાવીરની
# આચાર્ય પરમ્પરા

卐

–: પ્રકાશક :–

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)

website :www.kanjiswami.org

Email : contact@kanjiswami.org

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ – ૩૬૪૨૫૦

પ્રથમ આવૃત્તિ    પ્રત : ૧૫૦૦    વિ.સં. ૨૦૬૯    ઈ.સ. ૨૦૧૩

ભગવાન મહાવીરની આચાર્ય પરમ્પરા (ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**

ભારતીબેન અતુલભાઈ ગાંધી, યુ.એસ.એ.


આ પુસ્તકની પડતર કિંમત રૂા. ૧૩૦=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૧૦૦=૦૦ થાય છે તેમાંથી ૫૦% શ્રી છગનલાલ કાલીદાસ વાઘર પરિવાર હસ્તે ત્રંબકભાઈ તથા ખીમચંદભાઈ તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની વેચાણ કિંમત રૂા. ૫૦=૦૦ રાખવામાં આવેલ છે.

**કિંમત રૂા. ૫૦=૦૦**

મુદ્રક :
**કહાન મુદ્રણાલય,**
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)



વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન


ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય
ભગવાન કુંદકુંદાચાર્યદેવ

### ભગવાન કુંદકુંદાચાર્યદેવ રચિત

## આચાર્યભક્તિ (ગુજરાતી અનુવાદ)

(आर्या)

देसकुलजाइसुद्धा विसुद्धमणवयणकायसंजुत्ता।
तुम्हं पायपयोरुहमिह मंगलमत्थु मे णिच्चं॥१॥

હે આચાર્યદેવ! આપ દેશ, કુળ અને જાતિથી વિશુદ્ધ મન, વચન, કાયાથી સંયુક્ત છો આપના ચરણકમળ આ લોકમાં મને સદાય મંગળરૂપ થાય. ૧.

सगपरसमयविदण्हू आगमहेदुहिं चावि जाणित्ता।
सुसमत्था जिणवयणे विणये सुत्ताणुरूवेण॥२॥

આચાર્યદેવો સ્વસમય અને પરસમયના જાણનાર છે. આગમ અને હેતુઓ દ્વારા પદાર્થોને જાણીને જિનવચનોના કથનમાં તથા શ્રુત(આગમ) અનુસાર વિનય કરવામાં તેઓ અત્યંત સમર્થ છે. ૨.

बालगुरुबुड्ढसेहे गिलाणथेरे य खमणसंजुत्ता।
वट्टावयगा अण्णे दुस्सीले चापि जाणित्ता॥३॥

તે આચાર્યદેવો બાળ, ગુરુ, વૃદ્ધ, શૈક્ષ્ય, રોગી અને સ્થવિર મુનિઓના વિષયમાં ક્ષમાથી યુક્ત હોય છે તથા અન્ય દુઃશીલ શિષ્યોને જાણીને સન્માર્ગમાં પ્રવર્તાવે છે. ૩.

वदसमिदिगुत्तिजुत्ता मुत्तिपहे ठावया पुणो अण्णे।
अज्झावयगुणणिलये साहुगुणेणावि संजुत्ता॥४॥

તે આચાર્યદેવો વ્રત, સમિતિ અને ગુપ્તિ સહિત હોય છે. અન્ય જીવોને મોક્ષમાર્ગમાં લગાવે છે. ઉપાધ્યાયોના ગુણોનું સ્થાન(નિવાસ) હોય છે તથા સાધુ પરમેષ્ઠીના ગુણોથી યુક્ત રહે છે. ૪.

उत्तमखमाए पुढवी पसण्णभावेण अच्छजलसरिसा।
कम्मिंधणदहणादो अगणी वाऊ असंगादो॥५॥

તે આચાર્યદેવો ઉત્તમ ક્ષમાની અપેક્ષાએ પૃથ્વી સમાન છે. નિર્મળભાવની અપેક્ષાએ સ્વચ્છ જળ સમાન છે. કર્મરૂપી ઇંધનને બાળવા માટે અગ્નિસ્વરૂપ છે, તથા પરિગ્રહ રહિત હોવાના કારણે વાયુ સમાન છે. ૫

गयणमिव णिरुवलेवा अक्खोहा सायरुव्व मुणिवसहा।
एरिसगुणणिलयाणं पायं पणमामि सुद्धमणो॥६॥

તે મુનિશ્રેષ્ઠ આચાર્યદેવો આકાશની જેમ નિર્લેપ, સાગરની જેમ ક્ષોભરહિત હોય છે, તે ગુણોનું નિવાસસ્થાન એવા આચાર્ય પરમેષ્ઠીના ચરણકમળમાં હું શુદ્ધમનથી નમસ્કાર કરું છું.૬

संसारकाणणे पुण वंभममाणेहिं भव्वजीवेहिं।
णिव्वाणस्स दु मग्गो लद्धो तुम्हं पसाएण।।७।।

હે આચાર્યદેવ! સંસારરૂપી અટવીમાં ભ્રમણ કરવાવાળા ભવ્યજીવોએ આપના પ્રસાદથી નિર્વાણનો માર્ગ પ્રાપ્ત કર્યો છે. ૭.

अविसुद्धलेस्सरहिया विसुद्धलेस्साहि परिणदा सुद्धा।
रुदट्टे पुण चता धम्मे सुक्के य संजुत्ता।।८।।

તે આચાર્યદેવો અવિશુદ્ધ અર્થાત્ કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાઓથી રહિત તથા વિશુદ્ધ અર્થાત્ પીત, પદ્મ અને શુક્લ લેશ્યાઓથી યુક્ત હોય છે. રૌદ્ર તથા આર્તધ્યાનના ત્યાગી તથા ધર્મ અને શુક્લધ્યાનથી સહિત હોય છે. ૮.

उग्गहईहावायाधारणगुणसम्पदेहिं संजुत्ता।
सुत्तत्थभावणाए भावियमाणेहिं वंदामि।।९।।


તે આચાર્યદેવો, આગમના અર્થની ભાવનાથી ભાવ્યમાન, અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા નામની ગુણરૂપી સંપદાઓથી સંયુક્ત હોય છે. તેમને હું નમસ્કાર કરું છું. ૯

तुम्हं गुणगणसंथुदि अजाणमाणेण जो मया वुत्तो।
देउ मम वोहिलाहं गुरुभत्तिजुदत्थओ णिच्चं।।१०।।

હે આચાર્યદેવ! આપના ગુણસમૂહની સ્તુતિને ન જાણવા છતાં મેં જે ઘણી જ ભારે ભક્તિથી યુક્ત સ્તવન કહ્યું છે તે મને નિરન્તર બોધિલાભ-રત્નત્રયની પ્રાપ્તિ પ્રદાન કરો! ૧૦.

इच्छामि भंते आयरियभत्ति काउसग्गो कओ तस्सालोचेओ सम्मणाणसम्मदंसण-सम्मचरित्तजुत्ताणं पंचविहाचाराणं आयरियाणं आयारादिसुदणाणोवदेसयाणं उवज्झायाणं तिरयणगुणपालणरयाणं सव्वसाहूणं णिच्चकालं अच्चेमि पूजेमि वंदामि णमस्सामि दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो सुगइगमणं समाहिमरणं जिणगुणसंपत्ति होउ मज्झं।

હે ભગવાન! મેં આચાર્યભક્તિ સંબંધી કાયોત્સર્ગ કર્યો છે તેની આલોચના કરવા ઈચ્છું છું. જે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી યુક્ત છે, તથા પાંચ પ્રકારના આચારોનું પાલન કરે છે તેવા આચાર્યદેવોની, આચારાંગ વગેરે શ્રુતજ્ઞાનનો ઉપદેશ આપવાવાળા ઉપાધ્યાયોની, તથા રત્નત્રયરૂપી ગુણોનું પાલન કરવામાં લીન એવા સમસ્ત સાધુઓની હું નિરંતર અર્ચના કરું છું, પૂજા કરું છું, વંદના કરું છું, નમસ્કાર કરું છું, તેના ફળસ્વરૂપે મારા દુઃખોનો ક્ષય થાઓ, કર્મોનો ક્ષય થાઓ, રત્નત્રયની પ્રાપ્તિ થાઓ, સુગતિમાં ગમન થાઓ, સમાધિમરણ થાઓ તથા મને જિનેન્દ્ર ભગવાનના ગુણોની પ્રાપ્તિ થાઓ.




પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક ચરમતીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા ત્યારે ચતુર્થકાળના ત્રણ વર્ષ છ માસ ને પંદર દિવસ બાકી રહ્યા. તેમના પછી કેવળી, શ્રુતકેવળી તેમજ કેટલાક આચાર્ય ભગવંતો દ્વારા ૬૮૩ વર્ષો સુધી અંગ તેમજ પૂર્વના અંશરૂપ જ્ઞાન વિદ્યમાન રહ્યું. ત્યારબાદ તે જ્ઞાન ક્ષીણ થતું ગયું, તેમાં પણ અધ્યાત્મજ્ઞાન તો વિશેષપણે લુપ્ત થતું ગયું.

તે મહત્વપૂર્ણ અધ્યાત્મજ્ઞાનને વીરપ્રભુ તેમજ સીમંધરપ્રભુની કૃપાથી તેમજ પૂર્વ સંસ્કારના બળથી ભગવાન કુંદકુંદાચાર્યદેવે ચેતનવંતુ કર્યું. ફરી પણ કાળદોષથી તે જ્ઞાન ક્ષીણ થતું ગયું. તેમના ૧૦૦૦ વર્ષ બાદ થયેલા આચાર્ય અમૃતચંદ્રદેવે કુંદકુંદ ભગવાનની તે જ્ઞાનગંગાને નવજીવન પ્રદાન કર્યું. પુનઃ તે જ્ઞાનગંગા ક્ષીણ થવા લાગી અને નહીંવત્ જેવી રહી ગઈ ત્યારે આચાર્ય અમૃતચંદ્રાચાર્યદેવના ૧૦૦૦ વર્ષ પછી થયેલા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ તથા ભગવત્‌અમૃતચંદ્રાચાર્યદેવના સમયસાર ગ્રંથ તેમજ અન્ય ગ્રંથોના ભાવોને પ્રાપ્ત કરી, પૂર્વ સંસ્કારના બળથી તે પૂર્વ આચાર્યોના વચનોના અર્થ એવા ખોલ્યા કે તે બંને ઉભય ઉપકારી આચાર્યોનો જ્ઞાન પ્રવાહ જૈન સમાજમાં પુનઃ સંચારિત થયો.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેને વૈરાગ્યમય હૃદય દ્વારા તે જ માર્ગને મુમુક્ષુ હૃદયમાં સુદૃઢ કર્યો. જેનાથી મુમુક્ષુહૃદયો પોતાના પુરુષાર્થ અનુસાર તે અધ્યાત્મગંગાનો લાભ લેવા લાગ્યા. આ પ્રમાણે મુમુક્ષુહૃદય અધ્યાત્મ જળથી ભીંજાયેલું હોવાની સાથે સાથે જે આચાર્યો દ્વારા આ જ્ઞાનગંગા મુમુક્ષુઓને મળી હતી તે આચાર્યો અને મુનિ ભગવંતો પ્રત્યે તેમનું હૃદય સંવેગિત પણ બન્યું.

મુમુક્ષુઓનો આચાર્યો પ્રતિ સમર્પણભાવ જોઈને તેમના

જીવન સંબંધે થોડી-ઘણી માહિતી મુમુક્ષુઓને મળે તે હેતુથી આત્મધર્મ હિન્દીમાં આચાર્યોના જીવનચરિત્ર સંબંધી વિભાગ આપવામાં આવ્યો હતો. મુમુક્ષુઓની એવી ભાવના હતી કે તે વિભાગમાં આપવામાં આવેલ આચાર્યોના જીવનચરિત્રોને જો યોગ્ય પુસ્તકાકારે પ્રકાશિત કરવામાં આવે તો તે મુમુક્ષુઓને તેમજ યુવાવર્ગને વિશેષ લાભકારક થશે. તેથી આચાર્યોના જીવનચરિત્ર વિષે 'ભગવાન મહાવીરની આચાર્ય પરંપરા' નામના આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે.

આ પુસ્તકમાં આચાર્યોનું જીવનચરિત્ર સંક્ષિપ્તમાં, વિવિધ શાસ્ત્રો તેમજ જૈન ઇતિહાસગ્રંથોના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. એટલું તો સ્પષ્ટ છે કે આ પુસ્તકમાં દર્શાવેલા આચાર્ય ભગવંતો જ ભગવાન મહાવીરના શાસનમાં થયા છે એમ નથી. પરંતુ જે આચાર્યોના વિષે અમને થોડી ઘણી માહિતી પ્રાપ્ત થઈ છે તેમના વિષે અહીં લખવામાં આવ્યું છે.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૬૮૩ વર્ષ સુધીની પરંપરા જ્યાં પણ પ્રાપ્ત થાય છે ત્યાં મુખ્યપણે ૬૨ વર્ષમાં આટલા ત્યારબાદ ૧૦૦ વર્ષમાં આટલા એ પ્રમાણે જ માહિતી પ્રાપ્ત થાય છે. તેને લૌકિક રાજાઓના સમયાનુસાર વ્યવસ્થિત મેળવીને તે આચાર્યોની આચાર્યપદવીનો કાળ દર્શાવવામાં આવ્યો છે.

ભગવાન મહાવીરના નિર્વાણ પછીના ૬૮૩ વર્ષ સુધીની પરંપરા આગમોમાં મળે છે તે તો તે અનુસાર જ દર્શાવી છે. ત્યારબાદ મૂળ સંઘ વિચ્છેદ થઈને નવા નવા નંદી, સેન વગેરે ગણ-ઉપગણોમાં વહેંચાઈ જવાથી, તથા પ્રત્યેકની પોતપોતાની પરંપરા હોવાથી આચાર્યોની કોઈ એક સ્પષ્ટ પરંપરા રહી નથી. ભગવાન મહાવીરના નિર્વાણ પછીના ૬૮૩ વર્ષ પછીના આચાર્યોનો સમયગાળો ન દર્શાવતાં માત્ર તેમનો આચાર્યપદવીકાળ જ દર્શાવવામાં આવે છે.

ભારતવર્ષમાં વીરનિર્વાણ સંવત્, વિક્રમ સંવત્ તથા શક સંવત્ વગેરે ઘણી પ્રકારના સંવત્ પ્રચલિત છે. આ પ્રથા માત્ર

વર્તમાનમાં જ નહીં પરંતુ પ્રાચીનકાળથી છે. તે સમયે જૈન સમાજમાં ઈસ્વીસન સંવત પ્રચલિત નહોતી પરંતુ અન્ય સંવત્ પ્રચલિત હતા, તેમાં પણ ઉત્તરભારત, મધ્યભારત, દક્ષિણભારત વગેરેમાં પ્રદેશવાર અલગ-અલગ સંવતોનું ચલણ હતું. આ જ રીતે દક્ષિણ ભારતમાં 'શક સંવત'નું ચલણ હતું. તેથી દક્ષિણના આચાર્યો વિષે શક સંવત્ જ લૌકિક ઈતિહાસ અનુસાર સુવ્યવસ્થિત જણાય છે. ઉદાહરણ તરીકે ગ્રંથોમાં મળે છે કે ભગવાન કુંદકુંદાચાર્યદેવ સંવત ૪૯માં વિદેહ ગયા હતા. આ ઘટના શક સંવત અનુસાર ગણવાથી જ ઈતિહાસનો સુવ્યવસ્થિત મેળ પડે છે. આવું આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું છે. વર્તમાનમાં જૈન સમાજમાં પણ ઈસ્વીસન સંવત અધિક પ્રચલિત હોવાના કારણે આચાર્યોના આચાર્યપદવીનો સમય આ પુસ્તકમાં ઈસ્વીસન દ્વારા જ દર્શાવવામાં આવે છે.

આચાર્યોનો કૌટુમ્બિક જીવનવૃત્તાંત મુખ્યપણે દંતકથાઓ તથા પશ્ચાત્વર્તી આચાર્યોના ગ્રંથોના આધારે આપવામાં આવ્યો છે. દરેક આચાર્યોના આયુષ્ય વિષે કોઈ ખાસ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. તેથી પૂર્વ આચાર્યો અને ઉત્તરવર્તી આચાર્યોના ગ્રંથોમાં આવેલા તેમની કૃતિઓના ઉલ્લેખ દ્વારા, માત્ર તેમનો આચાર્યપદનો કાળ જ નક્કી થઈ શકે છે. જેમ કે કુંદકુંદાચાર્યદેવનો સમય ઈસ્વીસન્ ૧૨૭થી ૧૭૯ (૫૨ વર્ષ) દર્શાવવામાં આવ્યો છે. તે તેમનો આચાર્યકાળ છે, નહીં કે ઉંમર. કારણ કે તેમની ઉંમર લગભગ ૯૬ વર્ષની હતી. આવું દરેક આચાર્યોના સંબંધમાં દર્શાવ્યું છે તે ધ્યાનમાં રાખવા વિનંતી.

આ પુસ્તકમાં અલગ-અલગ ગણ-ગચ્છ-સંઘના આચાર્યોમાંથી જેમના જીવન વિષે અમને થોડીઘણી માહિતી મળી છે તેમનું જ જીવનચરિત્ર આપવામાં આવ્યું છે. તેથી એમ ન સમજવું કે દિગંબર જિનધર્મમાં આટલા જ આચાર્યો છે. પરંતુ અમને જે આચાર્યોના જીવન વિષે માહિતી પ્રાપ્ત થઈ છે તેમનું જીવન દર્શાવવામાં આવ્યું છે.

આ પુસ્તક પ્રથમાનુયોગની શૈલીનું હોવા છતાં મૂલતઃ ઐતિહાસિક છે. તેથી હકીકતો વિષે વિભિન્ન ઈતિહાસકારોનો વિભિન્ન મત હોઈ શકે છે. તેથી અભ્યાસ કર્યા બાદ જે હકીકતો તર્કપૂર્ણ લાગી છે તે હકીકતોને આ પુસ્તકમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેથી આ વિષય બાબતે મતભેદ હોવો સ્વાભાવિક છે.

આ પુસ્તકના પ્રકાશનમાં સહયોગ આપનાર સર્વેનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તકમાં સુંદર ચિત્રો જયદેવભાઈ અગ્રાવત દ્વારા તૈયાર કરાયાં છે તથા તેનું સુંદર મુદ્રણકાર્ય કહાન મુદ્રણાલયે કર્યું છે.

પૂજ્ય બહેનશ્રી જન્મશતાબ્દી મહોત્સવ

વી.નિ.સં. ૨૫૩૯<br>
વિ.સં. ૨૦૬૯<br>
તા. ૨૨-૮-૨૦૧૩

સાહિત્યપ્રકાશનસમિતિ<br>
**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**<br>
સોનગઢ (સૌરાષ્ટ્ર)

❁




પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

# અનુક્રમણિકા


| ક્રમ | આચાર્યનું નામ | આચાર્ય પદવી કાળ(ઈ.સ.) | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| * | ભગવાન મહાવીરસ્વામી | ઈ.સ.પૂર્વે ૫૯૭- પૂર્વે ૫૨૭ | ૧ |
| * | આપણા જીવનપથપ્રદર્શક આચાર્યનું સામાન્ય સ્વરૂપ | – | ૮ |
| ૧ | ભગવાન મહાવીરસ્વામી પશ્ચાત્ ૬૮૩ વર્ષ સુધીની પરંપરા | પૂર્વે ૫૨૭ થી ઈ.સ.૧૫૬ | ૧૪ |
| ૨ | ભગવાન શ્રી ગૌતમસ્વામી | પૂર્વે ૫૨૭ – પૂર્વે ૫૧૫ | ૧૭ |
| ૩ | અંતિમ કેવલી ભગવંત શ્રી જમ્બૂસ્વામી | પૂર્વે ૫૦૩ – પૂર્વે ૪૬૫ | ૨૨ |
| ૪ | ભગવાન આચાર્યદેવ ભદ્રબાહુસ્વામી (પ્રથમ) | પૂર્વે ૩૯૪ – પૂર્વે ૩૬૫ | ૨૮ |
| ૫ | આચાર્ય શ્રી પ્રૌષ્ઠિલ અપરનામ ચંદ્રગુપ્ત (પ્રથમ) | પૂર્વે ૩૫૫ – પૂર્વે ૩૩૬ | ૩૨ |
| ૬ | મુનિવર શ્રી ચાણક્ય અપરનામ કૌટિલ્ય | પૂર્વે ૩૫૫ – પૂર્વે ૩૩૬ | ૩૬ |
| ૭ | શ્રી ભદ્રબાહુ આચાર્ય (દ્વિતીય) | પૂર્વે ૩૫ – ઈ.સ. ૧૨ | |
| | શ્રી ચંદ્રગુપ્ત (દ્વિતીય) | પૂર્વે ૩૫ – ઈ.સ. ૧૨ | ૪૦ |
| ૮ | શ્રી ગુણધર આચાર્ય | પ્રથમ શતાબ્દી પૂર્વપાદ | ૪૫ |
| ૯ | આચાર્યદેવ શ્રી શિવાર્ય અપરનામ શિવકોટિ | પ્રથમ શતાબ્દી પૂર્વપાદ | ૪૭ |
| ૧૦ | આચાર્યદેવ શ્રી અર્હદ્બલિ અપરનામ ગુપ્તિગુપ્ત | ૩૮ – ૬૬ | ૪૯ |
| ૧૧ | શ્રી ધરસેન આચાર્ય | ૩૮ – ૧૦૬ | ૫૧ |
| ૧૨ | શ્રી માઘનન્દિ આચાર્ય | ૪૮ – ૮૭ | ૫૫ |
| ૧૩ | શ્રી આચાર્યદેવ પુષ્પદંત અને | ૬૬ – ૧૦૬ | ૫૮ |
| | શ્રી ભૂતબલિ આચાર્ય | ૬૬ – ૧૫૬ | |
| ૧૪ | પરમાગમશ્રી ષટ્ખંડાગમનું ઉદ્ભવસ્થાન | | ૬૩ |
| ૧૫ | આચાર્ય શુભનન્દિ અને શ્રી રવિનન્દિ આચાર્ય | પ્રથમ શતાબ્દી મધ્યપાદ | ૬૭ |
| ૧૬ | આચાર્ય શ્રી બપ્પદેવ | પ્રથમ શતાબ્દી મધ્યપાદ | ૬૮ |
| ૧૭ | આચાર્યદેવ શ્રી આર્યમંક્ષુ | ૭૩ – ૧૨૩ | ૬૯ |
| | આચાર્ય શ્રી નાગહસ્તિ | ૯૩ – ૧૬૨ | |
| ૧૮ | આચાર્યદેવ શ્રી જિનચંદ્ર | ૮૭ – ૧૨૭ | ૭૩ |
| ૧૯ | આચાર્યદેવ શ્રી કુંદકુંદસ્વામી | ૧૨૭ – ૧૭૯ | ૭૪ |
| ૨૦ | આચાર્યદેવ શ્રી વટ્ટકેરસ્વામી | ૧૨૭ – ૧૭૯ | ૮૧ |
| ૨૧ | આચાર્યદેવ શ્રી કાર્તિકેયસ્વામી અપરનામ કુમારસ્વામી | બીજી શતાબ્દી મધ્યપાદ | ૮૩ |

| ક્રમ | આચાર્યનું નામ | આચાર્ય પદવી કાળ(ઈ.સ.) | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૨૨ | આચાર્યદેવ શ્રી સમન્તભદ્ર | ૧૩૮ – ૧૮૫ | ૮૫ |
| ૨૩ | આચાર્યદેવ શ્રી યતિવૃષભ | ૧૪૩ – ૧૭૩ | ૯૨ |
| ૨૪ | આચાર્યદેવ શ્રી ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી | ૧૭૯ – ૨૪૩ | ૯૪ |
| ૨૫ | આચાર્યદેવ શ્રી શ્રીદત્ત | ચોથી શતાબ્દી મધ્યપાદ | ૯૯ |
| ૨૬ | આચાર્યદેવ શ્રી પૂજ્યપાદસ્વામી અપરનામ દેવનંદિ | પાંચમી શતાબ્દી મધ્યપાદ | ૧૦૧ |
| ૨૭ | આચાર્યદેવ શ્રી વજ્રસૂરિ અપરનામ વજ્રનંદિ | ૪૪૨ – ૪૬૪ | ૧૦૩ |
| ૨૮ | આચાર્યદેવ શ્રી યશોભદ્ર | છઠ્ઠી શતાબ્દી મધ્યપાદ | ૧૦૪ |
| ૨૯ | આચાર્યદેવ શ્રી જોઈન્દુ અપરનામ યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી ઉત્તરાર્ધ | ૧૦૫ |
| ૩૦ | આચાર્યદેવ શ્રી પાત્રકેસરી અથવા પાત્રસ્વામી | છઠ્ઠી-સાતમી શતાબ્દી | ૧૦૬ |
| ૩૧ | આચાર્યદેવ શ્રી ઋષીપુત્ર | છઠ્ઠી-સાતમી શતાબ્દી | ૧૦૯ |
| ૩૨ | આચાર્ય શ્રી સિદ્ધસેન : દીક્ષા નામ કુમુદચંદ્રાચાર્ય | ૫૬૮ – | ૧૧૧ |
| ૩૩ | આચાર્યદેવ શ્રી માનતુંગ | ૬૧૮ – ૬૫૦ | ૧૧૩ |
| ૩૪ | આચાર્યદેવ શ્રી પ્રભાચંદ્ર (દ્વિતીય) | સાતમી શતાબ્દી ઉત્તરાર્ધ | ૧૧૬ |
| ૩૫ | આચાર્યદેવ શ્રી અકલંક ભટ્ટ | ૬૨૦ – ૬૮૦ | ૧૧૭ |
| ૩૬ | આચાર્યદેવ શ્રી રવિષેણસ્વામી | ૬૭૭ – | ૧૨૩ |
| ૩૭ | આચાર્યદેવ શ્રી જટાસિંહનંદિ | સાતમી-આઠમી શતાબ્દી | ૧૨૫ |
| ૩૮ | આચાર્યદેવ શ્રી શાન્ત અથવા શાન્તિષેણ | સાતમી શતાબ્દી | ૧૨૭ |
| ૩૯ | આચાર્યદેવ શ્રી જિનસેન (પ્રથમ) | ૭૪૮ – ૮૧૮ | ૧૨૯ |
| ૪૦ | આચાર્યદેવ શ્રી કાણભિક્ષુ | આઠમી શતાબ્દી મધ્યપાદ | ૧૩૨ |
| ૪૧ | આચાર્યદેવ શ્રી વાદિભસિંહ મુનિવર | ૭૭૦ – ૮૬૦ | ૧૩૩ |
| ૪૨ | શ્રી એલાચાર્ય | ૭૭૦ – | ૧૩૫ |
| ૪૩ | આચાર્યદેવ શ્રી વીરસેનસ્વામી | ૭૭૦ – ૮૨૭ | ૧૩૭ |
| ૪૪ | આચાર્યદેવ શ્રી જયસેન (ચતુર્થ/પંચમ) | ૭૭૦ – ૮૨૭ | ૧૪૦ |
| ૪૫ | આચાર્યદેવ શ્રી વિદ્યાનંદિસ્વામી | ૭૭૬ – ૮૪૦ | ૧૪૩ |
| ૪૬ | આચાર્યદેવ શ્રી અનંતકીર્તિ | આઠમી શતાબ્દી ઉત્તરાર્ધ | ૧૪૬ |
| ૪૭ | આચાર્યદેવ શ્રી કુમારનંદિ | આઠમી-નવમી શતાબ્દી | ૧૪૭ |
| ૪૮ | આચાર્ય શ્રી મહાવીરદેવ | ૮૦૦ – ૮૩૦ | ૧૪૮ |
| ૪૯ | આચાર્યદેવ શ્રી જિનસેન (દ્વિતીય) | ૮૧૮ – ૮૭૮ | ૧૪૯ |
| ૫૦ | આચાર્યદેવ શ્રી દશરથસ્વામી | ૮૨૦ – ૮૭૦ | ૧૫૨ |
| ૫૧ | આચાર્યદેવ શ્રી ગુણભદ્રસ્વામી | ૮૯૮ – | ૧૫૩ |
| ૫૨ | આચાર્યદેવ શ્રી અમૃતચંદ્ર | ૯૦૫ – ૯૫૫ | ૧૫૭ |

| ક્રમ | આચાર્યનું નામ | આચાર્ય પદવી કાળ(ઈ.સ.) | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૫૩ | આચાર્યદેવ શ્રી અમિતગતિ (પ્રથમ) | ૯૨૩ – ૯૬૩ | ૧૬૨ |
| ૫૪ | આચાર્યદેવ શ્રી અભયનંદિ સિદ્ધાંતચક્રવર્તી | ૯૩૦ – ૯૫૦ | ૧૬૩ |
| ૫૫ | આચાર્યદેવ શ્રી દેવસેન | ૯૩૩ – ૯૫૫ | ૧૬૪ |
| ૫૬ | આચાર્યદેવ શ્રી ઈન્દ્રનંદિ | ૯૩૯ – | ૧૬૫ |
| ૫૭ | આચાર્યદેવ શ્રી કનકનંદિ સિદ્ધાંતચક્રવર્તી | ૯૩૯ – | ૧૬૬ |
| ૫૮ | આચાર્યદેવ શ્રી સોમદેવ | ૯૪૩ – ૯૬૮ | ૧૬૭ |
| ૫૯ | આચાર્યદેવ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તી | ૯૫૦ – ૯૯૦ | ૧૬૮ |
| ૬૦ | આચાર્યદેવ શ્રી પ્રભાચંદ્ર (ચતુર્થ) | ૯૫૦ – ૧૦૨૦ | ૧૬૯ |
| ૬૧ | આચાર્યદેવ શ્રી બૃહદ્ અનંતવીર્ય | ૯૭૫ – ૧૦૨૫ | ૧૭૨ |
| ૬૨ | આચાર્યદેવ શ્રી પદ્મનંદિનાથ (પ્રથમ) | ૯૭૭ – ૧૦૪૩ | ૧૭૩ |
| ૬૩ | આચાર્યદેવ શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી | ૯૮૧ – | ૧૭૫ |
| ૬૪ | આચાર્યદેવ શ્રી જયસેન (ષષ્ઠમ્) | ૧૦-૧૧મી શતાબ્દી | ૧૮૧ |
| ૬૫ | આચાર્યદેવ શ્રી અમિતગતિ (દ્વિતીય) | ૯૮૩ – ૧૦૨૩ | ૧૮૩ |
| ૬૬ | આચાર્યદેવ શ્રી માણિક્યનંદિ | ૧૦૦૩ – ૧૦૨૮ | ૧૮૪ |
| ૬૭ | આચાર્યદેવ શ્રી શુભચંદ્ર | ૧૦૦૩ – ૧૦૬૮ | ૧૮૬ |
| ૬૮ | આચાર્યદેવ શ્રી વાદિરાજ | ૧૦૧૦ – ૧૦૬૫ | ૧૯૨ |
| ૬૯ | આચાર્યદેવ શ્રી રામસેન | ૧૧મી શતાબ્દી ઉત્તરાર્ધ | ૧૯૬ |
| ૭૦ | આચાર્યદેવ શ્રી પદ્મનંદિ (દ્વિતીય) | ૧૧મી શતાબ્દી ઉત્તરાર્ધ | ૧૯૭ |
| ૭૧ | શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ મુનિવર | ૧૦૬૮ – | ૧૯૮ |
| ૭૨ | આચાર્યદેવ શ્રી વસુનંદિ | ૧૦૬૮ – ૧૧૧૮ | ૧૯૯ |
| ૭૩ | આચાર્યદેવ શ્રી બ્રહ્મદેવજી | ૧૧મી શતાબ્દી અંતિમપાદ | ૨૦૦ |
| ૭૪ | આચાર્યદેવ શ્રી જયસેનજી (સપ્તમ) | ૧૧મી – ૧૨મી શતાબ્દી | ૨૦૨ |
| ૭૫ | આચાર્યદેવ શ્રી જિનચંદ્રજી | ૧૧મી – ૧૨મી શતાબ્દી | ૨૦૪ |
| ૭૬ | આચાર્યદેવ શ્રી લઘુ અનંતવીર્ય | બારમી શતાબ્દી મધ્યપાદ | ૨૦૫ |
| ૭૭ | શ્રી પદ્મપ્રભમલધારિદેવ મુનિવર | બારમી શતાબ્દી મધ્યપાદ | ૨૦૭ |
| ૭૮ | શ્રી અભિનવ ધર્મભૂષણ યતિ | ૧૩૫૮ – ૧૪૧૮ | ૨૧૦ |
| ૭૯ | શ્રી શ્રીધરાચાર્યદેવ | ચૌદમી શતાબ્દી મધ્યપાદ | ૨૧૨ |
| | મહાવીરસ્વામીની પશ્ચાત્ ૨૫મી શતાબ્દીમાં જિનધર્મ | ૨૦મી શતાબ્દી | ૨૧૩ |
| | મુનિરાજ ભક્તિ | | ૨૧૫ |
| | પરિશિષ્ટ | | ૨૧૬ |



શાસનનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામી

# ભગવાન શ્રી મહાવીરસ્વામી

ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના ત્રેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના મોક્ષગમન બાદ માત્ર સો વર્ષના ગાળામાં જિનેન્દ્રવાણીમાંથી પ્રવાહિત થયેલી જ્ઞાનગંગાનો પ્રવાહ અત્યંત મંદ પડી ગયો. સમગ્ર ભારતવર્ષમાં વિપરીત મતાવલંબીઓનું પ્રભુત્વ સ્થપાઈ ગયું. અન્યમતના પાખંડી સાધુઓએ ભરતક્ષેત્રની જનતાના માનસને ગ્રહી લીધું.

આવા દુઃષમ વાતાવરણમાં ભરતક્ષેત્રમાં ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીનો જન્મ થયો. ભરતક્ષેત્રના ભવ્ય જીવોનાં ભાગ્ય પુનઃ ખીલી ઉઠ્યાં. જે ભૂમિ સમ્યક્ધર્મ વગર વેરાન જેવી થઈ હતી તે ભગવાન મહાવીરના આગમનથી નવપલ્લવિત થઈ ગઈ.

જંબૂદ્વીપ–ભરતક્ષેત્રના મગધ (બિહાર) દેશમાં કુંડલપુર નામનું એક નગર હતું. જે તે સમયે વાણિજ્ય વ્યવસાયના ઉત્કર્ષની ચરમસીમા પર હતું. તે નગરીમાં મોટા મોટા ધનવાન શેઠિયાઓ રહેતા હતા. કુંડલપુરના શાસનનું સૂત્ર મહારાજ સિદ્ધાર્થના હાથમાં હતું. સિદ્ધાર્થ શૂરવીર હોવાની સાથે સાથે ઘણી જ ગંભીર પ્રકૃતિના પુરુષ હતા. લોકો તેમની દયાળુતા જોઈને કહેતા કે તેઓ હાલતા-ચાલતા દયાના સાગર સમાન છે. તેમની મુખ્ય રાણીનું નામ પ્રિયકારિણી (ત્રિશલા) હતું.

અચ્યુત સ્વર્ગના ઈન્દ્રનું આયુષ્ય છ માસ બાકી રહી ગયું ત્યારથી મહારાજ સિદ્ધાર્થના ઘરે પ્રતિદિન રત્નોની વર્ષા થવા લાગી. અનેક દેવીઓ આવીને ત્રિશલા રાણીની સેવા કરવા લાગી. આ સર્વે કારણોથી મહારાજ સિદ્ધાર્થને નિશ્ચય થઈ ગયો કે હવે અમારા નાથવંશમાં કોઈ પ્રભાવશાળી જગત્વંદ્ય મહાપુરુષનો જન્મ થવાનો છે.




અષાઢ સુદી-૬ના દિવસે ઉત્તરાષાઢ નક્ષત્રમાં, રાત્રિના પાછલા પ્રહરમાં રાણી ત્રિશલાએ ૧૬ સ્વપ્નો

જોયાં. સ્વપ્ન જોયા પછી પોતાના મુખમાં પ્રવેશ કરતા એક હાથીને જોયો. તે જ સમયે ઈન્દ્રે અચ્યુત સ્વર્ગના પુષ્પોત્તર વિમાનમાંથી ચ્યવીને રાણી ત્રિશલા માતાના ગર્ભમાં પ્રવેશ કર્યો. સવાર પડતાં રાણીએ સ્નાન કરી પતિદેવ સિદ્ધાર્થ મહારાજને સ્વપ્નોનું ફળ પૂછ્યું. તેઓશ્રીએ અવધિજ્ઞાનથી વિચાર કરી કહ્યું કે હે પ્રિયે! તમારા ગર્ભથી નવમાસ બાદ જે તીર્થંકર પુત્રનો જન્મ થશે, તે સમગ્ર સંસારનું કલ્યાણ કરશે–લોકોને આત્મહિતના માર્ગે વાળશે. પતિના વચન સાંભળી માતા ત્રિશલાને હર્ષ માતો ન હતો. તે સમયે ચારે જાતિના દેવોએ આવીને તીર્થંકર મહાવીરના ગર્ભાવતરણનો ઉત્સવ કર્યો તથા તેમનાં માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થનો ઉચિત સત્કાર કર્યો.



ગર્ભકાળના નવમાસ પૂર્ણ થતાં ચૈત્ર સુદ તેરસના દિવસે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં સવારના સમયે માતા ત્રિશલાના ગર્ભમાંથી ભગવાન વર્ધમાનનો જન્મ થયો. તે સમયે અનેક શુભ શુકન થયા હતા. તેમના જન્મથી દેવ, દાનવ, પશુ અને માનવો જ નહીં પરંતુ નારકીઓને પણ હર્ષ થયો હતો. ચારે પ્રકારના દેવોએ આવી તેમનો જન્મોત્સવ ઉજવ્યો હતો. તે દિવસે ઈન્દ્રે બાળક વર્ધમાનને મેરુ પર્વત પર લઈ જઈ અતિ ભક્તિવશ જન્માભિષેક કર્યો હતો અને તાંડવ નૃત્ય તથા આનંદ નાટક વગેરે કર્યાં. તે સમયે કુંડલપુરની શોભા સ્વર્ગને પણ પરાજિત કરતી હતી. દેવરાજ ઈન્દ્રે ભગવાનનું નામ વર્ધમાન રાખ્યું હતું. જન્મોત્સવની વિધિ સમાપ્ત કરી દેવલોકો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. રાજપરિવારમાં બાળક વર્ધમાનનં ઘણા જ પ્રેમથી લાલન-પાલન થવા લાગ્યું.




એકવાર સંજય અને વિજય નામના બે ચારણ મુનિઓને કોઈ પદાર્થમાં સંદેહ ઉત્પન્ન થયો હતો. ભગવાનના જન્મ બાદ તેઓ તેમની સમીપ આવ્યા અને તેમના

દર્શનમાત્રથી તેમનો સંદેહ દૂર થઈ ગયો તેથી તેઓએ ઘણી જ ભક્તિથી કહ્યું કે આ બાળક 'સન્મતિ' તીર્થંકર થવાનો છે. એટલે કે તેઓએ તે બાળકનું નામ સન્મતિ રાખ્યું.

તેઓ બીજના ચંદ્રની માફક દિન-પ્રતિદિન વધતા થકા કુમાર અવસ્થામાં પ્રવેશ પામ્યા. કુમાર વર્ધમાનને જે પણ જોતાં તેમની આંખો હર્ષના આંસુઓથી ભરાઈ જતી હતી. મન આનંદથી ગદ્‌ગદ્‌ થઈ જતું હતું અને શરીર રોમાંચિત થઈ જતું હતું. બાળક વર્ધમાનને અલ્પકાળમાં જ સમસ્ત વિદ્યાઓ સ્વતઃ પ્રાપ્ત થઈ ગઈ હતી. તેમના અગાધ પાંડિત્યને જોઈને મોટા મોટા વિદ્વાનો પણ દિંગ થઈ જતા હતા. વિદ્વાન હોવાની સાથે સાથે તેઓ શૂરતા, વીરતા, સાહસ વગેરે અનેક ગુણોથી ભરપૂર હતા.

એકવાર ઈન્દ્રની સભામાં દેવો વચ્ચે એવી ચર્ચા ચાલી રહી હતી કે આ સમયે સર્વથી અધિક શૂરવીર શ્રી વર્ધમાનસ્વામી જ છે. આ સાંભળી સંગમ નામનો એક દેવ તેમની પરીક્ષા કરવા માટે આવ્યો. આવીને તે દેવે જોયું કે દેદીપ્યમાન આકારનો ધારક બાળક વર્ધમાન, બાલ્યાવસ્થાથી પ્રેરિત થઈને બાળકો જેવો વેશ ધારણ કરવાવાળા તથા સમાન અવસ્થાના ધારક અનેક દેવો સાથે બગીચામાં એક વૃક્ષ ઉપર ચઢી ક્રીડા કરવામાં તત્પર હતો. આ જોઈ સંગમ નામનો દેવ તેમને ડરાવવાની ઈચ્છાથી એક મોટા સાપનું રૂપ ધારણ કરી તે વૃક્ષના થડ ઉપર વિંટળાઈ ગયો. સર્વે બાળકો તેને જોઈને ભયથી કંપી ઊઠ્યા અને તુરત જ ડાળીઓ પરથી નીચે કુદીને કોઈપણ રીતે ભાગી ગયા તે યોગ્ય જ છે કારણ કે મહાભય ઉપસ્થિત થતાં



મહાપુરુષ સિવાય અન્ય કોઈ ટકી શકતું નથી. જે લબલબાતી જીહ્વાઓથી અત્યંત ભયંકર દેખાઈ રહ્યો હતો, તેવા તે સર્પ ઉપર ચઢીને કુમાર મહાવીરે નિર્ભય થઈને તે સમયે એવી ક્રીડા કરી, જાણે કે તેઓ માતાના પલંગ પર ક્રીડા ન કરતા હોય? કુમારની આ ક્રીડાથી જેના હર્ષનો સાગર ઉમટી પડ્યો હતો એવા તે સંગમદેવે ભગવાનની સ્તુતિ કરી અને તેમનું નામ 'મહાવીર' રાખ્યું.

આ પ્રમાણે કુમારનાં વીર-અતિવીર વગેરે નામ પણ પડ્યાં.

જ્યારે ધીરે ધીરે તેમના આયુષ્યનાં ત્રીસ વર્ષ વીતી ગયાં અને તેમના શરીરમાં યૌવનનો પૂર્ણ વિકાસ થઈ ગયો, ત્યારે એક દિવસે મહારાજ સિદ્ધાર્થે તેમને કહ્યું કે—પ્રિય પુત્ર! હવે તમે પૂર્ણ યુવાન થઈ ગયા છો. તમારી ગંભીર અને વિશાળ આંખો, તમારું ઉન્નત લલાટ, પ્રશાંત વદન, મંદ મુસ્કાન, ચતુર વચન, વિસ્તૃત વક્ષસ્થળ અને ઘુંટણો સુધી લાંબી તમારી ભૂજાઓ તમને પ્રત્યક્ષ મહાપુરુષ તરીકે સિદ્ધ કરી રહી છે. હવે તમારામાં શોધવા છતાં પણ હું ચંચળતા જોતો નથી કે જે બાલ્યાવસ્થામાં હતી. હવે તમારો આ સમય રાજકાર્ય સંભાળવાનો છે. હું હવે વૃદ્ધ થઈ ગયો છું કેટલા દિવસો સુધી તમને સાથ આપી શકીશ? હું તમારા લગ્ન કરી તમને રાજ્ય સોંપી સંસારની ઝંઝટોથી છૂટવા ઈચ્છું છું. પિતાના વચનો સાંભળી મહાવીરનું પ્રફુલ્લ મુખ એકાએક ગંભીર થઈ ગયું. જાણે કે કોઈ ગહન સમસ્યાને ઉકેલ કરવામાં ન લાગ્યા હોય? થોડીવાર બાદ તેઓએ કહ્યું કે પૂજ્ય પિતાજી! આપની આજ્ઞાનું પાલન મારાથી થઈ શકશે નહીં. કારણ કે જે ઝંઝાળથી આપ સ્વયં બચવા ઈચ્છો છો તે ઝંઝાળમાં આપ મને શા માટે ફસાવવા ઈચ્છો છો? અરે! મારું કુલ આયુષ્ય ૭૨ વર્ષનું છે. જેમાંથી ૩૦ વર્ષ તો વ્યતીત થઈ ગયાં છે અને બાકીના અલ્પ જીવનમાં મારે સ્વરૂપમયદશા પ્રાપ્ત કરવા માટે ઘણું જ કાર્ય કરવાનું બાકી છે, તો હું કઈ રીતે આ ભાર સંભાળું? હવે તમે જ કહો કે શું મારો વિચાર ખોટો છે? રાજા સિદ્ધાર્થે વચ્ચેથી જ કુમારને ટોકતાં કહ્યું—પરંતુ આ કાર્ય તો ગૃહસ્થાશ્રમમાં રહેતા થકા પણ થઈ શકે છે. ત્યારે કુમાર મહાવીરે ઉત્તર આપ્યો કે 'નહીં પિતાજી! આપનો આ મારા પ્રત્યેનો કેવળ વ્યર્થ મોહ છે. થોડા સમય માટે ભૂલી જાઓ કે મહાવીર આપનો પુત્ર છે, પછી જુઓ કે આપની આ વિચારધારા પરિવર્તિત થઈ જાય છે કે નહીં? બસ પિતાજી! મને આજ્ઞા આપો કે જેથી હું જંગલમાં આત્મજ્યોતિનું ધન પ્રાપ્ત કરીને પોતાનું કલ્યાણ પ્રાપ્ત કરી શકું.' શું વિચાર કર્યો ને શું થયું? એમ વિચારીને સિદ્ધાર્થ મહારાજા ઉદાસવદનયુક્ત થઈ ચૂપ થઈ ગયા.

જ્યારે પિતા-પુત્રના પ્રશ્નોત્તરનો સંવાદ ત્રિશલા રાણીના કાને પડ્યો ત્યારે તે પુત્રમોહથી વ્યાકુળ થઈ ગયાં તેમના પગ નીચેથી જમીન સરકવા લાગી. આંખોની સામે

અંધારું છવાઈ ગયું. તે મૂર્છિત થઈ રહ્યાં જ હતાં ત્યારે બુદ્ધિમાન વર્ધમાન કુમારે ચતુરાઈભર્યા મધુર શબ્દોથી તેમને ધૈર્ય બંધાવ્યું, તેમના સામે તેઓએ પોતાનું સમસ્ત કર્તવ્ય પ્રગટ કરી દીધું. પોતાના ઉચ્ચ આદર્શ વિચાર સામે રાખી દીધા અને સંસારના દૂષિત વાતાવરણથી તેમને પરીચિત કરાવી દીધાં ત્યારે રાણી ત્રિશલાએ અશ્રુભરી આંખોથી ભગવાન મહાવીર તરફ જોયું. તે સમયે તેમના ચહેરા પર તેમને આત્મકલ્યાણની દિવ્ય ઝલક દેખાઈ. તેમની લાલસા રહિત સરળ મુખાકૃતિએ સમસ્ત વિમોહને દૂર કરી દીધો. મહાવીરને જોઈને તે પોતાને ધન્ય માનવા લાગ્યાં અને થોડાક સમય સુધી અનિમેષ દૃષ્ટિથી તેમની તરફ જોતાં રહ્યાં. થોડીવાર પછી માતાએ મહાવીરને સ્પષ્ટ સ્વરમાં કહ્યું કે હે દેવ! હર્ષપૂર્વક જાઓ અને પોતાનું આત્મકલ્યાણ કરો, હવે જ હું આપને ઓળખી શકી. હવે લાગી રહ્યું છે કે હું આપની માતા નથી, પરંતુ આપ તો એક આરાધ્ય દેવ છો અને હું આપની એક ક્ષુદ્ર સેવિકા છું. મારો પુત્રમોહ બિલકૂલ દૂર થઈ ગયો છે.

જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થઈ જવાથી તથા માતાનાં તે વચનોથી મહાવીરસ્વામીના વિરક્ત હૃદયને વિશેષ આલંબન પ્રાપ્ત થઈ ગયું. તેઓએ સ્થિરચિત્ત થઈને સંસારની પરિસ્થિતિનો પૂર્ણ વિચાર કર્યો અને વનમાં જઈને દીક્ષા લેવાનો દૃઢ નિશ્ચય કરી લીધો. તે



જ સમયે સફેદ વસ્ત્રો પહેરેલા લોકાંતિક દેવોએ આવીને તેમની સ્તુતિ કરી અને તેમના દીક્ષા ધારણ કરવાના વિચારોની પ્રશંસા કરી. પોતાનું કાર્ય પૂર્ણ થતાં તે દેવો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. તેમના ગયા પછી નિયોગરૂપ અસંખ્ય દેવો જયઘોષ કરતા થકા આકાશમાર્ગેથી કુંડલપુર આવ્યા. ત્યાં કારતક વદી દશમીના દિવસે હસ્ત નક્ષત્રમાં સંધ્યાના સમયે કુમાર વર્ધમાને 'ૐ નમઃ સિદ્ધેભ્યઃ' કહીને વસ્ત્રાભૂષણ ઉતારી દીધાં. પાંચ મુષ્ટિથી પોતાના કેશ ઉખાડી નાખ્યા. તે પ્રમાણે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહોનો ત્યાગ કરી તેઓ આત્મધ્યાનમાં લીન થઈ ગયા. વિશુદ્ધતા વધવાથી તેમને અપ્રમત્તદશા સાથે મનઃપર્યયજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. દીક્ષા કલ્યાણકનો ઉત્સવ સમાપ્ત કરી દેવો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

એક દિવસે જાંભિકા ગામની સમીપે ઋજુકુલા નદીના કિનારે મનોહર વનમાં સાગના વૃક્ષની નીચે તેઓ પત્થરની શિલા ઉપર બિરાજમાન હતા ત્યારે ત્યાં જ



શુક્લધ્યાનના પ્રતાપથી તેમને ઘાતિયાકર્મોનો ક્ષય થઈ વૈશાખ સુદ દશમના દિવસે હસ્ત નક્ષત્રમાં સંધ્યાના સમયે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. દેવોએ આવીને જ્ઞાનકલ્યાણકનો ઉત્સવ કર્યો. ઈન્દ્રની આજ્ઞાથી ધનપતિ કુબેરે સમવસરણની રચના કરી. કેવળજ્ઞાન પ્રાપ્ત થવા છતાં પણ ૬૬ દિવસ સુધી તેમની દિવ્યધ્વનિ ખરી નહીં.

ઈન્દ્રએ અવધિજ્ઞાનથી જાણી લીધું કે અત્યારે સભાભૂમિમાં કોઈ ગણધર નથી અને ગણધર વિના તીર્થંકરની વાણી ખરતી નથી. સાથે સાથે અવધિજ્ઞાનથી એમ પણ જાણી લીધું કે ગુણાવા ગ્રામમાં ઈન્દ્રભૂતિ (અપરકથાનુસાર ગૌતમવંશીય)નામનો જે બ્રાહ્મણ છે તે જ ભગવાનનો ગણધર થશે તેથી ઈન્દ્રભૂતિને લાવવા માટે ઈન્દ્ર ગુણાવા ગ્રામે ગયા. ઈન્દ્રભૂતિ વેદ-વેદાંતોના મહાન જ્ઞાતા હતાં. તેને ઘણું જ અભિમાન હતું. ઈન્દ્રભૂતિએ નવા શિષ્ય તરફ જોઈને કહ્યું કે તું ક્યાંથી આવ્યો છે? કોનો શિષ્ય છે? વેશધારી ઈન્દ્રએ કહ્યું કે—'હું સર્વજ્ઞ ભગવાન મહાવીરનો શિષ્ય છું.' ઈન્દ્રભૂતિએ મહાવીરની સાથે 'સર્વજ્ઞ' અને 'ભગવાન' વિશેષણ સાંભળી વ્યંગ કરતા કહ્યું કે 'હે સર્વજ્ઞના શિષ્ય! તારા ગુરુ જો સર્વજ્ઞ છે તો અત્યાર સુધી ક્યાં છુપાયેલા રહ્યાં?' શું મારી સાથે શાસ્ત્રાર્થ કર્યા વિના જ પોતાને સર્વજ્ઞ તરીકે ઓળખાવા લાગ્યા છે? ઈન્દ્રએ કહ્યું શું આપ તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા ઉત્સુક છો? ઈન્દ્રભૂતિએ કહ્યું—અવશ્ય. ઈન્દ્રએ કહ્યું કે પહેલાં આપ મારી સાથે શાસ્ત્રાર્થ કરી જુઓ પછી મારા ગુરુ સાથે કરજો. મારો પ્રશ્ન છે—

(स्रग्धरा)

त्रैकाल्यं द्रव्यषट्कं नवपदसहितं जीवषट्-काय-लेश्याः ।
पञ्चान्ये चास्तिकाया व्रत-समिति-गति-ज्ञान-चारित्रभेदाः ।।
इत्येतन्मोक्षमूलं त्रिभुवनमहितैः प्रोक्तमर्हद्भिरीशैः ।
प्रत्येति श्रद्दधाति स्पृशति च मतिमान् यः स वै शुद्धदृष्टिः ।।

કહો મહારાજ! આ શ્લોકનો અર્થ શું છે?

જ્યારે ઈન્દ્રભૂતિને 'દ્રવ્યષટ્કમ્' 'નવપદ સહિતમ્' 'લેશ્યા' વગેરે શબ્દોનો અર્થ ન

ખબર પડી ત્યારે ચિડાઈને બોલ્યા તારી સાથે શું શાસ્ત્રાર્થ કરું? તારા ગુરુ સાથે શાસ્ત્રાર્થ કરીશ. તે પાંચસો શિષ્યો સાથે ભગવાન મહાવીર પાસે જવા માટે તૈયાર થઈ ગયો. ઈન્દ્ર પણ આગળ ચાલીને તેમને માર્ગ બતાવવા લાગ્યા. જેવા ઈન્દ્રભૂતિ સમવસરણની પાસે આવ્યા અને તેમની દૃષ્ટિ માનસ્તંભ પર પડી ત્યાં જ તેમનું અભિમાન ચૂર ચૂર થઈ ગયું. તેઓ સમવસરણની અંદર ગયા. ત્યાં ભગવાનની દિવ્ય વિભૂતિ જોઈને પોતાની જાતને ઘણા જ ક્ષુદ્ર તરીકે અનુભવવા લાગ્યા. સમવસરણના વૈભવથી ગદ્‌ગદ્‌ થઈને ઈન્દ્રભૂતિએ કહ્યું ભગવાન! મને પણ આપના ચરણોમાં સ્થાન આપો—એમ કહીને તેમણે અંતરંગ આત્મ પવિત્રતા પ્રાપ્ત કરી અને ત્યાં જ જિનદીક્ષા ધારણ કરી લીધી. તે પછી પાંચસો શિષ્યોએ પણ જૈનધર્મ સ્વીકાર કરી યથાશક્તિ વ્રત-વિધાન ગ્રહણ કર્યા.

ભગવાન મહાવીરનો વિહાર બિહાર પ્રાંતમાં અધિકતર થયો છે. રાજગૃહીના વિપુલાચલ પર્વત પર ઘણીવાર વિહાર કરવાના કથાનકો મળે છે. આ પ્રમાણે સમસ્ત ભારતવર્ષમાં જિનધર્મની આત્મકલ્યાણી વાણી વર્ષાવતાં જ્યારે તેમનું આયુષ્ય અલ્પ રહી ગયું ત્યારે તેઓ પાવાપુર આવ્યાં અને ત્યાં યોગનિરોધ કરી આત્મજ્ઞાનમાં લીન થઈ બિરાજમાન થઈ ગયા. ત્યાં જ તેઓએ સૂક્ષ્મક્રિયા પ્રતિપાતી અને વ્યુપરતક્રિયા નિવૃત્તિ નામના શુક્લધ્યાન દ્વારા સમસ્ત અઘાતિયા કર્મોનો નાશ કરી આસો વદી અમાસના દિવસે વહેલી સવારે લગભગ ૭૨ વર્ષની અવસ્થામાં મોક્ષશ્રીને પ્રાપ્ત કરી. દેવોએ આવીને નિર્વાણકલ્યાણકની પૂજા કરી અને તેમના ગુણોની સ્તુતિ કરી. ભગવાન મહાવીર જ્યારે મોક્ષ પધાર્યા તે જ સમયે ગૌતમ ગણધરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ત્યારે ચતુર્થકાળનાં ત્રણ વર્ષ, આઠ માસ અને પંદર દિવસ બાકી રહી ગયા હતા. તેમનું આયુષ્ય ૭૧ વર્ષ ત્રણ માસ અને ૨૫ દિવસનું મનાય છે. તેનો વિભાગ આ પ્રમાણે છે.


| | |
|---|---|
| ગર્ભકાળ | ૯ માસ ૮ દિવસ |
| કુમારકાળ | ૨૮ વર્ષ ૭ માસ ૧૨ દિવસ |
| છદ્મસ્થકાળ | ૧૨ વર્ષ ૫ માસ ૧૫ દિવસ |
| કેવળીકાળ | ૨૯ વર્ષ ૫ માસ ૨૦ દિવસ |

કુલ ૭૧ વર્ષ, ૩ માસ, ૨૫ દિવસ

નિર્વાણ થયા પછી ૩ વર્ષ, ૮ માસ, ૧૫ દિવસ
ચતુર્થકાળના બાકી રહ્યા.

**महावीरस्वामी नयनपथगामी भवतु मे(नः)।**

# આપણા જીવનપથપ્રદર્શક આચાર્ય ભગવંતોનું સામાન્ય સ્વરૂપ




આપણા આચાર્ય ભગવંત પોતાના જીવનથી એ પરમ સત્ય બતાવે છે કે 'હે જગતના જીવો! તમારા સુખનો એકમાત્ર ઉપાય નિજ પરમાત્મસ્વરૂપ તત્ત્વનો આશ્રય છે, સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ સુધીની બધી ભૂમિકાઓ તેમાં સમાઈ જાય છે; કારણ કે નિજ પરમાત્મસ્વરૂપ તત્ત્વનો જઘન્ય આશ્રય તે જીવને દેશચારિત્ર, સકલચરિત્ર અને પૂર્ણ આશ્રય થતાં કેવળજ્ઞાન તથા સિદ્ધત્વ પ્રાપ્ત કરી જીવ કૃતાર્થ થાય છે. આ રીતે નિજ પરમાત્મસ્વરૂપ તત્ત્વનો આશ્રય જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે અને તે જ સમ્યક્ચારિત્ર છે, તે જ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત્ત, સામાયિક, ભક્તિ, આવશ્યક, સમિતિ, ગુપ્તિ, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ–શુક્લધ્યાન વગેરે બધું છે.

આથી બધા જ આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું જીવન નિમ્નાનુસાર હોય છે. (૧) પરમસંયમી મહાપુરુષો હોવાથી ત્રિકાલ નિરાવરણ નિરંજન પરમ પંચમભાવની ભાવનામાં પરિણમેલા હોવાને લીધે જ સમસ્ત બાહ્ય વ્યાપારથી વિમુક્ત; (૨) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમ તપ નામની ચતુર્વિધ આરાધનામાં સદા અનુરક્ત; (૩) બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણ રહિત હોવાને લીધે નિર્ગ્રંથ; તથા (૪) સદા નિરંજન નિજ કારણસમયસાર સ્વરૂપનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ પરિજ્ઞાન અને સમ્યક્ આચરણથી

પ્રતિપક્ષ એવાં મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યાચારિત્રનો અભાવ હોવાને લીધે નિર્મોહ;—આવા પરમનિર્વાણસુંદરીની સુંદર સેંથીની શોભારૂપ કોમળ કેસર રજ-પુંજના સુવર્ણરંગી અલંકારને (કેસર-રજની કનકરંગી શોભાને) અવલોકવામાં કૌતૂહલબુદ્ધિવાળા તે બધાય સાધુઓ હોય છે (અર્થાત્ બધાય સાધુઓ પૂર્વોક્ત લક્ષણવાળા, મુક્તિસુંદરીની અનુપમતા અવલોકવામાં આતુર બુદ્ધિવાળા હોય છે.)

આવા સાધુ ભગવંત નિરન્તર ઉપદેશ આપે છે.



**वीतरागं वीतरागं जीवस्थ**
**निजस्वस्वरूपो वीतरागं।**
**मुहमुंह मुर्णाति वीतरागं,**
**स गुरुपदं भासदि सदा॥**

અર્થ : 'જીવનું નિજસ્વરૂપ વીતરાગ છે.' જે આપણને એવો વારંવાર ઉપદેશ આપે છે. તે જ ગુરુપદવીથી શોભે છે.

ભાવાર્થ : જેઓ અટ્ઠાવીસ મૂળગુણ, બાવીસ પરિષહ, પંચાચાર વગેરે સહ વિરાજમાન છે. પરમાણુમાત્ર બાહ્ય પરિગ્રહ નથી અને અંતરંગમાં પરમાણુમાત્ર પરિગ્રહની ઈચ્છા નથી અનેક ઉદાસીનભાવો સાથે વિરાજમાન છે તથા નિજાજાતિસ્વરૂપને સાધે છે. સાવધાન થઈને સમાધિમાં લીન હોય છે. જેમણે સંસારથી ઉદાસીન પરિણામ કર્યાં છે, એવા જે જૈન સાધુઓ છે તેઓ પોતાને તો વીતરાગ સ્વરૂપે અનુભવે છે અને મનને સ્થિરીભૂત કરીને જ્યારે પણ કોઈને ઉપદેશ આપે છે તો અન્ય બધું છોડીને જીવના એક નિજ વીતરાગસ્વરૂપને જ વારંવાર કહે છે. તેમને બીજો કોઈ અભ્યાસ નથી. આ જ એક અભ્યાસ છે. અન્ય બધું છોડીને એક વીતરાગસ્વરૂપ ઉપદેશ આપે છે. સ્વયં અંતરંગમાં સ્વયંને વીતરાગરૂપ અભ્યાસે છે અને બાહ્યમાં જ્યારે બોલે ત્યારે આત્માનું વીતરાગસ્વરૂપ છે એવાં વચનો બોલે છે. આવો વીતરાગનો ઉપદેશ સાંભળતાં જ નિકટભવ્યને નિઃસંદેહરૂપે નિજ વીતરાગસ્વરૂપની સુબુદ્ધિ થાય છે; તેમાં સંશય નથી. જે સાધુના

વચનોમાં આવા વીતરાગનું કથન છે તે સાધુને જ નિકટ ભવ્યો ગુરુ માને છે, કારણ કે અન્ય કોઈ પુરુષો તત્ત્વનો આવો ઉપદેશ કરતા નથી. તેથી આવા પુરુષને જ ગુરુની પદવી શોભે છે. અન્યને તે શોભતી નથી એમ નિઃસંદેહરૂપે જાણવું.

આચાર્ય-ઉપાધ્યાય-સાધુ સર્વેનું બાહ્યરૂપ એકસમાન છે તે સામાન્ય સ્વરૂપ સંબંધે આચાર્યકલ્પ ટોડરમલજી નિમ્નાનુસાર દર્શાવે છે કે—

જે વીરાગી થઈને, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને—અંતરંગમાં તો તે શુદ્ધોપયોગ દ્વારા પોતાને પોતારૂપ અનુભવે છે પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારણ કરતા નથી. પોતાના જ્ઞાનસ્વભાવને જ પોતાનો માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી તથા જે પરદ્રવ્યો તથા તેમનો સ્વભાવ જ્ઞાનમાં પ્રતિભાસે છે તેને જાણે તો છે, પરંતુ તેમને ઈષ્ટ-અનિષ્ટ માની તેમનામાં રાગ-દ્વેષ કરતા નથી. શરીરની અનેક અવસ્થાઓ થાય છે, જુદાં-જુદાં બાહ્ય નિમિત્તો બને છે, પરંતુ ત્યાં કાંઈપણ સુખ-દુઃખ માનતા નથી તથા પોતાને યોગ્ય બાહ્યક્રિયા જેવી બને તેવી બને છે. પરંતુ તેને ખેંચી તાણીને કરતા નથી; તથા પોતાના ઉપયોગને બહુ ભમાવતા નથી. ઉદાસીન થઈને નિશ્ચલવૃત્તિને ધારણ કરે છે; તથા કદાચિત મંદરાગના ઉદયથી શુભોપયોગ પણ થાય છે, તેનાથી જે શુદ્ધોપયોગમાં બાહ્ય સાધન છે તેમાં અનુરાગ કરે છે. પરંતુ તે રાગભાવને હેય જાણી દૂર કરવા ઈચ્છે છે. તેમને તીવ્ર કષાયના ઉદયનો અભાવ હોવાથી હિંસાદિરૂપ અશુભોપયોગ પરિણતિનું તો અસ્તિત્વ જ રહ્યું નથી. તથા આવી અંતરંગ અવસ્થા થતાં બાહ્ય દિગંબર સૌમ્ય મુદ્રાધારી થયા છે. શરીરને સંવારવું (સજાવવું) વગેરે વિક્રિયાઓથી રહિત થયા છે. વનખંડાદિમાં વાસ કરે છે. અઠ્ઠાવીસ મૂલગુણોનું અખંડપણે પાલન કરે છે. બાવીસ પરિષહોને સહન કરે છે. બાર પ્રકારના તપોને આદરે છે. કદાચિત ધ્યાનમુદ્રા ધારણ કરીને પ્રતિમાવત્ નિશ્ચલ થાય છે, કદાચિત્ અધ્યયનાદિ બાહ્ય ધર્મક્રિયાઓમાં પ્રવર્તે છે, કદાચિત્ મુનિધર્મના સહકારી શરીરની સ્થિતિ હેતુએ યોગ્ય આહાર-વિહારાદિ ક્રિયાઓમાં સાવધાન થાય છે.

આવા જે જૈન મુનિ છે તે સર્વેની આવી જ અવસ્થા હોય છે.

આ જ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આચાર્યાદિનું સ્વરૂપ બતાવતાં કહે છે :

મુનિદશા થતાં સહજ જ નિર્ગ્રંથ દિગમ્બરદશા થઈ જાય છે. મુનિની દશા ત્રણે કાળે નગ્ન દિગમ્બર જ હોય છે. આ કોઈ પક્ષ કે સમ્પ્રદાય નથી. પરંતુ અનાદિ સત્ય વસ્તુસ્થિતિ છે.

શંકા : મુનિદશામાં વસ્ત્ર હોય તો વાંધો શું? વસ્ત્ર તો પરવસ્તુ છે, તે ક્યાં આત્માને બાધક થાય છે?

સમાધાન : વસ્ત્ર તો પરવસ્તુ છે અને તે આત્માને બાધક નથી, એ વાત સત્ય છે; પરંતુ જે વસ્ત્ર ગ્રહણ કરવાની બુદ્ધિ છે, તે રાગમય બુદ્ધિ જ મુનિદશાને રોકવાવાળી છે. અંતરંગ રમણતા કરતાં કરતાં મુનિઓને એટલી ઉદાસીન દશા સહજ જ થઈ જાય છે કે તેમને વસ્ત્ર ગ્રહણ કરવાનો વિકલ્પ જ ઉઠતો નથી.

અહો! ધન્ય તે મુનિદશા! મુનિરાજ કહે છે કે અમે તો ચિદાનંદ સ્વભાવમાં ઝુલનારા છીએ અમે આ સંસારના ભોગો માટે જન્મ્યા નથી. અમે હવે પોતાના આત્મસ્વભાવ તરફ ઝુકીએ છીએ. હવે અમારો સ્વરૂપસ્થિત થવાનો સમય આવી ગયો છે. અંતરના આનંદકંદ સ્વભાવની શ્રદ્ધા સહિત તેમાં રમણતા કરવા માટે જાગ્રત થયા છીએ, તે ભાવોમાં હવે ભંગ પડશે નહિ. અનંત તીર્થંકરો જે માર્ગ પર વિચર્યા છે તે જ માર્ગના અમે પથિક છીએ.

મુનિને કોઈ કર્મ પ્રકર્મ હોતો નથી—મુનિ કોઈ કાર્યનો બોજો માથે લેતા નથી. 'પાઠશાળાનું ધ્યાન રાખવું પડશે, ફાળો ભેગો કરવા તમારે જવું પડશે, તીર્થ માટે પૈસા લાવવા પડશે—આવા કોઈ કાર્યોની જવાબદારી મુનિ પોતાના માથે લેતા નથી. કોઈપણ પ્રકારનો બોજો મુનિ માથે રાખતા નથી.

મુનિરાજને હાલતાં-ચાલતાં, ખાતાં-પિતાં ચૈતન્યપિંડ જુદો પડી ગયો છે અને તેઓ અતીન્દ્રિય આનંદામૃતરસનું વેદન કરે છે. નિંદ્રામાં પણ ક્ષણભર ઝોકું આવે છે અને ક્ષણવારમાં જાગે છે. ક્ષણવારમાં જાગે ત્યારે તેમને અપ્રમત્તધ્યાન થઈ જાય છે. સહજરૂપે સ્વરૂપમાં લીન થઈ જાય છે. આ પ્રકારે મુનિરાજ વારંવાર પ્રમત્ત-અપ્રમત્તદશામાં ઝૂલતા રહે છે. એવી મુનિરાજની નિંદ્રા છે. તેઓ સામાન્ય મનુષ્યોની જેમ કલાકોના કલાકો સુધી નિદ્રામાં ઘોરતા રહેતા નથી. મુનિરાજ અંતર્મુહૂર્તથી વધારે કાળ સુધી છઠ્ઠા ગુણસ્થાનમાં રહેતા નથી તેથી મુનિરાજને પાછલી રાત્રે ક્ષણભર ઝોકું આવે છે. તેનાથી અધિક નિંદ્રા તેમને આવતી નથી—એવી જ તેમની સહજ અંતરદશા છે.

આ પ્રમાણે પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પણ આચાર્યાદિનું સામાન્ય સ્વરૂપ બતાવતાં કહે છે કે—ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા અર્થાત્ કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંતરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયોનો પરિગ્રહ હોય છે. વિભાવ ઘણો છૂટી ગયો છે. બાહ્યમાં શ્રામણ્ય પર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત સહજ દશા હોય છે. શિષ્યોને ઉપદેશ આપવાનો કે એવો કોઈપણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વધતી જાય છે.

—અખંડ દ્રવ્યને ગ્રહણ કરીને પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા. મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગ્રત છે. જ્યાં મુનિરાજ જાગે છે ત્યાં જગત સુતું છે, જ્યાં જગત જાગે છે ત્યાં મુનિરાજ સુતા છે. ''નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.''

—મુનિરાજ સમાધિપરિણત છે. તેઓ જ્ઞાયકનું અવલંબન લઈને વિશેષ-વિશેષ સમાધિસુખ પ્રગટ કરવા ઉત્સુક છે. મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મુનિ ' સકળ વિમળ કેવળજ્ઞાન દર્શનના લોલુપ છે. સ્વરૂપમાં ક્યારે એવી સ્થિરતા થશે, જ્યારે શ્રેણી લગાવીને વીતરાગદશા પ્રગટ થશે? એવો અવસર ક્યારે આવશે જ્યારે સ્વરૂપમાં ઉગ્ર રમણતા થશે અને આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન—કેવળજ્ઞાન પ્રગટ થશે? ક્યારે એવું પરમધ્યાન જામશે કે આત્મા શાશ્વતરૂપે આત્મસ્વભાવમાં જ રહી જશે એવી ભાવના મુનિરાજને વર્તે છે. આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનના સમીપ જઈ રહ્યા છે. પ્રચુર શાંતિનું વેદન થાય છે. કષાય ઘણો જ મંદ થઈ ગયો છે. કદાચિત્ કાંઈક ઋદ્ધિઓ—ચમત્કાર પણ પ્રગટ થઈ જાય છે. પરંતુ તેમના પ્રત્યે દુર્લક્ષ છે. અમને આ ચમત્કાર જોઈતા નથી. અમને તો પૂર્ણ ચૈતન્ય ચમત્કાર જ જોઈએ છે. તેના સાધનરૂપ એવું ધ્યાન—એવી નિર્વિકલ્પતા—એવી સમાધિ જોઈએ છે કે જેના પરિણામે અસંખ્ય પ્રદેશોમાં પ્રત્યેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયથી પ્રગટ થાય, ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટ થાય. આ ભાવનાને મુનિરાજ આત્મામાં અત્યંત લીનતા દ્વારા સફળ કરે છે.

આવું તો બધા જ મુનિભગવંતોનું સ્વરૂપ હોય છે. તેમાંથી માત્ર આચાર્યદેવનું સામાન્ય સ્વરૂપ આ પ્રમાણે હોય છે કે

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય નામવાળા પાંચ આચારોથી પરિપૂર્ણ, સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોતૃ નામની પાંચ ઇન્દ્રિયોરૂપી મદાંધ હાથીના દર્પનું દલન કરવામાં દક્ષ, સમસ્ત ઘોર ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરે છે. તેથી ગુણ ગંભીર એવા લક્ષણોથી લક્ષિત આચાર્ય ભગવંત હોય છે.

જે પંચાચાર પરાયણ છે, અકિંચનતાના સ્વામી છે, જે જ્ઞાયક સ્વભાવની લબ્ધ કે ઉપયોગરૂપ અનુભૂતિથી સકળ વીતરાગ ચારિત્રવંત હોય છે. જે મહાપંચાસ્તિકાયની સ્થિતિને સમજે છે, વિપુલ, અચંચળ યોગમાં જે સ્થિર છે. જેમને ગુણો ઉછળે છે, ભક્તિ ક્રિયામાં કુશળ છે. તેમને ભવદુ:ખરાશિના ભેદને માટે પૂજીએ છીએ. જેમને પોતાના આત્માની શુદ્ધસ્વાભાવિકતાથી કર્મોનો ઉદય-અભાવ એટલો અધિક હોય છે કે 'પાણીમાં લીટી'ની સમાન કષાય જ રહી ગયો હોય છે.

તેઓમાં (તે મુનિરાજોમાં) જે સમ્યક્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રની અધિકતાથી

પ્રધાનપદ પ્રાપ્ત કરીને સંઘમાં નાયક થયા છે. તથા જેઓ મુખ્યરૂપે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણમાં જ મગ્ન છે અને જે કદાચિત્ ધર્મના લોભી—અન્ય જીવ—યાચક તેમને જોઈને રાગાંશના ઉદયથી કરુણાબુદ્ધિ હોય તો ધર્મોપદેશ આપે છે, જે દીક્ષાગ્રાહક છે તેમને દીક્ષા આપે છે, જે પોતાના દોષ પ્રગટ કરે તેમને પ્રાયશ્ચિત્ત વિધિથી શુદ્ધ કરે છે.

આ પ્રમાણે જ સર્વે દિગંબર આચાર્યો હોય છે, તોપણ જુદા જુદા પ્રત્યેક આચાર્યોમાં અનેકવિધ વિશેષતાઓ હોય છે.

તેથી આચાર્યોનું સામાન્ય સ્વરૂપ ધ્યાનમાં રાખી પ્રત્યેક આચાર્યોની વિશેષતા જ પ્રત્યેક આચાર્યોના જીવનચરિત્રમાં દર્શાવવામાં આવી છે. તે ધ્યાનદેવાયોગ્ય છે.

આચાર્યોનું આંતરિક જીવન જે આપણા જીવનમાં આદર્શ બનાવવા યોગ્ય છે તે જ મહત્વપૂર્ણ છે. તોપણ બાહ્યજીવનની વિશેષતાઓથી નીખરી આવતા તેમના આંતરિક આત્મિક જીવનની વિશેષ મહત્તાને ધ્યાનમાં રાખી આપણે પણ આપણું જીવન સજાવીએ, તે હેતુથી આ પુસ્તકમાં ભગવાન મહાવીરની પરંપરામાં મૂલસંઘ અંતર્ગત તેમની અનેક શાખાઓમાં થયેલ આચાર્યો અને મુનિરાજોનો જીવન પરિચય વિવિધ ઇતિહાસકારોની લેખની ને ધ્યાયમાં રાખી પોતાની કૃતિઓ અથવા અન્ય આચાર્યોએ પોતાની કૃતિમાં કરેલ મહિમાના વર્ણનના આધારે આપવામાં આવ્યો છે. એમ તો અહીં જે આચાર્યોના જીવન પરિચય આપવામાં આવ્યા છે તેટલા જ આચાર્યો મૂલસંઘમાં નહીં હોય, બીજા પણ કેટલાક આચાર્યો થયા છે પરંતુ જેમનો પરિચય—તેમની કૃતિઓ તથા અન્ય આચાર્યોની કૃતિઓ તથા ઇતિહાસકારો દ્વારા પ્રાપ્ત થવા પામ્યો છે તેમનો જ જીવનપરિચય અહીં આપેલ છે. પરંતુ જેમનું વર્ણન અપ્રાપ્ય છે તેમના વિષે અહીં લખી શકાયું નથી.

તેથી બધા આચાર્યોના જીવનને નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગના પ્રણેતારૂપે લક્ષ્યમાં લઈ આપણે તેમને આપણા જીવનના આદર્શ સમજીને પોતાનું જીવન સજાવીએ તે જ ભાવના છે.

# ભગવાન મહાવીરસ્વામી પશ્ચાત્ ૬૮૩ વર્ષ સુધી થયેલા આચાર્યોની પરંપરા

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૩ વર્ષ આઠ માસ અને પંદર દિવસ સુધી ચતુર્થકાળ રહ્યો, ત્યારબાદ પંચમકાળ શરૂ થયો. ત્યારથી જ દિગમ્બર આચાર્યોની પરંપરા ગણવામાં આવે છે. અર્થાત્ તેમાં ચતુર્થકાળનો ઉપરોક્ત કાળ પણ આવી જાય છે. તેને જ વીર નિર્વાણ સંવત કહેવાય છે.

આ રીતે અહીંથી ભગવાન મહાવીર પછી કુંદકુંદાચાર્ય સુધીની આચાર્ય પરંપરા દર્શાવવામાં આવે છે. ત્યારબાદ અન્ય આચાર્યોના જીવનચરિત્ર દર્શાવતાં તેમનો સમય જ બતાવવામાં આવશે. કારણ કે કુંદકુંદાચાર્ય પછીની એવી કોઈ સ્પષ્ટ પરંપરા જૈન ઈતિહાસમાં મળતી નથી. ઈતિહાસકારો અનુસાર અંગ-અંશનું જ્ઞાન વીર નિર્વાણ પછી ૬૮૩ વર્ષ સુધી રહ્યું તેથી અહીં વીર નિર્વાણ સંવત ૬૮૩ સુધીની પરંપરા દર્શાવવામાં આવી છે.

જોકે શાસ્ત્રોમાં સમુદિત કાળ જ મળે છે, તેથી તેને (૧) તિલોયપણણત્તિ (૨) ઈન્દ્રનંદિ શ્રુતાવતાર, (૩) શ્રીધરકૃત શ્રુતાવતાર, (૪) ધવલા ટીકા, (૫) હરિવંશપુરાણ વગેરેમાં દર્શાવેલી મૂળસંઘના આચાર્યોની પટ્ટાવલીઓને ધ્યાનમાં રાખીને તેમજ લૌકિક ઈતિહાસકારો અનુસાર જે તે સમયમાં થયેલા રાજાઓના સમય સાથે મિલાન કરીને વિદ્વાનોએ આ પટ્ટાવલી તૈયાર કરી છે.

(૧) મહાવીર ભગવાન પછીની આચાર્યદેવ અર્હદ્‌બલિ સુધીની પરંપરા મૂળ સંઘ કહેવાય છે.

(૨) આચાર્યવર અર્હદ્‌બલિ પછી મૂળસંઘનો વિચ્છેદ કરી નન્દિ વગેરે નવા સંઘો શરૂ થયા. તેમાં આચાર્ય અર્હદ્‌બલિના આચાર્યકાળના ૧૦ વર્ષ તો મૂળસંઘમાં રહ્યા. તથા બાકીના ૧૮ વર્ષ નવા સંઘમાં રહ્યા.

(૩) વીર નિર્વાણ બાદ ૬૮૩ વર્ષ સુધી અંગ-અંશધારીઓની પરંપરા ચાલતી રહી, ત્યારબાદ તે અસ્ત થઈ ગઈ.

(૪) આચાર્ય માઘનન્દિ પ્રથમ ચાર વર્ષ નન્દિ સંઘના પટ પર રહ્યા, ત્યારબાદ પદભ્રષ્ટ થઈ જવાથી નવીન દીક્ષા ધારણ કરી સમાધિમરણ સુધી પાંત્રીસ વર્ષ વિદ્યમાન રહ્યા.

(૫) આચાર્ય ભૂતબલિ તથા આચાર્ય યતિવૃષભથી આગળ તેમની પરંપરા ચાલી નથી. માત્ર ભગવાન કુંદકુંદ આચાર્યની જ પરંપરા ચાલી છે. તથા તેમના પછી થયેલા મોટા ભાગના આચાર્યો કુંદકુંદાચાર્યની પરંપરાના પોતાને ગણાવી પોતાનું મહાભાગ્ય માને છે.

(૬) શાસ્ત્રોમાં મોટે ભાગે સમુદિત કાળ લખેલું મળે છે તેને ચંદ્રગુપ્ત મૌર્યના સમય સાથે સરખાવતા અહીં વીર નિર્વાણ સંવતમાં સુધાર કરેલ છે.

| ક્રમ | નામ | અપરનામ | આચાર્યપદ કુલ વર્ષ | વી.નિ.સં. | સમુદિતકાલ |
|---|---|---|---|---|---|
| ૧ | ગૌતમ | ઈન્દ્રભૂતિ ગણધર | ૧૨ | ૦-૧૨ | મહાવીરસ્વામી નિર્વાણ પશ્ચાત્ સમુદિત કાળ |
| ૨ | સુધર્મા | લોહાર્ય-૧ | ૧૨ | ૧૨-૨૪ | |
| ૩ | જમ્બૂ | | ૩૮ | ૨૪-૬૨ | |
| ૪ | વિષ્ણુ | નન્દિ | ૨૬ | ૬૨-૮૮ | |
| ૫ | નન્દિમિત્ર | નન્દિ | ૨૮ | ૮૮-૧૧૬ | ૬૨ વર્ષ કેવળી |
| ૬ | અપરાજિત | | ૩૪ | ૧૧૬-૧૫૦ | ૧૦૦ વર્ષ શ્રુતકેવળી |
| ૭ | ગોવર્ધન | | ૩૦ | ૧૫૦-૧૮૦ | ૧૮૩ વર્ષ ૧૧ અંગ |
| ૮ | ભદ્રબાહુ(પ્રથમ) | | ૪૨ | ૧૮૦-૨૨૨ | ૧૦ પૂર્વધારી |
| ૯ | વિશાખાચાર્ય | વિશાખદત્ત | ૧૦ | ૨૨૨-૨૩૨ | ૨૨૦ વર્ષ ૧૧ અંગધારી |
| ૧૦ | પ્રોષ્ઠિલ | ચન્દ્રગુપ્ત મૌર્ય | ૧૯ | ૨૩૨-૨૫૧ | ૧૧૮ વર્ષ ૧૦ થી આઠ |
| ૧૧ | ક્ષત્રિય | | ૧૭ | ૨૫૧-૨૬૮ | અંગધારી |
| ૧૨ | જયસેન(પ્રથમ) | | ૨૧ | ૨૬૮-૨૮૯ | |
| ૧૩ | નાગસેન | | ૧૮ | ૨૮૯-૩૦૭ | ૬૮૩ સમુદિત વર્ષ |
| ૧૪ | સિદ્ધાર્થ | | ૧૭ | ૩૦૭-૩૨૪ | |
| ૧૫ | ધૃતષેણ | | ૧૮ | ૩૨૪-૩૪૨ | |
| ૧૬ | વિજય | વિજયસેન | ૧૩ | ૩૪૨-૩૫૫ | |
| ૧૭ | બુદ્ધિલિંગ | બુદ્ધિલ | ૨૦ | ૩૫૫-૩૭૫ | |
| ૧૮ | દેવ | ગંગદેવ, ગંગ | ૧૪ | ૩૭૫-૩૮૯ | |
| ૧૯ | ધર્મસેન | ધર્મ, સુધર્મ | ૧૬ | ૩૮૯-૪૦૫ | |
| ૨૦ | ક્ષત્ર | | ૧૨ | ૪૦૫-૪૧૭ | |
| ૨૧ | જયપાલ | યશપાલ | ૧૩ | ૪૧૭-૪૩૦ | |
| ૨૨ | પાણ્ડુ | | ૧૨ | ૪૩૦-૪૪૨ | |
| ૨૩ | ધ્રુવસેન | દ્રુમસેન | ૧૨ | ૪૪૨-૪૫૪ | |
| ૨૪ | કંસ | | ૧૪ | ૪૫૪-૪૬૮ | |
| ૨૫ | સુભદ્ર | | ૬ | ૪૬૮-૪૭૪ | |
| ૨૬ | યશોભદ્ર | અભય | ૧૮ | ૪૭૪-૪૯૨ | |
| ૨૭ | ભદ્રબાહુ (દ્વિ.) | યશોબાહુ જયબાહુ | ૨૩ | ૪૯૨-૫૧૫ | |
| ૨૮ | લોહાચાર્ય-૨ | લૌહાર્ય-૨ | ૫૦ | ૫૧૫-૫૬૫ | |
| ૨૯ | વિનયદત્ત | | ૨૦ (આ ૪ સમકાલિન છે) | ૫૬૫-૫૮૫ | ૧ અંગધારી |
| ૩૦ | શ્રીદત્ત નં ૧ | | ૨૦ | ૫૬૫-૫૮૫ | ૧ અંગધારી |
| ૩૧ | શિવદત્ત | | ૨૦ | ૫૬૫-૫૮૫ | ૧ અંગધારી |
| ૩૨ | અર્હદત્ત | | ૨૦ | ૫૬૫-૫૮૫ | ૧ અંગધારી |




અંગ-અંશધારીઓની પરમ્પરામાં
લોહાચાર્ય ૨ (વી.નિ. ૫૧૫-૫૬૫)

- ગુણધર
  - આર્યમંક્ષુ (૬૦૦-૬૫૦)
  - નાગહસ્તિ (૬૨૦-૬૮૭)
  - યતિવૃષભ (૬૫૦-૭૦૦)
- અર્હદ્‌બલિ (વી.નિ. ૫૬૫-૫૯૩)
  - ધરસેન (૫૬૫-૬૩૩)
    - પુષ્પદંત (૫૯૩-૬૩૩)
    - ભૂતબલી (૫૯૩-૬૮૩)
  - માઘનન્દિ (૫૯૩-૬૧૪)
    - નન્દિસંઘ બલાત્કારગણ
    - જિનચંદ્ર (૬૪૫-૬૫૪)
    - પદ્મનંદિ (કુન્દકુન્દ) (૬૫૪-૭૦૬)

# ભગવાન શ્રી ગૌતમસ્વામી

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલમ્.

આપણા (દરેક) મંગલાચરણમાં ભગવાન મહાવીરના નામ પશ્ચાત્ જો કોઈનું નામ લેવામાં આવતું હોય તો તે ગૌતમસ્વામીનું છે.

નિજાત્માની સાધનામાં રત આપણા આચાર્યવર્યોની અલિપ્તતાની એ દેન છે કે તેઓએ પોતાના વિષે ક્યાંય થોડું પણ લખ્યું નથી, તોપણ તેમના પછી થયેલી આચાર્ય પરંપરા દ્વારા તેમના વિષે જે કાંઈ માહિતી મળે છે, તે અત્યંત અલ્પ છે. તેમાં કારણ આપણું અલ્પભાગ્ય જ છે.

ગણધર ગૌતમસ્વામી માત્ર ભગવાન મહાવીરના પ્રમુખ શિષ્ય જ નહીં પરંતુ મહાવીરના ★૧૧ ગણધરોમાં મુખ્ય ગણધર હતા. તેમનું નામ ઇન્દ્રભૂતિ હતું. તેમના બે ભાઈ અગ્નિભૂતિ અને વાયુભૂતિ પણ ભગવાન મહાવીરના ગણધર હતા. તેઓ ૧૨ અંગ (સમસ્ત શ્રુતજ્ઞાન)ના જ્ઞાતા હતા, સમ્યગ્દર્શનપૂર્વક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાનના ધારક હતા. તેઓશ્રીને બુદ્ધિ લબ્ધિ, ઔષધલબ્ધિ વગેરે અનેક લબ્ધિઓ પ્રગટી હોવા છતાં પણ તેઓ એમ જાણતા હતા કે આત્માનુભવરૂપ લબ્ધિ આ લબ્ધિઓથી અચિંત્ય મહાત્મ્યવાળી છે તથા કેવળજ્ઞાનરૂપ લબ્ધિની આગળ આ લબ્ધિઓ કાંઈપણ નથી.

પ્રસિદ્ધ કથા પ્રમાણે તેમનો જીવ પૂર્વભવમાં ભરતક્ષેત્રમાં આવેલ કાશી દેશની વારાણસી નગરીના રાજા વિશ્વલોચનની ગુણવાન, રૂપવાન, પતિ પ્રત્યે અત્યંત સ્નેહ રાખનારી નેત્ર-વિશાલા નામની રાણી હતી. કોઈ કારણવશાત્ તેનું મન ચંચલતાને વશ થઈ જવાથી પોતાની બે દાસીઓની સાથે રાજમહેલ વગેરેનો ત્યાગ કરી કામવાંછા—લંપટતાવશ પર-પુરુષ રમણતા કરવાના હેતુથી ગામે ગામ ફરવા લાગી. સાથે સાથે તે માંસાહાર તથા મદિરાપાન સુદ્ધાં કરવા લાગી. આમ સ્વેચ્છાચારથી ભ્રમણ કરતાં કરતાં તે ત્રણે અવંતીદેશમાં (ઉજ્જૈની નગરી) પહોંચી. ત્યાં તેમણે અચલ—મૌની, શાન્ત, તપ-સંયમના

★ ભગવાન મહાવીરના ૧૧ ગણધર : (૧) ઇન્દ્રભૂતિ, (૨) અગ્નિભૂતિ, (૩) વાયુભૂતિ, (૪) શુચિદત્ત, (૫) સુધર્મ, (૬) માંડવ્ય, (૭) મૌર્યપુત્ર, (૮) અકંપન, (૯) અચલ, (૧૦) મેવાર્ય, (૧૧) પ્રભાસ.

ધારી, સમ્યક્ત્વ રત્નત્રયીધારક મહાતપસ્વી મુનિ ભગવંતને આહારાર્થે જતા જોઈ તેમનો ઘણો અવિનય કર્યો. મુનિરાજ અંતરાય જાણી જંગલમાં ચાલ્યા ગયા. ત્યાં રાત્રિના સમયે તે ત્રણેએ મુનિરાજ ઉપર વિવિધ પ્રકારે ઉપસર્ગ કર્યા. પરંતુ કરુણામયી તે મુનિરાજ આત્મધ્યાનમાં અચલ રહ્યા.

તે ત્રણે સ્ત્રીઓને આ ખરાબ અને ઘૃણાસ્પદ ભાવોના ફળમાં ગળત-કુષ્ટરોગ થયો અને અંતે પાંચમા નરકમાં ગઈ. ૧૭ સાગર સુધી ત્યાં ભયંકર દુઃખો ભોગવતી થકી ત્યાંથી નિકળીને પણ ઉક્ત પાપોના ફળરૂપે અનુક્રમે તેમણે બિલાડી, ભૂંડણ, કુતરી અને કુકડી વગેરે ભવો ધારણ કર્યા. તેથી જ્ઞાનીઓ કહે છે કે જિનદેવ, જિનશાસન, જિનધર્મ તથા જિનગુરુની નિંદા, તેમના પર ઉપસર્ગ, પરિષહ વગેરે ભાવોનાં ફળ દુર્ગતિ આદિ અત્યંત પ્રતિકૂળ હોવાથી જીવોએ તેવા ભાવો ન કરવા જોઈએ. તેવા ભાવો કરવા તો દૂર રહો પણ તેનું મન-વચન-કાયાથી પણ અનુમોદન પણ ન કરવું જોઈએ.

તે ત્રણે કુકડી અવન્તિ દેશની ઉજ્જૈન નગરીના એક ગામમાં ખેડૂતના ઘેર કન્યાઓના રૂપે જન્મ પામી. તેમનો જન્મ થતાં જ તે ખેડૂતનું ધન-ધાન્ય નાશ પામ્યું. માતા મૃત્યુ પામી. પાડોશીઓ પણ બધા મરી ગયા. મોટા થયા બાદ, તેઓ જ્યાં જ્યાં જતી ત્યાં સર્વ ગામો ઉજ્જડ થઈ જતાં, કોઈ તેમને રાખવા માગતું નહોતું. આ પ્રમાણે તે ભૂખી-તરસી ભ્રમણ કરતી પહુપપુર નગરમાં પહોંચી. ત્યાં કોઈક વિશુદ્ધ પરિણામનાં ફળસ્વરૂપે તેમને અવધિજ્ઞાની મહાચારિત્રના ધારક મુનિરાજનાં દર્શન થયાં. તેમનો સત્-ઉપદેશ સાંભળવા મળ્યો. તેમની પાસેથી પૂર્વભવોનું વૃત્તાંત સાંભળીને કરેલા પાપોના પ્રાયશ્ચિત્ત સ્વરૂપે આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. તેઓએ મુનિરાજને ભવદુઃખથી મુક્ત થવાનો ઉપાય પૂછ્યો. મુનિ ભગવંતે દ્રવ્ય-ગુણ-પર્યાય, સાત તત્ત્વ સહિત સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન તથા એકદેશ–સકલદેશ ચારિત્રનું સ્વરૂપ સમજાવ્યું. મુનિરાજનો ઉપદેશ ઘણી જ રુચિપૂર્વક સાંભળી તેઓએ અણુવ્રત અંગીકાર કર્યા અને સમાધિપૂર્વક ત્રણે પાંચમાં સ્વર્ગમાં અવતરી.

ત્યાં અવધિજ્ઞાન દ્વારા, 'આ સંપદા ધર્મના ફળમાં પ્રાપ્ત થઈ છે' એવું જાણીને દેવગતિના ભોગોને ભોગવતા થકા તે જીવો દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિમય જીવન વીતાવી મગધદેશના દ્વિજપુર ગામમાં કાશ્યપગોત્રીય[૧] બ્રાહ્મણ પંડિત શાંડિલ્યની બે પત્નીઓની કૂંખેથી ત્રણ પુત્રો થયા. એકનું નામ ગૌતમ[૨] બીજાનું નામ ગર્ગ[૩] તથા ત્રીજાનું નામ ભાર્ગવ[૪] રાખવામાં આવ્યું. ત્રણેયે વેદ-વેદાંત તથા શ્રુતિ, સ્મૃતિ, કાવ્ય, ભાષા, તર્ક આદિનું જ્ઞાન


૧. ક્યાંક કાશ્યપગોત્રીયને બદલે ગૌતમગોત્રીય પણ આવે છે. ૨. ક્યાંક ઈન્દ્રભૂતિ નામ આવે છે.

૩. ક્યાંક ગર્ગની જગ્યાએ અગ્નિભૂતિ નામ આવે છે ૪. ક્યાંક ભાર્ગવની જગ્યાએ વાયુભૂતિ નામ આવે છે.

અતિ અલ્પ આયુમાં પ્રાપ્ત કર્યું તથા પોતાના ૫૦૦ શિષ્યો સહિત ગૌતમ ગ્રામ (ગુણાવા)માં એક મહાવિદ્યાલય ખોલ્યું. ત્યાં તેઓ લોકોને અનેકાન્તવિદ્યાથી વિરુદ્ધ એકાન્ત જ્ઞાનમય-વેદ-પુરાણ ભણાવવા લાગ્યા.

તે જ દિવસોમાં વૈશાલી ગણરાજ્યના કુંડલપુર ગ્રામમાં માતા પ્રિયકારીણીની કૂંખેથી તીર્થંકર ભગવાન મહાવીરે જન્મ લીધેલો. ભગવાન મહાવીરે ઉગ્ર શુક્લધ્યાનરૂપી તપ વડે નિજ આત્મની અત્યંત વિશુદ્ધતાની શ્રેણી પર આરૂઢ થઈ ચાર ઘાતિકર્મોનો નાશ કરી ૠજુકુલા નદીના કિનારે ૪૨ વર્ષની ઉંમરે વૈશાખ સુદ-૧૦ના દિવસે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ઈન્દ્રે ભગવાનનો જ્ઞાનકલ્યાણક મહોત્સવ ઘણી ધામ-ધૂમથી ઉજવ્યો. ભગવાન મૌનરૂપે સમવસરણ સહિત વિહાર કરતાં કરતાં રાજગૃહી નગરીના વિપુલાચલ પર્વત ઉપર અષાઢ વદ-૧ના રોજ પધાર્યા. કેવળજ્ઞાન થયા પછી ૬૬ દિવસ સુધી ભગવાનની વાણી છૂટી નહીં. પરંતુ ભવ્યજીવો ચાતકપક્ષીની જેમ ભગવાનની વાણીની રાહ જોતા બેસી રહ્યા. કેવળજ્ઞાન થતાં ભગવાનની વાણી ભવ્યજીવોના ભાગ્યવશ નીકળે જ છે, તોપણ વાણી ન ખરવાથી ઈન્દ્રથી રહેવાયું નહીં. તેમણે અવધિજ્ઞાનથી જાણી લીધું કે વાણી ઝીલવાયોગ્ય કોઈ શ્રોતા નથી. તેથી ભગવાનની વાણી ખરતી નથી. તેમણે સાથો સાથ અવધિજ્ઞાનથી એ પણ જાણ્યું કે આવો યોગ્ય શ્રોતા બીજો કોઈ નહીં પરંતુ વેદપાઠી ગૌતમ જ છે.

ઈન્દ્રે ગૌતમને સમવસરણમાં લાવવા માટે એક યુક્તિ રચી. તે વામન બ્રાહ્મણનું રૂપ બનાવી ગૌતમની મહાવિદ્યાલયમાં ગયો ત્યાં જઈને તેણે વિનયપૂર્વક કહ્યું કે "હું મહાવીરનો




શિષ્ય છું મારે એક શ્લોકનો અર્થ સમજવો છે. અત્યારે મારા ગુરુ મૌન છે. તેથી તેનો અર્થ સમજવા હું આપની સમક્ષ આવ્યો છું. તેના આ પ્રમાણે કહેવાથી ગૌતમે ઘણા પ્રેમથી તે શ્લોક પૂછ્યો ત્યારે બ્રાહ્મણવેષધારી ઈન્દ્રે કહ્યું.


(સ્રગ્ધરા)

**त्रैकाल्यं द्रव्यषट्कं नवपदसहितं जीवषट्-काय-लेश्याः ।**
**पञ्चान्ये चास्तिकाया व्रत-समिति-गति-ज्ञान-चारित्रभेदाः ।।**
**इत्येतन्मोक्षमूलं त्रिभुवनमहितैः प्रोक्तमर्हद्भिरीशैः ।**
**प्रत्येति श्रद्दधाति स्पृशति च मतिमान् यः स वै शुद्धदृष्टिः ।।**

ઈન્દ્ર પાસેથી ઉપરોક્ત કાવ્ય સાંભળીને ગૌતમ આશ્ચર્યાન્વિત થઈ ગયા. તેઓ શ્લોકનો અર્થ સમજી શક્યા નહીં તેથી વામનરૂપી ઈન્દ્રને શિષ્ય બનાવવાના મોહમાં તેઓએ અભિમાનથી ઈન્દ્રને કહ્યું ''તું આનો અર્થ નહીં સમજી શકે, તારા ગુરુ ક્યાં છે? ત્યાં જ જઈને આનો અર્થ તેમને જ સમજાવીશ.'' આ પ્રમાણે કહીને તે ઈન્દ્રની સાથે સમવસરણમાં આવ્યા. ત્યાં સમવસરણનો માનસ્તંભ જોતાં જ તેમનું માન દૂર થઈ ગયું અને ગૃહીત મિથ્યાત્વ સુદ્ધાં છૂટી ગયું. ચાતક પક્ષીની જેમ ભગવાનની વાણી સાંભળવા માટે ભગવાનની મહિમાથી ભાવવાહી ભક્તિ કરતાં કરતાં તેઓ ભગવાનના સમવસરણની આઠમી ભૂમિ સુધી આવી ગયા. ત્યાં પ્રવેશ પામતાં જ ભગવાનનાં દર્શન થતાં જ તેમને સર્વજ્ઞપણાની તથા જીવના અસ્તિત્વની શ્રદ્ધા બૃહદ્રૂપે દૃઢ થઈ ગઈ. તેઓએ ત્યાં જ સમ્યક્ત્વ સહિત સંયમ અંગીકાર કર્યો. ભગવાનની



ગૌતમનું માનસ્તંભ દર્શન




દિવ્યધ્વનિ ખરતાં તેઓ તેનું રસપાન કરવા લાગ્યા અર્થાત્ અષાઢ વદ-૧ના દિવસે સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિનું રસપાન બધા જીવો કરવા લાગ્યા.

આ પ્રમાણે ગૌતમ, ભગવાન મહાવીરસ્વામીના મુખ્ય ગણધર બન્યા, બાર અંગોની રચના કરીને તેઓએ સમસ્ત શ્રુતને આગમનિબદ્ધ કર્યું. આસો વદી અમાવસ્યાના દિવસે જ (કે જે દિવસે ભગવાન મહાવીરનું નિર્વાણ થયું હતું,) તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેઓશ્રીએ ગુણાવાથી નિર્વાણની પ્રાપ્તિ કરી.

આ પ્રમાણે ગૌતમસ્વામી નેત્ર-વિશાલા નામે કુલ્ટા સ્ત્રીના ભવમાંથી પોતાના સંક્લેશ પરિણામોના ફળથી દુર્ગતિમાં ભ્રમણ કરીને પોતાના વિશુદ્ધ ભાવોથી ઉચ્ચગતિને પામીને ભગવાન મહાવીરના મુખ્ય ગણધર થઈ નિર્વાણને પ્રાપ્ત કરી સિદ્ધ ભગવાન બની ગયા. એ જ બતાવે છે કે જીવ કાળના આધારે નહીં પરંતુ પોતાના બુરા ભાવોથી દુર્ગતિ તથા ભલા ભાવોથી સુગતિ પ્રાપ્ત કરે છે. તથા આત્મશુદ્ધિના ભાવોથી મોક્ષને પામે છે. તેથી આપણે પણ આપણા ભાવોનું ફળ વિચારીને હિતરૂપ ભાવોમાં લાગવું જોઈએ.

તેમનો કાળ વીર નિર્વાણ સંવત ૦ થી ૧૨ અર્થાત્ ઈ.સ. પૂર્વ ૫૨૭ થી ૫૧૫ છે.

ગોતમ ગણધર ભગવાનને શ્રદ્ધા અને ભક્તિભાવથી કોટિ કોટિ વંદન!

---

૧. આ ઘટના અષાઢ વદ-૧ ના રોજ ઘટી હોવાથી તેને ભગવાન મહાવીરનો પ્રથમ ઉપદેશ પ્રાપ્ત થવાને કારણે તે દિવસને મહાવીર શાસનજયંતિ તરીકે ઉજવવામાં આવે છે.

### પંચમકાળના પ્રારંભમાં થયેલા અંતિમ કેવળી

## શ્રી જંબૂસ્વામી

ઘણા વર્ષો પૂર્વે જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રના મગધદેશમાં વૃદ્ધ નામે એક ગામ હતું. તેમાં રાષ્ટ્રકૂટ નામનો એક વૈશ્ય તથા તેની પત્ની રેવતી રહેતાં હતાં. તેમના બે પુત્રો હતા, મોટાનું નામ ભગદત્ત (અપરનામ ભાવદેવ) અને નાનાનું નામ ભવદેવ હતું. કોઈ કારણવશાત્ ભગદત્તે સુસ્થિત મુનિરાજ પાસે ભગવતી જિનદીક્ષા અંગીકાર કરી લીધી. તેઓ સંઘ સાથે વિહાર કરતા કરતા કેટલાંક વર્ષો પછી તે જ ગામમાં પધાર્યા.

ભવદેવે નાગશ્રી નામની સુંદર કન્યા સાથે લગ્ન કરી લીધાં હતાં તે નાગશ્રીમાં ઘણો જ મોહિત હતો. નાગશ્રી તેને ઘણી જ પ્રિય હતી. ભવદેવને જ્યારે ખબર પડી કે તેના મોટાભાઈ ભગદત્ત મુનિરાજ જંગલમાં પધાર્યા છે, ત્યારે તેણે મુનિરાજની પૂજા પ્રદક્ષિણા કરીને તેમનો ઉપદેશ સાંભળ્યો. તેમના ઉપદેશથી ભવદેવના પરિણામ આર્દ્ર થયેલાં જોઈ મુનિરાજે તેને મુનિધર્મ અંગીકાર કરવાનો ઉપદેશ આપ્યો. ભવદેવનો જીવ નાગશ્રીમાં અટવાયો હતો, તોપણ ભાઈના ઉપદેશવશ મુનિદીક્ષા અંગીકાર કરી લીધી, પરંતુ મનમાં નાગશ્રી વસી હોવાથી તે ભાવલિંગરૂપ સમ્યક્ મુનિ ન બની શક્યો. ત્યારબાદ તેઓ ઘણા વર્ષે સસંઘ તે જ ગામમાં પધાર્યા. તે ગામના એક જિનમંદિર પાસે જઈને ભવદેવ મુનિએ [૧]સુવ્રતા નામની આર્યિકા પાસે નાગશ્રી વિષે જાણવાનો પ્રયત્ન કર્યો. એટલામાં તેમના અંતરના પરિણામો સમજીને તે આર્યિકા મુનિરાજને મુનિધર્મ તથા તેની ગરિમા સમજાવવા લાગી, તે મુનિરાજે આદર સહિત સુવ્રતા આર્યિકા પાસે સર્વ ધર્મચર્ચા સાંભળી, જેથી તેઓએ ફરી આર્દ્ર પરિણામી થઈ, નાગશ્રીનો મોહ છોડી મુનિરાજ પાસે આવીને નવી દીક્ષા ગ્રહણ કરી. ત્યારબાદ ચારે પ્રકારની આરાધનાથી તે વિશુદ્ધ પરિણામી ભવદેવનો આત્મા મહેન્દ્ર સ્વર્ગમાં સામાનિક દેવ થયો. ભવદેવનો જીવ મહેન્દ્ર સ્વર્ગમાંથી આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગમાંથી ચ્યવીને વીતશોક નગરમાં મહાપદ્મ રાજા અને તેમની રાણી વનમાલાને ત્યાં સમ્યગ્દૃષ્ટિ શિવકુમાર નામનો રાજકુમાર થયો. સારા પરિણામોના ફલ સ્વરૂપે તે રાજકુમાર એકવાર પોતાના સાથીઓ સાથે ક્રીડા કરી આવી રહ્યા હતા ત્યારે મંત્રી પાસેથી જાણવા મળ્યું

---


૧. ભવદેવે દીક્ષા ગ્રહણ કરી લીધી છે તેમ જાણી તેમની પત્ની નાગશ્રી આર્જિકા પાસે જઈ આર્યિકા બની ગઈ. દીક્ષા બાદ આર્યિકાનું નામ સુવ્રતા રાખવામાં આવ્યું.

કે ત્યાંના ઉપવનમાં સાગરદત્ત નામના મુનિરાજ પધાર્યા છે. રાજકુમાર શિવકુમાર વનમાં તે મુનિરાજના દર્શનાર્થે ગયા.

ત્યાં સાગરદત્ત મુનિરાજને જોઈને તેમને સહજ જ સ્નેહ ઉત્પન્ન થતો હતો. તેથી રાજકુમારે મુનિરાજ પાસેથી તેનું કારણ જાણ્યું, કે તેઓ બીજા કોઈ નહીં પણ તેમના પૂર્વભવના મોટાભાઈ ભગદત્તનો જ આત્મા છે. તેથી રાજકુમારને તેમના પ્રત્યે અનાયાસ જ સ્નેહ ઉત્પન્ન થયો છે. આ પ્રમાણે પોતાના પૂર્વભવનું વૃત્તાંત જાણીને તે રાજકુમારે સાગરદત્ત મુનિરાજ પાસે દીક્ષા અંગીકાર કરી, તથા ભારે તપના પ્રભાવથી બ્રહ્મસ્વર્ગમાં વિદ્યુન્માલી દેવ થયો.

ભગવાન મહાવીર સ્વામીના કાળમાં જ રાજા શ્રેણિકના રાજગૃહી નગરમાં અર્હદાસ નામના એક શેઠ રહેતા હતા. તેમને પ્રિયકારિણી જિનદાસી નામની પત્ની હતી. તેઓ શ્રેણિકના રાજ્યના પ્રસિદ્ધ શેઠ હતા. તેમના પત્ની જિનદાસીના ગર્ભમાં ભવદેવનો જીવ બ્રહ્મસ્વર્ગેથી ચ્યવીને અવતર્યો. તેના ગર્ભમાં આવવાથી માતાને પાંચ શુભ સ્વપ્નો આવ્યાં તે સ્વપ્નનું ફળ જાણી એ નિર્ણય થયો કે તેમનો આ પુત્ર ચરમશરીરી થશે. તેમનો જન્મ થતાં તેમનું નામ જમ્બૂસ્વામી રાખવામાં આવ્યું.

જમ્બૂસ્વામી દિવસ-રાત પુણ્યના ભંડાર સાથે વૃદ્ધિ પામતા હતા. તેઓ નગરજનો અને માતા-પિતાને ઘણા જ પ્રસન્ન કરતા હતા. 'સ્વામી' જ્યાં પણ જતા ત્યાં પોતાની બુદ્ધિ ચાતુર્ય અને યશોગાન પ્રભાથી સર્વને આનંદિત કરતા હતા. તેમણે રાજા શ્રેણિકને પણ ઘણા જ પ્રસન્ન કરી દીધા હતા.



જમ્બૂસ્વામી દ્વારા પાગલ હાથીને વશ કરાયો.

એકવાર સ્વામી કુમાર અવસ્થામાં હતા ત્યારે રાજા શ્રેણિક મુનિવંદના હેતુ જંગલમાં ગયા હતા ત્યારે તેમનો માનીતો હાથી ગાંડો થઈ ગયો. સમગ્ર નગર તે ગાંડા હાથીથી ગભરાઈ ગયું હતું. પરંતુ બાળકો સાથે રમતા સ્વામીએ ચપટીમાત્રમાં તે હાથીને વશ કરી પોતાના ઘરે લાવી દીધો અને માતા-પિતાને વંદન કરી રાજા પાસે ગયા. રાજા શ્રેણિક 'સ્વામી'ના આવા કૌતુકથી ઘણા જ પ્રસન્ન થયા.


તે જ પ્રમાણે સ્વામીએ રાજા શ્રેણિકને પણ મુશ્કેલ લાગતાં તેમનાં કેટલાંક કાર્યો પાર પાડ્યાં. જેમકે એક વિદ્યાધર રાજાને હરાવીને તેઓએ રાજા શ્રેણિકને ઘણા પ્રસન્ન કર્યા. રાજા શ્રેણિક હંમેશાં સ્વામીને રાજદરબારમાં અર્ધ સિંહાસન પ્રદાન કરતા હતા. તે જ સમયગાળામાં તે જ નગરના ચાર શ્રેષ્ઠી પોતાની ધનશ્રી, કનકશ્રી, વિનયશ્રી અને રૂપશ્રી નામની રૂપવતી-ગુણવતી તથા ઉત્તમ લક્ષણોવાળી કન્યાઓ જમ્બૂસ્વામીને પ્રદાન કરવા માટે આવ્યા. પિતાશ્રી અર્હદાસે શ્રેષ્ઠીઓની આ વાત પત્નીને કહી તથા બંનેએ તે વાત સ્વીકાર કરી લીધી અને જમ્બૂસ્વામીની સગાઈ તે ચારેય કન્યાઓ સાથે કરી દેવામાં આવી.

એકવાર સુધર્માસ્વામી મહા મુનિરાજ પાસેથી ધર્મશ્રવણ કરવાથી સમ્યગ્દૃષ્ટિ જમ્બૂસ્વામી જ્ઞાન વૈરાગ્યની પ્રચુરતાને પામ્યા. પરંતુ માતા-પિતાનો સ્વામી પ્રત્યે તીવ્ર મોહ હોવાથી ભગવતી જિનદીક્ષા લેવાની ભાવના હોવા છતાં દીક્ષા ન લઈ શક્યા. તેમનું ભાવિ પ્રબળ જાણી મુનિરાજે તેમને માત્ર શ્રાવકનાં વ્રત પ્રદાન કર્યાં. તેઓ ઘરમાં જ ઉદાસ રહેતા હતા અને રાજદરબારમાં ધર્મપ્રિય વાર્તા કરતા હતા.

ફરી પાછી વૈરાગ્યની ઉગ્રતા થતાં સ્વામીએ ભગવતી જિનદીક્ષાની હઠ લીધી. નગરજનો દુઃખથી ગમગીન થઈ ગયા. અર્હદાસ શેઠે ચારેય કન્યાઓના પિતાને આ સમાચાર મોકલાવી દીધા. ચારે શ્રેષ્ઠીઓ ઘણી જ દુઃખી થયેલી કન્યાઓને સમજાવવા લાગ્યા કે "અન્ય શ્રેષ્ઠી રાજકુમાર જેવા યુવક સાથે તમારાં લગ્ન કરાવીશું." પરંતુ ઘરની ગુણવતી યુવાન કન્યાઓએ તો જંબૂસ્વામીને જ પોતાના પતિ તરીકે સ્વીકારી લીધા હતા. તેથી તે કન્યાઓ એકની બે થઈ નહીં. તે કન્યાઓએ પિતાને કહેવડાવ્યું કે સ્વામીને વિનંતી કરો કે માત્ર પાણિગ્રહણ કરીને બીજા જ દિવસે સવારે તેઓ દીક્ષા લઈ લે તો અમને મંજૂર છે. અમને વિશ્વાસ છે કે અમે અમારા શુભલક્ષણો અને નયનોના કટાક્ષબાણોથી તેમના મનને જીતી લઈશું.

સ્વામીએ તે વાતનો સ્વીકાર કર્યો. તેઓ તે જ દિવસે ચારેય કન્યાઓને લગ્ન કરીને લઈ આવ્યા. પ્રસંગે આવેલા મહેમાનોનો યોગ્ય સત્કાર કરી વિદાય આપ્યા પછી રાત્રિએ સુગંધિત શૈયા પર સ્વામી આવ્યા. ચારેય યુવતીઓ પોતાના રૂપ, બુદ્ધિ, નયનોના કટાક્ષો અને વચનોના કટાક્ષો દ્વારા જુદી જુદી રીતે અનેકવિધ પ્રકારે એક પછી એક કથાઓ વડે

સ્વામીને રીઝવવા લાગી. પરંતુ જ્ઞાન અને વૈરાગ્યની તીક્ષ્ણ અસિધારા દ્વારા બૃદ્ધિ અને ચાતુર્યથી સ્વામીએ તે જ કથાઓને જ્ઞાન અને વૈરાગ્યમાં પરિવર્તિત કરી રાણીઓના સર્વે પ્રયાસો નિષ્ફળ બનાવ્યા જેથી રાણીઓ પણ સ્વયં જ્ઞાન વૈરાગ્યવંત બની ગઈ.



રાત્રિ સમયે શ્રી જમ્બૂસ્વામીનો તેમની ચાર રાણીઓ તથા વિદ્યુત્પ્રભ ચોર સાથે વાર્તાલાપ

યોગાનુયોગ તે જ રાત્રે અર્હદાસ શ્રેષ્ઠીના ઘરમાંથી ધનની ચોરી કરવા માટે 'ચોરી વિદ્યામાં કુશળ રાજપુત્ર વિદ્યુત્પ્રભ' તેમના ઘરે આવ્યો. તેણે અદૃશ્ય વિદ્યાથી ઘરનો દરવાજો ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો. સ્વામીની માતાને 'સ્વામી દીક્ષા લેવાના છે' તે વાતની વ્યથા અંદરોઅંદર કોરી ખાતી હતી. તેથી તેઓને બરાબર ઉંઘ પણ આવતી નહોતી.

વિદ્યુત્પ્રભ ચોરે માતાની વ્યથા જોઈ પોતાનો પરિચય આપ્યો. માતાએ પોતાની સર્વ વ્યથા કહી સંભળાવી. આજે જ લગ્ન થયાં છે એવી ચાર કન્યાઓ સ્વામીને ઘણા પ્રકારે મનાવી રહી છે. પરંતુ સ્વામી તેમની દરેક વાતોને વૈરાગ્ય અને શાંતરસમાં મગ્ન કરી રાણીઓ પર વૈરાગ્યનો રંગ ચઢાવી રહ્યા છે. તેથી માતાએ વિદ્યુત્પ્રભ ચોરને કહ્યું કે તમે બુદ્ધિશાળી ચોર હોવાથી કોઈનું મન ચોરી લેવામાં પણ પ્રવીણ જણાઓ છો. જો તમે સ્વામીને કાંઈક સમજાવો અને આ ભર્યા ઘરને ચાર ચાંદ લગાવો તો કેવું સારું? "તમને

જેટલું ધન જોઈએ તે લઈ લો, ધનભંડારની બધી જ ચાવીઓ તમને આપી દઉં છું. બધું જ ધન તમારું છે. પુત્ર વિનાના ધનને ધિક્કાર છે. પુત્ર વિના તે ધનને હું શું કરીશ?''

વિદ્યુત્પ્રભની હોનહાર ભલી હોવાથી વિદ્યુત્પ્રભે માતાની વાતને સ્વીકૃત કરી લીધી. માતાએ પુત્રની રૂમનો દરવાજો ખખડાવ્યો. અનાયાસ માતાને આવેલા જાણી 'સ્વામી' આશ્ચર્યાન્વિત થયા, અને માતાને કહ્યું કે અહીં આવવાને બદલે આપે મને જ બોલાવી લીધો હોત તો હું સ્વયં આવી જાત.'' સ્વામીના આ પ્રમાણે કહેવાથી માતાએ વિદ્યુત્પ્રભનો પરિચય તેના દૂરના મામા રૂપે આપ્યો અને કહ્યું કે ''તારી ભગવતી જિનદીક્ષાના સમાચાર સાંભળી મામા તને મળવા આવ્યા છે. જો તું હા પાડે તો તેમને મોકલું.'' માતાના વિનિત શબ્દો સમજીને સ્વામીએ માતાને આશ્વાસન આપતાં ઘણા જ વિનયપૂર્વક માતા અને મામાના ચરણસ્પર્શ કર્યા.


ચારે રાણીઓ તથા વિદ્યુત્પ્રભે ઘણી જ કથાઓ કહીને સ્વામીનું મન ફેરવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ સ્વામીએ પણ તેમને તે જ કથાઓ અન્ય સ્વરૂપે કહીને ચારે પત્નીઓ તથા વિદ્યુત્પ્રભના હૃદયને જ્ઞાન-વૈરાગ્યથી ભીંજવી દીધું.

એટલામાં સવાર પડી ગઈ. 'સ્વામી'એ ચારે પત્નીઓ, વિદ્યુત્પ્રભ, અનેક સાથીઓ તથા માતા-પિતાના સંગે દીક્ષા માટે જંગલ તરફ પ્રયાણ કર્યું. નગરવાસીઓ તથા રાજા શ્રેણિક વગેરેએ અંતરમાં ભગવતી જિનદીક્ષાની અદ્ભુત મહિમા સાથે સ્વામીને અશ્રુસભર નયનોથી વિદાય આપી. બધા જ સુધર્માસ્વામી પાસે પહોંચ્યા. સ્વામી સહિત વિદ્યુતપ્રભ તથા તેના ૫૦૦સાથીઓ તથા કેટલાક લોકોએ મુનિદીક્ષા લીધી અને ચારે પત્નીઓ અને માતાએ અર્જિકા વ્રત અંગીકાર કર્યું તથા કેટલાક નગરજનોએ શ્રાવકનાં વ્રત અંગીકાર કર્યાં.

જે દિવસે ગૌતમસ્વામીનો નિર્વાણ થયો તે જ દિવસે સુધર્માસ્વામી કેવળી થયા. ૧૨ વર્ષ બાદ સુધર્માસ્વામી નિર્વાણને પ્રાપ્ત થયા તે જ દિવસે જંબૂસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આશરે ૪૦ વર્ષ સુધી કેવળીના રૂપે 'ભવ' નામના શિષ્યની મુખ્યતાથી ભવ્યજીવોને ઉપદેશ દેતાં દેતાં તેઓ સમ્મેદશિખરથી મથુરા સુધી વિહાર કરી સત્યમાર્ગનો પ્રકાશ કરતા રહ્યા, ત્યારબાદ તેઓ મથુરાથી મોક્ષ પધાર્યા.

તેમનો કાળ વીર નિર્વાણ સંવત ૨૪ થી ૬૨ વર્ષ (ઈ.સ. પૂર્વે ૫૦૩ થી ૪૬૫) સુધી માનવામાં આવે છે. કારણ કે ભગવાન મહાવીરસ્વામી પછી ૬૨ વર્ષ સુધી કેવળીરૂપે વિદ્યમાન હતા. આ છેલ્લા કેવળી ભગવાન હતા.

અંતિમ કેવલી શ્રી જંબૂસ્વામીને કોટિ કોટિ વંદના !




જમ્બૂસ્વામી, વિદ્યુતપ્રભ તથા ચાર રાણીઓની દીક્ષા


### ભગવાન આચાર્યદેવ

## શ્રી ભદ્રબાહુસ્વામી (પ્રથમ)


ભગવાન મહાવીરના નિર્વાણ પછી ગૌતમસ્વામી, સુધર્માસ્વામી અને જમ્બૂસ્વામી નામના ત્રણ કેવળીઓ થયા. ત્યારબાદ વિષ્ણુ, નંદીમિત્ર, અપરાજિત, ગોવર્ધન તથા ભદ્રબાહુ (પ્રથમ) તે પાંચ શ્રુતકેવળીઓ થયા છે.

પાંચમા શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામી બાબતે એમ માનવામાં આવે છે કે તેઓશ્રી સુખ-સંપત્તિથી ભરપૂર પુંડવર્ધનદેશના કોટપુર શહેરના નિવાસી, પિતા શશિશર્મા પુરોહિત તથા માતા સોમશ્રીના ભાગ્યશાળી પુત્ર હતા. તેમનો જન્મ થતાં માતા-પિતાએ ઉત્સવ કર્યો હતો. તેઓ બાળપણથી જ કામદેવની જેમ તેજસ્વી, દેદીપ્યમાન, ઉન્નત સુવિશાળ ભાલયુક્ત હતા. તેમના માતા-પિતાએ તેમનું નામ 'ભદ્રબાહુ' રાખ્યું હતું.

સર્વને આનંદ દેનાર તે બાળક પ્રતિદિન વૃદ્ધિ પામતો થકો કુમાર અવસ્થામાં પહોંચ્યો. એકવાર તે અન્ય મિત્રો સાથે નગરની બહાર લખોટીઓની રમત રમી રહ્યો હતો. તેમનો કોઈપણ મિત્ર એક ઉપર એક એમ ત્રણ ચાર જ લખોટીઓ ચઢાવી શકતો હતો જ્યારે ભદ્રબાહુકુમારે એક ઉપર એક એમ ૧૪ લખોટીઓ ચઢાવી.



બાળક ભદ્રબાહુ એક ઉપર એક ૧૪ લખોટી ચઢાવે છે. આચાર્ય ગોવર્ધનસ્વામી બાળકના આ કૌતુકને નિહાળે છે.



ભદ્રબાહુના માતા–પિતાને ત્યાં, આહારના સમયે માતા–પિતાના નિવેદન પર, આચાર્ય ગોવર્ધનસ્વામી દ્વારા ભદ્રબાહુ ભાવી શ્રુતકેવળી થશે તેવી ઘોષણા.

તે જ સમયે ચાતુર્માસ શરૂ થતો હતો હોવાથી આચાર્ય ભગવાન શ્રી ગોવર્ધનસ્વામી સસંઘ નગર બહાર પધારેલ હતા. તેમની નજરે કુમારનું આ કૌતુક પડતાં તેઓએ પોતાના જ્ઞાનની વિશેષ નિર્મળતાથી જાણ્યું કે આ કુમાર ૧૪ પૂર્વનો જ્ઞાતા અંતિમ શ્રુતકેવળી થશે. બીજે દિવસે ગોવર્ધનસ્વામી આહાર માટે શહેરમાં પધાર્યા. ભાગ્યોદયે તેમનો આહાર ભદ્રબાહુના ઘેર જ થયો. તે પછી માતા-પિતાએ મુનિ ભગવંતને અત્યંત ભક્તિથી નમ્ર નિવેદન કરતાં આચાર્યશ્રી ગોવર્ધનસ્વામીએ કહ્યું “ભદ્રબાહુ હોનહાર શ્રુતકેવળી થશે. નમ્ર ભદ્રબાહુ ચાતુર્માસ હોવાથી દરરોજ  જંગલમાં મુનિ ભગવંતો પાસે જતો હતો. થોડાક દિવસોમાં જ તે વ્યાકરણ ગણિત, ન્યાય અને સ્યાદ્વાદ વિદ્યામાં એવો તો પારંગત થઈ ગયો કે તેની કીર્તિ રાજદરબાર સુધી પહોંચી ગઈ. આટલી નાની ઉંમરમાં આટલું જ્ઞાન જોઈને રાજાએ પણ પ્રસન્ન થઈને રોજ રાજદરબારમાં આવવા માટે આમંત્રણ આપ્યું. એકવાર કોઈ વાદી જિનધર્મના વિરોધમાં વાદ કરવા આવ્યો, તેને ભદ્રબાહુએ કેટલાક મજબૂત ન્યાયોથી જૈનધર્મની યથાર્થ પ્રતીતિ કરાવી દીધી.

યુવાવસ્થામાં માતા-પિતાએ ભદ્રબાહુના લગ્નની વાત કરી ત્યારે ચતુર્ગતિ ભ્રમણથી ભયભીત ભદ્રબાહુ શ્રુતકેવળી ગોવર્ધનસ્વામી પાસે ભગવતી જિનદીક્ષા ધારણ કરીને, નિજ આત્મહિતમાં લાગી ગયા અને દ્વાદશાંગના જ્ઞાતા થઈ ગયા.



આચાર્ય ગોવર્દ્ધનસ્વામી દ્વારા મુનિરાજ ભદ્રબાહુને આચાર્યપદવી

એકવાર ઉજ્જૈની નગરીમાં આચાર્ય ભદ્રબાહુ જિનદાસ શેઠના ઘેર આહાર માટે પધાર્યા ત્યારે ત્યાં સુના ઘરમાં થોડાક દિવસનું બાળક ઘોડિયામાં ઝુલતું હતું. તેના મોઢામાંથી અનાયાસ જ નીકળેલા 'ગચ્છ, ગચ્છ' એવા ધ્વનિ જેવું આચાર્યદેવને લાગ્યું. બાળકની ભાષા તથા ઘોડિયામાંથી તેની બાલસહજ હાથ આદિની ક્રિયાથી આચાર્યદેવે નિમિત્તજ્ઞાનથી જાણી લીધું કે ઉત્તરભારતમાં ૧૨ વર્ષનો ભયાનક દુષ્કાળ પડશે. જ્યારે દક્ષિણભારતમાં આવો દુષ્કાળ પડશે નહિ. તેઓ અંતરાય જાણી ત્યાંથી પાછા વળી ગયા. શ્રી ભદ્રબાહુ આચાર્યે ઉપરોક્ત વાત સંઘમાં સર્વે મુનિઓને જણાવી તથા આદેશ આપ્યો કે ''અહીં મુનિધર્મનો નિર્વાહ થઈ શકશે નહીં માટે બધા મુનિઓએ દક્ષિણ તરફ વિહાર કરવો.''

આ વાતની ખબર શ્રાવકોને પડતાં તે બધા શ્રેષ્ઠી શ્રાવકો આચાર્યદેવ પાસે આવ્યા તથા કાકલૂદીયુક્ત વિનયપૂર્વક કહ્યું કે અહીંના શ્રેષ્ઠીઓ પૂર્ણરૂપે સમૃદ્ધ-ધન-ધાન્યયુક્ત છે, તેથી જૈનીઓ કે અન્ય કોઈને દુષ્કાળમાં મુશ્કેલી નડશે નહીં. ૧૨ વર્ષ તો જોતજોતામાં પૂરાં થઈ જશે. પરંતુ આપ સર્વે મુનિ ભગવંતો વિના તો અમારું જીવવું જ દુષ્કર થઈ જશે વગેરે અનેક પ્રકારે આચાર્યદેવને વિનંતી કરી. પરંતુ આચાર્ય ભગવાન ટસના મસ ન થયા અને પોતાના નિર્ણયમાં અડગ રહ્યા, ત્યારે શ્રાવકસંઘે અન્ય મુનિઓને વિનંતી કરી તેથી સ્થુલીભદ્ર વગેરે ૧૨૫૦૦ મુનિઓ ઉત્તર ભારતમાં રોકાઈ ગયા તથા ચંદ્રગુપ્ત[૧] વગેરે ૧૨૫૦૦ મુનિવરો આચાર્ય ભદ્રબાહુ સાથે કર્ણાટક દેશ તરફ વિહાર કરી ગયા.[૨]

આ પ્રમાણે સદ્ગુરુ એવા મહાસમર્થ આચાર્ય ભગવાનની આજ્ઞા ન સ્વીકારવાના ફળરૂપે ઉત્તરભારતમાં રહેલો મુનિસંઘ ધીરે ધીરે શિથિલતા તરફ ધસતો ગયો અને તેના પરિણામ સ્વરૂપે શ્વેતામ્બર મતની ઉત્પત્તિનો પાયો બનતો ગયો. તેથી ગુરુઆજ્ઞાને વિનયી-આત્માર્થી જીવોએ પોતાના હિત માટે અવશ્ય શિરોધાર્ય કરવી જોઈએ. વર્તમાનમાં પણ ભદ્રબાહુસ્વામી તથા ચંદ્રગુપ્ત મુનિરાજની સમાધિ શ્રવણબેલગોલાના ચંદ્રગિરિ પર્વત પર વિદ્યમાન છે.

કેટલાક ઈતિહાસકારોના મત પ્રમાણે ઉપરોક્ત ભદ્રબાહુ ભગવાન સિવાય પણ મૂળસંઘની પટ્ટાવલી અનુસાર નવ અંગના જ્ઞાતા બીજા ભદ્રબાહુસ્વામી પણ થયા છે. જેમને ક્રમશઃ આચાર્યદેવ લોહાચાર્ય, અર્હદબલિ, માઘનન્દી, જિનચંદ્ર તથા કુંદકુંદ મુનિરાજના ગુરુ દર્શાવવામાં આવ્યા છે. ભગવાન ભદ્રબાહુ સ્વામી દ્વાદશાંગના જ્ઞાતા એક પ્રખર, પ્રબુદ્ધ આચાર્ય થઈ ગયા છે કે જેમની આંતરિક પરિણતિ પ્રચુર નિર્મળતાને સૂચિત કરે છે. તેમનો કાળ ઈ.સ. પૂર્વે ૩૯૪ થી -૩૬૫ માનવામાં આવે છે.

બાર અંગ અને ૧૪ પૂર્વના જ્ઞાતા પ્રથમ ભદ્રબાહુસ્વામીને કોટિ કોટિ વંદના.

---

૧. ભદ્રબાહુ આચાર્ય વડે જ્યારે રાજા ચંદ્રગુપ્તએ નિકૃષ્ટ કાળ વિષે જાણ્યું ત્યારે તેમને વૈરાગ્ય થઈ ગયો. તેથી ત્યાંના મુકુટબંધી રાજા ચંદ્રગુપ્તએ આચાર્ય ભદ્રબાહુ પાસે ભગવતી જિનદીક્ષા અંગીકાર કરી લીધી.

૨. કેટલાક ઈતિહાસકારોના મત મુજબ તે સમયે ઉજ્જૈનમાં ૧૨૦૦૦ મુનિવરોનો સંઘ હતો તેમાંથી કેટલાક ત્યાં જ રહ્યા જ્યારે બાકીના દક્ષિણ તરફ પ્રસ્થાન કરી ગયા.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી પ્રૌષ્ઠિલ અપરનામ ચંદ્રગુપ્ત (પ્રથમ)


ભારતીય ઈતિહાસના પ્રકાશસ્તંભરૂપે મૌર્યવંશના પ્રથમ સમ્રાટ ચંદ્રગુપ્તને ચંદ્રથી રક્ષિત જ માનવામાં આવે છે.

તેમના કુટુંબીજનો, માતા-પિતા વગેરે બાબતે વિશેષ વિગત જાણવા મળતી નથી. તેમ છતાં તેઓ બાળપણથી જ રમત રમતમાં અન્ય બાળકો સાથે સ્વયં રાજા બની અન્ય બાળકોને તેમના અનુચર બનાવતા, ન્યાય કરતા વગેરે રમતો રમતા હતા. તોપણ એટલું તો સુસ્પષ્ટ છે તેઓ શત્રુઓને નષ્ટ કરવામાં નિપુણ વીર યોદ્ધા હતા. તેઓ મોરિય વંશના હોવાથી ચંદ્રગુપ્ત મૌર્ય તરીકે ઓળખાતા. તેના પરથી તેઓ ક્ષત્રિયકુળના હોવા છતાં જૈન મતાનુયાયી હોવાનું ઈતિહાસ પરથી પ્રતીત થાય છે.

તેઓ તેમના મંત્રી ચાણક્યની મદદથી મગધ રાજ્યના સમ્રાટ બન્યા હતા. તેઓ પાટલીપુત્ર (હાલના પટના)ના પૂર્વ ઉત્તરવર્તી સીમાન્ત પ્રદેશોથી અવન્તિપુર (હાલ ઉજ્જૈન) સુધી ફેલાયેલ મગધ રાજ્યના સમ્રાટ બન્યા હતા. તેમનો શાસનકાળ ઘણું જ ઐતિહાસિક મહત્વ ધરાવે છે, તેમના શાસનકાળમાં વર્તમાન એશિયાના ઘણા વિસ્તારો તથા યુનાન આદિ દેશો સાથે પણ સંધિ-વ્યાપાર હતો. તેઓએ સમ્રાટ સિકંદરના હૃદયને હલબલાવી નાખનાર લડાકુ રાજા પુરુ (પોરસ) સાથે મિત્રતા કરી હતી.

આ પ્રમાણે હોવા છતાં પણ જિનાગમ 'તિલ્લોયપણ્ણતિ' અનુસાર તેઓ અંતિમ મુકુટધારી રાજા હતા કે જેમણે જિનેન્દ્ર મુનિદીક્ષા અંગીકાર કરી હતી. એમના પછી કોઈ પણ મુકુટધારી રાજા દીક્ષિત થયા નથી.

તેમના સમયમાં આ હુંડાવસર્પિણી કાળના પંચમ શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામી (પ્રથમ) ઉજ્જૈની નગરમાં પધાર્યા હતા. તેઓ જ્યારે આહારાર્થે નગરમાં પધાર્યા તે સમયે તેમણે એક શૂન્ય ઘરમાં થોડા જ દિવસોના જન્મેલા બાળકના અવાજ અને તેની ચેષ્ટાઓથી પોતાના અષ્ટાંગ નિમિત્તજ્ઞાન દ્વારા જાણ્યું કે ઉત્તરીય ભારતમાં ૧૨ વર્ષનો ભીષણ દુષ્કાળ પડશે. જેના કારણે સમગ્ર મગધ પ્રદેશમાં ક્યાંય પણ મુનિચર્યા યોગ્યપણે રહી શકશે નહીં. તેથી તેઓ ૧૨૫૦૦ મુનિરાજના સંઘ સાથે સમુદ્રતટીય દક્ષિણ ભારતના વિસ્તાર તરફ વિહાર કરી ગયા.




આચાર્ય ભદ્રબાહુ(પ્રથમ)નો મુનિરાજ પ્રૌષ્ઠિલ તથા
મુનિસંઘ સાથે દક્ષિણ તરફ વિહાર

તે સમયે સમ્રાટ ચંદ્રગુપ્ત પણ ભવિષ્યની આવી દુર્દશા જાણી અત્યંત વૈરાગી થઈ આચાર્ય ભદ્રબાહુ પાસે જિનદીક્ષા અંગીકાર કરી (દીક્ષા નામ પ્રૌષ્ઠિલ) પોતાના ગુરુવર સાથે દક્ષિણ પ્રદેશ તરફ વિહાર કરી ગયા.

રસ્તાની ગહન અટવીમાં આકાશવાણીના આધારે ભદ્રબાહુ સ્વામીએ પોતાનું આયુષ્ય અલ્પ જાણીને વિશાખાચાર્યને સંઘનો ભાર સોંપી તેમને આગળ દક્ષિણદેશ જવાનો આદેશ આપ્યો તે સમયે મુનિરાજ ચંદ્રગુપ્ત પોતાના ગુરુની સેવામાં ત્યાં જ રોકાઈ ગયા. તેઓ જે જંગલમાં હતા ત્યાં આહારની વિધિ પ્રાપ્ત થવાનું અત્યંત મુશ્કેલ હતું, તેથી ઈતિહાસકારોના મત અનુસાર તે સમયે તે ભયાનક જંગલમાં વ્યંતરદેવે તેમની તપશ્ચર્યાની ઘણી પરીક્ષાઓ કરી, જેથી ઘણા દિવસો સુધી તેમને આહારનો યોગ થયો નહીં. તોપણ તેઓ શાંતભાવે પોતાના આત્મધ્યાન-સ્વાધ્યાય વગેરેમાં મગ્ન રહ્યા તથા પોતાના ગુરુની યથાયોગ્ય વૈયાવૃત્ત્ય કરતા રહ્યા. આખરે એક દિવસ તેમને આહારનો યોગ પ્રાપ્ત થયો. ત્યારબાદ આચાર્ય શ્રી ભદ્રબાહુએ ત્યાં જ સમાધિમરણ લઈ લીધું. મુનિરાજ ચંદ્રગુપ્ત, ગુરુના ચરણચિહ્નને આદર્શ બનાવી ત્યાં જ મહાન તપશ્ચર્યા કરતા રહ્યા.

એટલામાં દુષ્કાળનાં ૧૨ વર્ષ પૂરાં થઈ ગયાં. વિશાખાચાર્યને સસંઘ પાટલીપુત્ર તરફ જતી વખતે માર્ગમાં ચંદ્રગુપ્ત મુનિરાજનું મિલન થયું. મુનિરાજ ચંદ્રગુપ્તે




મુનિરાજ પ્રૌષ્ઠિલ દ્વારા આચાર્ય ભદ્રબાહુ(પ્રથમ)ની વૈયાવૃત્ય

આચાર્યદેવની યથાયોગ્ય વંદના કરી પરંતુ વિશાખાચાર્ય તથા સંઘના મુનિરાજો આવા ભયાનક જંગલમાં ૧૨ વર્ષ સુધી રહીને સાધના અને મહાવ્રતોનું પાલન અસંભવ સમજીને તેમને ભ્રષ્ટ મુનિ માની બેઠા.

ત્યારબાદ થોડા જ સમયમાં આચાર્યદેવને સમજાઈ ગયું કે ચંદ્રગુપ્ત અહીં યથાર્થ કાન્તાર-ચર્યાપૂર્વક મહાતપસ્વીરૂપ જ રહ્યા છે. તેથી મુનિસંઘ સમક્ષ ચંદ્રગુપ્તની અને તેમના તપની મુક્તકંઠે પ્રશંસા કરી.

ત્યારબાદ મુનિરાજ ચંદ્રગુપ્તને જણાયું કે જ્યાં અટવીમાં–જંગલમાં આહારનો યોગ થયો હતો તે જિનમંદિરો તથા શ્રાવક-શ્રાવિકાઓથી સુશોભિત નગરી નહોતી પરંતુ માત્ર વ્યંતરદેવકૃત રચના હતી કે જે તેમની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને વ્યંતરદેવે રચી હતી. પરંતુ દેવ-રચના અર્થાત્ દેવકૃત આહાર લેવાને લીધે તેઓશ્રીએ સ્વયં આચાર્યવર વિશાખાચાર્ય પાસે આલોચના કરી કેશલોંચ વગેરે દ્વારા નવીન દીક્ષા ધારણ કરી. તેઓએ ભદ્રબાહુસ્વામીના સ્વર્ગગમન પછી લગભગ ૧૨ વર્ષ નિરંતર તપશ્ચર્યા કરીને અંતે ત્યાં જ સમાધિમરણ અંગીકાર કર્યું. આ સ્થાન બીજું કોઈ નહીં પણ વર્તમાનનું શ્રવણબેલગોલા જ છે કે જે તે સમયે ભયાનક જંગલ હતું. તથા આજે પણ તે આચાર્ય ભદ્રબાહુ (પ્રથમ) તથા મુનિરાજ ચંદ્રગુપ્ત (પ્રથમ)ના સમાધિસ્થળ તરીકે પ્રસિદ્ધ છે.

તેમના સમયમાં કોઈ લેખિત રચનાનું પ્રચલન ન હોવાથી તેઓએ કોઈ ગ્રંથ રચના કરી નથી. તોપણ તેમની મહાન તપશ્ચર્યા તથા એકલા અટુલા ભયંકર વનમાં ૧૨ વર્ષ સુધી ભયંકર વનમાં વાસ તથા ગુરુ ભક્તિમાં સંલગ્નતા જ આપણા સર્વે માટે એક અનુકરણીય આદર્શ છે.

તેમનું દીક્ષા નામ પ્રૌષ્ઠિલ હતું તથા રાજ્ય શાસનનું નામ ચંદ્રગુપ્ત હતું તેમ માનવામાં આવે છે.

તેમનો જીવનકાળ ઈ.સ. પૂર્વ ૩૫૫ થી ૩૩૬ની વચ્ચે માનવામાં આવે છે.

કેટલાકની માન્યતા એવી છે કે તેઓ પ્રથમ ભદ્રબાહુ આચાર્યના શિષ્ય વિશાખાચાર્ય હતા. પરંતુ તેમનું જંગલમાં ગુરુભક્તિમાં રહેવું અને સંઘનું દક્ષિણ તરફ જવું. એ બેનો સુમેળ ન હોવાથી તેઓ પોતે વિશાખાચાર્ય નહીં હોય એવું પણ ઇતિહાસકારોનું માનવું છે. જે કાંઈ પણ હોય તેઓ એક મહાન ગુરુભક્ત તથા આપણા માટે પરમ આદર્શ તપસ્વી હતા તેમાં કોઈ શંકા નથી.

મહાન ગુરુભક્ત પ્રૌષ્ઠિલ આચાર્યદેવને કોટિ કોટિ વંદન.

### ભગવાન મુનિવર

## ચાણક્ય અપરનામ કૌટિલ્ય


ચાણક્ય મંત્રી વિશ્વના ઈતિહાસમાં ભારતીય સંસ્કૃતિના કૂટનીતિજ્ઞ તથા એક મહાન અર્થશાસ્ત્રી હતા. તેઓ જન્મથી બ્રાહ્મણ હોવાથી તેઓ જેટલા વૈદિક સંસ્કૃતિમાં પ્રસિદ્ધિ ધરાવે છે તેટલા જૈનસંસ્કૃતિમાં પ્રસિદ્ધ નથી.

જો કે આપ મૂલતઃ બ્રાહ્મણ હોવા છતાં, આપના માતા-પિતા જિનધર્મના સંસ્કારી હોવાના કારણે તેઓ જૈન મુનિવરોને આદર સન્માન આપતા હતા તેથી ચાણક્યના અંતરમાં પણ જૈનમુનિઓ પ્રત્યે આદરની ભાવના રહેતી હતી. એટલું જ નહીં, પિતાને તેમને દિગંબર જૈન મુનિ બનાવવાની ભાવના પણ હતી. તેમના સમય સુધી અર્ધફાલક, શ્વેતામ્બર કે યાપનીય એવા કોઈ મતની ઉત્પત્તિ થઈ નહોતી માત્ર એક સનાતન દિગમ્બર જિનધર્મ જ જૈનધર્મરૂપે હતો.

કુટિલગોત્રીય હોવાથી ચાણક્યનું અપરનામ કૌટિલ્ય અથવા કૌટિભ્વ હતું. તથા ચણકના પુત્ર હોવાથી તેમનું ચાણક્ય નામ પ્રસિદ્ધ હતું. તેમનો જન્મ ચણક ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ચણક બ્રાહ્મણ તથા માતાનું નામ ચણેશ્વરી હતું. આર્થિક દૃષ્ટિએ તેઓ ગરીબ પરિવારના હતા.

તેમના વિસ્તારમાં પૂર્વે નંદવંશનું રાજ્ય હતું. તેનો અંતિમ શાસક ધનનંદ હતો. તેના જ ત્રણ મંત્રીઓમાંથી ઉત્તમ પ્રબુદ્ધ મંત્રી તથા તેના કુટુંબ પ્રત્યે રાજા દ્વારા ભયંકર અને ક્રુર અન્યાય થયો હોવાથી તે મંત્રીએ કોઈપણ રીતે નંદવંશના નાશની યોજના બનાવવાનો મનસૂબો કરી લીધો હતો અને તે માટે તે યોગ્ય વ્યક્તિની શોધમાં હતો. તે મંત્રીએ બ્રાહ્મણ ચાણક્યને નિર્જન સ્થાનમાં [૧]દર્ભના ઘાસને જડમૂળથી કાઢતો જોઈને તથા ચાણક્ય પાસે તેનું કારણ જાણીને ખ્યાલ આવ્યો કે આ બ્રાહ્મણ નંદવંશના નાશ માટે ઘણો જ સહાયક થશે. તેથી તે મંત્રીએ ચાણક્યની ગરીબીનો લાભ ઉઠાવી રાજા નંદ વડે સ્વયંના થયેલ ઘોર અપમાનનો બદલો લેવા એક યુક્તિ રચી. તેનું પૂર્વે જે ઘોર અપમાન થયેલ તેનો બદલો નંદવંશના નાશથી જ થશે એવો નિર્ણય કરીને મંત્રીએ નંદરાજાને ત્યાં ગરીબ બ્રાહ્મણોના આહારદાનની સુવિધા ચાણક્યને બતાવી. ચાણક્ય ત્યાં દરરોજ આહાર લેવા જવા લાગ્યો.

૧. એક એવું કોમળ ઘાસ જેના ઉપરનો ભાગ શૂળની જેમ પગ વગેરેમાં લાગવાથી દર્દ ઉત્પન્ન કરે છે.




*चाणक्य द्वारा चन्द्रगुप्तको मगधदेशका राजा बनाना*

ધીમે ધીમે પોતાના ગુપ્ત નિર્ણયની યોજના અનુસાર મંત્રીએ તે ચાણક્યને જ્યારે પૂર્વની અપેક્ષાએ તેમના માટે નિમ્નસ્તરની આહાર સુવિધાનો પ્રબંધ થયો છે તેવું કહ્યું. ત્યારે ચાણક્યએ તેનું કારણ જાણવાની ઈચ્છા દર્શાવી. ત્યારે તે મંત્રીએ અસત્ય કહ્યું કે આ રાજા નંદનો આદેશ છે. આનાથી અપમાનિત થઈ તે અપમાનનો બદલો નંદવંશનો નાશ કરીને લેશે એમ જોરશોરથી બરાડા પાડતો તે રાજાના મહેલમાંથી બહાર નીકળી ગયો. તે જ સમયે નંદરાજાથી અસંતુષ્ટ વીર યોદ્ધો ચંદ્રગુપ્ત તેની સાથે આવી મળ્યો.

ચાણક્યે વીરયોદ્ધા ચંદ્રગુપ્તમાં રાજ્યશાસન ચલાવવા માટેના યોગ્ય ગુણો જોઈને તેને રાજનીતિ, અર્થશાસ્ત્ર વેગેર બાબતોનું જ્ઞાન થોડા જ સમયમાં આપ્યું. તે બંનેએ નંદરાજ્ય–મગધરાજ્યના સીમાંત પ્રદેશોના રાજાઓને એકત્રિત કરી નંદરાજા પર આક્રમણ કરી નંદવંશનો નાશ કર્યો તથા ચંદ્રગુપ્તને મગધદેશનો રાજા બનાવી દીધો.

આ પ્રમાણે ચાણક્યનું ધ્યેય (નંદવંશનો જડ-મૂળથી નાશ) પૂર્ણ થઈ જતાં તેમણે પોતાના આંતરિક કષાયભાવોને ઉપશાંત કરી જીવનમાં આમૂલ પરિવર્તન લાવીને પોતાને અધ્યાત્મના ઢાળામાં ઢાળી દીધા. છેવટે તેમણે પોતાના ૫૦૦ શિષ્યો સાથે ભગવતી જિનદીક્ષા અંગીકાર કરી લીધી તથા કઠોર તપ કરતા થકા પાટલીપુત્રથી વનવાસ લઈને મહાક્રૌંચપુરના એક ગોકુળ નામના સ્થાનમાં સંઘસહિત કાયોત્સર્ગ મુદ્રામાં બેસી ગયા.



આચાર્ય દ્વારા ચાણક્યને ભગવતી જિનદીક્ષા પ્રદાન.

તે જ સમયે નંદવંશનો નાશ થવાના કારણે તે રાજાનો સુબુદ્ધિ મંત્રી જે ચાણક્યની કુટનીતિજ્ઞતાના કારણે અત્યંત ક્રોધિત થયો હતો તે ક્રૌંચપુરના રાજાનો મંત્રી બન્યો હતો. ક્રૌંચપુરના રાજાને જાણ થઈ કે પોતાના રાજ્યના વનમાં ચાણક્ય મુનિ પધાર્યા છે ત્યારે તેણે



ક્રૌંચપુરમાં સુબુદ્ધિ મંત્રી દ્વારા મુનિરાજ ચાણક્ય તથા મુનિસંઘ ઉપર ઉપસર્ગ

મંત્રી સહિત તેમના દર્શનાર્થે વનમાં જવાનો નિર્ણય કર્યો. સુબુદ્ધિ મંત્રીએ ચાણક્ય પ્રત્યેના બદલાની ભાવનાથી કાર્યોત્સર્ગધારી તે મુનિઓને ઘેરી લીધા અને ભયંકર આગ લગાડી દીધી જેનાથી બધા મુનિ-પુંગવોનો સમાધિમરણયુક્ત સ્વર્ગવાસ થયો.

દિવ્ય ક્રૌંચપુરની પશ્ચિમ-દિશામાં આજે પણ ચાણક્યમુનિની એક નિષધા (સમાધિ) બનેલી નજરે પડે છે જ્યાં કવિ હરિષેણના સમયમાં સાધુજનો દર્શનાર્થે જતા હતા.

ચાણક્યએ 'અર્થશાસ્ત્ર'નામના એક અદ્‌ભુત ગ્રંથમાં અર્થશાસ્ત્રના સિદ્ધાંતોની રચના કરી હતી. તે સમયમાં અધ્યાત્મવિદ્યાનું જ્ઞાન મૌખિક જ આપવામાં આવતું હતું. શાસ્ત્ર લેખનની પ્રથા નહીં હોવાથી તેઓશ્રીએ કોઈ ગ્રંથની રચના કરી નથી. તેઓશ્રી પૂર્વાશ્રમમાં કુટિલ નીતિજ્ઞ તરીકે પ્રસિદ્ધ હોવા છતા અંતરમાં એટલા અલિપ્ત હતા કે કાર્ય સમાપ્ત થતાં તેમણે જૈનેશ્વરી દીક્ષા અંગીકાર કરી ભાવલિંગી સંત બનીને ઘોર તપશ્ચર્યા કરી સમાધિ-મરણ યુક્ત આત્મસાધના કરી. તેમજ મુમુક્ષુઓને સુંદર આદર્શ માર્ગ દર્શાવી મુમુક્ષુઓના આદર્શ બની ગયા. તેમનો જીવનકાળ ઈ.સ. પૂર્વ ૩૫૫ થી ઈ.સ. પૂર્વ ૩૩૬ ની મધ્યમાં હોવો જોઈએ એવું ઈતિહાસકારોનું માનવું છે. મુનિરાજ ચાણક્યને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી ભદ્રબાહુ (દ્વિતીય) તથા ચંદ્રગુપ્ત (દ્વિતીય)

ભગવાન ભદ્રબાહુ આચાર્ય (દ્વિતીય) આ કાળના ૯ અંગના જ્ઞાતા અંતિમ આચાર્ય ભગવંત હતા. તેમના પછી થયેલા કોઈપણ આચાર્યને તેમના જેટલું જ્ઞાન નહોતું. તેમના કુળ કે પરિવાર વિષે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. ભગવાન મહાવીર પછી તેમના સુધી ૨૬ જ્ઞાનધ્યાનમાં ધુરંધર આચાર્યો થયા પરંતુ કેટલાક આચાર્યો સિવાય અન્ય કોઈના પણ કુળ-પરિવાર વિષે કાંઈપણ માહિતી નથી. તેમનું નામ આચાર્ય ઇન્દ્રનંદિકૃત મૂળસંઘની પટ્ટાવલિઓમાં મળતું હોવાથી તેમના વિષે માહિતી પ્રાપ્ત થાય છે. તેમનું નામ, તેમનો કાળ તથા સંબંધ રાજા ચંદ્રગુપ્ત (દ્વિતીય)ના સમય સાથે મળતો આવતો હોવાથી તેમના વિષે કાંઈક જાણકારી મળે છે.

મૌર્યવંશના પ્રથમ સમ્રાટ, ચંદ્રગુપ્ત(પ્રથમ)ના વંશમાં જ રાજા ચંદ્રગુપ્ત (દ્વિતીય) અપરનામ સંપ્રતિ થયા. તેઓ તેમની પ્રૌઢ અવસ્થામાં રાજ્ય સિંહાસન ઉપર આરૂઢ થયા હતા. તેમની બુદ્ધિ જિનધર્મ પ્રત્યે અત્યંત પિપાસુ હતી. તેઓ નિરંતર મુનિ ભગવંતોને આહારદાન દેવા તત્પર રહેતા હતા.

રાજા ચંદ્રગુપ્ત (બીજા)ને એક રાત્રિએ અંતિમ પ્રહરમાં ૧૬ સ્વપ્નો આવ્યાં. તેનું ફળ જાણવા તેઓ ઉત્સુક હતા. તે દિવસોમાં ભગવાન ભદ્રબાહુસ્વામી દ્વિતીયનો તે તરફ વિહાર થતાં રાજા ચંદ્રગુપ્તે (દ્વિતીય) સોળ સ્વપ્નોનું ફળ અષ્ટાંગ નિમિત્તજ્ઞાની આચાર્ય ભદ્રબાહુ (બીજા)ને પૂછતા તેઓએ નીચે પ્રમાણે ફળનું વર્ણન કર્યું હતું.

પ્રથમ સ્વપ્ન : ''સૂર્યાસ્ત''નું ફળ : 'સૂર્યાસ્ત'નો અર્થ એમ હતો કે ભરતક્ષેત્રમાં આ પંચમકાળમાં કેવળજ્ઞાન સૂર્યનો અસ્ત થઈ જશે.

સ્વપ્ન-૨ : ''કલ્પવૃક્ષની તૂટેલી ડાળ''નું ફળ : આ સ્વપ્નનો અર્થ એવો થાય છે કે રાજાઓ ખરાબ ઉદ્દેશથી સંપત્તિનો સંગ્રહ કરશે. રાજ્ય છોડી તપ વિષે કાંઈપણ વિચાર કરશે નહિ. પારકી લક્ષ્મી (સંપત્તિ)ના સંગ્રહ (અર્થાત્ છીનવી લેવામાં)માં લાગ્યા રહેશે.

(આ ઉત્સર્ગ વર્ણન સમજવું જોઈએ કારણ કે આચાર્યવર સમન્તભદ્રના શિષ્ય બનારસના રાજા જ હતા જેમણે ભગવતી જિનદીક્ષા ધારણ કરી હતી. એવાં તો કોઈક ઉદાહરણો જિનાગમમાં મળી આવે છે.)



મહારાજ ચન્દ્રગુપ્ત(દ્વિતીય)ને આવેલ ૧૬ સ્વપ્ન

સ્વપ્ન-૩ : ''નભરૂપી આંગણમાં ઉલટું થયેલું ઈન્દ્ર વિમાન''નું ફળ : પંચમકાળમાં ચારણઋદ્ધિધારી મુનિઓ આવશે નહિ. તથા કલ્પવાસી દેવોનું આગમન થશે નહિ.

(આને પણ ઉત્સર્ગ કથન જ સમજવું જોઈએ કારણ કે જિનાગમમાં કુંદકુદાચાર્યદેવનું ઉદાહરણ ઉપલબ્ધ છે જેઓ ચારણઋદ્ધિના બળે વિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાનના દર્શને ગયા હતા. એવું જ કાંઈક પૂજ્યપાદસ્વામી વિષે પણ મનાય છે.)

સ્વપ્ન-૪ : ''૧૨ ફેણવાળો સર્પ''નું ફળ : મગધ-રાજ્ય (ઉત્તર ભારત)માં ૧૨ વર્ષનો દુષ્કાળ.

(નોંધ : આ ઈતિહાસ પ્રમાણે મેળ વગરનું લાગે છે. કારણ કે ૧૨ વર્ષનો દુષ્કાળ લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે પડ્યો હતો, તેવું ભવિષ્યમાં પણ ક્યારેક થઈ શકે, તેવો સંકેત હોય?)

સ્વપ્ન-૫ : ''ચંદ્રમંડળમાં ભેદ.''નું ફળ : લોકમાં મુનિ અને જિનદર્શન(મત)માં ભેદ (મત-મતાંતર) પડશે.

લોકનો અર્થ ત્રણ લોક ન સમજીને માત્ર આ ભરતક્ષેત્રમાં આ પંચમકાળમાં મતમતાંતર થશે એમ માનવું.

સ્વપ્ન-૬ : ''ઝઝુમતા કાળા હાથીઓ''નું ફળ : મેઘ અર્થાત્ વર્ષા સમયસર અને પૂરતી નહીં થાય તથા વજાગ્નિ (વિજળી શિખા) પૃથ્વી મંડળને નષ્ટ કરશે. તેથી લોકો પાણી માટે ઝઝૂમતા રહેશે.

સ્વપ્ન-૭ : ''ખદ્યોત—આગિયા-વિરલ દીપક''નું ફળ : શુભકર્મને (વીતરાગ શાસનને) પ્રગટ કરનારા આગમના પદોને મુખમાં ધારણ કરનારા સાધુ પુરુષો ઘણા જ અલ્પ થશે.

સ્વપ્ન-૮ : ''મધ્યમાં સુકાઈ ગયેલું સરોવર.''નું ફળ : મધ્યદેશમાં ધર્મનો નાશ થશે.

સ્વપ્ન-૯ : ''ધુમાડો દેખાવો'' (ધૂમદર્શન)નું ફળ : દુર્જનો ઘેર ઘેર દોષોને ગ્રહણ કરવાવાળી કથાઓ કરવાવાળા થશે.

સ્વપ્ન-૧૦ : ''સિંહાસન પર બેઠેલા વનચરો'' નું ફળ : ભવિષ્યમાં અકુલીન રાજાઓ થશે. ઉંચાકુળવાળા જીવો નીચ-અકુલીન રાજાઓની સેવા કરશે તથા તેમની જ કૃપાથી પોતાનું ઉદર ભરશે.

સ્વપ્ન-૧૧ : ''સુવર્ણના થાળમાં ખીર ખાતા મોટા જંગલી કૂતરાઓ''નું ફળ : રાજાઓ દ્વારા કુલીંગી સાધુઓ પૂજાશે તથા લોકો તે સાધુઓના વચનોનું પ્રયત્નપૂર્વક પાલન કરશે.

સ્વપ્ન-૧૨ : ''હાથી પર બેઠેલ વાનર''નું ફળ : મહા ઋદ્ધિવાળા અર્થાત્ ધનિક અને પુરુષાર્થી પુરુષો નીચ અકુલીનજનોની સેવા કરશે.

સ્વપ્ન-૧૩ : ''કચરામાં ઉપજેલ કમળ''નું ફળ : પરિગ્રહ સહિત મુનિ થશે.

(આ પણ સામાન્ય કથન પ્રતીત થાય છે કારણ કે આ ઘટના પછી ભગવાન કુંદકુંદાચાર્ય વગેરે આચાર્યદેવો તથા મુનિરાજો નિષ્પરિગ્રહી થયા. તથા પંચમકાળના અંત સુધી નિષ્પરિગ્રહી થશે.)

સ્વપ્ન-૧૪ : ''મર્યાદા ત્યાગ કરતો સમુદ્ર''નું ફળ : શાસકો ઘણો જ કર વસુલ કરશે,

સ્વપ્ન-૧૫ : ''બાળ વૃષભો દ્વારા ચલાવવામાં આવતી રથની ધુરા''નું ફળ : કુમારો સંયમનો ભાર વહન કરશે.

(આ ફળમાં શું કહેવા માગે છે તે સ્પષ્ટ થતું નથી.)


સ્વપ્ન-૧૬ : ''તરુણ બળદો પર આરૂઢ અતુલ શક્તિશાળી ક્ષત્રિય''નું ફળ : ક્ષત્રિયો કુધર્મના અનુરાગી થશે. આ સ્વપ્ન દ્વારા સંકેત મળે છે કે હવેનો કાળ કુધર્મની વિશેષતાવાળો આવશે.

સ્વપ્નોનાં આવાં ફળ જાણી ભદ્રબાહુ આચાર્ય દ્વિતીયના સમયમાં જ મૌર્યવંશી રાજા ચંદ્રગુપ્તે સંસારને આ પંચમકાળ અતિ વિષમ જાણીને સંસારથી વિરક્ત થઈ તેમની પાસે જ ભગવતી જિનદીક્ષા ધારણ કરી અને ઘોર તપ કર્યું. તે બંનેના સમયમાં અધ્યાત્મવિદ્યાનો પ્રવાહ મૌખિક જ હતો. લેખિતરૂપે ગ્રંથ બનાવવાની કોઈ આવશ્યકતા ન હતી. તેથી તે બંનેએ કોઈ શાસ્ત્રની રચના કરી નથી. તેમ છતાં તેઓ પોતપોતાના કાળના મહાસમર્થ મુનિ ભગવંતો હોવાથી તેમનું સ્થાન જૈન ઇતિહાસમાં અમર છે.

તેમના જીવનપટલમાંથી આપણને જણાય છે કે જીવનમાં સમ્યક્‌રત્નત્રય ધર્મ જ ગ્રહણ કરવા યોગ્ય છે. આચાર્ય શ્રી કુંદકુંદદેવે ભદ્રબાહુસ્વામી(દ્વિતીય)ને પોતાના 'ગમકગુરુ' તરીકે ઓળખાવ્યા છે.

તેમનો કાળ ઈ.સ. પૂર્વ ૩૫ થી ૧૨ વચ્ચેનો ગણવામાં આવે છે.

દ્વિતીય ભદ્રબાહુ આચાર્ય તથા મુનિરાજ ચંદ્રગુપ્ત દ્વિતીયને કોટિ કોટિ વંદન.




આચાર્ય અર્હદબલિ દ્વારા યુગપ્રતિક્રમણના સમયે યતિ સંમેલનમાં ગુણધરસંઘની સ્થાપના કરી
તેના આચાર્યપદે ગુણધરસ્વામીની નિમણૂંક કરી.

ભગવાન

# શ્રી ગુણધર આચાર્ય

ભગવાન મહાવીરની દિવ્યધ્વનિમાંથી ભગવાન શ્રી ગૌતમ ગણધરે ૧૨ અંગની રચના કરી હતી.

સમ્યક્‌રત્નત્રયરૂપ પ્રચુર સ્વસંવેદનથી નિજઆત્મમાં નિરંતર ઝુલનારા મહાયોગી ભગવાન શ્રી ગુણધરાચાર્યને ચૌદ પૂર્વમાંથી પાંચમા જ્ઞાનપ્રવાદ પૂર્વનું અંશતઃ જ્ઞાન હતું. તેના આધારે કસાયપાહુડની રચના કરી તે જ્ઞાનપ્રવાહ પૂર્વના વિવિધ પ્રાભૃતો (પાહુડો)માંથી પેજ્જદોષ પાહુડ જેટલું જ નહીં પણ તે સિવાય પણ ધરસેનાચાર્યને જે 'મહાકમ્મપયડિપાહુડ'નું જ્ઞાન હતું તે પાહુડનું પણ શ્રી ગુણધરાચાર્યને જ્ઞાન હતું. તેથી એમ જણાય છે કે શ્રી ગુણધરાચાર્ય, ભગવાન શ્રી ધરસેનાચાર્ય કરતાં પણ વિશેષ જ્ઞાની હતા. તેઓ પૂર્વાંશના જ્ઞાતા હતા. તેઓશ્રી પણ ધરસેનાચાર્યની જેમ જ શ્રુત પ્રતિષ્ઠાપક રહ્યા છે.

આચાર્ય પરંપરા અનુસાર પંચવર્ષીય યુગપ્રતિક્રમણ પ્રસંગે એક ઘણું મોટું યતિ સંમેલન (આચાર્ય સંમેલન) થયું. જેમાં સો યોજન સુધીના સાધુઓ (મુનિ ભગવંતો) એકઠા થયા હતા. તે સમયે યતિઓના ભાવાનુસાર મહાન આચાર્યવર શ્રી અર્હદ્‌બલિએ યતિઓની પરંપરા મુજબ નંદીસંઘ, સેનસંઘ આદિ વિવિધ સંઘોની સ્થાપના કરી હતી. તેમાં એક ગુણધરસંઘની પણ સ્થાપના કરવામાં આવી હતી. આ ઉપરથી જણાય છે કે તે સમયે ગુણધર આચાર્યની પરંપરાના શિષ્યોની સંખ્યા ઘણી વધારે હશે તથા ગુણધર આચાર્ય સ્વયં એટલા ભાવ-વિશુદ્ધ હશે કે તેમની પરંપરામાં થયેલો યતિવર્ગ પોતાને ગુણધર આમ્નાયી માનવામાં પોતાનું ગૌરવ માનતો હશે. તેથી આચાર્ય અર્હદ્‌બલિએ તેમના સંઘનું નામ 'સેન', 'નન્દિ' એમ ન રાખતાં 'ગુણધર' સંઘ રાખ્યું હતું.

આ 'કસાયપાહુડ'ની વીરસેનાચાર્યકૃત ટીકામાંથી એવો ધ્વનિ નીકળે છે કે શ્રી ગુણધરાચાર્યભગવાન પૂર્વવિદો (પૂર્વના જ્ઞાતા)ની પરંપરામાં સામેલ હતા. જ્યારે શ્રી ધરસેનાચાર્ય પૂર્વવિદ્ હોવા છતાં પણ પૂર્વવિદોની પરંપરામાં નહોતા.

તદુપરાંત ગુણધરાચાર્ય એવા કાળમાં આચાર્ય હતા કે તે કાળમાં પૂર્વોના જ્ઞાનમાં વિશેષ હાનિ થઈ નહોતી, જેટલી ધરસેનસ્વામીના કાળમાં થઈ ગઈ હતી. તેથી નક્કી થાય છે કે ગુણધર આચાર્ય ધરસેનાચાર્યદેવના પૂર્વવર્તી હતા.

આચાર્ય ગુણધરદેવની શબ્દરચનાની ગહનતા તથા ગંભીરતા એટલી હતી કે તેઓશ્રીએ માત્ર ૧૮૦ (૨૩૩)[૧] ગાથાઓમાં (મધ્યમ પદની અપેક્ષાએ ૬૦,૦૦૦ પદ પ્રમાણ) કષાયપાહુડના ગ્રંથવિષયનો સમાવેશ કરી દીધો હતો. એટલું જ નહીં માત્ર ૩ ગાથાઓમાં જ પાંચ અધિકારનો વિષય સમાવી લીધો હતો.

જો કે આચાર્યદેવે માત્ર એક ગ્રંથ ''કસાયપાહુડ''ની રચના(મૌખિક) કરી છે પરંતુ તે એટલી ગંભીર તથા ગહન છે કે તે પોતાનું એક અનોખું સ્થાન ધરાવે છે. જો યતિવૃષભ આચાર્યદેવે આ ગ્રંથ ઉપર ચૂર્ણિસૂત્ર ન રચ્યાં હોત તો આ ગ્રંથનાં ગાથાસૂત્રોમાં રહેલા અનંત ગર્ભિતાર્થોનું જ્ઞાન ન થઈ શકત. માત્ર એટલું જ નહીં આ કસાયપાહુડ ગ્રંથ સમગ્ર 'પેજ્જદોષપાહુડ'ના ઉપસંહાર સ્વરૂપ છે. આ ગ્રંથમાં આચાર્યદેવે માત્ર મોહનીયકર્મના નિમિત્તની મુખ્યતાથી જીવનાં પરિણામ તથા તેના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમથી થતા જીવના દર્શન (શ્રદ્ધા) અને ચારિત્રલબ્ધિનું સ્વરૂપ બતાવ્યું છે. આ પ્રમાણે માત્ર મોહદશામાં જીવની વૈવિધ્યતા (આસ્રવ અને બંધ તત્ત્વ) તથા તેના નાશના ઉપાયરૂપ (સંવર અને નિર્જરાનું જ વર્ણન આ ગ્રંથમાં બતાવ્યું છે, આ પ્રમાણે મોહનીયકર્મ નિમિત્તક જીવ પોતાના મોહભાવથી આ સંસારમાં દુઃખી છે તથા તેનો નાશ કરવો તે જ સુખનો ઉપાય છે. આવા મોહથી દુઃખી જીવોને માટે આ ગ્રંથ એક આશીર્વાદરૂપ છે.

ગુણધર આચાર્યના ગુરુ વિષે કોઈ જાણકારી પ્રાપ્ત નથી. પરંતુ એટલું જાણી શકાય છે કે ''કસાયપાહુડ'' ગ્રંથની રચના કરીને કદાચ તેમના અંત સમયમાં તેઓશ્રીએ આચાર્ય નાગહસ્તિદેવ તથા આચાર્ય આર્યમંક્ષુદેવને આનું વ્યાખ્યાન કર્યું હોય તેથી તેઓ આચાર્ય નાગહસ્તિ અને આર્યમંક્ષુના શિક્ષાગુરુ હશે–એમ પ્રતીત થાય છે. તેમનો કાળ ઈસુની પ્રથમ શતાબ્દીનો પૂર્વ સમય અથવા તે પહેલાંનો પણ માનવામાં આવે છે.

આચાર્યદેવ શ્રી ગુણધર ભગવંતને કોટિ કોટિ વંદન.

---

૧. કસાયપાહુડ ગ્રંથની ગાથાઓ વિષે બે મત પ્રવર્તે છે. (૧) આચાર્યવર શ્રી ગુણધરસ્વામીએ ૧૮૦ ગાથાઓમાં આ ગ્રંથ રચ્યો હતો. ત્યાર પછીની ૫૩ ગાથાઓ કાં તો આચાર્ય નાગહસ્તિએ લખી હતી અથવા આચાર્ય યતિવૃષભે ચૂર્ણિસૂત્રો સાથે આ ગાથાઓ રચી હશે. (૨) ૧૮૦ ગાથાઓમાં પેજ્જદોષપાહુડનો વિસ્તાર કર્યા પછી પ્રસ્તાવના, વિષયસૂચિ અને પરિશિષ્ટરૂપે ઉક્ત ૫૩ ગાથાઓ તેઓએ સ્વયં રચી હશે.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી શિવાર્ય અપરનામ શિવકોટિ


મુનિધર્મના આચાર પ્રરૂપક, સમાધિમરણનું વિસ્તારથી, વર્ણન કરનાર, દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપરૂપ ચાર આરાધનાનું ઉત્તમ વર્ણન કરનાર, દિગંબર વાઙ્ગમયનો એક વિશિષ્ટ ગ્રંથ 'ભગવતી આરાધના.' છે.

આ ગ્રંથની રચના કરનારા આચાર્ય શિવાર્ય છે, જેમનાં આગમમાં શિવનન્દિ, શિવગુપ્ત, શિવકોટિ વગેરે અનેક અપરનામ પ્રાપ્ત થાય છે. તેમની રચના, જીવનકાળ વગેરેના આધારે ઈતિહાસવિદોનું માનવું છે કે જેમણે સ્વામી સમન્તભદ્ર દ્વારા સ્વયંભૂસ્તોત્રનો પાઠ કરતી વખતે શિવલિંગ ફાટતાં ચંદ્રપ્રભ ભગવાનનું જિનબિંબ પ્રગટ થવાના ચમત્કારથી પ્રભાવિત થઈને મુનિદીક્ષા અંગીકાર કરી હતી તે આચાર્ય 'શિવકોટિ'થી આ એક અલગ આચાર્ય છે. આ બાબતે બધા ઈતિહાસકારો એકમત નથી. અલંકારો વગેરેના પ્રયોગથી રહિત તેમના ગ્રંથમાં આગમ-સિદ્ધાન્તમાં પારગામીપણું, નીતિ, સદાચાર, કાવ્યશૈલીનું ઉત્તમ જ્ઞાન વગેરેથી તેમનું પાંડિત્ય તથા સાહિત્ય દૃષ્ટિ વગેરે પ્રતિભાઓ ઝળકે છે. સહિષ્ણુતા, વિનયવંતપણું, પૂર્વાચાર્યો પ્રત્યે ભક્તિભાવ, ગુરુઓ દ્વારા રચિત સૂત્ર તથા અર્થની સમ્યક્ આત્માનુભૂતિ સાથેની જાણકારી વગેરે તેમના ગુણો, તેઓ દ્વારા રચિત ભગવતી આરાધનામાં ઝળકે છે.

તેઓ પાણિતલભોજી[૧] સંઘના આચાર્ય હતા. દિગંબર સંપ્રદાયની પટ્ટાવલિઓ, અભિલેખો, ગ્રંથોની પ્રશસ્તિઓ તથા શ્રુતાવતાર વગેરેની પરંપરાઓમાં તેમનું નામ ઉપલબ્ધ થતું નથી. તો પણ તેમના દ્વારા રચિત 'ભગવતી આરાધના' ગ્રંથ જ તેમની ખ્યાતિ માટે પુરતો છે.

તેમણે પોતાના 'ભગવતી આરાધના' ગ્રંથમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તથા તપ– એ ચાર આરાધનાઓનું વર્ણન કર્યું છે. તે ગ્રંથમાં ૨૧૬૬ ગાથાઓ છે. તેઓશ્રીએ આરાધ્ય-આરાધક, આરાધના તથા તેના ફળનું વર્ણન કરતાં બતાવ્યું છે કે, રત્નત્રય

૧. તેમના સમયે શ્વેતામ્બર મત એટલો જુદો નહોતો પડ્યો કે તે તદ્દન જુદી ધારા હોય. તેથી તેમને શ્વેતામ્બરથી ભિન્ન દેખાડવા માટે 'પાણિતલભોજી' તરીકે ઓળખવામાં આવતા હતા.



‘ભગવતી આરાધના’માં દર્શાવેલી મુનિરાજના સમાધિમરણના સમયે
અન્ય મુનિરાજ દ્વારા વૈયાવૃત્ય

આરાધ્ય છે, તથા નિર્મળ પરિણામવાળા ભવ્યજીવો આરાધક છે, જે ઉપાયોથી રત્નત્રયની પ્રાપ્તિ થાય તે ઉપાય આરાધના છે તથા તેના ફળસ્વરૂપે સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ તે આરાધનાનું ફળ છે.

આ ગ્રંથમાં ૧૭ પ્રકારના મરણનું સ્વરૂપ બતાવી તેમાં પંડિતમરણ, પંડિત પંડિતમરણ તથા બાળ પંડિતમરણને શ્રેષ્ઠ દર્શાવાયાં છે. તેઓશ્રીએ સલ્લેખના-સમાધિમરણનું તો ઘણા જ વિસ્તારથી સુંદર ભાવવાહી વર્ણન કર્યું છે. જે પોતાનામાં જ એક અલગ વિશેષતા ધરાવે છે.

તેમની રચનાની ભાષા વગેરે પરથી કેટલાક ઈતિહાસકારો એવો મત ધરાવે છે કે તેઓ તત્ત્વાર્થસૂત્ર વગેરે ગ્રંથોની રચનાઓ પહેલાંના આચાર્ય હશે, તેમનો જીવનકાળ ઈ.સ.ની પ્રથમ શતાબ્દીનો પૂર્વપાદ છે.

‘ભગવતી આરાધના’ના રચયિતા આચાર્યદેવ શિવકોટિને કોટિ કોટિ વંદન.

ભગવાન આચાર્યદેવ

# શ્રી અર્હદ્‌બલિ અપરનામ શ્રી ગુપ્તિગુપ્ત

પૂર્વદેશમાં આવેલ પુણ્ડવર્ધનદેશના નિવાસી આચાર્યદેવ શ્રી અર્હદ્‌બલિ ઘણા મોટા સંઘનાયક (આચાર્ય) હતા. આચાર્ય ઈન્દ્રનન્દિકૃત 'શ્રુતાવતાર' નામના ગ્રંથમાં દર્શાવેલ ગુરુપરમ્પરામાં આચાર્યવર લોહાર્યનું નામ આવે છે. તેમની પરંપરામાં અંગજ્ઞાન તથા પૂર્વજ્ઞાનના એકદેશજ્ઞાતા એવા આચાર્ય વિનયદત્ત, શ્રીદત્ત, શિવદત્ત તથા અર્હદત્ત પછી આચાર્ય અર્હદ્‌બલિનું નામ આવે છે તેઓશ્રીનો નામોલ્લેખ આચાર્ય ગુપ્તિગુપ્તના નામે પણ આવે છે.

તેઓના સંઘનાયકત્વમાં પંચવર્ષીય યુગપ્રતિક્રમણ સમયે એક મોટું યતિ-સમ્મેલન થયું. આ સંમેલનમાં સો-સો યોજન સુધીના યતિઓ સામેલ થયા હતા. આ સંમેલન આન્ધ્રદેશમાં આવેલ [1]વેણાક નદીના તીરે આવેલ મહિમાનગરમાં યોજાયું હતું.


અંગજ્ઞાનનો વિચ્છેદ થયા પછી કોઈપણ આચાર્ય સંપૂર્ણ અંગના જ્ઞાતા રહ્યા નહોતા. જીવોના મહાભાગ્યવશે તેઓશ્રીની આચાર્યપરંપરામાં કેટલાક વર્ષો સુધી અંગો તથા પૂર્વોના એકદેશના જ્ઞાતાઓ હતા. પરંતુ દુષમકાળની સ્થિતિના કારણે આચાર્યોને સંઘ-સંચાલન માટે વિવિધ સંઘોની સ્થાપનાની જરૂરિયાત અનુભવાવા લાગી.

તે સમયે અર્હદ્‌બલિ આચાર્ય ઘણા મોટા સંઘનાયક હતા. તેઓશ્રીને પૂર્વદેશના પૂણ્ડવર્ધનના નિવાસી કહેવામાં આવ્યા છે. યતિઓમાં કાંઈક અંશે પક્ષપાતની ગંધને પામી જઈને તેઓશ્રીએ ગૌતમ ગણધરના સમયથી ચાલ્યા આવતા મૂળસંઘમાંથી નન્દિ[2], વીર, અપરાજિત, દેવ, પંચસ્તુપ, સેન, ભદ્ર, ગુણધર, ગુપ્ત, સિંહ, ચંદ્ર વગેરે જુદા જુદા નામોવાળા સંઘોની સ્થાપના કરી હતી. જેથી પરસ્પર ધર્મવાત્સલ્યભાવ વૃદ્ધિગંત થઈ શકે.

શ્રી ધરસેનાચાર્યદેવ જ્યારે ગિરનારની ચંદ્રગુફામાં બિરાજમાન હતા, ત્યારે તેઓશ્રીએ આ યતિસંમેલનમાં બે સમર્થ મુનિભગવંતોને મોકલવા માટે આચાર્યવર અર્હદ્‌બલિને સંદેશો મોકલ્યો હતો. તે સંદેશાને આધારે આચાર્યવરે તે સંમેલનમાં આવેલા

---

૧. વેણ્યા નામની નદી મહારાષ્ટ્ર પ્રાન્તના સતારા જિલ્લામાં છે અને આ જિલ્લામાં મહિમાનગઢ નામનું એક ગામ પણ હયાત છે. તે જ મહિમાનગરી હોવી જોઈએ. આનાથી અનુમાન થઈ શકે કે આ જ સતારા જિલ્લામાં મુનિઓનું સમ્મેલન થયું હતું. ૨. શ્રી કુંદકુંદાચાર્યદેવ આ જ નંદિસંઘના હતા.



આચાર્ય અર્હદ્બલિના યુગપ્રતિક્રમણમાં સો યોજનોથી મુનિવરો પધાર્યા.

(આચાર્ય) પુષ્પદંત તથા (આચાર્ય) ભૂતબલિ મુનિરાજોને શ્રી ધરસેનાચાર્ય ભગવંત પાસે ગિરનાર પર્વત ઉપર તેમની સેવા માટે મોકલ્યા હતા.

શ્રવણબેલગોલાના એક શિલાલેખના આધારે એમ જાણવા મળે છે કે શ્રી પુષ્પદંત તથા શ્રી ભૂતબલિ મુનિવરોએ આચાર્ય અર્હદ્બલિ પાસે જ દીક્ષા ગ્રહણ કરી હતી. તેથી આચાર્યશ્રી અર્હદ્બલિ પુષ્પદંત તથા ભૂતબલિ મુનિવરોના દીક્ષાગુરુ હતા.

તેમના સમય સુધી પ્રાયઃ લેખિત ગ્રંથરચના થતી નહોતી. પરંતુ માત્ર મૌખિકરૂપે જ અંગાદિકના જ્ઞાનનું પ્રદાન થતું હતું. ગ્રંથરચનાની શરૂઆત પ્રાયઃ તેઓશ્રી પછી પુષ્પદંત તથા ભૂતબલિ આચાર્યોથી જ, જ્ઞાનની ક્ષીણતાને કારણે, શરૂ થઈ તેથી આચાર્ય અર્હદ્બલિએ કોઈ ગ્રંથરચના કરી નથી. તેઓશ્રી અંગજ્ઞાનના એકદેશજ્ઞાતા હોવા છતાં પણ સંઘભેદ નિર્માતા હોવાના કારણે તેમનું નામ શ્રુતધરોની પરંપરામાં આવતું નથી. તોપણ શ્રુતાવતારમાં તેઓનું નામ ઘણી શ્રદ્ધાપૂર્વક લેવામાં આવ્યું છે.


વિદ્વાનોના મતાનુસાર તેમનો સમય વી.નિ. સંવત ૫૬૫-૫૯૩ (ઈ.સ. ૩૮-૬૬) માનવામાં આવે છે. તેમના સમયની આ અવધિમાં પ્રથમ ૧૦ વર્ષ મૂળ સંઘના છે અને બાકીના વર્ષ મૂળસંઘના વિચ્છેદ પછીના છે.

આચાર્યવર અર્હદ્બલિ ભગવંતને કોટિ કોટિ વંદન

# ભગવાન શ્રી ધરસેનાચાર્યદેવ

ભગવાન મહાવીરની વાણીમાંથી પ્રથમ શ્રુતસ્કંધના સંસ્થાપક ભગવાન શ્રી ધરસેનાચાર્ય છે. ધવલા શાસ્ત્રના લખાણોમાંથી જણાય છે કે સૌરાષ્ટ્રદેશના ગિરિનગર (વર્તમાન ગિરનાર) ની ચંદ્રગુફામાં રહેવાવાળા અષ્ટાંગ મહિનિમિત્તના પારગામી, પ્રવચનવત્સલ તથા અંગશ્રુતના વિચ્છેદની આશંકાથી ચિંતિત ધરસેનાચાર્યદેવે દક્ષિણદેશના આચાર્યોને એક સમાચાર મોકલ્યા. તે આચાર્યો કોઈ ધર્મોત્સવ નિમિત્તે દક્ષિણદેશની મહિમાનગરીમાં એકત્ર થયા હતાં. ધરસેનાચાર્યદેવે તે સમાચારમાં એવી ઈચ્છા દર્શાવી કે ''બે યોગ્ય શિષ્યો અહીં આવીને તેમની પાસેથી ષટ્ખંડાગમનું અધ્યયન કરે.''

દક્ષિણદેશના આચાર્ય શ્રી અર્હદ્બલિએ શાસ્ત્રના અર્થગ્રહણ તથા ધારણમાં સમર્થ, દેશ, કુળ, શીલ અને જાતિથી ઉત્તમ, સમસ્ત કળાઓમાં પારંગત બે મુનિવરોને વેણા નદીના તટથી ગિરનાર મોકલ્યા. તે બંને મુનિવરોને ધરસેનાચાર્ય પાસે મોકલવાની રાત્રિએ જ આચાર્ય ધરસેનને એક સ્વપ્ન આવ્યું જેમાં તેમને બે સુંદર પુષ્ટ વૃષભ સ્વપ્નમાં દેખાયા,



આચાર્ય ધરસેનને રાત્રિના સમયે બે શક્તિશાળી સુંદર બળદોનું સ્વપ્ન

જેથી ધરસેનાચાર્યને સમર્થ મુનિવરોનું આગમન જાણી ઘણો હર્ષ થયો. તે બંને મુનિવરોએ ત્યાં પહોંચીને આચાર્ય ધરસેનની ત્રણ પ્રદક્ષિણા કરી તથા તેમના ચરણોમાં આસીન થઈ સવિનય નમસ્કાર કર્યા. આચાર્ય ધરસેને તે બંને યોગ્ય શિષ્યોની પરીક્ષા[૨] લીધી. પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં તે બે મુનિવરોને આચાર્યે સિદ્ધાન્તનો ઉપદેશ આપ્યો. આ બંને મુનિવરો [૧]પુષ્પદંત અને ભૂતબલિ નામના આચાર્યો હતા. આ ઉપદેશ અષાઢ સુદ-૧૧ના રોજ પૂર્ણ થતાં જ વર્ષાકાળ (ચાતુર્માસ) નિકટ આવી જવાથી ધરસેનાચાર્યદેવે તે બંને આચાર્યોને તે જ દિવસે વિદાય આપી દીધી. બંને શિષ્યોએ ગુરુની આજ્ઞા અનુલ્લંઘનીય માનીને તેનું પાલન કર્યું અને ત્યાંથી નીકળીને અંકલેશ્વરમાં ચાતુર્માસ કર્યો.


ઈન્દ્રનંદિકૃત શ્રુતાવતાર અને વિબુધ શ્રીધરકૃત શ્રુતાવતાર ગ્રંથોના આધારે જણાય છે કે શ્રી ધરસેનાચાર્યદેવને અણસાર આવી ગયો હતો કે તેમનું મૃત્યુ નિકટ છે તેથી તે મુનિવરોને તેના લીધે ક્લેશ ન થાય તે હેતુથી આગંતુક મુનિવરોને તાત્કાલિક પોતાની પાસેથી વિદાય આપી દીધી.

શ્રી ધરસેનાચાર્યદેવ સફળ અધ્યાપક તથા આચાર્ય હતા. આચાર્ય વીરસેનસ્વામીએ ધરસેનાચાર્યદેવની વિદ્વતા અને પાંડિત્યનું વર્ણન કરતાં લખ્યું છે કે તેઓ પરવાદિરૂપ હાથીના સમૂહનો મદ નાશ કરવા માટે શ્રેષ્ઠ સિંહ સમાન હતા. તેમજ સિદ્ધાન્તરૂપી શ્રુતનું પૂર્ણતયા મંથન કરનાર હતા. માત્ર એટલું જ નહીં તેઓ (૧)દરેક અંગ અને પૂર્વોના એકદેશજ્ઞાતા હતા. (૨) અષ્ટાંગ મહાનિમિત્તના પારગામી હતા. (૩) લેખનકળામાં પ્રવીણ હતા. (૪) મંત્ર-તંત્ર વગેરે શાસ્ત્રોના જાણનાર હતા. (૫) મહાકમ્મપયડિપાહુડના વેત્તા હતા.

---

૧. પુષ્પદંત મુનિનું મૂળનામ સુબુદ્ધિ મુનિ તથા ભૂતબલિનું મૂળ નામ નરવાહન મુનિ હતું. પરંતુ આચાર્ય ભગવાન ધરસેનાચાર્યદેવ પાસેથી ઉપદેશ પ્રાપ્ત કર્યા બાદ દેવો દ્વારા સુબુદ્ધિ મુનિની દંતપંક્તિ ઠીક કરવાથી તથા નરવાહન મુનિની ભૂત જાતિના દેવો દ્વારા પૂજા થઈ હોવાથી અનુક્રમે તેમનાં નામ આચાર્ય પુષ્પદંત અને આચાર્ય ભૂતબલિ પ્રસિદ્ધ થયાં.

૨. પુષ્પદંત અને ભૂતબલિની બુદ્ધિની પરીક્ષા માટે ધરસેનાચાર્યદેવે બે મંત્રો આપ્યા હતા, તેમાં એક મંત્ર અધિક અક્ષરવાળો તથા બીજો મંત્ર હીન અક્ષરવાળો હતો. ગુરુએ ષષ્ઠોપવાસ બાદ તે મંત્રોને સિદ્ધ કરવાનો આદેશ આપ્યો. શિષ્યો મંત્રસાધનામાં જોડાઈ ગયા, જ્યારે મંત્રના પ્રભાવથી તેમની અધિષ્ઠાત્રી દેવીઓ ઉપસ્થિત થઈ ત્યારે એક દેવીને દાંત બહાર નીકળેલા હતા. જ્યારે બીજી કાણી હતી. દેવતા વિકલાંગ હોતા નથી એમ નિશ્ચય કરી તે બંને મુનિવરોએ મંત્રસંબંધી વ્યાકરણશાસ્ત્રના આધારે મંત્રોનું શોધન કર્યું તથા મંત્રોને શુદ્ધ કરી ફરીથી સાધનામાં સંલગ્ન થયા ત્યારે તે દેવીઓ પુનઃ સૌમ્ય-સુંદરરૂપે ઉપસ્થિત થઈ. આ પ્રમાણે સિદ્ધિ બાદ તે બંને શિષ્યો ગુરુ સમક્ષ ઉપસ્થિત થયા અને વિનયપૂર્વક વિદ્યાસિદ્ધિ સંબંધી સમસ્ત વૃત્તાંત નિવેદન કર્યું. ગુરુ ધરસેનાચાર્ય શિષ્યોની દક્ષતાથી પ્રભાવિત થયા બંને શિષ્યો તેમની કસોટીમાં પાર ઉતર્યા તેથી તેઓશ્રીએ શુભતિથિ, શુભ નક્ષત્ર અને શુભવારે સિદ્ધાન્તના અધ્યાપનનો પ્રારંભ કર્યો.




આચાર્ય ધરસેનજી દ્વારા આચાર્ય પુષ્પદંત તથા ભૂતબલિને ષટ્ખંડાગમનો ઉપદેશ

(૬) પ્રવચન અને શિક્ષણ આપવાની કળામાં દક્ષ (નિપુણ) હતા. (૭) પ્રવચન વત્સલ હતા. (૮) પ્રશ્નોત્તર શૈલીમાં શંકા-સમાધાનપૂર્વક શિક્ષણ આપવામાં કુશળ હતા. (૯) ગહન વિષયને સંક્ષેપમાં પ્રસ્તુત કરવામાં પણ તેઓ કુશળ હતા. (૧૦) અગ્રાયણીપૂર્વના પંચમવસ્તુ અધિકારના ચોથા પ્રાભૃતના વ્યાખ્યાતા હતા. (૧૧) પઠન, ચિંતન તથા શિષ્યોને ઉદ્‌બોધનની કળામાં પારંગત હતા. (૧૨) એકાંતપ્રિય તથા જ્ઞાન-ધ્યાનમાં મગ્ન રહેવાવાળા હતા. (૧૩) તદુપરાંત તેમને સમાધિમરણ પ્રિય હતું.

ધવલાટીકાના ઉલ્લેખો પરથી આચાર્ય ધરસેનના ગુરુનું નામ પ્રાપ્ત થતું નથી. આચાર્ય ઈન્દ્રનંદિ રચિત શ્રુતાવતારમાં આચાર્ય લોહાર્ય સુધીની ગુરુપરંપરા બાદ વિનયદત્ત, શ્રીદત્ત, શિવદત્ત અને અર્હદત્ત આ ચાર આચાર્યોનો ઉલ્લેખ મળે છે. આ સર્વે આચાર્યો અંગ અને પૂર્વના એકદેશ જ્ઞાતા હતા. ત્યારબાદ અર્હદ્‌બલિનો ઉલ્લેખ છે. તેઓ મોટા સંઘનાયક હતા અને તેઓએ સંઘોની સ્થાપના કરી હતી. આચાર્ય અર્હદ્‌બલિ બાદ શ્રુતાવતારમાં આચાર્ય માઘનંદિ અને તેમના પછી આચાર્ય ધરસેનના નામનો ઉલ્લેખ છે. આ ત્રણે વચ્ચે ગુરુશિષ્યનો સંબંધ હતો કે નહીં તેનો શ્રુતાવતારમાં કોઈ નિર્દેશ કર્યો નથી.

નંદિસંઘની પ્રાકૃત પટ્ટાવલી પરથી એમ જણાય છે કે આચાર્ય અર્હદ્‌બલિ, આચાર્ય માઘનંદિ, આચાર્ય ધરસેન, આચાર્ય પુષ્પદંત અને આચાર્ય ભૂતબલિ એકબીજાના ઉત્તરાધિકારી હતા. તેથી ધરસેનના દાદાગુરુ આચાર્ય અર્હદ્‌બલિ અને ગુરુ આચાર્ય માઘનન્દિ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નથી. ગુર્વાવલીમાં આચાર્ય ધરસેનનો નિર્દેશ નથી. તેથી આ ગુર્વાવલિના આધારે એમ નિશ્ચિતપણે ન કહી શકાય કે આચાર્ય ધરસેનના ગુરુ આચાર્ય માઘનન્દિ જ હતા. એ સત્ય છે કે આચાર્ય ધરસેન વિદ્યાનુરાગી હતા તથા શાસ્ત્રાભ્યાસમાં સંલગ્ન રહેવાને કારણે સંઘનું નાયકત્વ આચાર્ય માઘનંદિના બીજા શિષ્ય આચાર્ય જિનચંદ્રના શિરે આવી પડ્યું હોય! આચાર્ય ધરસેને પુષ્પદંત અને ભૂતબલિને સિદ્ધાન્ત આગમનું અધ્યયન કરાવીને એક નવી પરંપરા સ્થાપિત કરી હોય. તેઓશ્રીની ષટ્‌ખંડાગમ તથા યોનિપ્રાભૃત બે રચનાઓ કહી શકાય.

આચાર્ય ધરસેનનો કાળ ઈતિહાસકારોના મતે ઈ.સ. ૩૮ થી ૧૦૬ આસપાસનો માનવામાં આવે છે.

પ્રથમ શ્રુતસ્કંધ ઉપદેશક ભગવાન શ્રી ધરસેનાચાર્યદેવને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી માઘનન્દિ

આચાર્ય અર્હદ્‌બલિ દ્વારા કરાવવામાં આવેલ પંચવર્ષીય યુગ-પ્રતિક્રમણના સમયે મુનિસંઘમાં એકત્વની ભાવના સ્થાયી રહી શકે તે હેતુથી નન્દિ, ગુણધર, સેન, ગુપ્ત વગેરે વિવિધ ગણ સ્થાપવામાં આવ્યા. આચાર્ય અર્હદ્‌બલિ દ્વારા ઉપરોક્ત વિવિધ સંઘોની સ્થાપના સમયે આચાર્ય માઘનન્દિ મુનિઓમાં શ્રેષ્ઠ હતા. કારણ કે તેઓ પૂર્વધર (પૂર્વોના જ્ઞાન અર્થાત્ અંગાંશધારી) તથા અનહદ જ્ઞાનધારી હોવા ઉપરાંત મહા તપસ્વી હતા. તેની પરીક્ષા માટે તેઓશ્રીએ પોતાના ગુરુ અર્હદ્‌બલિના આદેશ અનુસાર એકવાર નન્દિવૃક્ષ(જે છાયાહીન હોય છે) નીચે વર્ષાયોગ ધારણ કર્યો હતો. આ કારણે જ તેમને તથા તેમના સંઘને 'નંદિ'ની સંજ્ઞા પ્રાપ્ત થઈ ગઈ હતી. નંદિસંઘની પટ્ટાવલીમાં તેમનું નામ ભદ્રબાહુ તથા ગુપ્તિગુપ્ત (અર્હદ્‌બલિ)ને નમસ્કાર બાદ સૌથી પહેલાં લેવામાં આવે છે. તેમનો કાળ પટ્ટાવલીમાં વીર નિર્વાણ સંવત ૫૭૫થી માનવામાં આવ્યો છે. તેના કારણે એવું અનુમાન થઈ શકે કે ઉપરોક્ત ઘટના તે જ કાળમાં ઘટી હશે. તેનાથી એ વાત નક્કી થાય છે કે આચાર્યશ્રી અર્હદ્‌બલિ દ્વારા સ્થાપવામાં આવેલ નંદિસંઘનું આદ્યપદ તેમને જ પ્રાપ્ત થયું હતું. તે કાળે અનેક સંઘો સ્થાપવામાં આવ્યા હોવા છતાં તે બધામાં નંદિસંઘનું સ્થાન સર્વોપરી મનાય છે. તે જ પ્રવાહમાં વર્તમાનમાં પણ નંદિસંઘની પરંપરા મુખ્ય ગણવામાં આવે છે.


નંદિસંઘની સંસ્કૃત ગુર્વાવલિમાં પણ માઘનંદિનું નામ આવે છે. આ પટ્ટાવલિના પ્રારંભમાં ભદ્રબાહુ તથા તેમના શિષ્ય ગુપ્તિગુપ્ત (અર્હદ્‌બલિ)ની વંદના કરવામાં આવી છે. પરંતુ તેમના નામની સાથે સંઘ વગેરેનો ઉલ્લેખ કરાયો નથી. તેમની વંદના કર્યા બાદ મૂલસંઘમાં નંદિસંઘ બલાત્કારગણની ઉત્પત્તિ સાથે માઘનંદિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંભવિત છે કે સંઘભેદના વિધાતા અર્હદ્‌બલિ આચાર્યએ માઘનંદિને જ નંદિસંઘના અગ્રણી તરીકે નીમ્યા હોય! તેઓના નામની સાથે 'નંદિ' પદ હોવાથી તેઓશ્રીનો આ સંઘ સાથેનો સંબંધ પ્રગટ થાય છે.

માઘનંદિનો ઉલ્લેખ 'જંબૂદ્વીપ પણ્ણતિ'ના રચયિતા આચાર્ય પદ્મનંદિએ પણ કર્યો છે. તથા માઘનંદિ આચાર્યને રાગ, દ્વેષ તથા મોહથી રહિત શ્રુતસાગરના પારગામી, મતિ-વલ્લભ[૧]તપ તથા સંયમથી સંપન્ન તથા વિખ્યાત કહ્યા છે.

માઘનંદિ સિદ્ધાન્તવેદીના સંબંધમાં એક કથાનક પણ પ્રચલિત છે. કહેવાય છે કે


૧. મતિવલ્લભ : ચતુર, હોંશિયાર, હાજરજવાબી, પ્રત્યુત્પન્નમતિ, પ્રતિભાશાળી, બુદ્ધિવાળા, નિઃસંકોચ બોલવાવાળા, ગંભીર

તેઓશ્રી એકવાર ચર્યા માટે નગરમાં ગયા હતા ત્યાં કુંભકારની કન્યાએ તેમના પ્રત્યે પ્રેમ દર્શાવતાં તેઓ મોહવશ તેની સાથે જ રહેવા લાગ્યા. કાલાન્તરે એકવાર સંઘમાં કોઈ સૈદ્ધાન્તિક વિષય બાબતે મતભેદ ઉત્પન્ન થયો અને કોઈનાથી તેનું સમાધાન ન થઈ



માઘનન્દિ કુંભકાર અવસ્થામાં હતા તે સમયે તેમને જ્ઞાનવિષયક પ્રશ્ન પૂછતા મુનિવરો

શકવાથી સંઘનાયકે આજ્ઞા આપી કે તેનું સમાધાન માઘનંદિ પાસે જઈને કરવામાં આવે! તેથી સાધુ માઘનંદિ પાસે પહોંચ્યા અને તેમની પાસે સ્પષ્ટીકરણ માંગ્યું. ત્યારે માઘનંદિએ પૂછ્યું? 'શું સંઘ હજુ પણ મારો આદર કરે છે!' ત્યારે મુનિઓએ ઉત્તર આપ્યો કે 'આપના શ્રુતજ્ઞાનનો સદા આદર થશે.' આ સાંભળતાં જ માઘનંદિને પુનઃ વૈરાગ્ય જાગૃત થયો અને તેઓએ સુરક્ષિત રાખેલા પીંછી કમંડળ લઈને પુનઃ દીક્ષિત થઈ ગયા તથા ફરી સંઘમાં જોડાઈ ગયા. 'એક ઐતિહાસિક સ્તુતિ' શીર્ષકથી આ કથાનકનો એક ભાગ દર્શાવતાં તેની સાથે સોળ શ્લોકોની એક સ્તુતિ પણ છે તે સ્તુતિમાં કહેવાયું છે કે માઘનંદિએ પોતાના કુંભકાર જીવન દરમ્યાન કાચા ઘડા પર થાપ દેતાં ગાતાં ગાતાં આ સ્તુતિ બનાવી છે. જો આ કથાનકમાં કાંઈપણ તથ્યાંશ હોય તો સંભવતઃ તે માઘનંદિ નામના આચાર્યોમાંથી કોઈ એક સાથે સંબંધવાળું હોઈ શકે છે કે જેમનો ઉલ્લેખ શ્રવણબેલગોલાના અનેક શિલાલેખોમાં છે. તેમાંથી ૧૨૯ નંબરના શિલાલેખમાં કોઈપણ ગુરુ-શિષ્યના સંબંધ વિના માઘનંદિને જગતપ્રસિદ્ધ સિદ્ધાન્તવેદી દર્શાવ્યા છે. યથા–



યતિસંમેલનમાં આચાર્ય અર્હદ્‌બલિએ આચાર્ય માઘનન્દિને નન્દિસંઘના આચાર્ય બનાવ્યા.

**नमी नम्रजनानन्दस्यन्दिने माघनन्दिने। जगत्प्रसिद्धसिद्धान्तवेदिने चित्प्रमोदिने।।४।।**

વિદ્વાનોના મતાનુસાર આપ અંગ-અંશધારી વિદ્વાન આચાર્ય હતા. તથા આપનો કાળ ઈ.સ. ૪૮-૮૭ મનાય છે. જો કે આચાર્ય ધરસેન પણ આચાર્ય અર્હદ્‌બલિના સમકાલીન તથા પૂર્વધર હતા. પરંતુ તેઓ એકાન્તપ્રિય તપસ્યા કરનારા હતા. જ્યારે માઘનંદિ સંઘસંચાલનમાં કુશળ હોવાથી નંદિગણ માઘનંદિના નામથી વૃદ્ધિગંત થયો તેથી આચાર્ય માઘનંદિ તેમજ આચાર્ય ધરસેનની અલગ અલગ પટ્ટાવલિઓ જોવા મળે છે. તેથી વિદ્વાનોનું એવું પણ માનવું છે કે આચાર્ય માઘનંદિના ગુરુ આચાર્યવર અર્હદ્‌બલિના સમકાલીન હોવા છતાં પણ તેઓ પોતે આચાર્ય અર્હદ્‌બલિના શિષ્ય હતા. તથા માઘનંદિના શિષ્ય જિનચંદ્રાચાર્ય હોવા જોઈએ. *મૂળસંઘની પટ્ટાવલીઓ તથા અન્ય પટ્ટાવલીઓ પરથી વિદ્વાનોનું એવું માનવું છે કે આચાર્ય માઘનંદિ પછી આચાર્ય જિનચંદ્ર તથા તે પછી આચાર્ય કુંદકુંદદેવનું નામ હોવાથી આચાર્ય માઘનંદિના શિષ્ય આચાર્ય જિનચંદ્ર જ કુંદકુંદાચાર્યદેવના ગુરુ હોવા જોઈએ.

આચાર્યદેવ માઘનન્દિ ભગવંતને કોટિ કોટિ વંદન.

---

* ભગવાન મહાવીર પછી દિગંબર જૈનાચાર્યોની મૂળસંઘની પરંપરા વિશેષપણે કેટલાક શાસ્ત્રોમાં ઉપલબ્ધ થાય છે. જેમ કે (૧) ભગવાન યતિવૃષભાચાર્ય કૃત તિલ્લોયપણ્ણત્તિ (૨) ભગવાન ઈન્દ્રનંદિ આચાર્યકૃત શ્રુતાવતાર (૩) ધવલા (૪) હરિવંશપુરાણ વગેરે તે પૈકી કાળાદિના પ્રમાણાદિ તથા ઈતિહાસના પ્રમાણોથી વિદ્વાનોનું માનવું છે કે 'શ્રુતાવતાર' ગ્રંથમાં અપાયેલી મૂળસંઘની પટ્ટાવલી વધુ યોગ્ય પ્રતીત થાય છે.

ભગવાન આચાર્યદેવ

# શ્રી પુષ્પદંત તથા ભૂતબલિ


અગ્રાયણીય પૂર્વાંશના જ્ઞાતા આચાર્ય ધરસેનના જ્ઞાનને કુશાગ્રબુદ્ધિથી ધારણ કરનાર ભગવાન શ્રી પુષ્પદંત તથા શ્રી ભૂતબલિ આચાર્યોથી દિગમ્બર સમાજનો દરેક વ્યક્તિ પરિચિત છે. આવા મહાન આચાર્યવરોના જીવન વિષે ભવિષ્યવાણીવત્ આખ્યાન કરતી કથા શ્રુતાવતાર ગ્રંથમાં આપવામાં આવી છે જે આ પ્રમાણે છે—

ભરતક્ષેત્રના બાંમિદેશ—બ્રહ્મદેશમાં વસુંધરા નામની નગરી હશે ત્યાંના રાજા નરવાહન અને રાણી સુરુપા, પુત્ર ન હોવાને કારણે ખેદ-ખિન્ન થશે. તે જ સમયે સુબુદ્ધિ નામનો શેઠ તે રાજાને પૂજન કરવાનો ઉપદેશ આપશે તે પ્રમાણે પૂજન કરવાથી રાજાને પુત્રલાભ થશે અને પુત્રનું નામ પદ્મ રાખવામાં આવશે. શેઠ પણ રાજકૃપાથી ઘણા સ્થળે જિનમંદિરોનું નિર્માણ કરાવશે. ત્યારબાદ તે પ્રતિવર્ષ યાત્રા કરશે. આ સમયે વસંતઋતુમાં સમસ્ત સંઘ અહીં એકત્ર થશે અને રાજા શેઠ સાથે જિનપૂજા કરી રથ ચલાવશે. તે સમયે પોતાના મિત્ર રાજા મગધસમ્રાટને મુનિ થયેલા જોઈને સુબુદ્ધિ રાજા શેઠ સાથે વિરક્ત થઈ દિગંબરી મુનિદીક્ષા ધારણ કરશે. આ પ્રસંગે એક લેખવાહક આ સ્થળે આવશે, તે જિનેન્દ્રદેવને નમસ્કાર કરી મુનિવરોની તથા ધરસેનાચાર્યવરની પરોક્ષ વંદના કરી લેખ સમર્પિત કરશે, મુનિવરો તેમાં વાંચશે કે ગિરનારના સમીપ ગુફાવાસી ધરસેન મુનીશ્વર અગ્રાયણીય પૂર્વના પંચમ વસ્તુના ચોથા પ્રાભૃત શાસ્ત્રનું વ્યાખ્યાન આરંભ કરનાર છે. ધરસેન આચાર્ય થોડાક દિવસો બાદ નરવાહન અને સુબુદ્ધિ નામના મુનિવરોને પઠન, શ્રવણ અને ચિંતન કરાવી અષાઢ શુક્લા એકાદશીએ શાસ્ત્ર પૂર્ણ કરશે. તે મુનિવરોમાંથી એકની ભૂત (વ્યંતર જાતિના દેવ) રાત્રે (પુષ્પોથી) પૂજા કરશે અને બીજા મુનિવરના ચાર દાંતને સુંદર બનાવી દેશે તેથી ભૂત-પૂજાના પ્રભાવથી નરવાહન મુનિનું નામ ભૂતબલિ અને ચાર દાંત સુંદર થઈ જવાથી સુબુદ્ધિ મુનિનું નામ પુષ્પદંત પ્રસિદ્ધ થશે.

આ આખ્યાન વિષે ઈતિહાસવિદોના જુદા જુદા મત હોવા છતાં, તેનાથી એમ ફલિત થાય છે કે ભગવાન પુષ્પદંત આચાર્ય તેમ જ ભૂતબલિ આચાર્યનાં દીક્ષા નામ કઈ અન્ય હતાં, પરંતુ પ્રસિદ્ધ કથાન્યાયથી તેમના નામ પુષ્પદંત અને ભૂતબલિ રાખવામાં આવ્યાં હતાં. ઉપરોક્ત ભવિષ્યવાણી વિષે ઈતિહાસવિદોના અલગ-અલગ મત હોવાથી તેને ગૌણ

કરીને ઈતિહાસકારોના અભિપ્રાય અનુસાર આચાર્ય પુષ્પદંત વસુંધરા નગરીના રાજા નરવાહન હતા. આચાર્ય પુષ્પદંત રાજા જિનપાલિતના સમકાલીન તથા તેમના મામા હતા. આ ઉપરથી એવું અનુમાન કરી શકાય કે રાજા જિનપાલિતની રાજધાની વનવાસ જ તેમનું જન્મસ્થાન છે. તેઓ ત્યાંથી નીકળીને અર્હદ્બલિ આચાર્યના સ્થાન પુણ્ડ્રવર્ધનમાં આવ્યા અને તેમની પાસે દીક્ષા લઈને તરત જ તેમની સાથે જ મહિમા નગર ગયા. જ્યાં અર્હદ્બલિએ બૃહદ્ યતિ સંમેલન યોજ્યું હતું.


જ્યારે મહિમાનગરીમાં સંમિલિત સંઘને ધરસેનાચાર્ય દ્વારા સમાચાર મળે છે ત્યારે આચાર્યવર અર્હદ્બલિએ શ્રુતરક્ષા સંબંધી તેમનો અભિપ્રાય સમજીને પોતાના સંઘમાંથી બે સાધુઓને નક્કી કર્યા. તે બંને સાધુઓ વિદ્યા ગ્રહણ કરવામાં અને સ્મરણ રાખવામાં સમર્થ, અત્યંત વિનયશીલ, શીલવાન, દેશ-કુળ-જાતિએ શુદ્ધ તથા સમગ્ર કળાઓમાં પારંગત હતા. તે બંનેને ધરસેનાચાર્ય પાસે ગિરિનગર (ગિરનાર) મોકલ્યા. ધરસેન આચાર્યે તેમની પરીક્ષા કરી. એકને અધિકાક્ષરી અને એકને હીનાક્ષરી મંત્રવિદ્યા આપીને ષષ્ઠોપવાસપૂર્વક સિદ્ધ કરવા કહ્યું. જ્યારે વિદ્યાઓ સિદ્ધ થઈ તો એક મોટા દાંતવાળી અને બીજી કાણીદેવી પ્રગટ થઈ. તેમને જોઈ ચતુર સાધક મુનિઓએ જાણી લીધું કે મંત્રમાં કાંઈક ભૂલ છે તેમણે સ્વયં વિચાર કરીને તે મંત્રોને સુધારીને ફરી સાધના કરી જેથી દેવીઓ પોતાના સ્વાભાવિક,



આચાર્ય પુષ્પદંત અને ભૂતબલિ દ્વારા મંત્ર સાધનાથી પ્રગટ થયેલી દેવીઓ.

સૌમ્યરૂપે પ્રગટ થઈ. તેમની આ કુશળતાથી ગુરુએ જાણી લીધું કે આ બંને સિદ્ધાંત શીખવવા માટે પાત્ર છે. પછી તેમણે ક્રમથી બધા સિદ્ધાંત ભણાવ્યા. આ શ્રુતાભ્યાસ અષાઢ વદ-૧ના રોજ સમાપ્ત થયો તે સમયે દેવોએ પુષ્પોપહાર, શંખ, તૂર્ય અને વાદ્યોની ધ્વનિથી આચાર્ય નરવાહનની મોટી પૂજા કરી તેથી આચાર્ય ધરસેને તેમનું નામ ભૂતબલિ રાખ્યું. બીજી બાજુ આચાર્ય સુબુદ્ધિની દંતપંક્તિ અસ્તવ્યસ્ત હતી તેને દેવોએ વ્યવસ્થિત કરી તેથી તેમનું નામ આચાર્ય પુષ્પદંત રાખવામાં આવ્યું. આ બંને આચાર્યો પુષ્પદંત અને ભૂતબલિ ષટ્ખંડાગમના રચયિતા થયા.

આચાર્ય પુષ્પદંતજીએ ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરીને પોતાના સહધર્મી ભૂતબલિજીની સાથે, ધરસેનગુરુની આજ્ઞા અનુસાર તેમની પાસે વિનયપૂર્વક વિદાય લઈને અષાઢ સુદી-૧૧ના દિવસે પર્વત ઉપરથી નીચે આવી ગયા અને ત્યાંથી નિકટ અંકલેશ્વરમાં ચાતુર્માસ કર્યો. ચાતુર્માસ દરમ્યાન બંને આચાર્યોએ પરસ્પર ઉપદેશ વિષે ઘણી જ ગંભીર ચર્ચા કરીને ઉપદેશનું અવગાહન કર્યું. અંકલેશ્વર ચાતુર્માસ પછી આચાર્ય પુષ્પદંત વનવાસ[1]





આચાર્ય પુષ્પદંત અને ભૂતબલિ ગુરુઆજ્ઞાનુસાર
ગિરનારથી રવાના થઈ અંકલેશ્વર જઈ રહ્યા છે.

નગર ચાલ્યા ગયા. કેટલોક સમય અંકલેશ્વર તરફ વિહાર કરતાં કરતાં ભૂતબલિ દ્રવિડ[૨] દેશ ચાલ્યા ગયા.

પુષ્પદંત આચાર્યએ પોતાના ભાણેજ રાજા જિનપાલિતને દીક્ષા આપી તેમને સિદ્ધાન્તનું અધ્યયન કરાવ્યું. તેમના નિમિત્તે આચાર્યદેવે 'બિસદી સૂત્ર' નામના એક ગ્રંથની રચના કરી જે આપે જિનપાલિત સાથે અવલોકન માટે ભૂતબલિની પાસે મોકલી દીધો.

આ રચના વિષે એક એવી પણ દંતકથા છે કે ગિરિનગરથી પરત ફરતી વખતે આચાર્ય પુષ્પદંત તેમજ આચાર્ય ભૂતબલિએ અંકલેશ્વર (જિ. ભરૂચ, ગુજરાત)માં ચાતુર્માસ કર્યો, તથા આચાર્ય પુષ્પદંતના ચાલ્યા ગયા પછી પણ આચાર્ય ભૂતબલિ ત્યાં સજોત (અંકલેશ્વરની પાસે)ના જંગલોમાં રહ્યા. પુષ્પદંત આચાર્ય દ્વારા મોકલવામાં આવેલો 'બીસદીસૂત્ર' ગ્રંથ આચાર્ય ભૂતબલિને અહીં જ મળ્યો. ભૂતબલિ આચાર્યએ આચાર્યદેવનું અલ્પઆયુ જાણીને 'મહાકર્મપ્રકૃતિ'ના વિચ્છેદના ભયથી દ્રવ્ય પ્રમાણથી શરૂ કરીને આગળની ગ્રંથરચના જેઠ સુદ, પાંચમે પૂર્ણ કરી. તેથી જેઠ સુદ પંચમી ચતુર્વિધ સંઘે



શ્રુતપંચમીના દિવસે ષટ્ખંડાગમની પૂર્ણાહૂતિ થવાથી ચતુર્વિધ સંઘ દ્વારા જિનવાણીની પૂજા–ભક્તિ

૧. વનવાસ તે ઉત્તર કર્ણાટકનું જ પ્રાચીન નામ છે. જે તુંગભદ્રા અને વરદા નદીઓની વચ્ચે વસેલું છે. પ્રાચીનકાળમાં ત્યાં કદંબવંશનું રાજ્ય હતું, તેની રાજધાની 'વનવાસિ' હતી. ત્યાં આજે પણ તે નામનું ગામ હયાત છે.

૨. આ દક્ષિણ ભારતનો ભાગ છે જે ચેન્નાઈ (મદ્રાસ)ના સેરિંગપટ્ટમ અને કરમોદિના સુધી ફેલાયેલો છે. જેની પ્રાચીન રાજધાની કાંચીપુરી હતી.

ષટ્ખંડાગમ શ્રુતની પૂજા કરી તથા મોટો મહોત્સવ કર્યો. (ત્યારથી જ જિનેન્દ્ર આમ્નાયમાં આ ઉત્સવ ગામે ગામ શ્રુતની પૂજા સહિત ઘણા જ ધામધૂમથી ઊજવવામાં આવે છે. અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં પણ આ ઉત્સવ ઘણી ભાવના તથા ઉત્સાહ સાથે ઊજવવામાં આવે છે. ત્યાં (અંકલેશ્વરમાં) આજે પણ ભૂતબલિ આચાર્યની પ્રતિમા બિરાજમાન છે.

ત્યારબાદ જિનપાલિત મુનિની સાથે આચાર્ય ભૂતબલિએ પૂર્ણ રચના આચાર્ય પુષ્પદંત પાસે મોકલી દીધી. જેને જોઈને આચાર્યવર પુષ્પદંત ઘણા જ પ્રસન્ન થયા અને ત્યાં પણ ચતુર્વિધ સંઘે ષટ્ખંડાગમ શાસ્ત્રની પૂજા કરી અને ઘણો મોટો ઉત્સવ કર્યો.

આ રીતે ષટ્ખંડાગમ શાસ્ત્રના રચયિતા આચાર્ય પુષ્પદંત તેમજ ભૂતબલિ દિગંબર શાસનની પટ્ટાવલિઓમાં ધરસેનાચાર્ય પછીના પુષ્પદંત આચાર્યના ત્રીસ વર્ષના સમયગાળાને દર્શાવામાં આવ્યો છે. તે પછી ભૂતબલિ આચાર્યનો કાળ દેખાડાયો છે. આ ઉપરથી એમ પ્રતીત થાય છે કે પુષ્પદંત આચાર્ય ભૂતબલિ આચાર્યથી મોટા હતા.

જો કે જે રીતે કષાયપાહુડ સિદ્ધાન્તગ્રંથ પ્રાચીન છે તેવો આ ષટ્ખંડાગમ સિદ્ધાન્તગ્રંથ પણ પ્રાચીન છે છતાં બંનેની રચના શૈલીમાં ઘણું જ અંતર છે. ભગવાનની દિવ્યધ્વનિમાંથી ગણધર ભગવાને જે બાર અંગ અને ૧૪ પૂર્વની રચના કરી તેમાંથી પંચમ પૂર્વ–જ્ઞાનપ્રવાદપૂર્વમાંથી કસાયપાહુડની રચના કરવામાં આવી હતી. જ્યારે ષટ્ખંડાગમની રચના બીજા અગ્રાયણી પૂર્વમાંથી કરવામાં આવી હતી. કસાયપાહુડમાં જ્યાં જીવના પરિણામો તેમજ મોહનીય કર્મ સંબંધિત ચર્ચા છે. જ્યારે ષટ્ખંડાગમ શાસ્ત્રમાં જીવના પરિણામ અને આઠે કર્મ સમ્બન્ધિત ચર્ચા છે. કસાયપાહુડના ટીકાગ્રંથનું નામ 'જયધવલા ટીકા' છે જ્યારે ષટ્ખંડાગમની ટીકાનું નામ 'ધવલ' છે અને છઠ્ઠા ખંડની ટીકાનું નામ 'મહાધવલ' છે. કષાયપાહુડ પદ્ય રચના છે જ્યારે ષટ્ખંડાગમ ગદ્ય રચના છે. આચાર્ય પુષ્પદંત તથા ભૂતબલિના માતા-પિતા અને દીક્ષાગુરુ વિષે કોઈ સુસ્પષ્ટ ઇતિહાસ મળતો નથી પરંતુ કેટલાક આધારો ઉપરથી વિદ્વાનોના મત અનુસાર પુષ્પદંત આચાર્યનું જન્મસ્થાન કર્ણાટકમાં છે.

વિદ્વાનોનો બંને આચાર્યોના સમય વિષે જુદો-જુદો મત છે. તે છતાં વિશેષરૂપે બંને આચાર્યોનો સમય ક્રમશઃ વીર નિર્વાણ સંવત ૫૯૩ થી ૬૩૩ (ઈ.સ. ૬૬થી ૧૦૬) તથા વીર નિર્વાણ સંવત ૫૯૩ થી ૬૮૩ (ઈ.સ. ૬૬ થી ૧૫૬) સુયોગ્ય પ્રતીત થાય છે. ભગવાન અર્હદ્બલિ આચાર્યથી આચાર્યદેવ ધરસેનજીની જે પરંપરા ચાલી તે અહીં પૂર્ણ થઈ જાય છે.

'ષટ્ખંડાગમ' રચયિતા આચાર્યદેવ પુષ્પદંત અને ભૂતબલિ ભગવાનને કોટિ કોટિ વંદન.

# પરમાગમ શ્રી ષટ્ખંડાગમનું ઉદ્ગમસ્થાન

પ્રથમ શ્રુતસ્કંધરૂપ ષટ્ખંડાગમ શાસ્ત્રના ઉદ્ગમસ્થાનનો સંક્ષિપ્ત પરિચય અહીં આપવામાં આવે છે. જેથી વાચકગણ દ્વાદશાંગ જિનવાણીની વિશદતા, ગંભીરતા તથા વિસ્તીર્ણતાથી પરિચિત થઈ શકે. આ પ્રથમ શ્રુતસ્કંધની રચના સર્વપ્રથમ જ્યેષ્ઠ સુદી-૫ના રોજ પૂર્ણ થઈ તથા તે દિવસે ચતુર્વિધ સંઘે જિનવાણીમાતાની ઘણા જ ભાવવિભોર થઈને પૂજા ભક્તિ કરી. ત્યારથી તે દિવસ શ્રુતપંચમીના રૂપે ઉજવવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પાવન પ્રતાપે તે પૂજ્ય આત્માઓના હયાતીકાળથી જ આ પર્વ સુવર્ણપુરીમાં ષટ્ખંડાગમ આદિ સિદ્ધાંતગ્રંથોની પૂજા-ભક્તિ સાથે ઘણા જ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે.

આ ગ્રંથમાં આત્મા અને કર્મના નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી આત્માની વિવિધ અવસ્થાઓ દ્વારા આત્માનું વિસ્તૃત સ્વરૂપ ઘણી જ ગંભીરતાથી બતાવવામાં આવ્યું છે. આવા સિદ્ધાન્તગ્રંથોનો હેતુ અને સ્વાધ્યાયનું ફળ સમ્યગ્જ્ઞાન-ચંદ્રિકાકાર અનુસાર અજ્ઞાનનો વિનાશ, સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ, પ્રતિસમય અનંત ગુણશ્રેણી નિર્જરાનું થવું, તદ્દુપરાંત બાહ્ય અભ્યુદય અને નિઃશ્રેયસતાની પ્રાપ્તિ થવી તે છે.

આ ગ્રંથની રચના વિક્રમની બીજી શતાબ્દીમાં થઈ છે એવો વિદ્વાનોનો મત છે. આ કોઈ અખંડ ધારાવાહી ગ્રંથ નથી. પરંતુ તેના છયે ખંડો બાર અંગના અલગ અલગ પૂર્વના વિષયોથી રચાયા છે. તેથી આ છ ખંડોનો એક 'ષટ્ખંડાગમ' નામનો ગ્રંથ બન્યો છે. આ 'ષટ્ખંડાગમ' શાસ્ત્ર પર ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે 'પરિકર્મ' નામની ટીકા લખી હતી જે વર્તમાનમાં અપ્રાપ્ય છે. ભગવાન શ્રી વીરસેનાચાર્યદેવે ઈ.સ. ૭૭૦ થી ૮૨૭ દરમિયાન આ ગ્રંથ પર ૭૨ હજાર શ્લોક પ્રમાણ 'ધવલા' ટીકા લખી છે. તથા ભગવાન શ્રી ભૂતબલી આચાર્યએ આ ગ્રંથના છઠ્ઠા ખંડની ૩૦-૪૦ હજાર શ્લોકપ્રમાણ 'મહાધવલ' નામની ટીકા લખી છે. આ સર્વ ગ્રંથાધિરાજો પૂજ્ય ગુરુદેવશ્રીના સમય પૂર્વે માત્ર 'દર્શનીય' હતા. કાળની કોઈ ઉત્તમ વિધિથી શ્રુતલબ્ધિવંત પૂજ્ય ગુરુદેવશ્રીના સમયમાં 'ધવલાદિ' શાસ્ત્રો જે મૂળ પ્રતરૂપે ગુપ્ત હતા તેઓ પ્રકાશિત થઈને બહાર આવ્યા. તેથી એવા ગ્રંથના અધ્યયનથી આપણને ઉક્ત ફળની પ્રાપ્તિ થાય તે જ ભાવના સાથે ષટ્ખંડાગમ શાસ્ત્રના ઉદ્ગમસ્થાનનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવે છે.

મહાવીર ભગવાનની દિવ્યધ્વનિની ગૌતમ ગણધર ભગવાને ૧૨ અંગમાં રચના કરી હતી. તેમાંથી ષટ્ખંડાગમના ક્યા ખંડોનો ક્યાંથી ઉદ્ગમ છે તે આ મુજબ છે.

**૧૨ અંગ**

- **વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ(૫મો અંગ)**
  આમાંથી ષટ્‌ખંડાગમનો પ્રથમ ખંડ 'જીવસ્થાન'ની ગતિ-આગતિ ચૂલિકાના આધારે બનેલ છે.
- **દૃષ્ટિવાદ અંગ (બારમો અંગ)**
  - ૧. પરિકર્મ
  - ૨. સૂત્ર
    - ષટ્‌ખંડાગમનો પ્રથમ ખંડ 'જીવસ્થાન'ની સમ્યક્ત્વોત્પત્તિ ચૂલિકા આના આધારે બનેલ છે.
  - ૩. પ્રથમાનુયોગ
  - ૪. પૂર્વગત
    - ૧. ઉત્પાદ પૂર્વ
    - ૨. અગ્રાયણીય પૂર્વ
    - ૩. વીર્યપ્રવાદ પૂર્વ
    - ૪. અસ્તિ-નાસ્તિપ્રવાદ પૂર્વ
    - ૫. જ્ઞાનપ્રવાદ પૂર્વ
    - ૬. સત્યપ્રવાદ પૂર્વ
    - ૭. આત્મપ્રવાદ પૂર્વ
    - ૮. કર્મપ્રવાદ પૂર્વ
    - ૯. પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ
    - ૧૦. વિદ્યાનુવાદ પૂર્વ
    - ૧૧. કલ્યાણવાદ પૂર્વ
    - ૧૨. પ્રાણવાદ પૂર્વ
    - ૧૩. ક્રિયાવિશાલ પૂર્વ
    - ૧૪. ત્રિલોકબિંદુસાર પૂર્વ
  - ૫. ચૂલિકા


**૨. અગ્રાયણીય પૂર્વ**


**અગ્રાયણીય પૂર્વમાં ૧૪ વસ્તુ અધિકાર છે.**

- ૧ પૂર્વાન્ત
- ૨ અપરાન્ત
- ૩ ધ્રુવ
- ૪ અધ્રુવ
- ૫ ચયનલબ્ધિ
  - (**પ્રત્યેક વસ્તુ અધિકારમાં ૨૦ પ્રાભૃત અધિકાર છે.**)
  - ૧ પહેલો પ્રાભૃત
  - ૨ બીજો પ્રાભૃત
  - ૩ ત્રીજો પ્રાભૃત
  - ૪ ચોથો કર્મપ્રકૃતિ
  - ૫ પાંચમો પ્રાભૃત
  - ૬ છઠ્ઠો પ્રાભૃત
  - ૭ સાતમો પ્રાભૃત
  - ૮ આઠમો પ્રાભૃત
  - ૯ નવમો પ્રાભૃત
  - ૧૦ દસમો પ્રાભૃત
  - ૧૧ અગિયારમો પ્રાભૃત
  - ૧૨ બારમો પ્રાભૃત
  - ૧૩ તેરમો પ્રાભૃત
  - ૧૪ ચૌદમો પ્રાભૃત
  - ૧૫ પંદરમો પ્રાભૃત
  - ૧૬ સોળમો પ્રાભૃત
  - ૧૭ સત્તરમો પ્રાભૃત
  - ૧૮ અઢારમો પ્રાભૃત
  - ૧૯ ઓગણીસમો પ્રાભૃત
  - ૨૦ વીસમો પ્રાભૃત
- ૬ અધોપમ
- ૭ પ્રણિધિકલ્પ
- ૮ અર્થ
- ૯ ભૌમ
- ૧૦ વ્રતાદિક
- ૧૧ સર્વાર્થ
- ૧૨ કલ્પનિર્યાણ
- ૧૩ અતીતસિદ્ધબદ્ધ
- ૧૪ અનાગતસિદ્ધ

ઉક્ત સંદૃષ્ટિથી વાચકગણને સ્પષ્ટ થયું હશે કે બારમા દૃષ્ટિવાદ અંગના અગ્રાયણી પૂર્વનું 'કર્મપ્રકૃતિપ્રાભૃત' ઘણું જ વિશાળ છે. (૨) 'ષટ્‌ખંડાગમ' શાસ્ત્રનું અધિકાંશ ઉદ્‌ગમસ્થાન આ ચોથો 'કર્મપ્રકૃતિપ્રાભૃત' છે, તેની ગાથાઓ ભગવાન ધરસેનાચાર્યને કંઠસ્થ હતી તથા તેના ઉપદેશના આધારે 'ષટ્‌ખંડાગમ'ની રચના ભગવંત પુષ્પદંત તથા ભૂતબલી આચાર્યોએ કરી છે.

**અગ્રાયણિ પૂર્વના ચયનલબ્ધિરૂપ વસ્તુ અધિકારનો ચોથો કર્મપ્રકૃતિપ્રાભૃત અધિકાર**






આચાર્ય શુભચંદ્ર તથા રવિનન્દિ દ્વારા મુનિરાજ અપદેવને સિદ્ધાંતબોધ

### ભગવાન આચાર્યદેવ

## શ્રી શુભનન્દિ તથા રવિનન્દિ

નિજ આત્માની મહિમામાં ડૂબેલા અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા મુનિવરોને નિજ આત્માની સ્વાભાવિક પૂર્ણદશા સિવાય બીજું કાંઈ પણ ગમતું નથી. તેથી એવા મુનિવરોએ પોતાને વિષે ક્યાંય કાંઈપણ લખ્યું નથી. ઈતિહાસકારો તેમના વિષે જે કાંઈપણ પરિચય આપે છે તે કાં તો દંતકથાઓને આધારે, અથવા તો તેમના પશ્ચાત્‌વર્તી આચાર્યોએ તેમના વિષે જે કાંઈ લખ્યું હોય તેના આધારે, અથવા તો તેઓ દ્વારા રચાયેલા અમૂલ્ય ધરોહરરૂપ શાસ્ત્રો દ્વારા સંશોધન કરી શોધીને આપે છે.

આચાર્ય શુભનંદિ અને વીરનંદિની બાબતમાં એવું કાંઈપણ નથી કે જેના આધારે તે શ્રુતધર આચાર્યોના જીવન વિષે જાણી શકાય.

માત્ર ધવલા ટીકાના આધારે એટલું જ મળે છે કે તેઓ બંને અત્યંત કુશાગ્રબુદ્ધિવંત મહાન શ્રુતધર આચાર્યો હતા, તેઓ બંને સિદ્ધાન્તગ્રંથોના જ્ઞાતા હતા. તેથી તેના અંતર્ગત તેઓ ષટ્‌ખંડાગમના પાત્રજ્ઞાતા હતા. તેઓ આચાર્ય બપ્પદેવના શિક્ષાગુરુ હતા, બંને સમકાલીન હતા. તેમને સિદ્ધાન્ત ગ્રંથોનું જ્ઞાન ગુરુપરંપરાથી પ્રાપ્ત થયું હતું.

તેમની પાસેથી જ સિદ્ધાન્તગ્રંથોનું અધ્યયન કરીને આચાર્ય ભગવાન બપ્પદેવજીએ મહાબંધખંડને છોડી પાંચ ખંડો પર 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'નામની ટીકા લખી. ત્યારબાદ તેઓએ છઠ્ઠાખંડની ટીકા ટૂંકાણમાં લખી તેમ જ કષાયપાહુડ પર પણ ટીકા લખી જેના આધારે ભગવાન શ્રી વીરસેનસ્વામીએ ધવલા-જયધવલા ટીકામાં આપને આદ્યસ્તોત્ર માન્યા છે.

બન્ને આચાર્યદેવોએ જો કે કોઈ સ્વતંત્ર ગ્રંથની રચના ન કરી હોવા છતાં 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ'ના રચયિતા બપ્પદેવ આચાર્યના તેઓ ગુરુ હતા. ધવલા અને જયધવલા ટીકાના મૂળ સ્તોત્ર હોવાથી તેમને ધવલાકારે ઘણા જ આદરથી સ્મરણ કર્યા છે તેથી તેમના વિષે થોડીક માહિતી મળે છે. ઈતિહાસકારોના મત અનુસાર તેઓ ઉભય ઈ.સ.ની પ્રથમ સદીના મધ્યપાદવર્તી આચાર્યો હતા.

'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'ના ઉપદેશક આચાર્યદેવ શુભનન્દિ તથા રવિનન્દિ ભગવંતને કોટિ કોટિ વંદન.

ભગવાન આચાર્યદેવ

# શ્રી બપ્પદેવ

સિદ્ધાન્ત ગ્રંથોના જ્ઞાતા આચાર્ય ભગવાન બપ્પદેવ તેમના સમયના પ્રસિદ્ધ આચાર્ય હતા. આચાર્યશ્રી શુભનંદિ, રવિનંદિ તથા બપ્પદેવ વગેરેનાં નામો શ્રુતધરાચાર્યોમાં આવે છે. આચાર્ય ભગવંતો શુભનન્દિ અને રવિનંદિ અત્યંત કુશાગ્રબુદ્ધિના ધારક હતા તેમના દ્વારા જ શ્રી બપ્પદેવાચાર્યએ સમસ્ત સિદ્ધાન્તગ્રંથોનું અધ્યયન કર્યું હતું.

બેલગાંવ[૧] જિલ્લામાં આવેલ ભાગીરથી નદી (કૃષ્ણાનદીની શાખા)નો પ્રદેશ વર્તમાનમાં બેલગાંવ અથવા ધારવાડ તરીકે પ્રચલિત છે. આચાર્ય બપ્પદેવે તે બેલગાંવ જિલ્લામાં આવેલ ઉત્કલિકા નગરીના સમીપ આવેલા 'મગણવલ્લી' ગામમાં પોતાના તે બંને ગુરુવર્યો પાસેથી સિદ્ધાન્તનું અધ્યયન કર્યું હતું. તે અધ્યયન બાદ તેઓશ્રીએ ષટ્ખંડાગમ પૈકી મહાનિબંધ સિવાયના પાંચ ખંડો ઉપર વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામની ટીકા લખી છે. તથા છઠ્ઠા ખંડની સંક્ષિપ્ત ટીકા ટૂંકમાં લખી છે. આ છ ખંડોની ટીકા પૂર્ણ થયા બાદ તેઓશ્રીએ કસાયપ્રાભૃત ગ્રંથની એક 'ઉચ્ચારણા' ટીકા પણ રચી છે. આ પ્રમાણે ષટ્ખંડાગમમાંથી મહાબંધને છોડી પાંચ ખંડોની વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ નામક ટીકા આચાર્ય બપ્પદેવે લખી.

શ્રી વીરસેન સ્વામીએ વટ્ટગાંવ (વડોદરા)માં તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામની ટીકાને પ્રાપ્ત કરી સત્કર્મ નામના છઠ્ઠા ખંડને મેળવીને ધવલાટીકાની રચના કરેલ છે. ધવલાના અધ્યયનથી એમ જણાઈ આવે છે કે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પ્રાકૃતભાષામય પુરાતન ટીકા છે. આના પરથી નક્કી થાય છે કે આચાર્યદેવશ્રી બપ્પદેવ સિદ્ધાન્તવિષયોના મર્મજ્ઞ હતા.

આચાર્યદેવશ્રી બપ્પદેવની વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સિવાય બીજી કોઈપણ રચના ઉપલબ્ધ નથી તોપણ ધવલા અને જયધવલામાં તેમના નામથી જે ઉદ્ધરણો આવે છે તેનાથી તેમની વિદ્વતા પર પ્રકાશ પડે છે. ષટ્ખંડાગમમાં તેમનો ઘણી જગ્યાએ ઉલ્લેખ છે. તેથી આચાર્યના રૂપે 'બપ્પદેવ' અત્યંત પ્રતિષ્ઠિત છે. તેઓ પણ ઈ.સ.ની પ્રથમ શતાબ્દીના મધ્યપાદ કાળના આચાર્યદેવ માનવામાં આવે છે.

'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'ના રચયિતા આચાર્યદેવ બપ્પદેવને કોટિ કોટિ વંદન.

---

૧. ભાગીરથી કૃષ્ણા નદીની શાખા છે અને તેનો વચલો પ્રદેશ બેલગાંવ અથવા ધારવાડ જિલ્લો બેલગાંવ કહેવાય છે.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી આર્યમંક્ષુ તથા નાગહસ્તિ

આચાર્ય ભગવંત શ્રી આર્યમંક્ષુ તથા નાગહસ્તિ દિગંબર તેમ જ શ્વેતામ્બર બંને પરંપરાઓમાં સન્માનનીય છે. માત્ર એટલું જ નહીં પરંતુ દિગમ્બર આમ્નાયમાં તેમનું સ્થાન શ્રી ભગવાન આચાર્યવર પુષ્પદંત તથા ભૂતબલી મુનિવરોની સમકક્ષ–(સમકાલીન) ગણાય છે. તેઓ જુદી જુદી ગુરુ પરંપરારૂપે માન્ય ગણવામાં આવ્યા છે. જયધવલા શાસ્ત્રમાં દર્શાવ્યું છે કે વિપુલાચલ (પર્વત)પર સ્થિત ભગવાન મહાવીરરૂપી દિવાકર (સૂર્ય)થી નીકળીને ગૌતમસ્વામી, લોહાચાર્ય, જમ્બૂસ્વામી વગેરે આચાર્ય પરંપરાઓથી ઉતરી આવેલા આ કસાયપાહુડનાં ગાથાસૂત્રો ગુણધરાચાર્યને પ્રાપ્ત થયાં. તે ગાથારૂપે પરિણમીને પુનઃ આર્યમંક્ષુ અને નાગહસ્તિ આચાર્યો દ્વારા યતિવૃષભાચાર્યને પ્રાપ્ત થઈ ચૂર્ણિસૂત્રોરૂપે પરિણત થયાં છે. આવી તે દિવ્યધ્વનિ, કિરણોરૂપે અજ્ઞાન અંધકારને નષ્ટ કરે છે.

જયધવલાના આ ઉલ્લેખથી એ સ્પષ્ટ થાય છે કે આ બંને આચાર્યો પોતાના સમયના કર્મસિદ્ધાંતના મહાન વેત્તા તથા આગમના પારગામી હતા. તેમજ તેઓ ભગવાન મહાવીરથી ચાલી આવતી આચાર્ય પરંપરામાં સામેલ હતા. માત્ર એટલું જ નહીં પરંતુ ધવલા ટીકાના આધારે તેઓ [1]ક્ષમાશ્રમણ અને [2]મહાવાચકના રૂપે સન્માનનીય રહ્યા છે. આ જ તેમની સિદ્ધાન્તવિષયક વિદ્વત્તતાને સૂચિત કરે છે.


આચાર્ય ભગવંત શ્રી વીરસેનસ્વામીએ ધવલા તથા જયધવલા ટીકામાં વિવિધ સ્થાનોએ તે ઉભય આચાર્યવરોની વિવિધરૂપે જે મહત્તા પ્રદર્શિત કરી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે બંને આચાર્યવરો ફક્ત ક્ષમાશ્રમણ અને મહાવાચક હતા એટલું જ નહીં પરંતુ જિનેન્દ્ર સિદ્ધાંતોના મર્મજ્ઞ અને વ્યાખ્યાતા પણ હતા. સાથે સાથે તેમના વચનો ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ સાથે એકરસ હતાં.

તે બંને આચાર્યોની પૂર્વોત્તર સમયાવધિને ગૌણ કરવામાં આવે તો તે બંને સમકાલીન હતા.

---

૧. મુનિઓની ઉત્તમતા દર્શક એક ઉપાધિ.

૨. મુનિઓની ઉત્તમતા દર્શક એક ઉપાધિ.




શ્રી ગુણધરાચાર્ય પાસેથી 'પેજ્જદોસપાહુડ'નો ઉપદેશ પ્રાપ્ત કરતા આચાર્ય આર્યમંક્ષુ અને નાગહસ્તિ

શ્રી ગુણધર આચાર્ય દ્વારા ભગવાન મહાવીરની દિવ્યધ્વનિમાંથી પ્રવાહિત ૧૪ પૂર્વોમાંથી પાંચમા 'જ્ઞાનપ્રવાદપૂર્વ' 'પેજ્જદોષ પાહુડ' અને 'મહાકમ્મયપાહુડ'નું જ્ઞાન આપે પ્રાપ્ત કરી શ્રી યતિવૃષભ આચાર્યને આપ્યું. જેથી શ્રી યતિવૃષભ આચાર્યદેવે 'કસાયપાહુડ' ગ્રંથમાં ચૂર્ણિસૂત્રો રચ્યાં જેનાથી આ મહાન ગ્રંથ ભવ્યજીવોને બોધગમ્ય થઈ શક્યો.

જો કે આચાર્યવર યતિવૃષભે, તેમની પ્રાપ્ત રચના ચૂર્ણિસૂત્રોમાં, આચાર્યવર આર્યમંક્ષુ અને નાગહસ્તિને પોતાના ગુરુરૂપે ઉલ્લેખ કર્યો નથી તથા કોઈ અન્ય આચાર્યનો પણ પોતાના ગુરુ તરીકે ઉલ્લેખ કર્યો નથી. પરંતુ આચાર્ય ઈન્દ્રનંદીના શ્રુતાવતાર ગ્રંથમાં આર્યમંક્ષુ અને નાગહસ્તિને ગુણધરાચાર્યના શિષ્ય તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ પરંપરારૂપે શિષ્યપણું હોય તેવું લાગે છે.

''કસાયપાહુડ ગ્રંથની ટીકા 'જયધવલા'માં ઉલ્લેખ છે કે ગુણધરના મુખકમળમાંથી નીકળેલી ગાથાઓના અર્થને જેમના પાદમૂલમાં સાંભળીને યતિવૃષભ આચાર્યએ ચૂર્ણિસૂત્રો રચ્યાં.'' તેથી આના પરથી એમ સ્પષ્ટ થાય છે કે આ બંને આચાર્યના પરંપરા ગુરુ ગુણધરાચાર્ય હશે. ગુણધરાચાર્યે કસાયપાહુડની સૂત્ર ગાથાઓ રચી પોતે જ તેની વ્યાખ્યા કરી. આર્યમંક્ષુ અને નાગહસ્તિને ભણાવ્યા તથા તેમના પાદમૂળમાં રહીને આચાર્ય યતિવૃષભે કષાયપાહુડનાં ચૂર્ણિસૂત્રો રચ્યાં.

ઈતિહાસકારોનું માનવું છે કે ગુણધરાચાર્ય વડે વિનિર્ગત પેજ્જદોષપાહુડને તેની ૧૮૦ ગાથા પરથી નાગહસ્તિ આચાર્યે તેને ૨૩૩ ગાથાઓમાં લિપિબદ્ધ કર્યું હોય. અથવા ગુણધર આચાર્ય દ્વારા જ ૨૩૩ ગાથાઓ વિનિર્ગત થઈ હોય. જેણે નાગહસ્તિ આચાર્યે લિપિબદ્ધ કરી હોય અથવા આચાર્ય યતિવૃષભે ચૂર્ણિસૂત્રો સાથે લિપિબદ્ધ કર્યું હોય.

આ બંને આચાર્યદેવોનો મહાન આચાર્ય ગુણધરદેવ સાથે સીધો સંબંધ હતો કે પરંપરારૂપે સંબંધ હતો તે બાબતે શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન ઉલ્લેખો મળે છે. પરંતુ વિદ્વતવર્ગ તે બાબતે એકમત નથી. તેમ છતાં તે બધા ઉલ્લેખો પરથી એમ સ્પષ્ટ થાય છે કે આચાર્યદેવો આર્યમંક્ષુ અને નાગહસ્તિ સાથે ગુણધરાચાર્યના સીધા સંબંધ માટે સુસ્પષ્ટતયા ના પાડી શકાય તેમ નથી. ઉત્તમ આચાર્યવરો બાબતે શ્વેતામ્બર પરંપરામાંથી થોડીક જાણકારી મળે છે જેમકે શ્વેતામ્બર આમ્નાયી નંદિસૂત્રની પટ્ટાવલીમાં આચાર્ય આર્યમંક્ષુનો પરિચય આપતા લખ્યું છે કે ''તેઓ સૂત્રોના અર્થ વ્યાખ્યાતા છે, સાધુ પદોચિત ક્રિયાકલાપના કરવાવાળા છે. ધર્મધ્યાનના ધ્યાતા અને વિશિષ્ટ અભ્યાસી છે, શ્રુતજ્ઞાનના પારગામી છે. ધીરવીર છે. પરિષહ અને ઉપસર્ગના સહન કરવાવાળા છે. આ જ નંદિસૂત્રની પટ્ટાવલવીમાં આચાર્ય નાગહસ્તિનો પરિચય આપતાં લખ્યું છે કે ''તેઓ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના વ્યાકરણોના વેત્તા છે, કર્ણભંગી અર્થાત્ પિંડશુદ્ધિ, સમિતિ, ભાવના,

પ્રતિજ્ઞા, ઇન્દ્રિયનિરોધ, પ્રતિલેખન અને અભિગ્રહોની વિવિધ વિધિઓના જ્ઞાતા છે અને કર્મ પ્રકૃતિઓના પ્રધાનરૂપથી વ્યાખ્યાતા છે.''

પરંતુ ઉપરોક્ત ઉલ્લેખો પરથી આર્યમંક્ષુ અને નાગહસ્તિના વ્યક્તિત્વ સંબંધે નિમ્ન નિષ્કર્ષો ફલિત થાય છે.

(૧) તે બંને આચાર્યો સિદ્ધાંતના મર્મજ્ઞ હતા. (૨) શ્રુતસાગરના પારગામી હતા. (૩) સૂત્રોના અર્થવ્યાખ્યાતા હતા. (૪) ગુપ્તિ, સમિતિ અને વ્રતોના પાલનમાં સાવધાન તથા પરિષહ અને ઉપસર્ગોને સહન કરવામાં દક્ષ હતા. તે બંને ઉપકારી આચાર્ય ભગવંતોનો તે કાળમાં અપૂર્વ પ્રભાવ હતો (૫) વાચક અને પ્રભાવક પણ હતા જેથી સ્વયં દિગમ્બર આમ્નાયના સાધુગણો હોવા છતાં પણ શ્વેતામ્બર આમ્નાયના સાધુઓ તેમને સન્માનની દૃષ્ટિથી જોતા હતા.

જયધવલાના કેટલાક ઉલ્લેખોથી એવું પ્રતીત થાય છે કે આચાર્ય આર્યમંક્ષુ અને આચાર્ય નાગહસ્તિ બંને વિભિન્ન ગુરુ સંપ્રદાયના આચાર્ય હોવાથી કોઈ વિષય બાબતે બંનેના મત જુદા હતા.

ગ્રંથ, ધવલા અને જયધવલામાં આચાર્યવર આર્યમંક્ષુ અને નાગહસ્તિના ઉલ્લેખ જે ક્રમે આવ્યો છે તેનાથી એવું પણ નક્કી થાય છે કે આર્યમંક્ષુ નાગહસ્તિથી જ્યેષ્ઠ હતા. તેથી તેમનું નામ પ્રથમ રાખવામાં આવ્યું છે અને નાગહસ્તિનું પછીથી રાખવામાં આવ્યું છે. પુન્નાટ સંઘની ગુર્વાવલિ અનુસાર આચાર્યવર નાગહસ્તિ આચાર્યવર વ્યાઘ્રહસ્તિના શિષ્ય તથા આચાર્ય જિતદંડના ગુરુ હતા.

ઇતિહાસકારો પ્રમાણે આચાર્ય આર્યમંક્ષુના શિષ્ય આચાર્ય યતિવૃષભ હતા. આચાર્ય યતિવૃષભ આચાર્ય નાગહસ્તિના અંતેવાસી હતા. ઇતિહાસકારો અનુસાર આચાર્ય આર્યમંક્ષુ અને આચાર્ય નાગહસ્તિનો કાળ વી.નિ. ૬૦૦ થી ૬૫૦ અર્થાત્ ઈ.સ. ૭૩ થી ૧૨૩ અને વીર નિર્વાણ સંવત ૬૨૦ થી ૬૮૭ અર્થાત્ ઈ.સ. ૯૩ થી ૧૬૨ માનવામાં આવે છે.

દિગંબર વાઙ્મય અનુસાર ઉક્ત -બંને આચાર્યો યતિવૃષભના ગુરુ અને ગુણધરના શિષ્યો હોવાના કારણે તેઓ ગુણધરાચાર્યના સમકાલીન મનાય છે. તોપણ તે ઉભય આચાર્યોના કાળ બાબતે વિદ્વાનો એકમત નથી.

આચાર્યદેવ આર્યમંક્ષુ તથા નાગહસ્તિ ભગવંતને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી જિનચંદ્રસ્વામી

આચાર્ય શ્રી અર્હદ્‌બલિ સુધી ભગવાન મહાવીરનું શાસન મૂળસંઘરૂપે અક્ષુણ્ણ ચાલતું રહ્યું. તેમના ગુરુ લોહાચાર્ય સુધી તો અંગશ્રુતજ્ઞાનનો પ્રવાહ પણ ચાલુ રહ્યો. ત્યારબાદ અંગના કાંઈક અંશોનું જ્ઞાન રહ્યું, આ પ્રમાણે આચાર્ય શ્રી અર્હદ્‌બલિના કાળ સુધી મુનિ ભગવંતોમાં શ્રુતજ્ઞાનની ક્રમિક ન્યૂનતા થવાથી યતિઓમાં કાંઈક પક્ષપાતની ગંધ પારખીને, પક્ષપાતની સ્થિતિ સમાપ્ત કરવાના હેતુથી આચાર્યશ્રી અર્હદ્‌બલિએ પંચવર્ષીય યુગપ્રતિક્રમણના સમયે નન્દિસંઘ વગેરે સંઘોની સ્થાપના કરી હતી. તેમાં નન્દિસંઘના પ્રથમ આચાર્ય શ્રી માઘનંદિના શિષ્યરૂપે આચાર્ય જિનચંદ્રજીનું નામ આવે છે. એમ તો જિનચંદ્ર નામના ઘણા આચાર્યો થયા છે, પરંતુ તેમનામાં સર્વોચ્ચ નામ આચાર્ય માઘનંદિના શિષ્ય જિનચંદ્રજીનું છે.

તેમના જ સમયમાં શ્વેતામ્બર સંપ્રદાયમાં પણ એક જિનચંદ્ર સાધુ થયેલા છે. પરંતુ તે આમનાથી જુદા છે. તેઓશ્રી બહુશ્રુતના પારગામી હતા. તેમના વિષયમાં કોઈ વિશેષ જાણકારી પ્રાપ્ત થઈ નથી. ન તો તેઓશ્રીએ રચેલ કોઈ શાસ્ત્ર ઉપલબ્ધ છે પરંતુ તેઓ ભગવાન કુંદકુંદાચાર્યદેવના ગુરુ હોવાથી તથા નંદિસંઘની પટ્ટાવલીમાં ઉગ્ર તપસ્વીના રૂપે આદર સહિત સામેલ કરાયા હોવાથી તેમનું નામ ઘણા જ આદરપૂર્વક લેવામાં આવ્યું છે. તેઓશ્રી વીરનિર્વાણ સંવત ૬૧૪ થી ૬૫૪ (ઈ.સ. ૮૭ થી ૧૨૭)ના અરસામાં થયેલા છે. મહાવીર ભગવાનના સમીચીન શાસનને ચંદ્રની જેમ ઉદ્યોત કરવાવાળા હોવાથી તેમનું 'જિનચંદ્ર' નામ સાર્થક હતું. સમગ્ર સંઘમાં તેઓશ્રી પોતાના ગુરુ માઘનંદિ આચાર્યના અત્યંત વિશ્વાસપાત્ર હતા. તેથી માઘનંદિ આચાર્યે સ્વયં પોતાના વરદ્ હસ્તે વીર નિર્વાણ સંવત ૬૧૪ (ઈ.સ. ૮૮)માં તેમને સંઘના પટ્ટે આસીન કરી દીધા. સંઘ તેમની છત્રછાયાથી જ્ઞાન અને ચારિત્રમાં ઉન્નતિ કરવા લાગ્યો. આ ઘટનાના કેટલાક વર્ષો બાદ ૧૧ વર્ષની લઘુવયમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે તેમની પાસે દીક્ષા અંગીકાર કરી.

એમ તો પટ્ટાવલીઓ અનુસાર તેમનો કાળ ઈતિહાસકારો વીર નિર્વાણ સંવત ૬૧૪-૬૫૪ (ઈ.સ. ૮૭ થી ૧૨૭) માને છે. હકીકત જે કાંઈ પણ હોય પરંતુ તેઓશ્રી ઈ.સ. ૧૨૭ પહેલાંના આચાર્ય છે.

આચાર્ય કુંદકુંદદેવના દીક્ષાગુરુ શ્રી જિનચંદ્રાચાર્ય ભગવંતને કોટિ કોટિ વંદન.

( 73 )

# ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

દિગંબર જૈનાચાર્યોમાં ''કુંદકુંદાચાર્ય''નું નામ સર્વોપરિ છે. મૂર્તિલેખો, શિલાલેખો, ગ્રન્થપ્રશસ્તિલેખો, તથા પૂર્વાચાર્યોના સંસ્કરણોમાં ભગવાન કુંદકુંદસ્વામીનું નામ અતિ શ્રદ્ધા સાથે લખેલું મળે છે.


मंगलम् भगवान वीरो मंगलम् गौतमो गणि।
मंगलम् कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम्॥

આ મંગલ પદ દ્વારા ભગવાન મહાવીર અને તેમના પ્રધાન ગણધર ગૌતમસ્વામી પછી કુંદકુંદસ્વામીને મંગલરૂપ કહ્યા છે. તેઓ કળિકાળ સર્વજ્ઞરૂપે પણ પ્રસિદ્ધ છે. તેમની પ્રશસ્તિમાં કવિવર વૃંદાવનદાસજી લખે છે કે –

हुए न हैं न होहिंगे मुनिंद कुंदकुंदसे।

આ રીતે ભગવાન મહાવીરના નિર્વાણ પછી કેવળી, શ્રુતકેવળી, અંગો અને પૂર્વોના જ્ઞાતા, અંગો અને પૂર્વોના એકદેશ જ્ઞાતા–એવા અનેકાનેક મહાન-મહાન આચાર્યવરો દિગંબર જૈન શાસનમાં થયા છે. તો પણ ગૌતમ ગણધર પછી બીજા કોઈ આચાર્યવરનું નામ ન લઈને કુંદકુંદાચાર્યનું નામ મંગલાચરણમાં લેવામાં આવે છે. તેનાથી સૂચિત થાય છે કે તેઓ ધર્મસ્તંભ સ્વરૂપ મહાન સમર્થ આચાર્યવર હતા. કેમકે આપે જ જિનશાસનના આધારશિલા સ્વરૂપ પરમામૃતમય અધ્યાત્મજ્ઞાનથી જિનશાસનને અક્ષુણ્ણતયા ટકાવી રાખ્યું છે, તે જ આપનો મહાન ઉપકાર છે. આપની પછીના આચાર્યોએ આપને ''કલિકાલ સર્વજ્ઞ'' પણે સ્વીકૃત કર્યા છે. વીર શાસનમાં શુદ્ધાત્માનુભૂતિ પ્રધાન મોક્ષમાર્ગ અને દ્રવ્યાનુયોગના પ્રધાન ગ્રંથો રચી તીર્થંકરદેવો દ્વારા પ્રરૂપિત ઉત્તમોત્તમ સિદ્ધાન્તોનો વિચ્છેદ થતાં આપે બચાવી લીધો છે, જેનાથી આ દુઃષમકાળમાં પણ મોક્ષમાર્ગને આપે અક્ષુણ્ણરૂપે ટકાવ્યો છે.


શ્રી કુંદકુંદાચાર્યદેવના વિષયમાં એક દંતકથા ચાલી આવે છે કે પૂર્વભવમાં એક શેઠને ત્યાં એક ગોવાળ રહેતો હતો. તે ગાયોને ચરાવવા લઈ જતો હતો. ગાયોને ચરાવતાં ચરાવતાં ત્યાં એક મુનિરાજને ધ્યાનમાં બેઠેલા જોયા. પહેલાં તો તેને લાગ્યું કે આ કોઈ દરિદ્રી છે. પરંતુ મુનિરાજના દર્શનાર્થે રાજા-મહારાજા અને શ્રેષ્ઠીવર્ગને આવતા દેખી તેને મુનિરાજમાં કોઈ અદ્ભુત મહાત્મ્ય લાગ્યું. તેથી તે દરરોજ ગાયો ચરતી હોય ત્યારે



એક મુનિરાજનાં રાજા તથા શ્રેષ્ઠી વગેરે દર્શન કરે છે તે નિહાળતો ગોવાળિયો.

મુનિરાજના ચરણમાં બેસી જતો અને મુનિરાજની મુદ્રા ઘેંટા (મેંઢા)ની જેમ ટગટગ જોયા કરતો. તેને મુનિરાજની વીતરાગી મુદ્રા જોઈને અતિશય બહુમાન આવવા લાગ્યું. મુનિરાજ કાંઈક લખતા હતા તે જોઈને લખેલા તાડપત્ર વૃક્ષની કોટર(બખોલ)માં મૂકી આવતા, ગોવાળ દરરોજ કલાકો સુધી મુનિભગવંતને ઘણા ભાવથી આ રીતે નિરખ્યા કરતો હતો.


એક દિવસ તે જંગલમાં આગ લાગી. વૃક્ષ બધાં બળી ગયાં. અગ્નિ શાંત થઈ તો તે



મુનિરાજ જે વૃક્ષના નીચે ધ્યાન કરતા હતા તે વૃક્ષની બખોલમાં તાડપત્રો હોવાથી જંગલમાં આગ લાગવા છતાં તે વૃક્ષ સુરક્ષિત રહ્યું તેથી ગોવાળિયાએ તે તાડપત્રોને પુષ્પાંજલિ અર્પી.

તે જ વૃક્ષ પાસે આવ્યો જ્યાં તે મુનિરાજને દરરોજ જોયા કરતો હતો. તેણે આશ્ચર્યથી જોયું કે તે વૃક્ષને કાંઈ જ થયું નથી. વૃક્ષમાં રાખેલ તાડપત્રો ઉપર લખેલા પાનાઓ પણ સુરક્ષિત હતાં. તેને વાંચતાં આવડતું ન હતું, એટલે તેણે વિચાર્યું કે આ પાનાઓ કોઈ યોગ્ય વ્યક્તિને આપીશ. તે તાડપત્રોને બહુ શ્રદ્ધાભાવથી ઘરે લઈ ગયો અને ઘરના એક ગોખલામાં બહુ આદરથી પધરાવ્યા. દરરોજ તેની ભક્તિ, આરતી, પૂજા, અર્ચના વગેરે કરવા લાગ્યો.


એક દિવસ કોઈ મહામુનિરાજ શેઠના ઘરે આહાર હેતુ પધાર્યા. શેઠે મુનિ ભગવંતને નવધા ભક્તિપૂર્વક આહારદાન આપ્યું ત્યારબાદ મુનિરાજે શેઠને કાંઈક




શેઠને ત્યાં મુનિરાજને આહારદાન પશ્ચાત્ ગોવાળિયા દ્વારા મુનિરાજને તાડપત્ર અર્પણ

પ્રયોજનભૂત તત્ત્વનો ઉપદેશ દીધો. તે સમયે ગોવાળ ત્યાં જ હતો. તેણે મુનિરાજનું આહારદાન ખૂબ શ્રદ્ધાપૂર્વક નિહાળ્યું ઉપદેશ સાંભળ્યો અને પોતાના ઘરમાં બિરાજિત તાડપત્રો લાવી મુનિભગવંતને આપ્યાં અને કહ્યું–'ભગવન્! હું તો આ વાંચી શકતો નથી પણ આપ વાંચી શકશો' એમ કહી આખુંયે વૃત્તાંત કહ્યું.

આ પ્રમાણે મુનિરાજ તથા જિનવાણી પ્રતિ આદર, શ્રદ્ધાના ફળસ્વરૂપે તે ગોવાળ બીજા ભવમાં તે જ શેઠના ઘરે પુત્રરત્નરૂપે જન્મ્યો. તે ગોવાળ બીજો કોઈ નહીં પણ આપણા મહાન આચાર્યવર કુંદકુંદાચાર્યદેવ હતા. પૂર્વભવમાં મુનિભગવંતની તથા જિનવાણીની શ્રદ્ધાભક્તિના ફળસ્વરૂપે તેમને શ્રુતની અપૂર્વ લબ્ધિ પ્રાપ્ત થઈ હતી.




શેઠને ત્યાં બાળક(ગોવાળિયાનો જીવ)નો જન્મ.
(આ જ આપણા કુંદકુંદાચાર્ય થશે.)

શ્રી કુંદકુંદસ્વામીની જયઘોષણાનું મુખ્યકારણ તેમના દ્વારા પ્રતિપાદિત વસ્તુતત્ત્વનું, વિશેષતયા આત્મતત્ત્વનું વિસ્તૃત વર્ણન છે. સ્વાનુભૂતિના સ્થંભ સમાન સમયસારાદિ ગ્રંથોમાં

તેમણે પરથી ભિન્ન તથા સ્વકીય ગુણ-પર્યાયોથી અભિન્ન આત્માનું જે વર્ણન કર્યું છે તે અન્યત્ર દુર્લભ છે. તેમણે તે ગ્રંથોમાં અધ્યાત્મધારારૂપ જે જ્ઞાનગંગાને પ્રવાહિત કરી છે તેના શીતળ અને પાવન પ્રવાહમાં અવગાહન કરી ભવભ્રમણથી થાકેલા મુમુક્ષુઓ શાશ્વત શાંતિ પામે છે. તેમનાં શાસ્ત્રો, સાક્ષાત્ ગણધરદેવના વચન જેવાં જ પ્રમાણભૂત માનવામાં આવે છે. તેમના પછીના આચાર્યોએ પોતાનું કથન સિદ્ધ કરવા કુંદકુંદાચાર્યદેવના શાસ્ત્રોનું પ્રમાણ અનેક જગ્યાએ આપ્યું છે. જેથી તેમનું કથન નિર્વિવાદ સિદ્ધ થાય! તેમની પરંપરાના કહેવાવામાં ત્યાર પછીના આચાર્યો પોતાનું ગૌરવ અનુભવે છે.

શ્રી કુંદકુંદાચાર્યના વિષયમાં એક એવી કથા છે કે તેમને વિદેહક્ષેત્રસ્થ સીમંધર પ્રભુનો ઘણો જ વિરહ લાગ્યો હતો. આ સંદર્ભે સીમંધરપ્રભુની દિવ્યધ્વનિમાં 'સદ્ધર્મવૃદ્ધિરસ્તુ' આવ્યું હતું સભામાં લોકોને આશ્ચર્ય થયું કે આ સંધિહીન ધ્વનિ પરિષદમાં કેમ આવ્યો? તે સમયે ત્યાં બેઠેલ ભગવાન કુંદકુંદાચાર્યદેવનો કોઈ પૂર્વનો મિત્રદેવ ભરતમાં આવ્યો તથા મદ્રાસથી ૮૦ માઈલ દૂર પોન્નૂર પર્વત છે ત્યાં ધ્યાનમાં બેઠેલા ભગવાન કુંદકુંદાચાર્યદેવને સીમંધરસ્વામીના સમવસરણમાં લઈ ગયો .




શ્રી કુંદકુંદાચાર્યદેવનું વિદેહમાં સીમંધરસ્વામીના સમવસરણમાં ગમન તથા ત્યાંથી આવી સમયસારાદિ ગ્રંથોની રચના

અન્ય સ્થળે એવું પણ આવે છે કે પુણ્ય અને પવિત્રતાથી સમૃદ્ધ એવા ભગવાન કુંદકુંદાચાર્યદેવને પ્રગટેલ આકાશગામિની ઋદ્ધિથી તેઓશ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા. ચક્રવર્તી વિસ્મયતાથી ભગવાનને પૂછે છે કે 'હે નાથ! નાનકડા દેહયુક્ત આ દિગમ્બર મુનિરાજ 'કોણ છે?' લોકો તેમને જોઈ જ રહ્યા હતા. તે સમયે પ્રભુની ધ્વનિમાં આવ્યું કે 'તેઓ ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય છે.' એવું સાંભળી જયઘોષ સાથે નગરમાં ઉત્સવ થયો. પ્રભુના શ્રીમુખેથી વિનિર્ગત દિવ્યધ્વનિ એક અઠવાડિયું શ્રવણ કરીને શુદ્ધાત્મતત્ત્વ વગેરે સારભૂત અર્થોને ગ્રહણ તથા અવધારણ કરીને તેઓ ભરતમાં પાછા આવ્યા. ત્યાં શ્રવણ કરેલ ધ્વનિની ખુમારીમાં આપે પ્રવચનસાર વગેરે ગ્રંથોમાં તે સારભૂત તત્ત્વોને ઠાંસી-ઠાંસીને ભવ્યો માટે ભરી દીધાં. આવું ભગવાન જયસેનાચાર્યદેવે પણ તેમની ટીકામાં લખ્યું છે.

આચાર્ય શુભચંદ્રજીએ ગુર્વાવલિના અંતે લખ્યું છે કે શ્રી કુંદકુંદાચાર્યદેવે ઉર્જયન્તગિરિ ઉપર સ્થિત પાષાણ નિર્મિત સરસ્વતીની મૂર્તિને વાચાળ કરી દીધી હતી. જેથી તેમના ગચ્છનું નામ સારસ્વત અર્થાત્ સરસ્વતીગચ્છ પડ્યું હતું. ચાર આંગળ ઉપર આકાશગમનની ઋદ્ધિ તેમને પ્રાપ્ત હતી એવું શિલાલેખો વગેરેમાં પણ આવે છે.

ભગવાન જયસેનાચાર્યદેવાનુસાર આપ કુમારનંદિ સિદ્ધાન્તિદેવના શિષ્ય હતા. તેના પરથી તેમ પણ લાગે છે કે કુમારનંદિ તેમના વિદ્યાગુરુ-દીક્ષા ગુરુ હોય અને ભગવાન જિનચંદ્રસ્વામીએ તેમને આચાર્યપદવીથી સુશોભિત કર્યા હોય.

પદ્મનંદી આચાર્ય, કુંદકુંદાચાર્ય, એલાચાર્ય, વક્રગ્રીવાચાર્ય અને ગૃદ્ધપિચ્છાચાર્ય આ પાંચ નામોથી તેઓ પ્રસિદ્ધ હતા. આચાર્ય પદ્મનંદિને કુંદકુંદપુરના બતાવ્યા છે. શ્રવણબેલગોલાના કેટલાયે શિલાલેખોમાં આપનું 'કોન્ડકુન્દ' નામ લખેલ છે. ઘુંટકલ રેલ્વે સ્ટેશનથી દક્ષિણ તરફ લગભગ આઠ કિલોમીટરે એક કોનકુંડળ નામનું સ્થાન છે. જે અનંતપુર જિલ્લાના ગુટી તાલુકામાં સ્થિત છે. શિલાલેખોમાં તેમનું પ્રાચીન નામ ''કોણ્ડકુંદે'' મળે છે. ત્યાંના લોકો તેમને આજે પણ 'કોડકુંદી' કહે છે. સંભવ છે કે કુંદકુંદાચાર્યનું આ જન્મસ્થાન હોય. આથી જ તેમનું નામ 'કુંદકુંદ'રૂપે પ્રસિદ્ધ છે. 'પદ્મનંદી' તેમનું દીક્ષાનું નામ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રમાં ઈલાયચી જેવા નાના લાગતા હતા, તેથી તેમને લોકો એલાચાર્ય પણ કહેવા લાગ્યા. કહેવાય છે કે શાસ્ત્ર લખતી વખતે આપની ગ્રીવા સ્હેજ વાંકી થઈ ગઈ હતી તેથી લોકો તેમને વક્રગ્રીવાચાર્ય પણ કહેતા હતા તથા એમ પણ આવે છે કે આપની મોરપીંછી વિદેહક્ષેત્ર જતાં/આવતાં સમયે પડી જવાથી આપે ગૃદ્ધપીંછોની પીંછી અંગીકાર કરી હતી તેથી આપને લોકો ગૃદ્ધ પિચ્છાચાર્ય તરીકે પણ ઓળખવા લાગ્યા.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ શક સંવતની ૧લી શતાબ્દીના વિદ્વાન હતા. આપનો ગિરનાર સિદ્ધક્ષેત્ર પર શ્વેતામ્બર સાધુઓ સાથે વાદ થયો હતો. જેમાં આપે દિગમ્બર જિનધર્મને પ્રાચીન અને સત્ય સિદ્ધ કર્યો હતો.

દિગમ્બર જૈન ગ્રંથોમાં ભગવાન કુંદકુંદાચાર્ય રચિત ગ્રંથો પોતાનો જુદો જ પ્રભાવ ધરાવે છે. તેમની વર્ણન શૈલી પણ એવા પ્રકારની છે કે પાઠક તેનાથી વસ્તુસ્વરૂપ, આત્માનું સ્વરૂપ અને આત્માનુભવને ઘણી જ સરળતાથી ગમ્ય કરી લે છે. વ્યર્થના વિસ્તારથી રહિત તોળી-તોળીને મૂકેલ શબ્દોમાં વાતને મૂકવી—તે આ ગ્રંથોની વિશેષતા છે. ભગવાન કુંદકુંદાચાર્યની વાણી સીધી હૃદય ઉપર અસર કરે છે. નિમ્નલિખિત ગ્રંથો ભગવાન કુંદકુંદાચાર્ય દ્વારા રચિત નિર્વિવાદરૂપથી માનવામાં આવે છે અને જૈન સમાજમાં તેનું સર્વોપરિ સ્થાન છે.

૧. સમયસાર, ૨. પ્રવચનસાર, ૩. નિયમસાર, ૪. પંચાસ્તિકાયસંગ્રહ, ૫. દર્શનપાહુડ, ૬. સૂત્રપાહુડ, ૭. ચારિત્રપાહુડ, ૮. બોધપાહુડ, ૯. ભાવપાહુડ, ૧૦. મોક્ષપાહુડ, ૧૧. લિંગ પાહુડ, ૧૨. શીલપાહુડ વગેરે ૮૪ પાહુડો ઉપરાંત ૧૩. બારસ અણુવેક્ખા, ૧૪. ભક્તિસંગ્રહ ૧૫. ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ પરિકર્મ (ષટ્‌ખંડામગ) ટીકા તથા ૧૬. રયણસાર ગ્રંથ પણ તેમનો માનવામાં આવે છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૧૧ વર્ષની ઉંમરે ભગવતી જિનદીક્ષા લીધી હતી. ૩૩ વર્ષ પછી શક સંવત ૪૯ (ઈ.સ. ૧૨૭)ના માગસર વદ ૮ના દિવસે જિનચન્દ્રસ્વામી આચાર્યદેવે ચતુર્વિધસંઘની ઉપસ્થિતિમાં તેમણે આચાર્યપદવીથી અનુગૃહિત કર્યા હતા. પશ્ચાત્ તેઓશ્રી ૫૧ વર્ષ ૧૦ મહિના સુધી વિરાજિત રહ્યા. આપનું કુલ આયુષ્ય ૯૫ વર્ષ, ૧૦ માસ અને ૧૫ દિવસનું હતું.

વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ કુંદકુંદાચાર્યના દર્શન કરવાવાળા રાજપુત્ર ફતેહમંદકુમાર ભરતમાં જન્મેલા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ઉપર આપના સમયસાર શાસ્ત્રની એવી તો અસર થઈ કે સમયસાર મળવાના ટૂંક સમયમાં તેમણે નિર્મળ આત્માનુભૂતિ પ્રાપ્ત કરી લીધી. એટલું જ નહીં, આપના ગ્રંથો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ કરેલ પ્રવચનોની અદ્‌ભુત અસરથી સમગ્ર ભારતવર્ષમાં આખોય જૈન સમાજ યદ્‌કિંચિત્ પોતાના પુરુષાર્થાનુસાર આત્મહિતમાં રુચિવંત બની રહ્યો છે. ભગવાન કુંદકુંદદેવના ધર્મતીર્થને કહાનગુરુએ આ કાળમાં ચેતનવંત કર્યું તેથી એ તેઓશ્રીનો ઉપકાર છે.

એવા મહાસમર્થ ભાવલિંગનું તાદૃશ સ્વરૂપ એવા ભગવાન કુંદકુંદાચાર્યદેવને કોટિ-કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી વટ્ટકેરસ્વામી

ભગવાન મહાવીરસ્વામી બાદ થયેલા મહાન આચાર્યોમાં ભગવાન આચાર્યદેવ વટ્ટકેરસ્વામી પણ પોતાના એક માત્ર ગ્રંથ 'મૂલાચાર'ની રચનાથી પ્રસિદ્ધ છે.

આચાર્યદેવ વસુનંદિની સંસ્કૃત ટીકાના આધારે આપનું નામ 'વટ્ટકેર', 'વટ્ટકેય' 'વટ્ટરેક' વગેરેરૂપે ઉલ્લેખિત છે. જોકે તેમનું આ નામ પૈકી કોઈપણ નામ કોઈ પટ્ટાવલિઓ તથા ગુર્વાવલિઓમાં ઉપલબ્ધ નથી તોપણ આચાર્યદેવ વસુનંદિના મતાનુસાર તેમનું નામ વટ્ટકેરસ્વામી સ્પષ્ટરૂપે જણાય છે.


તેમની રચના 'મૂલાચાર'ની ઘણી ગાથાઓ શ્વેતામ્બર ગ્રંથ ઉત્તરાધ્યયન તથા દશવૈકાલિકમાં મળી આવે છે. તેના પરથી એ સિદ્ધ થાય છે કે 'મૂલાચાર' ગ્રંથ પ્રાચીન છે. કારણ કે તે સમયે એવો કાળ હતો કે મુનિ આચારાદિ સંબંધિત કેટલીક વિચારધારા જે દિગંબર આચાર્યોની હતી તે શ્વેતામ્બર આચાર્યોને પણ માન્ય હતી કારણ કે બંને સંપ્રદાયોને અલગ થયાને ઘણો સમય વ્યતીત થયો નહોતો.

તેમનું નામ કોઈ પટ્ટાવલીઓમાં પ્રાપ્ત ન થવાથી તથા ગાથાઓની ભાષા શૈલી વગેરેના આધારે કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે આચાર્યદેવ વટ્ટકેર સ્વામી બીજા કોઈ નહીં પરંતુ આપણા મહાન આચાર્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવ જ છે. હકીકત ગમે તે હોય પરંતુ એ સિદ્ધ થાય છે કે ઉક્ત 'મૂલાચાર' ગ્રંથ અતિ પ્રાચીન તથા મહાન ગ્રંથ છે.

આ ગ્રંથમાં મુનિરાજોના આચારોનું સુંદર વિવેચન કરવામાં આવ્યું છે. મુનિ ભગવંતોનું પ્રમાણભૂત આચાર-વર્ણન આ ગ્રંથ જેવું અન્ય ગ્રંથોમાં પ્રાપ્ત થતું નથી. આ ગ્રંથમાં ભાવલિંગવિહિન દ્રવ્યલિંગ લેવાનો નિષેધ ઘણા જ ભાવવાહી શબ્દોમાં કરવામાં આવ્યો છે, જેનો પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી ઘણીવાર આધાર આપે છે. ભાવવિહિન ક્રિયા સહેજ પણ કાર્યકારી નથી તેથી ભાવલિંગ જ ગ્રહણ કરવું તે મુમુક્ષુ માટે કાર્યકારી છે.

તેઓ ભગવાન કુંદકુંદાચાર્યદેવના સમયના એટલે કે ઈ.સ. ૧૨૭ થી ૧૭૯ ના સમયગાળાના આચાર્ય હશે તેવો વિદ્વાનોનો મત છે.

'મૂલાચાર'ના રચયિતા આચાર્ય વટ્ટકેરસ્વામીને કોટિ કોટિ વંદન.



રાજા ક્રૌંચનો ક્રૌંચશક્તિ દ્વારા મુનિરાજ કાર્તિકેય ઉપર ઉપસર્ગ

ભગવાન આચાર્યદેવ

# શ્રી કુમારસ્વામી અપરનામ સ્વામી કાર્તિકેય

કુમાર નામના અનેક આચાર્યો, પંડિતો તથા કવિઓ થયા છે જેમ કે :—

(૧) એક નાગરશાખાના આચાર્ય કુમારનંદિ કે જેઓશ્રીએ મથુરાના સારસ્વત આંદોલનમાં ગ્રંથ રચ્યા હતા. (ઈ.સ. ૧ની આસપાસ)

(૨) એક કુમારનન્દિને કુંદકુંદાચાર્યના શિક્ષાગુરુના રૂપે યાદ કરવામાં આવે છે. તથા તેમને લોહાચાર્ય અને માઘનંદિ આચાર્યોના સમકાલીન અનુમાનિત કરવામાં આવે છે. (ઈ.સ. ૪૮ થી ૮૭ આસપાસ)

(૩) એક કુમારનંદિ વજ્રનંદિના શિષ્ય તથા લોકચંદ્રના ગુરુ હતા. (ઈ.સ. ૬૮ થી ૧૧૮ની વચ્ચેની વિવિધ ગુર્વાવલિ અનુસાર)

(૪) એક કુમારસ્વામી અપરનામ કાર્તિકેયસ્વામી કે જે કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથના રચયિતા ગણાય છે. (ઈ.સ. ૧૦૯ થી ૨૦૦ની મધ્ય)


આ પ્રમાણે અનેક નામો વિવિધરૂપે આગમમાં ઈતિહાસવિદોને પ્રાપ્ત થયાં છે.

તેમાંથી અહીં કુમારસ્વામી આચાર્ય—અપરનામ કાર્તિકેયસ્વામીની જ વાત કરવામાં આવી છે. તેઓશ્રી વિષે ખરેખર નિર્વિવાદ સામગ્રી પ્રાપ્ત થતી નથી. તો પણ જે કાંઈપણ ઈતિહાસવિદોને આગમના આધારે પ્રાપ્ત થયું છે, તે આ મુજબ છે.

તેઓશ્રી અગ્નિ નામના રાજાના પુત્ર હતા. બાળબ્રહ્મચારી હતા. તે કારણે તેઓશ્રીએ પોતાના 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથમાં પાંચ બાલયતિ તીર્થંકરોને નમસ્કાર કર્યા છે. તેમની બહેનના લગ્ન રોહેડનગરના રાજા ક્રૌંચ સાથે થયા હતા. તેઓશ્રીએ તો કુમાર અવસ્થામાં જ મુનિદીક્ષા ધારણ કરી હતી. કોઈ કારણવશ રાજા ક્રૌંચ કાર્તિકેયસ્વામીથી અસંતુષ્ટ થઈ ગયા હતા અને તેઓએ ક્રૌંચ શક્તિ નામના શસ્ત્ર દ્વારા તેઓશ્રી ઉપર દારૂણ ઉપસર્ગ કર્યો. જેણે નિજ આત્મપ્રચુર લીનતા સાથે ત્રિગુપ્તભાવે સહન કરી મુનિરાજ કુમારસ્વામી સ્વર્ગલોકને પ્રાપ્ત થયા.

તેઓશ્રીએ ચંચળમન તથા વિષય-વાસનાને રોકવા માટે તથા શ્રદ્ધાપૂર્વક

જિનવચનોની પ્રભાવના માટે આ અનુપ્રેક્ષા ગ્રંથ બનાવ્યો છે તેવું તે ગ્રંથનું અંત્ય મંગળ વાંચતાં જણાય છે.



આચાર્ય કાર્તિકેયસ્વામી જંગલમાં શાસ્ત્ર લખી રહ્યા છે

કેટલાક ઈતિહાસવિદોનો શિલાલેખોના આધારે એવો પણ મત છે તે ઉક્ત નં-૧માં દર્શાવેલા આચાર્ય કુમારનંદિ બીજા કોઈ નહિ પરંતુ આ જ હતા. આપે જ નાગર શાખાના આચાર્યોના સારસ્વત આંદોલનમાં ગ્રંથનિર્માણનું કાર્ય કર્યું હતું. તે ઉપરથી એટલું અનુમાન તો કરી શકાય છે કે તેઓશ્રી એક પ્રતિભાશાળી, આગમ-પારગામી તથા પોતાના સમયના પ્રસિદ્ધ આચાર્ય હતા. જોકે સર્વે મંતવ્યોનું એકીકરણ કે એકત્વ કરવું મુશ્કેલ છે તોપણ શિલાલેખો અને આગમ આધારોથી એટલું તો સ્પષ્ટ થાય છે કે તેઓ મહા વૈરાગ્યવંત તથા આગમના મહાજ્ઞાતા હતા. તથા તેમની અંતર પરિણતિમાં એટલી પ્રચુર વિશુદ્ધિ વર્તતી હતી કે મહા ઉપસર્ગને પણ તેઓ નિજાત્માની મસ્તીમાં નહીંવત્ સહજ વેદતા હતા. તેમની એક માત્ર 'કાર્તિકેયાનુપ્રેક્ષા' કૃતિ પ્રસિદ્ધ છે કે જે વૈરાગ્યની જનની છે.

તેમનો સમય ઈતિહાસકારોએ ઈસુની દ્વિતીય શતાબ્દીનો મધ્યપાદ નિર્ણિત કર્યો છે.

આચાર્યદેવ સ્વામી કાર્તિકેયને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી સમન્તભદ્રદેવ


જૈન જગતમાં ગુણધર આચાર્યથી શરૂ કરીને ધરસેનાચાર્ય, ભગવત્કુંદકુંદાચાર્ય, ઉમાસ્વામી આચાર્ય સુધી એવા મહાન આચાર્યો થયા છે જેમણે યુગસર્જન કર્યું છે. તેથી તેઓ સર્વ યુગસ્રષ્ટા આચાર્યો હતા. તેમના કારણે જ અંગપૂર્વના વિચ્છેદ પામતા જ્ઞાનને ચારે અનુયોગરૂપ જિનવાણીનું મૂર્ત સ્વરૂપ મળવાથી ચારે અનુયોગરૂપ શ્રુતપરંપરા આજે પણ વિદ્યમાન છે. જો તે દિગંત આચાર્યોએ આવા પ્રયાસ ન કર્યા હોત તો કદાચ આજે આપણે સર્વે આત્મજ્ઞાનની સાચી વાત ક્યાંથી પામત? તેમના પછીના આચાર્ય ભગવંતોએ કાળદોષથી જીવોના જ્ઞાનની ક્ષીણતા થતી જોઈને તેમના ગ્રંથોના આધારે ટીકાઓ રચી અથવા પરંપરાથી પ્રાપ્ત જ્ઞાન દ્વારા મૌલિક ગ્રંથોની રચના કરી શ્રુતપ્રવાહને અવિરતરૂપે વહેતો રાખ્યો.

એવા આચાર્યોમાં સમન્તભદ્રાચાર્યદેવ સર્વ પ્રથમ આચાર્ય છે. જે યુગસર્જનકર્તા આચાર્યો તથા પશ્ચાત્વર્તી આચાર્યોને જોડતી કડીરૂપે છે. તેઓશ્રી સ્તોત્રકાવ્યના આદ્ય રચયિતા છે તેઓએ પોતાના જીવનકાળમાં સ્યાદ્વાદમય અનેકાંત શાસનને અકાટ્ય ન્યાય દ્વારા સિદ્ધ કર્યું છે, તે ખાસ કરીને જિનેન્દ્ર ભગવંતોની સ્તુતિના માધ્યમથી જ કર્યું છે. તેમણે જાણે ભગવાનની સ્તુતિનું વ્યસન ન થઈ ગયું હોય એવું તેમના સાહિત્યમાંથી પ્રતીત થાય છે.

તેમનો જન્મ દક્ષિણભારતના ઉરગપુરના 'રાજાબલિકથે' ઉત્કલિકા ગ્રામમાં થયો હતો. જે ઉરગપુર અંતર્ગત જ રહ્યું હશે. ઉરગપુર ચૌલ રાજાઓની પ્રાચીન ઐતિહાસિક રાજધાની નગરી હતી, જેને આજે ત્રિચનાપલ્લી[૧] કહેવાય છે. તેમનું જન્મ નામ ચૌલ રાજવંશના શાન્તિવર્મા અનુમાનિત કરવામાં આવ્યું છે કે જે તેમના 'સ્તુતિ-વિદ્યા' નામના ગ્રંથમાં કેટલાક કાવ્યોની નવવલયવાળી ચિત્ર રચનાથી પ્રતીત થાય છે. આપનો જન્મ ઈ.સ. ૧૨૦માં થયો હોય તેવું ઈતિહાસકારોનું માનવું છે.

તેઓ ન્યાય-શાસ્ત્રના મહાન આચાર્ય હતા, તેઓશ્રીએ પોતાના ગ્રંથોમાં પદાર્થનું સ્વરૂપ દ્રવ્ય-પર્યાયમય, નિત્ય-અનિત્યાત્મક, કારણ-કાર્યરૂપ વગેરે અનેકરૂપ દર્શાવ્યું છે જે

૧. આ સ્થાન કાવેરી નદીના કિનારે ફણિમંડળ અંતર્ગત અત્યંત સમૃદ્ધશાળી માનવામાં આવે છે.




મુનિરાજ સમન્તભદ્રસ્વામીએ ગુરુ પાસે સમાધિમરણની આજ્ઞા માગી


અનેકાન્તિક જ છે. તે સ્વરૂપ અન્ય પ્રકારે હોઈ જ ન શકે, તે સિદ્ધ કરવા માટે તેમણે જે ગંભીર અને ઊંડા ન્યાયો આપ્યા છે તેના ભાવો તેમના દ્વારા રચિત ગ્રંથોની ટીકાઓથી જ અત્યંત સ્પષ્ટ થાય છે, એવું પદાર્થસ્વરૂપ સમજવાથી જ આત્મકલ્યાણના માર્ગમાં સમ્યગ્દર્શન સાથે તત્ત્વજ્ઞાનની આવશ્યકતા (પ્રકાશિત) હોય છે તે તેઓશ્રીએ ચમત્કારીકરૂપે, પોતાના ગ્રંથોમાં દર્શાવ્યું છે.

જિનશાસના રહસ્ય—અનેકાંત–સ્યાદ્વાદ—ને હૃદયગત કરતા થકા તેઓ જૈનધર્મના મર્મજ્ઞ હતા. તેઓને તેમના સમયના બધા જ દર્શનશાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન હતું. તેના વડે તેઓએ તે દર્શનોની મધ્યસ્થતાપૂર્ણ પરીક્ષા જ નહીં પણ સમીક્ષા પણ કરેલ હતી.

તેમના પશ્ચાત્‌વર્તી આચાર્યોએ તેમના વિવિધ ગુણોની પ્રશંસા કરેલ છે જેમાંથી કેટલાક જેવા કે આદિપુરાણમાં આચાર્યદેવ જિનસેનજીએ તેમને 'મહાન કવિવેધા' કહીને, શ્રી વાદીસૂરિજીએ તેમને 'કાવ્યમણિઓનો પર્વત' કહીને, શ્રી વાદિભસિંહ આચાર્યે તેમને 'સ્યાદ્વાદની સ્વચ્છંદ વિહારભૂમિ કહીને, શ્રી વર્ધમાનસૂરિએ તેમને 'મહાકવિશ્વર, કુવાદી-જય-લબ્ધકીર્તિ અને સુતર્કશાસ્ત્રામૃતસાર સાગર' કહીને તેમની સુંદર પ્રશંસા કરી છે. તેવી જ રીતે શ્રી શુભચંદ્ર આચાર્ય, ભટ્ટારક સકલકીર્તિજી, બ્રહ્મ અજિતજી, કવિ દામોદર, શ્રી વસુનંદી આચાર્ય, શ્રી વિજયવર્ણી, શ્રી અજિતસેન આચાર્ય વગેરેએ પણ તેમની ઘણી જ પ્રશંસા કરી છે. એવી જ રીતે શિલાલેખોમાં પણ તેઓના વિવિધ ગુણોની સ્તુતિ કરેલ છે. આ ઉપરથી ટૂંકમાં કહીએ તો તેઓના પરિચય વિષયક વિશેષણો જે શિલાલેખો અને પશ્ચાત્‌વર્તી આચાર્યોના લખાણમાં ઉપલબ્ધ છે તે (૧) આચાર્ય, (૨) વાદી, (૩) વિરાટવાદી, (૪) પંડિત (ગમક), (૫) દૈવજ્ઞ (જ્યોતિર્વિદ), (૬) ભીષક્(વૈદ્ય), (૭) માંત્રિક(મંત્ર વિશેષજ્ઞ), (૮) તાંત્રિક(તંત્ર વિશેષજ્ઞ), (૯) આજ્ઞાસિદ્ધ, (૧૦) સિદ્ધસારસ્વત(સરસ્વતી જેને સિદ્ધ છે) આ મુજબ છે.

તેઓ સફળ પરીક્ષક હોવાથી તેઓએ સર્વજ્ઞ, વીતરાગ આપ્ત પ્રભુની પણ પરીક્ષા કરેલ. એટલું જ નહીં, તેઓ જાણે વાદદેવતા હોય તે રીતે તેઓએ વિવિધ સ્થાનોએ ઘણી જ નમ્રતાથી આડંબર રહિતપણે વાદીઓને અનેકાંત સ્યાદ્વાદ વિદ્યા વડે મંત્ર મુગ્ધ કરીને વીર પ્રભુના શાસનની સહસ્રગુણી પ્રભાવના કરેલ હતી. તેમાંના કેટલાક સ્થાનો જેવા કે પાટલીપુત્રનગર, માલવ(માલવા), સિંધુ(સિંધ), ઠક્ક(પંજાબ દેશ), કાંચીપુર(કાંજીવરમ) અને વૈદિશ(ભેલસા) વગેરે પ્રમુખ છે અર્થાત્ તેઓ ભારતના પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણના બધા જ મુખ્ય મુખ્ય સ્થળોએ વાદમાં અગ્રેસર સિદ્ધ થયા હતા એવું ઈતિહાસકારો માને છે.

આ પ્રમાણે જૈન વાઙ્‌ગમયમાં આચાર્ય સમન્તભદ્રજીને પૂર્ણ તેજસ્વી, વિદ્વાન,



ઈતિહાસકારો અનુસાર શ્રી સમન્તભદ્ર આચાર્ય ભવિષ્યમાં તીર્થંકર થનાર છે.


પ્રભાવશાળી દાર્શનિક, મહાન વાદ વિજેતા તથા કવિવરના સ્વરૂપે સ્મરણ કરવામાં આવ્યા છે. જૈનધર્મ અને જૈન સિદ્ધાન્તના મર્મજ્ઞ વિદ્વાન હોવાની સાથે સાથે તેઓ તર્ક, વ્યાકરણ, છંદ, અલંકાર તથા કાવ્ય-કોષાદિ વિષયોમાં પણ પૂર્ણતયા નિષ્ણાત હતા. પોતાની અલૌકિક પ્રતિભા દ્વારા તેઓશ્રીએ તાત્કાલિક જ્ઞાન અને વિજ્ઞાનના પ્રાયઃ સમસ્ત વિષયોને આત્મસાત કરી લીધા હતા. સંસ્કૃત, પ્રાકૃત વગેરે વિભિન્ન ભાષાઓના પણ તેઓ પારંગત વિદ્વાન હતા. સ્તુતિ વિદ્યાગ્રંથ દ્વારા તેમના શબ્દાધિપત્ય પર પણ પૂર્ણ પ્રકાશ પડે છે. તેઓના ભાવી તીર્થંકરપણાના પ્રમાણ પણ મળે છે.

દક્ષિણ ભારતમાં ઉચ્ચકોટિના સંસ્કૃત-જ્ઞાનને—પ્રોત્સાહન અને પ્રસારણ કરનારાઓમાં સમંતભદ્ર આચાર્યદેવનું નામ ઉલ્લેખનીય છે. તેઓ એવા યુગ સંસ્થાપક છે કે જેમણે જૈન વિદ્યાના ક્ષેત્રમાં એક નવો પ્રકાશ પાડ્યો છે. તેમના સમયમાં પ્રચલિત નૈરાતમ્યવાદ, શૂન્યવાદ, ક્ષણિકવાદ, બ્રહ્માદૈતવાદ, પુરુષ તથા પ્રકૃતિવાદ વગેરેની સમીક્ષા કરી તેઓશ્રીએ સ્યાદ્વાદ-સિદ્ધાંતની યથાર્થ સ્થાપના કરી છે.

તેઓએ કાંચીમાં ગૃહસ્થધર્મનો ત્યાગ પ્રથમ ભગવતી જિનદીક્ષા ગ્રહણ કરેલ હતી.

પ્રસિદ્ધ કથાનુસાર ઈ.સ. ૧૩૮માં મુનિ-દીક્ષા ગ્રહણ કર્યા બાદ જ્યારે તેઓ મણુવકહલ્લી સ્થાનમાં વિચરી રહ્યા હતા ત્યારે તેમને 'ભસ્મક વ્યાધિ' નામનો ભયાનક રોગ થઈ ગયો. જેથી દિગંબર મુનિદશાનો નિર્વાહ કરવાનું તેમને અશક્ય પ્રતીત થયું. તેથી તેઓશ્રીએ પોતાના ગુરુ પાસે સમાધિમરણ ધારણ કરવાની અનુમતિ માગી. ગુરુએ ભવ્યશિષ્યને આદેશ આપતા કહ્યું કે આપનાથી ધર્મ અને સાહિત્યની ઘણી ઉન્નત્તિ થશે તેથી તમે દીક્ષા છોડી રોગ મટાડવાનો ઉપાય કરો અને રોગ દૂર થતાં પુનઃ દીક્ષા ગ્રહણ કરી લો. ગુરુના આવા આદેશથી સમન્તભદ્ર રોગોપચાર માટે દિગંબર મુનિપદને છોડી અન્યમતના સંન્યાસી બની ગયા અને ઠેર ઠેર વિચરણ કરવા લાગ્યા. ત્યારબાદ વારાણસીમાં શિવકોટિ રાજાના ભીમલિંગ નામના શિવાલયમાં રાજાને આશીર્વાદ આપ્યા અને શિવજીને અર્પણ કરવામાં આવતા નૈવેદ્યને શિવજીને ખવડાવી દેવાની ઘોષણા કરી. રાજા પ્રસન્ન થયા તથા તેઓને નૈવેદ્ય ભક્ષણ કરાવવાની અનુમતિ આપી દીધી.

સમંતભદ્ર અનુમતિ પ્રાપ્ત કરી શિવાલયનાં કમાડ બંધ કરીને તે નૈવેદ્ય સ્વયં આરોગીને રોગને મટાડવા લાગ્યા. ધીમે ધીમે તેમનો રોગ મટવા લાગ્યો અને ભોજન સામગ્રી વધવા લાગી. રાજાને સંદેહ થયો તેથી ગુપ્તરૂપે રાજાએ શિવાલયની અંદર કેટલાક વ્યક્તિઓને છુપાવી દીધા. સમંતભદ્રને નૈવેદ્યનું ભક્ષણ કરતાં છુપાયેલા વ્યક્તિઓએ જોઈ લીધા. તેમને રાજાએ શિવપિંડને નમસ્કાર કરવા કહ્યું ત્યારે સમંતભદ્રએ આ બાબતમાં આનાકાની કરતાં કહ્યું કે આ શિવલિંગ મારો નમસ્કાર સહન નહીં કરી શકે. ત્યારબાદ રાજા



સમન્તભદ્ર ગૃહસ્થ વેષમાં રાજાના આદેશથી શિવપિંડીના દર્શન કરતા સ્વયંભૂસ્તોત્રની રચના કરે છે ત્યારે ચન્દ્રપ્રભુ ભગવાનની સ્તુતિ આવતાં શિવલિંગ ફાટીને ચંદ્રપ્રભનું જિનબિંબ પ્રગટ થાય છે.

શિવકોટિએ ધમકી આપતાં સમંતભદ્રએ તેને ઉપસર્ગ સમજીને ચોવીસ તીર્થંકરની 'સ્વયંભૂસ્તોત્ર' નામની સ્તુતિનો આરંભ કર્યો. તેઓ એકાગ્રચિત્તથી સ્તવન કરતા રહ્યા, જ્યારે તેઓ ચંદ્રપ્રભસ્વામીની સ્તુતિ કરી રહ્યા હતા ત્યારે શિવની પિંડી તૂટી ગઈ તથા મધ્યમાંથી ચંદ્રપ્રભસ્વામીનું મનોજ્ઞ બિમ્બ પ્રગટ થઈ ગયું. (આજે પણ વારાણસીમાં આ ફટાલિંગના નામથી પ્રચલિત અને વિદ્યમાન છે.) સમંતભદ્ર દ્વારા પ્રગટ થયેલા જિનમાહાત્મ્યને જોઈને શિવકોટિ રાજા અને તેમના ભાઈ શિવાયન આશ્ચર્યચકિત થઈ ગયા. સમંતભદ્રજીએ વર્ધમાનપર્યંત ચોવીસ તીર્થંકરોની સ્તુતિ પૂર્ણ થઈ જતાં રાજાને આશીર્વાદ આપ્યા.

તેમનો રોગ મહદ્ અંશે શાંત થઈ ગયો હોવાથી તેઓ પુનઃ દીક્ષા ધારણ કરી આત્મસાધના કરવા લાગ્યા. તેઓ જે ગામમાં વિહાર કરતા ત્યાં તેમની સાથે કોઈ વાદ કરવા આવતું તો શાન્તભાવે અકાટ્યન્યાય દ્વારા તેને અનેકાન્તમય ઉપદેશ આપતા જેનાથી તે વાદી તુરંત સંતુષ્ટ થઈ જતા હતા, તેથી તેમનું અપરનામ 'વાદિરાજ' અર્થાત્ 'આચાર્ય વાદિરાજ' પણ પડી ગયું હતું.

શિલાલેખોના આધારે તેઓને તે સમયે શ્રુતકેવળીઓની સમાન માનવામાં આવતા હતા તથા તેમને ભગવાન કુંદકુંદાચાર્યદેવના શિષ્ય ઉમાસ્વામી આચાર્ય તથા તેમના શિષ્ય બલાકપિચ્છાચાર્યના અન્વયી માનવામાં આવ્યા છે.

તેઓએ પોતાના જીવનકાળમાં જૈન વાઙ્ગમયને ઘણું કરીને, સ્તુતિ તથા અનેકાંતને ન્યાયથી સિદ્ધ કરીને સમૃદ્ધ બનાવ્યું છે. તેમની પ્રસિદ્ધ રચનાઓમાં (૧) સ્વયંભૂસ્તોત્ર, (૨) સ્તુતિવિદ્યા અપરનામ જિનશતક, (૩) દેવાગમ સ્તોત્ર અપરનામ આપ્તમીમાંસા, (૪) યુક્ત્યાનુશાસન-અપરનામ શ્રી વીર જિનગુણકથા (૫) રત્નકરંડક શ્રાવકાચાર (૬) જીવસિદ્ધિ (૭) તત્ત્વાનુશાસન (૮) પ્રાકૃત વ્યાકરણ, (૯) પ્રમાણ પદાર્થ, (૧૦) કર્મપ્રાભૃત ટીકા, (૧૧) ગંધહસ્તિ મહાભાષ્ય (તત્ત્વાર્થસૂત્ર ટીકા) અપ્રાપ્ય (૧૨) ષટ્ખંડાગમના પાંચ ખંડો પર ટીકા વગેરે છે.

તેમનો જીવનકાળ વિ.સં. ૧૨૦-૧૮૫નો અનુમાનિત કરવામાં આવે છે.

ન્યાયવિદ્યાના પ્રચંડ આચાર્યદેવ શ્રી સમન્તભદ્ર ભગવંતને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી યતિવૃષભ

શ્રી જયધવલા ટીકાના નિર્દેશાનુસાર આચાર્ય શ્રી યતિવૃષભે આર્યમંક્ષુ અને નાગહસ્તિ પાસેથી કષાયપાહુડની ગાથાઓનું સમ્યક્ પ્રકારે અધ્યયન કરી તેના અર્થોને અવધારણ કર્યા. ત્યારપછી કષાયપાહુડ ઉપર સંક્ષિપ્ત શબ્દાવલીમાં ચૂર્ણિસૂત્રોની રચના કરી તેના મહાન અર્થને નિબદ્ધ કર્યો. જો આચાર્યશ્રી યતિવૃષભે ચૂર્ણિસૂત્રોની રચના ન કરી હોત તો કદાચ કષાયપાહુડના અર્થ જ સ્પષ્ટ ન થઈ શકત. તેથી દિગંબર પરંપરામાં ચૂર્ણિસૂત્રોના પ્રથમ રચયિતા હોવાના કારણે આચાર્ય શ્રી યતિવૃષભદેવનું ઘણું મહત્ત્વ છે.

ધવલાકારે યતિવૃષભ આચાર્યના ચૂર્ણિસૂત્રોને વૃત્તિસૂત્ર તરીકે પણ ઓળખાવ્યા છે. કારણ કે જેમાં મહાન અર્થ છુપાયો હોય, જે હેતુ નિપાત અને ઉપસર્ગથી યુક્ત હોય, ગંભીર હોય, અનેકપદ સમન્વિત હોય, અવ્યવછિન્ન હોય અને તથ્યની દૃષ્ટિએ જે ધારાપ્રવાહિક હોય તેને ચૂર્ણિસૂત્ર કહે છે. અર્થાત્ જે તીર્થંકરની દિવ્યધ્વનિથી નિઃસૃત (પ્રવાહિત), બીજપદોના અર્થને બતાવવામાં સમર્થ હોય તે ચૂર્ણિપદ છે. ખરેખર ચૂર્ણિપદોને બીજસૂત્રોની વિવૃત્ત્યાત્મક સૂત્ર-રૂપ રચના કહેવાય છે અને તેમાં તથ્યોને વિશેષરૂપે રજૂ કરવામાં આવે છે. આશય એમ છે કે આચર્યવર યતિવૃષભના ચૂર્ણિસૂત્રોનું મહત્ત્વ ‘કષાયપાહુડ’ની ગાથાઓથી કોઈ રીતે ઓછું આંકી શકાય તેમ નથી. ગાથાસૂત્રોમાં જે અનેક વિષયોના સંકેત ઉપલબ્ધ થાય છે તેમનું ઉદ્ઘાટન ચૂર્ણિસૂત્રોમાં મળે છે. તેથી ‘કષાયપાહુડ’ અને ચૂર્ણિસૂત્ર બંને આગમ વિષયની દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે.

શ્રી યતિવૃષભાચાર્યનું વ્યક્તિત્વ આગમવ્યાખ્યાતાની દૃષ્ટિએ ઘણું છે. તેઓશ્રીએ આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા અને અર્થાધિકાર આ પાંચ ઉપક્રમોની દૃષ્ટિએ સૂત્રરૂપ અર્થોદ્ઘાટન કર્યું છે.

ચૂર્ણિસૂત્રકાર આચાર્યવર યતિવૃષભના વ્યક્તિત્વમાં નીચે પ્રમાણેની વિશેષતાઓ પ્રાપ્ત થાય છે.

(૧) આત્મસાધક હોવાની સાથે સાથે તેઓ શ્રુતારાધક પણ હતા.

(૨) નંદિસૂત્ર પ્રમાણે તેઓ કર્મપ્રકૃતિના જ્ઞાતા પણ સિદ્ધ થાય છે.

(૩) તેઓશ્રી આચાર્ય આર્યમંક્ષુના શિષ્ય અને આચાર્ય નાગહસ્તિના અંતેવાસી હતા.

(૪) તેઓશ્રી આઠમા કર્મપ્રવાદ (પૂર્વ)ના જ્ઞાતા હતા.

(૫) વ્યક્તિત્વના મહિમાવંતપણાની દૃષ્ટિએ યતિવૃષભ આચાર્ય ભૂતબલિ આચાર્યની સમકક્ષ હતા.

(૬) ચૂર્ણિસૂત્રોમાં આચાર્ય યતિવૃષભે સૂત્રશૈલીને પ્રતિબિમ્બિત કરી છે.

(૭) પરંપરાથી પ્રચલિત જ્ઞાનને આત્મસાત કરી ચૂર્ણિસૂત્રોની રચના કરવામાં આવી છે.

(૮) આચાર્ય યતિવૃષભ પ્રચુર સ્વસંવેદન સહ આગમજ્ઞાતા તો હતા જ પરંતુ તેઓશ્રીએ બધી પરંપરાઓમાં પ્રચલિત ઉપદેશ શૈલીનું પરિજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. અને પોતાની તે પ્રતિભાનો ચૂર્ણિસૂત્રોમાં ઉપયોગ કર્યો હતો.

(૯) આપે પ્રવચન વાત્સલ્યથી પ્રેરિત થઈને આચાર્ય ગુણધરના 'કષાયપાહુડ' ગ્રંથ ઉપર ચૂર્ણિસૂત્રની રચના હતી.

(૧૦) વિદ્વાનોના મતાનુસાર તેઓશ્રીએ 'કષાયપાહુડ'ના ચૂર્ણિસૂત્રો ઉપરાંત 'તિલ્લોયપણ્ણત્તિ' નામના ગ્રંથની પણ રચના કરી છે.

(૧૧) તેઓને મહાકર્મપ્રકૃતિ પ્રાભૃતનું જ્ઞાન હોવાથી તેમજ તેઓ આચાર્યશ્રી આર્યમંક્ષુના શિષ્ય અને આચાર્ય નાગહસ્તિના અંતેવાસી હોવાને કારણે તેમની પ્રાચીનતા પણ સિદ્ધ થાય છે.

અંતે જેમ વિષયાસક્ત પુરુષોને વિષયાસક્ત પુરુષોની કથા રુચિપૂર્વક સાંભળવાનું બહુ જ ગમે છે અને તેથી તેમની વિષયરસિકતા બલવત્તર થાય છે તે જ પ્રમાણે અધ્યાત્મના રુચિવંત જીવોને આગમ-અધ્યાત્મરસિક આચાર્યોની જીવનકથા ગમે છે. તેમજ આગમ-અધ્યાત્મમાં મસ્ત એવા આચાર્ય યતિવૃષભના જીવનથી આપણે પણ પોતાના અધ્યાત્મરસને પ્રમુદિત કરતા થકા પોતાની અધ્યાત્મરુચિને સજાવીશું. ભગવાન ગુણધર આચાર્યથી શરૂ થતી આચાર્ય પરંપરા અહીં યતિવૃષભ આચાર્ય સુધી પૂર્ણ થઈ જાય છે.

તેથી તેમના જીવનકાળ વિષે નિર્ણય કરવો મુશ્કેલ જણાય છે, તોપણ કેટલાક વિદ્વાનોનો મત છે કે તેમનો જીવનકાળ ઈ.સ. ૧૪૩ થી ઈ.સ. ૧૭૩ આસપાસનો હોવો જોઈએ.

'કષાયપાહુડના ચૂર્ણિસૂત્રો'ના રચયિતા આચાર્યદેવ શ્રી યતિવૃષભને કોટિ કોટિ વંદન.

## ભગવાન આચાર્યદેવ

# શ્રી ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી

જિનેન્દ્ર શાસનની પ્રચલિત પટ્ટાવલિઓ તથા શિલાલેખો પરથી જૈન ઈતિહાસકારોએ ઘણી જ વિચારણા બાદ એ સ્વીકાર કર્યો છે કે આચાર્યવર ઉમાસ્વામી ભગવાન કુંદકુંદાચાર્યદેવના પટ્ટ શિષ્યરૂપે આસીન થયા હતા. તેઓશ્રીએ જિનાગમ ઉલ્લેખિત મોક્ષમાર્ગનો ગ્રંથ સૂત્રરૂપે રચ્યો હોવાથી તે ગ્રંથનું નામ 'તત્ત્વાર્થસૂત્ર' છે. જેમાં સાત તત્ત્વોનું સ્વરૂપ વિસ્તૃતરૂપે બતાવવામાં આવ્યું છે. તેમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ પણ આવી જવાથી તે ગ્રંથનું અપરનામ 'મોક્ષશાસ્ત્ર' છે. આ શાસ્ત્ર એટલું ગંભીર છે કે એના પર વિવિધ ટીકાઓ રચાઈ છે તેમાં શ્રી સમન્તભદ્રાચાર્યદેવ રચિત 'ગંધહસ્તિ મહાભાષ્ય', શ્રી પૂજ્યપાદ આચાર્યદેવ રચિત 'સર્વાર્થસિદ્ધિ', શ્રી અકલંક આચાર્યદેવ વિરચિત 'તત્ત્વાર્થરાજવાર્તિક' તથા શ્રી વિદ્યાનંદી આચાર્યદેવવિરચિત 'તત્ત્વાર્થશ્લોકવાર્તિક' વગેરે મુખ્ય છે. આ પ્રમાણે આ ગ્રંથની ઘણી ખરી ટીકાઓ 'તત્ત્વાર્થ'ના નામથી શરૂ થતી હોવાથી આ ગ્રંથનું પ્રાચીન નામ 'તત્ત્વાર્થસૂત્ર' રહ્યું હશે એવું કેટલાક ઈતિહાસકારોનું મંતવ્ય છે. આ ગ્રંથ સૂત્રોના રૂપે રચાયો હોવાથી તેને ટૂંકમાં 'સૂત્રજી' પણ કહેવામાં આવે છે.

ભગવાન વાદિરાજ મુનિરાજના કથનાનુસાર આકાશમાં ઉડવાની ઈચ્છા કરવાવાળા પક્ષીઓ જે રીતે પોતાની પાંખોનો સહારો લે છે તે પ્રમાણે મોક્ષરૂપી નગરીએ જવા માટે ભવ્ય આત્માઓ મુનીશ્વરનો સહારો લે છે, તેવા મહાત્મા અગણિત ગુણોના ભંડાર સ્વરૂપ, ગૃદ્ધપિચ્છ નામના મુનિરાજને મારા સવિનય નમસ્કાર હો! એવા ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી જિનેન્દ્ર શાસનના પ્રસિદ્ધ આચાર્ય ભગવંત છે.

પ્રાપ્ત શિલાલેખો પ્રમાણે તેઓ કુંદકુંદાચાર્યદેવના વંશમાં જન્મ્યા હતા. તથા તેઓએ પ્રાણી રક્ષા માટે ગૃદ્ધપિચ્છ (પીંછી)ને ધારણ કરી હતી. તે શિલાલેખોમાં તેમનાં નામ ઉમાસ્વામી તથા ઉમાસ્વાતિ એમ બે મળી આવે છે. કોઈ કોઈ લેખોમાં તેમનું નામ 'ગૃદ્ધપિચ્છ' પણ દર્શાવવામાં આવ્યું છે તથા તેમના એક શિષ્યનું નામ બલાકપિચ્છ પણ દર્શાવવામાં આવ્યું છે.

તેઓશ્રીએ દ્રવ્યનું સ્વરૂપ દર્શાવનારા ત્રણ સૂત્રો આપ્યા છે. (૧) સત્‌દ્રવ્યલક્ષણમ્ (૨) ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. (૩) ગુણપર્યયવત્ દ્રવ્યમ્

આ ત્રણે સૂત્રો ભગવાન કુંદકુંદાચાર્યપ્રણીત ગ્રંથોમાંથી સીધાં જ લેવામાં આવ્યા છે તેથી તેઓ ભગવત્ કુંદકુંદાચાર્યદેવના જ શિષ્ય હોય તેમ યથાર્થપણે પ્રતીત થાય છે. તેઓ ઘણા મોટા વિદ્વાન અને વાચક આચાર્ય હતા.


તત્ત્વાર્થશ્લોકવાર્તિક ટીકામાં એવા પ્રકારનું લખાણ પ્રાપ્ત થાય છે કે ભગવાન શ્રી આચાર્યદેવ ઉમાસ્વામીને દ્વીપાયન નામના ભવ્યાત્માએ પૂછ્યું કે હે ભગવાન! આત્મા માટે હિતકારક શું છે? ભવ્ય દ્વારા એવો પ્રશ્ન કરાતાં આચાર્યદેવે મંગલપૂર્વક ઉત્તર આપ્યો– મોક્ષ. આ સાંભળી દ્વિપાયને ફરી પૂછ્યું કે તેનું સ્વરૂપ શું છે? અને તેની પ્રાપ્તિનો ઉપાય શું છે? તેના ઉત્તરરૂપે આચાર્યદેવે કહ્યું કે જોકે પ્રવાદિજનો (અન્યમતિઓ) તેને અન્ય પ્રકારે માને છે કોઈ શ્રદ્ધાન માત્રને મોક્ષમાર્ગ માને છે, કોઈ જ્ઞાનનિરપેક્ષ શ્રદ્ધાન અને ચારિત્રને મોક્ષમાર્ગ માને છે, પરંતુ જેમ ઔષધિના માત્ર જ્ઞાન, માત્ર શ્રદ્ધાન કે માત્ર પ્રયોગથી રોગની નિવૃત્તિ થતી નથી તેમ માત્ર શ્રદ્ધાન, માત્ર જ્ઞાન, કે માત્ર ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ભવ્યએ પૂછ્યું–તો પછી મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે? તેના ઉત્તરરૂપે આચાર્ય ભગવાને ''સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ એવું સૂત્ર કહ્યું છે તથા તે પછી અન્ય સૂત્રોની રચના કરેલ છે.

આવું જ કાંઈક આચાર્ય પૂજ્યપાદસ્વામીએ પોતાની ટીકા 'સર્વાર્થસિદ્ધિ'માં લખ્યું છે કે આ ગ્રંથ આસન્નભવ્યજીવના પ્રશ્નના ઉત્તરરૂપે રચવામાં આવ્યો છે. તે પ્રશ્ન 'મોક્ષ' સંબંધિત હોવાથી તથા 'મોક્ષમાર્ગ'નું જ તેમાં વર્ણન હોવાથી તે ગ્રંથનું નામ મોક્ષશાસ્ત્ર પ્રસિદ્ધ છે.


આ ગ્રંથ વિષે એક સ્થાને જુદા જુદારૂપે એક એવી જનશ્રુતિ (લોકકથા) આવે છે કે જે આ પ્રમાણે છે. સૌરાષ્ટ્ર દેશમાં દ્વીપાયન નામનો એક શ્રાવક રહેતો હતો. તેણે એકવાર મોક્ષમાર્ગ વિષયક કોઈ શાસ્ત્ર બનાવવાનો વિચાર કર્યો તથા રોજ એક સૂત્ર બનાવીને ભોજન કરીશ નહિતર ઉપવાસ કરીશ એવો સંકલ્પ લીધો. તથા તે જ દિવસે તેણે સૂત્ર બનાવ્યું 'દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' વિસ્મરણ થઈ જવાના ભયથી તેણે તે સૂત્ર ઘરના સ્તંભ ઉપર લખી લીધું. બીજા દિવસે કોઈ કાર્યવશ તે બહારગામ ગયો ત્યારે તેના ઘરે એક મુનિરાજ આહાર અર્થે પધાર્યા. પાછા વળતાં મુનિરાજની દૃષ્ટિ સ્તંભ ઉપર લખેલા સૂત્ર ઉપર પડી. તેઓએ ચુપચાપ 'સમ્યક્' શબ્દ સૂત્રની આગળ લખી દીધો અને કોઈને કહ્યા વિના જ પોતાના સ્થાને ચાલ્યા ગયા. શ્રાવકે, ઘેર પરત ફરતાં તે સૂત્રમાં કરવામાં આવેલા સુધારાને જોઈ પોતાની ભૂલ સ્વીકાર કરી તથા મુનિને શોધીને તેમને જ વિનંતી કરી કે તેઓ જ આ ગ્રંથની રચના કરે. કારણ કે તે શ્રાવકમાં સ્વયં તે ગ્રંથ પૂરો કરવાની યોગ્યતા નહોતી. તેની ભાવનાથી જ મુનિરાજે 'તત્ત્વાર્થસૂત્ર' (મોક્ષશાસ્ત્ર)ની ૧૦ અધ્યાયોમાં રચના કરી. તે મુનિરાજ અન્ય કોઈ નહીં 'આચાર્ય ઉમાસ્વામી' હતા. તેમના આ ગ્રંથથી પ્રતિફલિત થાય છે કે તેઓએ ચારે અનુયોગને પોતાના અંતરમાં આત્મસાત્ કરી લીધા હતા. તે માટે તેઓશ્રીએ પોતાના ગ્રંથમાં સંક્ષિપ્તમાં દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ તથા ચરણાનુયોગનો સાર




(૧) સૌરાષ્ટ્રનો દ્વિપાયન શ્રાવક સૂત્ર લખવાનો નિર્ધાર કરી ઘરના સ્તંભ ઉપર સૂત્ર લખે છે




દ્વીપાયન શ્રાવકની અનુપસ્થિતિમાં મુનિરાજ તેના ઘેર આહાર માટે પધાર્યા ત્યારે સ્તંભ ઉપરના સૂત્રમાં સુધારો કર્યો.



દ્વિપાયન શ્રાવકે જંગલમાંથી આચાર્યને શોધી કાઢી તેમને શાસ્ત્ર લખવા માટે નમ્રતાપૂર્વક નિવેદન કર્યું.

ભરી દીધો છે કે જેનાથી પ્રથમાનુયોગ સહજ જ યથાર્થરૂપે તાત્ત્વિક દૃષ્ટિકોણથી ભવ્યજીવોને સમજમાં આવી શકે.


આ ગ્રંથ જૈન સાહિત્યનો સંસ્કૃત ભાષામાં લખાયેલો સર્વપ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથ સૂત્રમાં હોવાથી કંઠસ્થ થઈ શકે તેવો છે. આ સૂત્રો દાર્શનિક તત્ત્વોની ગંભીરતાથી એટલાં ભરપૂર છે કે આ ગ્રંથ ઉપર મહાન-મહાન આચાર્યદેવોએ ગંભીર તેમજ દાર્શનિક તત્ત્વોથી સભર ટીકાઓ રચી છે. તેમાં ક્યાંક ક્યાંક ગંભીર દાર્શનિક તથ્યોને ઘણી જ ખૂબીપૂર્વક ખોલવામાં આવ્યાં છે. તે જ તે ગ્રંથની સ્વયંમાં મોટી સફળતા (ઉપાધિ) છે.

તેઓશ્રીની વિદ્વતતા તો તત્ત્વાર્થસૂત્રથી જ સ્પષ્ટ વર્તાય છે કે જેમાં તેઓશ્રીએ પોતાના ગુરુ ભગવાન કુંદકુંદાચાર્યદેવના પંચ પરમાગમો વગેરેમાં ઉલ્લેખિત ભાવોને ઘણી જ નિપૂણતાથી આત્મસાત કરી લીધા છે. તત્ત્વાર્થસૂત્રના વાચકોને તેના અભ્યાસથી આવો સહેજે ખ્યાલ આવી જાય છે. તેથી જ પ્રાચીનકાળમાં ઘણા લોકો તત્ત્વાર્થસૂત્રને ભગવાન કુંદકુંદાચાર્યની રચના માનવા લાગ્યા હતા.

તેમની નિરૂપણ શૈલી ઘણી ગંભીર હતી. તે વિષે કહેવાય છે કે તેઓશ્રી દ્વારા રચિત તત્ત્વાર્થસૂત્રનું મંગલાચરણ જે "મોક્ષમાર્ગસ્ય નેતારં, ભેતારં કર્મભૂભૃતામ, જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં વન્દે તદ્ગુણલબ્ધયે ."ની ટીકા આચાર્ય સમન્તભદ્રજીએ ૧૧૪ સંસ્કૃત શ્લોકમાં રચી, જેનો પ્રથમ શબ્દ 'દેવાગમ' હોવાથી તે 'દેવાગમ સ્તોત્ર'ના નામે પ્રસિદ્ધ છે. તેમાં આપ્તમીમાંસા—આપ્ત અંગે—ઊંડી વિચારણા હોવાથી તે આપ્તમિમાંસાના નામથી પ્રસિદ્ધ છે. તેની ભગવાન અકલંક આચાર્યદેવે ૮૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી તેનું નામ 'અષ્ટશતી' આપ્યું. તેના પર આચાર્ય વિદ્યાનંદીએ ૮૦૦૦ શ્લોકપ્રમાણ વિશદ ટીકા રચી જેનું નામ અષ્ટસહસ્રી છે. આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે તત્ત્વાર્થસૂત્રનું મંગલાચરણ જ એટલું ગંભીર હતું કે જેના ભાવોને ખોલવા માટે ૮૦૦૦ શ્લોકપ્રમાણ સુધીની ટીકા શ્રી વિદ્યાનંદિ આચાર્યદેવને કરવી પડી.

ઉપરોક્ત આચાર્યોએ બનાવેલી ટીકાઓ સિવાય પણ જૈન સાહિત્યમાં તે ગ્રંથની અનેકાનેક ટીકાઓ ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં આપવામાં આવેલ તાત્ત્વિક ચિંતવના એટલી મહાન છે કે જૈન સંપ્રદાયની દિગંબર તથા શ્વેતામ્બર બંને આમ્નાયોમાં તેનું, પૂજ્યતા તથા પ્રમાણતાના દૃષ્ટિકોણથી, સમાન મહત્વ છે. તેમના સૂત્રોનો પશ્ચાત્‌વર્તી આચાર્યોએ પોતાના શાસ્ત્રોમાં ભરપૂર ઉપયોગ કર્યો છે તે ઉપરથી જ તે ગ્રંથની મહાનતા તથા આચાર્યદેવની મહાનતા હૃદયમાં ઉતર્યા વિના રહેતી નથી. ઇતિહાસકારોનું માનવું છે કે તેઓશ્રી ઈ.સ. ૧૭૯ થી ૨૪૩ સુધીના સમય ગાળાના આચાર્ય છે.

'તત્ત્વાર્થસૂત્ર'ના રચયિતા આચાર્યદેવ શ્રી ઉમાસ્વામીને કોટિ કોટિ વંદન.




### ભગવાન આચાર્યદેવ

## શ્રીદત્તાચાર્ય


આચાર્યવર શ્રીદત્તજી ભાવલિંગી મુનિ ધર્માત્મા, પોતાના આત્મામાં મસ્ત રહેતા થકા, મહાન દાર્શનિક આચાર્ય હતા. તેઓશ્રી માત્ર દાર્શનિક જ નહિ પરંતુ વાદ વિદ્યામાં પણ પારંગત હતા.

આચાર્ય વિદ્યાનંદિજીએ તેમના 'જલ્પ-નિર્ણય' તથા 'વાદન્યાય વિચક્ષણ' ગ્રંથનો ઉલ્લેખ કરીને તેમને ૩૬૩ વાદીઓને જીતનાર બતાવ્યા છે. તેથી સ્પષ્ટ છે કે આચાર્યવર શ્રીદત્ત મોટા તપસ્વી તથા વાદવિજેતા વિદ્વાન હતા. વિક્રમની છઠ્ઠી શતાબ્દીના પૂર્વાર્ધના વિદ્વાન આચાર્યવર દેવનંદીએ પૂજ્યપાદ જૈનેન્દ્ર વ્યાકરણમાં આચાર્યવર શ્રીદત્તજીનો નામોલ્લેખ કર્યો છે. તે જ પ્રમાણે આચાર્યદેવ જિનસેને પણ તેમનું નામ સ્મરણ કર્યું છે. તેથી એ ઘણું જ સંભવિત છે કે આચાર્ય દેવનંદી અને આચાર્ય જિનસેન દ્વારા ઉલ્લેખિત આચાર્યવર શ્રીદત્ત એક આચાર્ય જ હશે. આદિપુરાણકારે આચાર્યવર શ્રીદત્તને તપઃશ્રી દીપ્તમૂર્તિ અને વાદિરૂપી ગજોના પ્રભેદક છે, તે ઉપરથી પણ આચાર્યવર શ્રીદત્તજી દાર્શનિક વિદ્વાન હોય તેવું પ્રતીત થાય છે. જૈનેન્દ્ર વ્યાકરણમાં જે છ વિદ્વાનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં માત્ર ભૂતબલિ જ સિદ્ધાન્ત શાસ્ત્રોના મર્મજ્ઞ હતા. તેમના સિવાયના સર્વે દાર્શનિક વિદ્વાનો હતા.


જો કે તેઓએ જાતે જલ્પનિર્ણય અને વાદન્યાય સિવાય અન્ય કોઈ વિશેષ ઉલ્લેખનીય શાસ્ત્રની રચના કરી નથી, તોપણ શતાબ્દીઓ સુધી મહાન શાસ્ત્ર રચયિતા આચાર્યદેવ પૂજ્યપાદસ્વામી અપરનામ દેવનંદિ, અષ્ટસહસ્રીના રચયિતા વિદ્યાનંદી, આદિપુરાણના રચયિતા જિનસેનાચાર્ય (દ્વિતીય) જેવા મહાન આચાર્યોએ તેમને ઘણા જ પૂજ્યભાવથી સ્મરણ કર્યા હોઈ તે તેમના અંતરની વિશુદ્ધ પરિણતિની અતિશયતા જ સૂચિત કરે છે.

તેઓ ઈસ્વીસનની ચોથી શતાબ્દીના મધ્યપાદવર્તી આચાર્ય હતા.

ભગવાન શ્રીદત્તાચાર્ય ભગવંતને કોટિ કોટિ વંદન.




દેવો દ્વારા આપના ચરણકમળ પૂજવાથી
તેઓ પૂજ્યપાદ તરીકે પ્રખ્યાત થયા.



આચાર્ય પૂજ્યપાદસ્વામી ઘણીવાર વિદેહક્ષેત્રમાં સીમંધર
ભગવાનના દર્શનાર્થે ગયા હતા.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી પૂજ્યપાદસ્વામી અપરનામ દેવનંદી

ભારતીય પરંપરામાં જે લબ્ધપ્રતિષ્ઠિત, તત્ત્વદૃષ્ટા, શાસ્ત્રકાર થયા છે તેમાં આચાર્ય પૂજ્યપાદનું નામ મુખ્યરૂપે લેવામાં આવે છે. તેઓશ્રીને પ્રતિભા અને વિદ્વતા બંનેનું સમાનરૂપે વરદાન પ્રાપ્ત થયું હતું. જૈન પરંપરામાં આચાર્ય સમન્તભદ્ર અને સન્મતિના કર્તા આચાર્ય સિદ્ધસેન પશ્ચાત્ સાહિત્યિક જગતમાં જો કોઈને પણ ઉચ્ચપદ પર આસીન કરી શકાય તો તે ભગવાન કુંદકુંદાચાર્યની જેમ આચાર્ય શ્રી પૂજ્યપાદ સ્વામી છે. તેઓ પોતાની પાછળ જે સાહિત્ય મૂકી ગયા છે તેનો પ્રભાવ દિગંબર અને શ્વેતામ્બર બંને પરંપરાઓમાં સમાનરૂપે જોઈ શકાય છે. આ જ કારણ છે કે ઉત્તરકાલવર્તી અધિકતર સાહિત્યકારો તથા ઈતિહાસ મર્મજ્ઞોએ તેમની મહત્તા, વિદ્વતા અને બહુજ્ઞતા સ્વીકાર કરતાં તેમના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પિત કર્યાં છે.

શિલાલેખો તથા અન્ય પ્રમાણોથી જાણી શકાય છે કે તેમનું ગુરુ દ્વારા આપેલું દીક્ષાનામ 'દેવનંદિ' હતું. બુદ્ધિની પ્રખરતાને કારણે તેમનું નામ 'જિનેન્દ્રબુદ્ધિ' કહેવામાં આવતું હતું તથા દેવો દ્વારા તેમના ચરણયુગલની પૂજા કરવાથી તેમનું 'પૂજ્યપાદ' એવું નામ લોકમાં પ્રસિદ્ધ થયું હતું.

આચાર્ય પૂજ્યપાદ મૂલસંઘના અંતર્ગત નંદિસંઘ બલાત્કારગણના પટ્ટાધીશ હતા. તથા અન્ય પ્રમાણોથી એમ પણ જણાય છે કે તેમનો ગચ્છ 'સરસ્વતી'નામથી પ્રખ્યાત હતો. આપણા પ્રસિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવ અને ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી આ જ પરંપરાના પૂર્વવર્તી આચાર્ય હતા તેમ પણ નક્કી થાય છે.

કર્ણાટક દેશના 'કોલે' નામના ગ્રામના નિવાસી માધવભટ્ટ બ્રાહ્મણ અને શ્રીદેવી બ્રાહ્મણીને ત્યાં પૂજ્યપાદનો જન્મ થયો. જ્યોતિષિઓએ તે બાળકને ત્રિલોકપૂજ્ય દર્શાવ્યો. તે કારણે પણ તેમનું નામ પૂજ્યપાદ રાખવામાં આવ્યું તેવું ઈતિહાસવિદોનું માનવું છે. માધવભટ્ટે પોતાની પત્નીના કહેવાથી જૈનધર્મનો સ્વીકાર કરી લીધો. તેમના સાળાનું નામ 'પાણિની' હતું. તેમને પણ તેઓએ જૈનધર્મ સ્વીકારવા કહ્યું પરંતુ પ્રતિષ્ઠાના વિચારથી જૈન ન બનતાં તેઓ મુંડીકુંડ ગ્રામમાં વૈષ્ણવ સંન્યાસી બની ગયા. પૂજ્યપાદ સ્વામીની કમલિની નામની એક નાની બહેન હતી, તેને ગુણભટ્ટ સાથે પરણાવવામાં આવી હતી. ગુણભટ્ટને ત્યાં તે કમલિનીથી નાગાર્જુન નામનો પુત્ર થયો.


પૂજ્યપાદજી સર્પકે મુઁહમેં મેંઢક દેખ વૈરાગ્યકી વૃદ્ધિસે મુનિદીક્ષા લેને ઉદ્ધત।


પૂજ્યપાદે તો લગ્ન ન કરી નાનપણમાં જ જૈનધર્મ સ્વીકાર કરી લીધો. પશ્ચાત્ તેઓએ બગીચામાં સર્પના મુખમાં ફસાયેલા દેડકાને જોયો. તેથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો અને જૈનસાધુ બની ગયા.

પાણિની પોતાના વ્યાકરણની રચના કરી રહ્યા હતા. તેમણે પોતાનો મરણકાળ નિકટ જાણીને પૂજ્યપાદને કહ્યું કે 'તમે તેને પૂર્ણ કરી દેજો.' તેઓએ તે પૂર્ણ કરવાનો સ્વીકાર કરી લીધો. પાણિની દુર્ભાગ્યવશ મરીને સર્પ થયો. એકવાર તે સર્પે પૂજ્યપાદને દેખીને ફુંફાડો માર્યો ત્યારે પૂજ્યપાદે કહ્યું ''વિશ્વાસ રાખો, હું તમારા વ્યાકરણને પુરું કરી દઈશ'' ત્યારબાદ તેઓએ પાણિની વ્યાકરણને પૂર્ણ કરી દીધું.

પૂજ્યપાદ સ્વામી અનેકવાર વિદેહક્ષેત્રે ગયા હતા, તથા તેઓએ અનેક તીર્થોની યાત્રા પણ કરી હતી. તેમના શિષ્ય વજ્રનંદિ હતા. પૂજ્યપાદ મુનિરાજ ઘણા સમય સુધી આત્મધ્યાનરૂપ યોગનો અભ્યાસ કરતા રહ્યા. એકવાર માર્ગમાં તેમની દૃષ્ટિ નષ્ટ થઈ ગઈ હતી તેથી તેઓશ્રીએ એક શાલ્યાષ્ટક બનાવીને દૃષ્ટિ ફરીથી પ્રાપ્ત કરી લીધી હતી. (આ બાબતની સત્યતામાં વિવિધ મત છે.) એક વાત સ્પષ્ટ છે કે આચાર્ય પૂજ્યપાદ પાણિની વ્યાકરણ તથા તેના વાર્તિક અને મહાભાષ્યના મર્મજ્ઞ હતા. પૂજ્યપાદ મુનિ ઘણા સમય સુધી આત્મધ્યાનરૂપ યોગમય સારપદનો અભ્યાસ કરતા રહ્યા. તે પછી તેઓએ પોતાના ગ્રામમાં આવીને સમાધિપૂર્વક મરણ કર્યું.

અત્યારસુધી પૂજ્યપાદ આચાર્ય દ્વારા રચિત તેમની નિમ્ન ગ્રંથ રચનાઓ ઉપલબ્ધ છે. (૧) દશભક્તિ (૨) જન્માભિષેક, (૩) તત્ત્વાર્થવૃત્તિ (સર્વાર્થસિદ્ધિ-તત્ત્વાર્થસૂત્ર ટીકા), (૪) સમાધિતંત્ર, (૫) ઈષ્ટોપદેશ, (૬) જૈનેન્દ્ર વ્યાકરણ (૭) સિદ્ધિપ્રિય સ્તોત્ર.

આચાર્ય પૂજ્યપાદ સ્વામીનો સમય ઈસ્વીસનની પાંચમી શતાબ્દિનો મધ્યપાદ સિદ્ધ થાય છે જે સર્વમાન્ય છે. આચાર્ય પૂજ્યપાદસ્વામીને કોટિ કોટિ વંદન.


ध्यानस्थ आचार्य वज्रसूरिजी

ભગવાન આચાર્યદેવ

## શ્રી વજ્રસૂરિ અપરનામ વજ્રનંદિ

આચાર્ય વજ્રસૂરિ આચાર્ય પૂજ્યપાદ (દેવનંદિ)ના શિષ્ય–દ્રાવિડ સંઘના સંસ્થાપક, વજ્રનંદિ હોય તેમ જણાય છે. હરિવંશપુરાણમાં તેમના સંબંધમાં કહેવાયું છે કે–

**वरसूरेर्विचारिण्य सहेत्वोर्बन्धमोक्षयोः।**
**प्रमाणं धर्मशास्त्राणां प्रवक्तृणामिवोक्तयः।।**

અર્થાત્ જે હેતુ સહિત બંધ અને મોક્ષનો વિચાર કરનારાં છે એવાં શ્રી વજ્રસૂરિનાં કથનો, ધર્મશાસ્ત્રોનું વ્યાખ્યાન કરવાવાળા ગણધરોનાં કથનોની જેમ જ પ્રમાણરૂપ છે.

ઉપરોક્ત કથનથી એમ ધ્વનિત થાય કે વજ્રસૂરિ પ્રસિદ્ધ સિદ્ધાંતશાસ્ત્રના જ્ઞાતા થયા છે, તેમનાં વચનો ગણધરોનાં વચનો સમાન માનવામાં આવે છે. અપભ્રંશ ભાષાના કવિ ધવલે પોતાના હરિવંશપુરાણમાં લખ્યું છે કે

**वज्रसूरि सुपसिद्धउ मुणिवरु, जेण पमाणगंथु किउ चंगउ।।**

અર્થાત્ વજ્રસૂરિ નામના પ્રસિદ્ધ મુનિવર થયા જેમણે સુંદર પ્રમાણગ્રંથ બનાવ્યો.

આચાર્ય જિનસેન અને આચાર્ય ધવલ બંનેએ વજ્રસૂરિનો ઉલ્લેખ પૂજ્યપાદસ્વામી પશ્ચાત્ હોવાનો કર્યો છે. તેથી આ તે જ વજ્રનંદિ જણાય છે જે પૂજ્યપાદસ્વામીના શિષ્ય હતા. જેમને દેવસેનસૂરિએ તેમના દર્શનસારમાં દ્રવિડસંઘના કહ્યા છે. પરંતુ તે દ્રવિડસંઘથી તેઓ ભિન્ન જણાય છે કારણ કે દ્રવિડસંઘ તો પૂજ્યપાદસ્વામીના ઘણા સમય પછી થયો હતો. નવસ્તોત્ર સિવાય તેમનો કોઈ પ્રમાણગ્રંથ પણ હશે, આચાર્ય જિનસેનના ઉલ્લેખો પરથી તેમનો કોઈ સિદ્ધાંતગ્રંથ હોવાની પણ સંભાવના થઈ શકે છે.


ઉપરોક્ત ઉલ્લેખથી સ્પષ્ટ છે કે તેમનું અપરનામ વજ્રનંદિ હતું. તેમનો સમય ઈ.સ. ૪૪૨ થી ૪૬૪ જણાય છે. આચાર્યદેવ શ્રી વજ્રસૂરિને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી યશોભદ્ર

પ્રખર તાર્કિકરૂપે આચાર્ય જિનસેનસ્વામીએ આપને યાદ કર્યા છે આદિપુરાણમાં દર્શાવ્યું છે કે–

**विदुष्विणीषु संसत्सु यस्य नामापि कीर्तितम्।**
**निखर्वयति तद्गर्व यशोभद्रः स पातु नः॥**



વર્ષાઋતુમાં ધ્યાનસ્થ આચાર્ય શ્રી યશોભદ્રજી

અર્થાત્ વિદ્વાનોની સભામાં જેમનું નામ કહી દેવામાત્રથી સર્વેનો ગર્વ દૂર થઈ જાય છે, તે યશોભદ્ર અમારી રક્ષા કરો.

જૈનેન્દ્ર વ્યાકરણમાં 'ક્વવૃષિમૃજાં યશોભદ્રસ્ય(૧-૧-૯૯) સૂત્ર આવ્યું છે. તેથી આચાર્ય જિનસેનજી દ્વારા ઉલ્લેખિત આચાર્ય યશોભદ્રજી અને દેવનંદિના જૈનેન્દ્ર વ્યાકરણમાં નિર્દિષ્ટ આચાર્ય યશોભદ્રજી એક જ છે.

તેમનો સમય વિ.સં. છઠ્ઠી શતાબ્દી પૂર્વનો હોવો જોઈએ.

આચાર્યદેવ શ્રી યશોભદ્ર ભગવંતને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

# યોગીન્દ્રદેવ અપરનામ જોઈન્દુ–યોગીન્દુ

સનાતન જિનશાસનમાં થયેલા અત્યંત વિરક્તચિત્ત જોઈન્દુ અથવા યોગીન્દુ એક આધ્યાત્મિકવેત્તા આચાર્ય હતા. તેમના જીવનવૃત્તાંત વિષે ન તો તેમના ગ્રંથોમાંથી કે ન તો અન્ય શાસ્ત્રોમાંથી કોઈ સામગ્રી મળે છે તે છતાં તેઓ દિગંબર આચાર્ય થયા પૂર્વે વૈદિક મતાનુસારી રહ્યા હશે કારણ કે તેમની કથન શૈલીમાં વૈદિક માન્યતાના શબ્દો ઘણા પ્રમાણમાં આવે છે. તદુપરાંત તેમના ગ્રંથ 'પરમાત્મપ્રકાશ' તેમજ અન્ય ગ્રંથો ઉપરથી એટલું સ્પષ્ટ જણાય છે કે જિન વાઙ્મયમાં તેમનો જોઈન્દુ, યોગીન્દુ, જોગીચંદ્ર, યોગીચંદ્ર વગેરે વિવિધ નામો દ્વારા ઉલ્લેખ થયો છે. પરંતુ વિદ્વાનોના મત અનુસાર તેમનું નામ 'જોઈન્દુ' અથવા 'યોગીન્દુ' જ રહ્યું. બાકી સર્વે 'જોઈન્દુ'ના ભાષાનુવાદનો જ તફાવત છે.

તેમના શિષ્યનું નામ પ્રભાકર ભટ્ટ હતું. એવું પરમાત્મપ્રકાશ ગ્રંથમાંથી પ્રતીત થાય છે. તેમના પરમાત્મપ્રકાશ અને યોગસારના વિષયવસ્તુને જોતાં તેઓ માત્ર કવિ જ નહીં પણ અધ્યાત્મરસિક વિશેષ હતા તેમ પ્રતીત થાય છે. કારણ કે તેમના તે બંને ગ્રંથોમાં અધ્યાત્મતત્ત્વને ઊંડાણપૂર્વક, ગૂઢ અને સુંદર રીતે ભરી દીધું છે. તેમનો અપભ્રંશ ભાષા ઉપર અપૂર્વ અધિકાર હતો. તેમના ગ્રંથો ઉપરથી એ પણ વર્તાઈ આવે છે કે તેઓ ક્રાંતિકારી વિચારધારાના પ્રવર્તક હતા. તેથી વિદ્વાનોની માન્યતા છે કે જેમ કબીરે અન્યમતમાં જે રીતે ક્રાંતિકારી વિચારધારાને સ્થાપી છે, તેનું મૂળ સ્તોત્ર તેમની રચનાઓમાંથી જ પ્રાપ્ત થાય છે, તેમ તેઓશ્રી અધ્યાત્મને એવા જલદ્ શબ્દોમાં પ્રરૂપે છે કે જે સાંભળતાં જ સાંભળનારનો મોહ-મિથ્યા માન્યતા તો ટળી જ જાય. તેઓની લેખનશૈલીમાં, તેઓશ્રીએ ભગવાન કુંદકુંદાચાર્યદેવ તથા પૂજ્યપાદસ્વામીનું ઘણું અનુસરણ કર્યું છે એમ લાગ્યા વિના રહેતું નથી.

તેઓશ્રીએ અપભ્રંશ અને સંસ્કૃતના અનેક ગ્રંથો રચ્યા છે. જે પૈકી નીચેના નામો વિશેષ પ્રસિદ્ધ છે. (૧) સ્વાનુભવ દર્પણ (૨) પરમાત્મપ્રકાશ, (૩) યોગસાર, (૪) દોહાપાહુડ, (૫) સુભાષિતતંત્ર, (૬) અધ્યાત્મરત્નસંદોહ, (૭) તત્ત્વાર્થ ટીકા, (૮) અમૃતાશીતિ, (૯) નિજાત્માષ્ટક તથા (૧૦) નૌકાર શ્રાવકાચાર. પરમાત્મપ્રકાશ અને યોગસાર સિવાયની અન્ય રચનાઓ આચાર્ય યોગીન્દ્રદેવની જ છે કે અન્ય 'યોગીન્દુ'ની તેમ સ્પષ્ટપણે કહી શકાય તેમ નથી.

ભગવાન શ્રી કુંદકુંદસ્વામી તથા પૂજ્યપાદસ્વામીના પછી અર્થાત્ ઈ.સ.ની છઠી શતાબ્દીના ઉત્તરાર્ધમાં તેઓ થયા હોવા જોઈએ એવો વિદ્વાનોનો મત છે.

'પરમાત્મપ્રકાશ'ના રચયિતા આચાર્ય શ્રી યોગીન્દુદેવને કોટિ કોટિ વંદન.


ભગવાન આચાર્યદેવ

## શ્રી પાત્રકેસરી અથવા પાત્રસ્વામી


કવિ તથા દાર્શનિકરૂપે પાત્રકેસરીનું નામ પ્રસિદ્ધ છે. તેમનો મહિમા આચાર્ય જિનસેનસ્વામી વગેરે પશ્ચાત્‌વર્તી આચાર્યોના અંતરમાં અત્યધિક હતો.

પાત્રકેસરીનો જન્મ ઉચ્ચકુલીન બ્રાહ્મણ વંશમાં થયો હતો. સંભવતઃ તેઓ કોઈ રાજાના મહા અમાત્યપદે પ્રતિષ્ઠિત હતા. બ્રાહ્મણ સમાજમાં તેમની ઘણી જ પ્રતિષ્ઠા હતી. આરાધનાકોષમાં લખ્યું છે કે અહિચ્છત્રના અવનિપાલ રાજાના રાજ્યમાં ૫૦૦ બ્રાહ્મણો રહેતા હતા, તેમાં પાત્રકેસરી સહુથી મુખ્ય હતા.

આ નગરમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથનું એક વિશાળ ચૈત્યાલય હતું. પાત્રકેસરી



ઉચ્ચકુલીન બ્રાહ્મણ પાત્રકેસરી રાજાના મહામંત્રી પદ ઉપર



ભગવાન પાર્શ્વનાથના મંદિરમાં ચારિત્રભૂષણ મુનિથી 'દેવાગમ સ્તોત્ર' સાંભળીને અમાત્ય પાત્રકેસરી આશ્ચર્યચકિત થઈને સ્તોત્ર કંઠસ્થ કરે છે.

દરરોજ તે મંદિરમાં જતા હતા એક દિવસ ત્યાં તેઓએ ચારિત્રભૂષણ મુનિના શ્રીમુખેથી શ્રી સમન્તભદ્રાચાર્ય રચિત દેવાગમ સ્તોત્રનો પાઠ સાંભળ્યો. તેમણે મુનિરાજને સ્તોત્રનો અર્થ પૂછ્યો. પરંતુ મુનિરાજ તેનો અર્થ ન બતાવી શક્યા. પાત્રકેસરીએ પોતાની વિલક્ષણ પ્રતિભા દ્વારા સ્તોત્ર કંઠસ્થ કરી લીધું અને અર્થ વિચારવા લાગ્યા. વિચારતાં તેઓ આશ્ચર્યચકિત થયા. જેમ જેમ તેમને સ્તોત્રનો અર્થ સ્પષ્ટ થતો ગયો તેમ તેમ તેમને જૈન તત્ત્વો ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થતી ગઈ, અંતે તેઓએ જૈનધર્મનો સ્વીકાર કરી લીધો.

પરંતુ તેમને 'હેતુ'ના વિષયમાં સંદેહ રહી ગયો તથા તે સંદેહ સાથે શયન કરવાથી રાત્રિના અંતિમ પ્રહરમાં સ્વપ્ન આવ્યું કે 'હેતુ'નું લક્ષણ પાર્શ્વનાથના મંદિરમાં 'ફણ' પર લખવામાં આવેલ છે. તેથી સવારે જ્યારે તેઓ ભગવાન પાર્શ્વનાથના મંદિરમાં પહોંચ્યા તો ત્યાં તે મૂર્તિના 'ફણ' ઉપર નીચે મુજબ હેતુનું લક્ષણ પ્રાપ્ત થયું—

अन्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम्।
नान्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम्॥

અર્થ : જ્યાં 'અન્યથા અનુપપત્તિ' લક્ષણ હોય ત્યાં 'પક્ષધર્મત્વ' સપક્ષસત્ત્વ, વિપક્ષ-

વ્યાવૃત્તિ વગેરે ત્રણ લક્ષણોની શું આવશ્યકતા છે? તથા જો 'અન્યથા અનુપપત્તિ' લક્ષણ નથી તો ઉક્ત ત્રણેનો કોઈ મતલબ રહેતો નથી. તેથી હેતુનું અન્યથા અનુપપત્તિ લક્ષણ જ સુવ્યવસ્થિત લક્ષણ છે.[૧]

પાત્રકેસરીએ 'હેતુ'ના લક્ષણને સમજી નિઃશંક થઈને રાજ્યનું અધિકારી પદ છોડી દઈને મુનિદીક્ષા અંગીકાર કરી.

આ કથા પરથી નક્કી થાય છે કે પાત્રકેસરી ઉચ્ચ કુલીન બ્રાહ્મણ હતા તથા સ્વામી સમન્તભદ્રજીના દેવાગમ સ્તોત્ર(આપ્તમીમાંસા)નો ભાવ સમજવાથી તેમની જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગૃત થઈ અને જિનધર્મ ધારણ કરીને મુનિ થઈ ગયા.

કથાકોષ અનુસાર તેમણે અહિચ્છત્રના નિવાસી કહેવામાં આવ્યા છે. તેઓ દ્રમિલ-સંઘના આચાર્ય હતા. આ અભિલેખમાં આચાર્યદેવ સમંતભદ્રસ્વામી પછી આચાર્ય પાત્રકેસરીને દ્રમિલ-સંઘના પ્રધાન આચાર્ય દર્શાવ્યા છે. આચાર્ય પાત્રકેસરી પછી ક્રમશ આચાર્ય વક્રગ્રીવ, વજ્રનંદિ, સુમતિભટ્ટારક (દેવ) સમયદીપક અને અકલંક નામના આચાર્યો થયા છે.

તેઓએ 'ત્રિલક્ષણકવર્ધન' તથા 'પાત્રકેસરી સ્તોત્ર અપરનામ જિનેન્દ્ર ગુણ સ્તુતિ' તે બે ગ્રંથોની રચના કરી છે એમ જણાય છે. તેમાંથી 'ત્રિલક્ષણક વર્ધન' શાસ્ત્ર અપ્રાપ્ય છે; માત્ર તેનું નામ પ્રસિદ્ધ છે. આ ગ્રંથની મીમાંસા બૌદ્ધ વિદ્વાન શાંતરક્ષિતે પોતાના તત્ત્વસંગ્રહમાં કરી છે. જેનાથી જણાય છે કે આ ગ્રંથમાં તેઓએ બૌદ્ધમત દ્વારા પ્રતિપાદિક 'હેતુ'નાં પક્ષધર્મત્વ, સપક્ષ સત્ત્વ તથા વિપક્ષવ્યાવૃત્તિ એવા ત્રિલક્ષણોનો નિષેધ કરીને અન્યથા અનુપપત્તિ જ હેતુનું લક્ષણ સ્થાપિત કર્યું છે.

'પાત્ર કેસરી સ્તોત્ર'માં તેઓએ ભગવાનની સ્તુતિના રૂપે સમન્તભદ્રાચાર્યના 'આપ્તમીમાંસા' તથા 'યુક્તાનુશાસન'ની જેમ અનુપમ ગંભીર વિવિધ ન્યાયોનું જ વર્ણન કરીને એક અનુપમ શાસ્ત્ર ન્યાય શાસ્ત્ર જ, જગતના જીવોને પ્રદાન કર્યું છે.

તેમના ઉક્ત બંને ગ્રંથો પરથી સ્પષ્ટ થાય છે કે તેમનું 'ન્યાય' વિષય પર અપૂર્વ-પ્રભુત્વ હતું. માત્ર એટલું જ નહિ 'ભૂત ચૈતન્યવાદ'ના નિરસનથી તેમની સિદ્ધાન્તના વિષયમાં પણ પ્રબળતા પ્રતીત થાય છે.

તેમનો સમય વિક્રમની ઈ.સ.ની છઠ્ઠી–સાતમી શતાબ્દી માનવામાં આવે છે.

ભગવાન આચાર્યદેવ પાત્રકેસરી ભગવંતને કોટિ કોટિ વંદન.

---

૧. આ લક્ષણથી બૌદ્ધના 'પક્ષધર્મત્વ' આદિ ત્રિલક્ષણનો નિષેધ સહજ જ થઈ જાય છે.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી ઋષિપુત્ર

આચાર્ય ઋષિપુત્ર જ્યોતિષના પ્રકાંડ વિદ્વાન હોવાથી જૈન જગતમાં અધિક પ્રસિદ્ધિ પામ્યા નથી. તદુપરાંત પોતાની પરિણતિમાં વીતરાગ-વિજ્ઞાનતાની પ્રચુરતાના કારણે તેમણે પોતાના સાહિત્યમાં ક્યાંય પણ પોતાના વંશ વગેરેનો પરિચય આપ્યો નથી. માત્ર અન્યમતના ગ્રંથો પરથી એટલું જ જાણવા મળે છે કે તેઓ જ્યોતિષ વિદ્યાના દિગંબર પ્રકાંડ પંડિત તેમજ વિશેષજ્ઞ આચાર્ય હતા.

તેમનો માત્ર એક ગ્રંથ 'પાશકેવલી' જ ઉપલબ્ધ છે. પરંતુ તેમનાં વચનો જૈનતર ગ્રંથ 'વારાહિ સંહિતા'ની ભટોત્પલિ-ટીકા વગેરેમાં ઉદ્ધત હોવાથી તે સમયે તેમની પ્રસિદ્ધિ વિષે પુરતું અનુમાન થાય છે. એટલે સુધી કે તે ટીકામાં તેમની ગણના જ્યોતિષના અન્યમતના પ્રાચીન વિદ્વાન આર્યભટ્ટ, કુણાલ, કાશ્યપ, કપિલ, ગર્ગ, પારાશર, બલભદ્ર સાથે કરવામાં આવી છે. તેથી તેઓ પ્રાચીન તથા પ્રભાવક જણાય છે. તેઓ જ્યોતિષ આચાર્ય ગર્ગના પુત્ર હોવાથી જ ઋષિપુત્ર કહેવામાં આવતા હોય એવું ઈતિહાસકારોનું અનુમાન છે. તેમનું નિવાસસ્થાન ઉજ્જૈનીના આસપાસ હોવાનું પણ ઈતિહાસકારોનું અનુમાન છે.

નિજ આત્મસ્વભાવોત્પન્ન રત્નત્રયમય પરિણત ઋષિપુત્ર મુનિરાજને નિમિત્ત-શાસ્ત્ર, શુકન શાસ્ત્ર તથા ગ્રહોની સ્થિતિ દ્વારા ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાલિન ફળ, ભૂશોધન, દિક્શોધન, શલ્યોદ્ધાર, મેલાપક, આયાદ્યાનયન, ગ્રહોપકરણ, ગૃહપ્રવેશ, ઉલ્કાપાત વગેરે નિમિત્ત તથા અન્ય વિવિધ પ્રકારના જ્યોતિષિક સંબંધિત બાબતોનું જ્ઞાન હતું. તેમના જ્યોતિષ વિષયક ગ્રંથોનો પ્રાચીન ભારતમાં પર્યાપ્ત પ્રચાર રહ્યો છે તથા ઉત્તરકાલિન આચાર્યોએ તેમના સિદ્ધાન્તોને પોતાના ગ્રંથોમાં ઉલ્લેખ કરીને તેમના વચનોની પ્રમાણિકતા સ્વીકૃત કરી છે.

'ત્રિસ્કંધાત્મક જ્યોતિષ' તેમની પ્રારંભિક રચના મનાય છે. તે માત્ર સૂત્રાત્મક રચના છે. વિભિન્ન ગ્રંથમાં ઉદ્ધરિત તેમની સંહિતા વિષયક રચનાનું પણ અનુમાન લગાવવામાં આવે છે.

ઈતિહાસકારોના મત અનુસાર આપને ઈસાની છઠ્ઠી-સાતમી શતાબ્દીના આચાર્ય માનવામાં આવ્યા છે. આચાર્યદેવ શ્રી ઋષિપુત્ર ભગવંતને કોટિ કોટિ વંદન.




વાદી લોકો સિદ્ધસેન આચાર્યથી વાદમાં પોતાની હાર સ્વીકારી જિનધર્મ ગ્રહણ કરે છે.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી સિદ્ધસેન દીક્ષા નામ કુમુદચંદ્રાચાર્ય

આચાર્યદેવ શ્રી સિદ્ધસેનસ્વામી મહાકવિ તેમજ તર્ક અને ન્યાયના મહાજ્ઞાતા હોવાથી મહાદાર્શનિક પણ છે. જો કે સિદ્ધસેન નામના જૈન પરંપરામાં ઘણા વિદ્વાનો થયા છે. તેમાં તેઓ અલગ જ તરી આવે છે. તેથી જ તેમને મહાકવિ તથા વાદિગજકેસરી પણ માનવામાં આવે છે.

આદિપુરાણના રચનાકાર આચાર્ય શ્રી જિનસેનસ્વામી તેમજ પદ્મપુરાણના રચનાકાર આચાર્યશ્રી રવિષેણ સ્વામીએ તેમની ઘણી જ પ્રશંસા કરી છે. તાત્પર્ય એ છે કે પશ્ચાત્‌વર્તી આચાર્યોમાં કવિ તથા ન્યાયના વિદ્વાન આચાર્ય રૂપે પશ્ચાત્‌વર્તી આચાર્યોમાં તેમની ઘણી જ પ્રસિદ્ધિ હતી.


કહેવાય છે કે તેઓ ઉજ્જૈની નગરીના કાત્યાયન ગોત્રીય દેવર્ષિ બ્રાહ્મણની દેવશ્રી નામની પત્નીના પુત્ર હતા. તેઓ પ્રતિભાશાળી તથા સમસ્ત શાસ્ત્રોના પારંગત વિદ્વાન હતા. વૃદ્ધવાદિ જ્યારે ઉજ્જયની નગરીમાં પધાર્યા તો સિદ્ધસેનનો તેમની સાથે શાસ્ત્રાર્થ થયો હતો. ત્યારે તેઓ તે વાદિઓથી ઘણા જ પ્રભાવિત થયા હતા તેથી તેમના શિષ્યત્વનો સ્વીકાર કરી લીધો. તેમના ગુરુનું નામ 'ધર્માચાર્ય' હતું.

ગુરુએ તેમનું નામ કુમુદચંદ્ર રાખ્યું હતું. આગળ જતાં તેઓ સિદ્ધસેન નામે પ્રસિદ્ધ થયા.

શ્વેતામ્બરના ન્યાયવતાર ગ્રંથના રચયિતા સિદ્ધસેન દિવાકરથી આ દિગંબર આચાર્ય ભિન્ન છે કે જે સન્મતિસૂત્ર તથા કલ્યાણમંદિર સ્તોત્રના રચયિતા છે. તેથી સિદ્ધસેન આચાર્ય[૧] માત્ર આચાર્ય સિદ્ધસેનના નામથી જાણીતા છે. જ્યારે શ્વેતામ્બર સિદ્ધસેન 'સિદ્ધસેન દિવાકર'ના નામથી પ્રસિદ્ધ છે.

તો પણ એવી માન્યતા પ્રવર્તે છે કે આ સિદ્ધસેનઆચાર્ય જ્યારે શ્વેતામ્બર માન્યતાના ધારક હતા ત્યારે તેઓએ પ્રાકૃત શ્વેતામ્બર આગમોને સંસ્કૃતમાં રૂપાંતરિત કરવાનો વિચાર કર્યો ત્યારે તેમને બાર વર્ષ માટે શ્વેતામ્બર સંઘમાંથી બહાર કાઢી નાખવામાં આવ્યા, તે સમયે તેઓ દિગંબર સાધુઓના સંપર્કમાં આવ્યા અને તેમના તત્ત્વથી

૧. ક્યાંક ક્યાંક દિગમ્બર આચાર્ય સિદ્ધસેન માટે તેઓ સૂર્યસમાન હોવાથી 'દિવાકર' એવી ઉપમા પણ આપવામાં આવે છે.




કોઈ અન્ય સ્થળે વાદ કરવાવાળા લોકોને અનેકાંતવિદ્યાથી ઉપદેશ દેતા વાદિગજકેસરી સિદ્ધસેન આચાર્ય

પ્રભાવિત થયા. ખાસ કરીને સમન્તભદ્ર સ્વામીના જીવનવૃત્તાંત અને તેમના સાહિત્યનો તેમના ઉપર ઘણો જ પ્રભાવ પડ્યો. તે ઉપરથી કહેવાય છે કે તેઓ આચાર્ય સમન્તભદ્રદેવ જેવી સ્તુતિ વગેરે રચવા લાગ્યા. તેમનો પ્રભાવ ઘણો જ વધવા લાગ્યો જેનાથી શ્વેતામ્બર સંઘને પોતાની ભૂલનો સ્વીકાર થયો હશે તેથી પ્રાયશ્ચિત્તના બાકીના સમયને રદબાતલ ગણીને તેમને પ્રભાવક આચાર્ય ઘોષિત કર્યા હશે. પરંતુ તેઓ તો દિગંબર આચાર્ય જ રહ્યા.

તેઓ દિગંબર સંપ્રદાયના 'સેન' ગણના આચાર્ય ગણાય છે. એમ માનવામાં આવે છે કે તેમના દ્વારા ઉજ્જયની નગરીના મહાકાલના મંદિરમાં 'કલ્યાણમંદિર' સ્તોત્ર દ્વારા ભક્તિ કરતાં ત્યાં રુદ્ર-લિંગના ફાટવાથી પાર્શ્વનાથ ભગવાનનું જિનબિંબ પ્રગટ થયું. તેનાથી પણ તેમની ઘણી જ પ્રસિદ્ધિ થઈ, તેઓએ વિક્રમાદિત્ય[1] રાજાને સંબોધન પણ કર્યું હતું. તેઓ આચાર્ય સમન્તભદ્રદેવ પછીના આચાર્ય માનવામાં આવે છે. તેથી તેઓ વિ.સં. ૬૨૪ (ઈ.સ. ૫૬૮) ના સમયગાળાના આચાર્ય મનાય છે.

તેમની 'સન્મતિસૂત્ર' અને 'કલ્યાણમંદિર સ્તોત્ર' રચનાઓ ઘણી જ પ્રસિદ્ધ છે. જો કે 'દ્વાત્રિંશિકાઓ' શ્વેતામ્બર સિદ્ધસેન દિવાકરની મનાય છે તોપણ તેમાં કેટલીક રચના દિગંબર સિદ્ધસેન આચાર્યની છે તથા કાંઈક શ્વેતામ્બર સિદ્ધસેન દિવાકરની છે.

'કલ્યાણમંદિર સ્તોત્ર'ના રચયિતા આચાર્ય કુમુદચંદ્ર ભગવંતને કોટિ કોટિ વંદન.

---

૧. જેના નામથી વિક્રમ સંવત શરૂ થાય છે તે રાજા વિક્રમ અન્ય હતા અને આ રાજા વિક્રમ અન્ય હોવા જોઈએ. કારણ કે બંને વચ્ચે આશરે છસો વર્ષનું અંતર છે.

## ભગવાન આચાર્યદેવ

# શ્રી માનતુંગસ્વામી

ભક્તિપૂર્ણ કાવ્યના સૃષ્ટાકવિના રૂપે આચાર્યદેવશ્રી માનતુંગસ્વામી પ્રસિદ્ધ છે. તેઓ કાશીનિવાસી ધનદેવ બ્રાહ્મણના પુત્ર હતા. તેમના સંબંધમાં કોઈ વિશેષ માહિતી ઉપલબ્ધ નથી[૧] પરંતુ પ્રાપ્ત માહિતી પ્રમાણે પહેલાં તે શ્વેતામ્બર સાધુ હતા, પરંતુ પાછળથી તેઓએ દિગમ્બરી દીક્ષા ધારણ કરી લીધી. તેઓ દિગમ્બર તથા શ્વેતામ્બર બંને આમ્નાયોમાં સન્માનિત છે.


તેમના વિષેની એક પ્રસિદ્ધ કથા અનુસાર તેઓ એકવાર વિહાર કરતાં કરતાં




રાજા ભોજ દ્વારા કાલિદાસ સાથે વાદ કરવાની આજ્ઞા છતાં શ્રી માનતુંગાચાર્યદેવ મૌન રહેતાં રાજા દ્વારા આચાર્યને બેડીઓ બાંધી જેલમાં નાખવાનો આદેશ.

૧. ઈતિહાસકારોના મતે માનતુંગાચાર્ય રાજા હર્ષની આસપાસના કાળના આચાર્ય છે એમ પણ જણાય છે.

૨. પાઠાન્તર ધારાનગરી




જેલમાં માનતુંગાચાર્ય દ્વારા ભક્તામરસ્તોત્રની રચના




જેલમાં ભક્તામર સ્તોત્રની રચના કરવાથી બેડીઓ તૂટી ગઈ અને આચાર્ય જેલની બહાર આવી ગયા તે જોઈ રાજા તથા કાલીદાસ આશ્ચર્યચકિત થઈ જિનધર્મી બને છે.


[२]ઉજ્જૈનની ધારાનગરીમાં પધાર્યા. તેમની ચૌમુખી પ્રતિભાથી પ્રભાવિત થઈને રાજા ભોજ તેમના દર્શને ગયા. ભોજની સાથે સંસ્કૃતના પ્રસિદ્ધ કવિ કાલિદાસ પણ હતા. કાલિદાસે પોતાની વિદ્વતાનો પ્રભાવ જમાવવા માટે માનતુંગાચાર્ય સાથે વાદ-વિવાદ પ્રારંભ કર્યો. માનતુંગાચાર્યદેવનું દાર્શનિક તથા તાત્ત્વિકજ્ઞાન ઘણું જ ઊંચું હતું. તેઓએ થોડા જ સમયમાં વિવાદમાં કાલિદાસને નિરુત્તર કરી દીધા. કાલિદાસ ઘણા જ લજ્જિત થયા અને રાત્રિમાં કાલીદેવીની આરાધના કરીને બીજા દિવસે માનતુંગાચાર્યદેવને રાજ્યસભામાં બોલાવીને શાસ્ત્રાર્થ કરવાનો આગ્રહ કર્યો. રાજાએ આચાર્યદેવને બોલાવવા માટે પોતાના સિપાઈઓને મોકલ્યા, પરંતુ તેઓ ન આવ્યા. રાજાએ માનતુંગાચાર્યને બળજબરીથી પકડીને હાજર કર્યા અને કાલિદાસ સાથે શાસ્ત્રાર્થ કરવાનું કહ્યું. માનતુંગાચાર્યે રાજાની આજ્ઞાનો કોઈ જવાબ આપ્યો નહીં, તેથી રાજાએ ક્રોધિત થઈને આચાર્યદેવને ૪૮ કોઠાવાળી કોટડીની અંદર કેદ કરીને બેડીઓ લગાવી ચોકીદારોને બેસાડી દીધા. રાત્રિના પાછલા પહોરમાં આચાર્યએ ૧૪૮ કર્મપ્રકૃતિઓના નાશ માટે રૂપકના સ્વરૂપે 'ભક્તામર સ્તોત્ર'ની રચના કરી અને ભક્તિમાં લીન થઈ સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા. પાઠ કરતાં જ્યારે ૪૬મી પંક્તિ 'આપાદ-કન્ઠમુરુ-શૃઙ્ખલવેષ્ઠિતાંગા' ઉચ્ચારવા લાગ્યા ત્યારે એવો ચમત્કાર થયો કે બેડીઓ અને તાળાઓ સ્વયં તૂટી ગયાં અને તેઓ ૪૮ કોઠાની બહાર આવી ગયા. આ ચમત્કારના સમાચાર જાણી રાજા પણ ત્યાં આવી ગયો તથા આચાર્યના ચરણોમાં નમસ્કાર કરી પોતાના અપરાધની ક્ષમા માગી.

તેમની કવિત્વશક્તિને વિદ્વાનોએ રાજા ભોજની રાજ્યસભાના કવિ કાલિદાસ તથા અન્ય કવિઓ ભારવી, ભર્તુહરિ, શુભચંદ્ર, ધનંજય, કવિબાણ તથા વરરુચિની જેમ જ બિરદાવી છે.

તેમની એક જ રચના 'ભક્તામર સ્તોત્ર' ઘણી જ પ્રસિદ્ધ છે. જેમાં આચાર્યદેવે આદિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. પરંતુ આ સ્તોત્રનો પ્રથમ શબ્દ 'ભક્તામર' હોવાથી આ સ્તોત્ર 'ભક્તામર સ્તોત્ર'ના નામે પ્રસિદ્ધ છે.

તેઓ ઈ.સ. ૬૧૮ થી ૬૫૦ના સમયના આચાર્ય હશે એવું ઈતિહાસકારોનું માનવું છે.

'ભક્તામરસ્તોત્ર'ના રચયિતા આચાર્યદેવ શ્રી માનતુંગસ્વામીને કોટિ કોટિ વંદન.



શિષ્યોને ઉપદેશ આપતા આચાર્ય પ્રભાચન્દ્ર(દ્વિતીય)

**ભગવાન આચાર્યદેવ**

# શ્રી પ્રભાચંદ્ર આચાર્ય (દ્વિતીય)

પ્રભાચંદ્ર નામના ઘણા આચાર્ય થયા છે. તે પૈકીના આ આચાર્ય ઈસ્વીસનની ૭મી શતાબ્દીના છે. એમ તો તેમના જીવન વિષે અધિક માહિતી નથી, તથા ક્યાંય વિશેષ નામોલ્લેખ પણ આવતો નથી. પરંતુ તેઓએ પોતાના જીવનકાળમાં એક નવીન તત્ત્વાર્થસૂત્રની રચના કરી છે. જો કે તેમાં શ્રુતધર આચાર્યદેવ ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીના તત્ત્વાર્થસૂત્રનું અનુસરણ તો છે જ. પરંતુ તે સૂત્રરચના સંક્ષિપ્ત છે તથા અન્ય રચનાઓથી તેમાં વિશેષ સ્પષ્ટતા આવે છે. ક્યાંક ક્યાંક તો ઉમાસ્વામીજીના તત્ત્વાર્થસૂત્રથી અધિકતા પણ પ્રતીત થાય છે.

આ તત્ત્વાર્થસૂત્રનું અવલોકન કરતાં એમ પણ જણાય છે કે તેઓશ્રીએ અર્હતપ્રવચનનું ગહન અવલોકન કરીને જ આ રચના બનાવી છે.

તેમનું અપરનામ બૃહદ્ પ્રભાચંદ્રનારૂપે પણ પ્રસિદ્ધ છે. આગળ દર્શાવ્યાનુસાર તેઓ ઈ.સ.ની સાતમી શતાબ્દી ઉત્તરાર્ધના આચાર્ય હતા.

આચાર્યદેવ શ્રી પ્રભાચંદ્ર (દ્વિતીય) ભગવંતને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી અકલંક ભટ્ટ

જૈન સાહિત્યમાં અદ્વિતીય કાર્યો કરવા છતાં પણ પ્રસિદ્ધિથી દૂર રહેતા થકા, નિજ આત્માની આરાધનામાં નિરત રહેતા, (જૈન ન્યાયશાસ્ત્રના સૂર્યરૂપ) ભટ્ટ અકલંકદેવને કોઈપણ જૈન સ્મરણ કર્યા વિના રહી શકે નહીં.

એમ તો ભગવાન સમંતભદ્રાચાર્યદેવ જૈન ન્યાયના સંસ્થાપકરૂપે અત્યંત પ્રસિદ્ધ છે છતાં પણ અકલંકદેવ પણ તે જ પ્રકારે જૈન ન્યાયના સંસ્થાપકરૂપે ઘણા જ પ્રસિદ્ધ છે. તેઓના પશ્ચાત્‌વર્તી ઉચ્ચકોટિના આચાર્યવરો અનંતવીર્ય તેમજ વિદ્યાનંદિ આચાર્ય, વાદિરાજ આચાર્ય તથા પ્રભાચંદ્રાચાર્ય જેવા જૈન વાઙ્‌ગમયના ન્યાયવિષયક ગ્રંથોના રચયિતા પ્રકાટ્ય વિદ્વત્‌વર્યોએ પણ અત્યંત પ્રશંસા સહ તેમને સ્મરણ કર્યા છે. માત્ર એટલું જ નહીં, પરંતુ તેમના ગૂઢ ન્યાયોને ખોલવામાં પોતાની અસમર્થતા પ્રદર્શિત કરી છે.

તેઓશ્રીના વિષયમાં વિવિધ ગ્રંથોમાં વિવિધ કથાનકો પ્રાપ્ત થાય છે. તેમાંથી કેટલાક ઉલ્લેખો નીચે મુજબ છે. જેનાથી તેમના સંબંધે કાંઈક કાંઈક પ્રકાશ પડે છે. જેમકે (૧) આરાધનાકથાકોષમાં દર્શાવ્યું છે કે માન્યખેટના રાજા શુભતુંગ હતા. તેમના મંત્રીનું નામ પુરુષોત્તમ તથા તેમની પત્નીનું નામ પદ્માવતી હતું. પદ્માવતીની કૂંખે બે પુત્રો જન્મ્યા, અકલંક તથા નિષ્કલંક.

(૨) આચાર્યદેવ પ્રભાચંદ્રજીએ શબ્દકોષમાં આપની એક કથા આપતા લખ્યું છે કે એકવાર અષ્ટાહ્નિકા પર્વના અવસરે તેમનાં માતા-પિતા, પોતાના પુત્રો અકલંક અને નિષ્કલંક સાથે મુનિરાજનાં દર્શન કરવા ગયા. ધર્મોપદેશ શ્રવણ કર્યા બાદ તેઓએ આઠ દિવસ માટે બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કર્યું અને પુત્રોને પણ બ્રહ્મચર્યવ્રત અપાવ્યું. જયારે બંને ભાઈઓ યુવાન થયા અને માતાપિતાએ લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી તો તે બંને ભાઈઓએ મુનિરાજ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાની યાદ દેવડાવી અને લગ્ન કરવાનો ઈન્કાર કર્યો. પિતાએ પુત્રોને સમજાવતાં કહ્યું કે તે વ્રત તો માત્ર આઠ દિવસો માટે જ ગ્રહણ કર્યું હતું. તેથી લગ્ન કરવામાં કોઈ વાંધો નથી. પિતાના ઉપરોક્ત વચનો સાંભળી પુત્રોએ ઉત્તર આપ્યો કે તે વખતે સમય-સીમાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો તેથી લીધેલ પ્રતિજ્ઞાને તોડી શકાય નહીં.


પિતાશ્રીએ કહ્યું—'વત્સ' તમે લોકો તે સમયે અબુધ હતા તેથી ગ્રહણ કરેલી પ્રતિજ્ઞામાં સમય-સીમાનું ધ્યાન ન રહ્યું તે સમયે લેવામાં આવતા વ્રતનો આશય માત્ર આઠ દિવસ માટે જ હતો જીવનપર્યંત નહીં, તેથી તમોએ લગ્ન કરીને અમારી ઈચ્છાઓ પૂર્ણ કરવી જોઈએ.

પુત્રે કહ્યું : પિતાજી! એકવાર લેવામાં આવેલી પ્રતિજ્ઞા તોડી શકાય નહીં. તેથી વ્રત તો જીવનપર્યંત માટે જ છે. લગ્ન કરવાનો તો હવે પ્રશ્ન જ થતો નથી.

પુત્રોની દઢતાને જોઈને માતા-પિતાને આશ્ચર્ય થયું તેઓ પુત્રોના અભ્યુદયનો વિચાર કરી તેમના લગ્ન કરાવવામાં અસમર્થ રહ્યા. અકલંક અને નિષ્કલંક બ્રહ્મચર્યસહિત વિદ્યાસાધના કરવા લાગ્યા.

(૩) આરાધનાકથાકોષ અનુસાર તે સમયે બૌદ્ધધર્મનો સર્વત્ર પ્રચાર હતો. તેથી યુવાવસ્થા પ્રાપ્ત થતાં પુત્રો લગ્ન કરવાનો ઈન્કાર કરી વિદ્યાધ્યયનમાં સંલગ્ન થવા માટે મહાબોધિ વિદ્યાલયમાં બૌદ્ધ શાસ્ત્રોનું અધ્યયન કરવા લાગ્યા.

એકવાર ગુરુ મહોદય શિષ્યને સપ્તભંગી સમજાવી રહ્યા હતા, પરંતુ પાઠ અશુદ્ધ હોવાના કારણે તેઓ બરાબર સમજાવી શક્યા નહીં. ગુરુના ગયા પછી અકલંકે તે પાઠને



બૌદ્ધ વિદ્યાલયમાં અકલંક તથા નિકલંક જ જૈનધર્મી છે
એવી બૌદ્ધ સાધુઓને ખબર પડતાં તેઓએ તેમને પકડીને જેલમાં નાખ્યા.


શુદ્ધ કરી દીધો. તેનાથી ગુરુમહોદયને શિષ્યોમાં જૈન હોવાનો સંદેહ થયો. થોડા જ દિવસોમાં ગુરુએ પોતાના પ્રયત્નો દ્વારા તેમને જૈન પ્રમાણિત કરી દીધા. બંને ભાઈઓને કારાગૃહમાં બંદી બનાવી દેવામાં આવ્યા. રાત્રિના સમયે બંને ભાઈઓએ કારાગૃહમાંથી નીકળી જવાનો પ્રયત્ન કર્યો. તેઓ પોતાના પ્રયાસમાં સફળ થયા અને કારાગૃહમાંથી ભાગી છૂટ્યા. સવારે જ બૌદ્ધ ગુરુને તેમની કારાગૃહમાંથી ભાગી જવાની ખબર પડી ગઈ. તેઓએ ચારેબાજુ ઘોડેસવારોને દોડાવીને બંને ભાઈઓને પકડી લાવવાનો આદેશ આપ્યો.

ઘોડેસવારોએ તેમનો પીછો કર્યો, થોડાક આગળ જતાં બંને ભાઈઓએ પોતાની પાછળ આવતા ઘોડેસવારોને જોયા અને પોતાની પ્રાણરક્ષાનો ભય લાગવાથી અકલંક નજીકના તળાવમાં કૂદી પડ્યા અને કમલપત્રોથી પોતાને આચ્છાદિત કરી દીધા. નિષ્કલંક પણ પ્રાણોની રક્ષા માટે શીઘ્રતાથી ભાગી રહ્યા હતા તેમને ભાગતા જોઈને તળાવનો એક ધોબી પણ ભયભીત થઈ તેમની સાથે-સાથે ભાગવા લાગ્યો. ઘોડેસવારોએ તે બંનેને પકડી લીધા અને તે બંનેની હત્યા કરી નાખી. ઘોડેસવારોના ગયા બાદ અકલંક તળાવમાંથી નીકળી 'નિષ્કલંક અને ધોબીને મરેલ જોઈ દુઃખી થઈને ભ્રમણ કરવા લાગ્યા.


(૪) કલિંગ દેશના રત્નસંચયપુરનો રાજા હિમશીતલ તથા રાણી મદનસુંદરી જિનધર્મનાં ભક્ત હતાં. રાણી ઘણા ઉત્સાહપૂર્વક જૈનરથ ચલાવવા માગતી હતી. પરંતુ બૌદ્ધગુરુ જૈનરથ ચલાવવાના પક્ષમાં નહોતા. તેમનું કહેવું હતું કે કોઈપણ જૈન વિદ્વાન જ્યાં સુધી તે મને શાસ્ત્રાર્થમાં પરાજિત ન કરે ત્યાં સુધી રથ કાઢી શકાશે નહીં. ગુરુના વિરુદ્ધ રાજા કાંઈપણ કરવા અસમર્થ હતો. મોટા ધર્મસંકટનો સમય આવી ગયો હતો. જ્યારે અકલંકને આ સમાચાર મળ્યા ત્યારે તેઓ[૧] રાજા હિમશીતલની સભામાં ગયા અને બૌદ્ધગુરુને આવી શાસ્ત્રાર્થ કરવા કહ્યું. બંને વચ્ચે છ માસ સુધી અકલંક બહાર અને બૌદ્ધગુરુ પડદા પાછળ એ પ્રમાણે, શાસ્ત્રાર્થ થતો રહ્યો. અકલંકને આવા શાસ્ત્રાર્થથી ઘણું આશ્ચર્ય થયું તેઓએ આ વાતનું રહસ્ય જાણવા પ્રયત્ન કર્યો. તેમને શીઘ્રતયા ખબર પડી ગઈ કે બૌદ્ધગુરુના સ્થાને પડદાની અંદર ઘડામાં રહેલી બૌદ્ધદેવી 'તારા' શાસ્ત્રાર્થ કરી રહી હતી. તેમણે પડદો ખોલીને ઘડાને તોડી નાખ્યો. તારાદેવી ભાગી ગઈ અને બૌદ્ધગુરુ પરાજિત થયા. તેથી જૈનનો રથ ચલાવવામાં આવ્યો અને જૈનધર્મનું મહત્વ પ્રગટ થયું.

(૫) 'રાજાવલિકથે'માં પણ તે કથા લગભગ સમાનરૂપે જ પ્રાપ્ત થાય છે. તે બંને વચ્ચે અંતર એટલું છે કે કાંચીના બૌદ્ધોએ હિમશીતલની સભામાં જૈનો સાથે એ શર્ત ઉપર શાસ્ત્રાર્થ કર્યો કે જો તેમની હાર થશે તો જૈન સંપ્રદાયના બધા જ મનુષ્યોને ઘાણીમાં પીલાવી

૧. પાઠાન્તર : અમુક ઈતિહાસકારો અનુસાર શ્રી અકલંકદેવને મુનિરૂપે હિમશીતલની સભામાં ચર્ચા કરતા બતાડ્યા છે.



હિમશીતલની સભામાં બૌદ્ધગુરુ તારાદેવીને સાધીને પડદા પાછળ રહી શ્રી અકલંક આચાર્ય સાથે વાદ કરે છે.



તારાદેવી વડે બૌદ્ધગુરુને ચર્ચા કરતા જાણીને શ્રી અકલંક આચાર્ય વડે તારાદેવીનું માટલું ફૂટવું,
તારાદેવીનું ભાગવું અને બૌદ્ધો હારવું

દેવામાં આવશે. તે કથા પ્રમાણે ત્યાં શાસ્ત્રાર્થ ૧૭ દિવસ સુધી ચાલ્યો અકલંકને કુષ્માંડીનીદેવીએ સ્વપ્નમાં દર્શન આપી કહ્યું કે તમારા પ્રશ્નોને પ્રકારાન્તરથી ઉપસ્થિત કરવાથી જીતી શકશો. અકલંકે એમ જ કર્યું અને વિજયી થયા. ઘાણીમાં પિલાઈ જવાના ભયથી બૌદ્ધો કલિંગથી સિલોન(શ્રીલંકા) ચાલ્યા ગયા.

(૬) અકલંક માન્યખેટના રાજા શુભતુંગના મંત્રી પુરુષોત્તમના પુત્ર હતા. 'રાજાવલિકથે'માં તેમણે કાંચીના જિનદાસ નામના બ્રાહ્મણના પુત્ર કહેવામાં આવ્યા છે પરંતુ તત્ત્વાર્થવાર્તિકના પ્રથમ અધ્યાયના અંતમાં આવેલ પ્રશસ્તિથી તેઓ લઘુહવ્વ નૃપતિના પુત્ર જણાય છે.

આ લઘુહવ્વ રાજા કોણ છે અને ક્યા પ્રદેશના રાજા હતા તે આ લખાણ પરથી કે અન્ય કોઈ સૂત્રોથી જાણી શકાતું નથી. પરંતુ રાજાના નામ ઉપરથી એટલું નક્કી થાય છે કે તેઓ દક્ષિણદેશના હોવા જોઈએ, આચાર્યદેવે કોની પાસેથી અને ક્યારે દીક્ષા ગ્રહણ કરી હતી તે કથાનક પ્રાપ્ત થતું નથી તોપણ તેઓ અતિ પ્રશંસનીય વિદ્વતતાયુક્ત ભાવલિંગી આચાર્ય ભગવંત હતા તેમાં બેમત નથી.

ઉપર્યુક્ત કથાનકોથી એટલું સ્પષ્ટ થાય છે કે આચાર્ય અકલંકદેવ વાદક્ષેત્રમાં દિગ્વિજયી શાસ્ત્રાર્થી વિદ્વાન હતા. તેઓએ રાષ્ટ્રકુટવંશી રાજા સાહસતુંગની સભામાં સંપૂર્ણ બૌદ્ધ વિદ્વાનોને પરાજિત કર્યા હતા. કાંચીના પલ્લવીવંશી રાજા હિમશીતલની રાજસભામાં પણ તેમણે અપૂર્વ વિજય પ્રાપ્ત કર્યો હતો. તેજ કારણે આચાર્ય શ્રી વિદ્યાનંદદેવે તેમને 'સકલતાર્કિક ચૂડામણિ' કહ્યા છે.

તેમના શિષ્યનું નામ મહાદેવ ભટ્ટારક હતું. પરંતુ તેમના વિષે કોઈ વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી.

તેમણે ન્યાય વિષયક અનેક ગ્રંથોની રચના કરી છે. તેમના (૧) લઘીયસ્ત્રય સ્વોપજ્ઞવૃત્તિ સહિત, (૨) ન્યાય વિનિશ્ચય, (૩) સિદ્ધિ વિનિશ્ચય (સવૃત્તિ), (૪) પ્રમાણ સંગ્રહ (સવૃત્તિ), (૫) તત્ત્વાર્થવાર્તિક (સભાષ્ય) (૬) અષ્ટશતી (દેવાગમ વિવૃત્તિ)

તેમનો સમયગાળો ઈ.સ. ૬૨૦ થી ૬૮૦ની વચ્ચેનો છે. તેમ વિદ્વાનોનું માનવું છે.

ન્યાયશાસ્ત્રના સૂર્યરૂપ આચાર્ય શ્રી અકલંકદેવને કોટિ કોટિ વંદન.

ભગવાન આચાર્યદેવ


# શ્રી રવિષેણ સ્વામી

આચાર્યદેવ રવિષેણસ્વામી પોતાના જ્ઞાયક સ્વભાવની મસ્તીમાં મસ્ત વિચરતા હોવા છતાં તેમનું અંતર મહાન ધર્માત્મા પુરાણપુરુષ શ્રી રામચંદ્રજી મુનિન્દ્ર પર ભક્તિભાવથી ઊભરાઈ ગયું હતું. જેનાથી પ્રેરિત થઈને તેઓશ્રીએ મગ્ન થઈને રામચંદ્રજીની ગૌરવગાથાને 'પદ્મપુરાણ'માં એકતાન બનીને લેખનરૂપે આલેખી. જેમાં તેઓશ્રીની શ્રી રામચંદ્ર ભગવાન પ્રતિ ભક્તિ પ્રચુરતા જ પ્રતીત થાય છે. એ પ્રમાણે શુદ્ધોપયોગની પ્રચુરતા સાથે આચાર્ય શ્રી રવિષેણ ભક્તિની પ્રચુરતાના પણ ધારક હતા.

જિનવાણીના લોકપ્રિય અંગ પ્રથમાનુયોગના સંસ્કૃતમાં પ્રથમ રચનાકાર એટલે કે કથાસાહિત્યના સર્વપ્રથમ રચનાકાર રવિષેણાચાર્ય જ છે. તેમના પૂર્વે આટલા વિસ્તૃતરૂપે પ્રથમાનુયોગના રચયિતા અન્ય કોઈ આચાર્ય થયા નથી. તેઓએ 'પદ્મપુરાણ' રચીને વાચકોને સંસારથી વિરક્ત કરાવી ધર્મમાર્ગમાં લાવી દે એવો હૃદયસ્પર્શી અનુપમ ગ્રંથ અત્યંત સરળ ભાષામાં રચ્યો છે. તેથી તેઓ જૈન સમાજમાં અત્યંત પ્રિય છે.

તેમના પશ્ચાત્‌વર્તી સમર્થ આચાર્ય જિનસેનસ્વામીએ પણ તેમનું ભક્તિપૂર્વક સ્મરણ કર્યું છે. આચાર્યવર રવિષેણ કયા સંઘ યા ગચ્છના હતા તે વિષે કોઈ ઉલ્લેખ તેમના ગ્રંથ 'પદ્મચરિત'માં પ્રાપ્ત થતો નથી. 'સેન' નામ જ એ વાતની પ્રતીતિ કરાવે છે કે તેઓ 'સેનસંઘ'ના આચાર્ય હતા. પદમચરિતમાં નિર્દિષ્ટ ગુરુ પરંપરાથી જણાય છે કે ઈન્દ્રસેન આચાર્યના શિષ્ય દિવાકરસેન હતા. દિવાકરસેનના શિષ્ય અર્હત્‌સેન હતા અને અર્હત્‌સેનના શિષ્ય લક્ષ્મણસેન તથા લક્ષ્મણસેનના શિષ્ય રવિષેણ થયા છે.

તેમના જન્મસ્થાન, બાલ્યકાળ, કિશોર તથા યુવાનવયના જીવન વગેરે બાબતે કોઈ માહિતી પ્રાપ્ત નથી. આચાર્ય રવિષેણજીએ પદ્મચરિતના ૪૩મા પર્વમાં જે વૃક્ષોનું વર્ણન કર્યું છે તેવા વૃક્ષો દક્ષિણ ભારતમાં મળી આવે છે. આ રીતે તેમનું ભૌગોલિક જ્ઞાન પણ દક્ષિણ ભારત વિષે જેટલું સ્પષ્ટ અને અધિક છે તેટલું અન્ય ભારતના પ્રદેશો વિષે નથી. તેથી તેમનું જન્મસ્થાન દક્ષિણ ભારતનો કોઈ પ્રદેશ હોવો જોઈએ એમ લાગે છે.




નવધાભક્તિપૂર્વક આહારદાન ગ્રહણ કરતા આચાર્ય રવિષેણ

જોકે તેઓએ પદ્મચરિત (પદ્મપુરાણ)ની રચનામાં વિમલસૂરિકૃત પ્રાકૃત 'પદ્મચરિયમ્'નો આધાર લીધો હોવા છતાં તેમની આ મૌલિક રચના જ હોય એમ પ્રતીત થાય છે. આ પુરાણના કથા-નાયક મુનિવર રામચંદ્રજી છે. પરંતુ અન્ય અવાંતર પ્રસંગો પણ ઘણા જ હૃદયસ્પર્શી રીતે મૂકવામાં આવ્યા છે તથા લેખનશૈલી સર્વે રસોની ગારવતાને સ્પર્શ કરતી થકી વાચકના અંતરને લોભાવે છે. તેઓએ આ એક જ ગ્રંથની રચના કરી છે.

તેમના 'પદ્મપુરાણ'ની રચના વિ.સં. ૭૩૪ અર્થાત્ (ઈ.સ. ૬૭૭)માં થઈ હોવાથી તેમનો જીવનકાળ ઈ.સ. ૬૭૭ આસપાસનો છે.

'પદ્મપુરાણ'ના રચયિતા આચાર્યદેવ શ્રી રવિષેણ ભગવંતને કોટિ કોટિ પ્રણામ.



કાયોત્સર્ગધારી આચાર્ય જટાસિંહનન્દી

ભગવાન આચાર્યદેવ

## શ્રી જટાસિંહનંદિ અપરનામ જટાચાર્ય

જ્ઞાનાનંદ સ્વભાવની મસ્તીની પ્રચુરતામાં રત્નત્રયમય રસના ભોગી, દક્ષિણદેશના પ્રાચીન આચાર્ય જટાસિંહનંદિની મુખ્યરૂપે એક જ સુંદર રચના 'વરાંગ ચરિત' નામથી પ્રસિદ્ધ છે.

તેઓ એટલા પ્રસિદ્ધ હતા કે માત્ર જૈનાચાર્યો જ નહીં પરંતુ અન્યમતના વિદ્વાનોએ પણ તેમના ગૌરવને સ્મરણ કર્યું છે. જૈનાચાર્યોમાં હરિવંશપુરાણના રચયિતા આચાર્યદેવ શ્રી જિનસેનસ્વામી (પ્રથમ) તથા આદિપુરાણના રચયિતા આચાર્ય જિનસેને (દ્વિતીય) ઘણા જ સન્માનથી 'વરાંગચરિત'ને તથા રચયિતા આચાર્ય જટાસિંહનન્દિને સન્માનિત કર્યા છે.

ખ્યાતિ, કુળ, જાતિ, કુટુંબાદિથી અત્યંત નિસ્પૃહ રહેતા જૈનાચાર્યોની એ વિશેષતા તેમના પ્રત્યેક ગ્રંથોમાં ઝળકે છે કે તેઓ હંમેશાં આ વિષયમાં મૌન જ રહે છે. તેમની પ્રસિદ્ધિ તેમના પશ્ચાત્‌વર્તી આચાર્યોના ગ્રંથોમાં ઝળકે છે અને તેનાથી જ તેમના સંબંધમાં થોડું ઘણું જાણવા મળે છે. તે જ પ્રમાણે ભગવાન શ્રી જટાસિંહનંદીના વિષયમાં કહેવામાં આવે તો કોઈ અતિશયોકિત નહીં ગણાય.

તોપણ વિદ્વાનોના એક સંશોધનપૂર્ણ લેખના આધારે એ જાણવા મળે છે કે ''ક્યારેક નિજામ સ્ટેટનું 'કોપલ' ગ્રામ જેને 'કોપણ' તરીકે ઓળખવામાં આવે છે, તે જૈન સંસ્કૃતિનું એક પ્રસિદ્ધ કેન્દ્ર હતું મધ્યકાલીન ભારતના જૈનોમાં તેની ઘણી ખ્યાતી હતી. તથા આજે પણ આ સ્થાન પુરાતન-પ્રેમીઓના સ્નેહનું પાત્ર રહ્યું જ છે. તેની પાસે 'પલ્લકીગુણ્ડુ' નામની પહાડી ઉપર એક અશોકનો અભિલેખ ઉત્કીર્ણ છે જેની બાજુમાં બે પદચિહ્ન અંકાયેલ છે. તેના બરાબર નીચે જૂના કન્નડમાં બે લીટીનો એક અભિલેખ ઉત્કીર્ણ છે. જેમાં લખ્યું છે કે 'यावय्यने जटासिंहनन्द्याचार्यके पदचिह्नोंको तैयार कराया'


એમ પણ જાણવા મળે છે કે તેઓ એક મહાકવિ હતા તથા કન્નડ સાહિત્યમાં તેમના વિશે કરવામાં આવેલી ઘણી જ પ્રશંસાથી એમ સૂચિત થાય છે કે તેઓશ્રીનો અધિકાંશ વિહાર કર્ણાટક પ્રદેશમાં થયો હતો અને 'કોપલ'માં તેઓએ અંતિમ જીવનકાળ વ્યતીત કર્યો હતો.

આચાર્યદેવ જિનસેને (દ્વિતીય) તેમના માટે લખ્યું છે તે પરથી એવું પ્રતીત થાય છે કે તેમની લહેરાતી લાંબી કીર્તિરૂપ જટાઓ હતી. આ માત્ર તેમની પ્રસિદ્ધિના કારણરૂપી જટાઓ વિષે જ ઉલ્લેખ હોય તેમ જણાય છે. તે જ પ્રમાણે તેઓ પોતાના શરીર પ્રત્યે પણ એટલા વિશેષપણે નિસ્પૃહ હશે કે તેઓ ખાસ કરીને ગહન જંગલોમાં જ વિચરણ કરતા હશે. તેથી તેમને 'આદિવાસી'ના રૂપે જ લોકો યાદ કરતા રહેતા હશે. એવી ઈતિહાસકારોની કલ્પનામાત્ર જ પ્રતીત થાય છે.

તેમનો જીવનકાળ ઈસ્વીસનની ૭મી શતાબ્દિનો ઉત્તરાર્ધ અને ૮મી શતાબ્દીનો પૂર્વાર્ધ હોવાનું નક્કી થાય છે.

તેમની ચિરપરિચિત માત્ર એક જ કૃતિ 'વરાંગચરિત'નો ઉલ્લેખ મળે છે. પરંતુ અન્ય શાસ્ત્રોમાં તેમના નામથી ઉલ્લેખિત શ્લોકો વરાંગચરિતમાં મળતા નહીં હોવાથી વિદ્વાનોનો એવો મત છે કે 'વરાંગ ચરિત્ર' સિવાય પણ આપની કોઈ અન્ય કૃતિ હોવી જોઈએ.

આચાર્યદેવ શ્રી જટાસિંહનન્દિ ભગવંતને કોટિ કોટિ વંદન.



ભગવાન આચાર્યદેવ

# શ્રી શાન્ત અથવા શાન્તિષેણ

આચાર્ય ભગવાન શાન્ત અથવા શાન્તિષેણનો જૈન સાહિત્યમાં સવિશેષ ઉલ્લેખ છે. તેમની ઉત્પ્રેક્ષાલંકારથી યુક્ત વક્રોક્તિની પ્રશંસા કરવામાં આવી છે. કહ્યું છે કે

**शान्तस्यापि च वक्रोक्ती रम्योत्प्रेक्षा बलान्मनः।**
**कस्य नोद्धाटितेऽन्वर्थे रमणीयेऽनुरञ्जयेत्॥**

અર્થાત્ શ્રી શાન્ત કવિની વક્રોક્તિરૂપ રચના, રમણીય ઉત્પ્રેક્ષાઓના બળે મનોહર અર્થ પ્રગટ થતાં, કોના મનને અનુરક્ત કરતી નથી.

પુન્નાટ સંઘની ગુર્વાવલિ અનુસાર તેઓ આચાર્ય જયસેનજીના ગુરુ હતા.

આચાર્ય જિનસેને તેમની ગુરુપરંપરાનું વર્ણન કરતાં આચાર્ય જયસેનજીના પૂર્વે એક શાન્તિષેણ આચાર્યનો નામોલ્લેખ કર્યો છે. આચાર્ય જિનસેનજીની ગુરુપરંપરામાં નામ આવવાને કારણે તેમનો સમય ૭મી શતાબ્દિનો હોવો જોઈએ.

હરિવંશપુરાણના અંતે આપેલી પ્રશસ્તિમાં—વિનયન્ધર, ગુપ્તશ્રુતિ, ગુપ્તઋષિ, મુનીશ્વર, શિવગુપ્ત, અર્હદબલિ, મન્દરાર્ય, મિત્રવિરવિ, બલદેવ, મિત્રક, સિંહબલ, વીરચિત, પદ્મસેન, વ્યાઘ્રહસ્ત, નાગહસ્તિ, જિતદંડ, નંદિષેણ, દીપસેન, શ્રીધરસેન, સુધર્મસેન, સિંહસેન સુનંદિષેણ, ઈશ્વરસેન, સુનંદિષેણ, અભયસેન, સિદ્ધસેન, અભયસેન, ભીમસેન, જિનસેન તથા શાન્તિષેણ આચાર્ય થયા. ત્યારપછી જયસેન, અમિતસેન, કીર્તિસેન તથા જયસેન થયા છે. તે સ્પષ્ટ છે કે શાન્તિષેણ સારા કવિ અને દાર્શનિક હતા.

તેમનો સમય ઈ.સ.ની ૭મી શતાબ્દી માનવામાં આવે છે.

ભગવાન આચાર્યદેવ શ્રી શાન્તિષેણને કોટિ કોટિ વંદન.




ગિરનાર યાત્રા સમયે વઢવાણના ભગવાન પાર્શ્વનાથ જિનમંદિરમાં 'હરિવંશપુરાણ'ની રચનાની શરૂઆત કરતા શ્રી જિનસેનાચાર્ય

### ભગવાન આચાર્યદેવ

## શ્રી જિનસેન સ્વામી (પ્રથમ)

અંતરમાં આત્મસ્વભાવની મહિમાની પ્રચુરતામાં લવલીન રહેતા થકા, પુરુષાર્થની કમજોરીથી આંખના પલકારમાત્ર સ્વરૂપથી ઉપયોગ બહાર આવતાં, કરૂણાપૂર્વક મહાન શાસ્ત્રોના રચયિતા હોવા છતાં સ્વયં પોતાની મહાનતાને વિષે કાંઈપણ ન લખનાર, બાહ્યરૂપે જંગલમાં નિવાસ કરનાર આચાર્ય જિનસેનસ્વામી (પ્રથમ) પ્રત્યે જૈન સમાજ ઘણા જ આદરથી સમર્પિત છે. તે માટે તેઓશ્રીની અદ્વિતીય ઐતિહાસિક રચના 'હરિવંશપુરાણ' એક માત્ર પર્યાપ્ત છે.

આચાર્યવર જિનસેનસ્વામી (પ્રથમ) પુન્નાટ સંઘના આચાર્ય હતા. 'પુન્નાટ' શબ્દ કર્ણાટકી હોવાથી તેઓ દક્ષિણ પ્રાંતના હોવાનું અનુમાન છે. તેમના ગુરુનું નામ કીર્તિષેણ હતું. તેઓએ હરિવંશપુરાણની રચના ક્યાં બેસીને કરી છે તેનો શાસ્ત્રમાં નોંધ કરેલા તત્કાલીન ઈતિહાસમાં ઉલ્લેખ મળે છે. તે ઉલ્લેખો પરથી જણાય છે કે તેઓ વિહારપ્રેમી હોવાથી ગિરનાર ક્ષેત્રની યાત્રા માટે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રદેશ સ્થિત ★વર્ધમાનપુરી (વઢવાણ)–(પૂજ્ય બહેનશ્રીનું જન્મસ્થળ) પધાર્યા હતા. તે કાળે તે નગરી સુવર્ણથી વૃદ્ધિગંત વિપુલ લક્ષ્મીથી સંપન્ન અત્યંત સમૃદ્ધ હતી. તે નગરીને તેઓશ્રીએ પાવન કરી હતી. તેઓશ્રીએ હરિવંશપુરાણનો પ્રારંભ, વઢવાણ શહેરના પાર્શ્વનાથ જિનાલયમાં કર્યો હતો કે જે તે સમયે નનરાજ બસદિના નામે પ્રસિદ્ધ હતું, તથા તેની પૂર્ણાહૂતિ ગિરનાર જતી વખતે રસ્તામાં 'દોસ્તટિકા'નગરના શાંતિનાથ ભગવાનના જિનમંદિરમાં કરી હતી. ઈતિહાસકારોને અન્ય પ્રમાણોથી જ્ઞાત થયું છે કે તે સમયનું 'દોસ્તટિકા' કે જે ગિરનાર જતી વખતે માર્ગમાં આવતું વર્તમાનનું 'દોત્તડિ' જ છે તે શાસ્ત્રનો અધિકાંશ ભાગ 'દોસ્તટીકા'માં જ રચાયો હોય એમ મનાય છે.

---

★ કેટલાક ઈતિહાસકાર 'વર્ધમાનપુરી'ને મધ્યપ્રદેશના ધાર જિલ્લાનું 'બદનાવર' માને છે જો એમ હોય તો તેઓશ્રીનો વિહાર માલવાની આસપાસ થયો હશે એમ મનાય; પરંતુ આ વાત આચાર્યની ગિરનાર યાત્રા સાથે સુસંગત નથી. જે કાંઈપણ હોય એટલું તો સ્પષ્ટ છે કે આ ગ્રંથની રચના વિહારકાળમાં ભગવાન શ્રી પાર્શ્વનાથના જિનમંદિરમાં થઈ હતી. મોટા ભાગના ઈતિહાસકારો વર્ધમાનપુરીને જ સૌરાષ્ટ્રનું વઢવાણ જ માને છે.




શિષ્ય સાથે ગિરનાર યાત્રા કરતા આચાર્ય જિનસેન (પ્રથમ)


ઈતિહાસ પરથી એમ પણ જણાય છે કે તેઓ કર્ણાટકથી તેમની ગુરુ પરંપરાના આચાર્ય અમિતસેનજી સાથે સસંઘ ગિરનાર વંદનાર્થે પધાર્યા હતા.

તેમના સાહિત્યમાં આવતા આચાર્યદેવોના નામો, આચાર્યવર સમન્તભદ્ર, સિદ્ધસેન, દેવનંદી (પૂજ્યપાદસ્વામી) વજ્રસૂરિ, રવિષેણ, જટાસિંહનન્દી, શાંત, કુમારસેન વગેરે પરથી પ્રતીત થાય છે કે તેઓએ પોતાના પૂર્વવર્તી આચાર્યોને ઘણા જ ભાવથી સ્મરણ કર્યા છે. એમ લાગે છે કે તેઓ મોટા શાસ્ત્રવિદ પણ હતા. સાથે સાથે તેઓશ્રીએ આચાર્યવર વીરસેનસ્વામી અને જિનસેનસ્વામી (દ્વિતીય)ની પણ પ્રશંસા કરી છે કે જે ઈ.સ.ની ૯મી શતાબ્દીના આચાર્યો હતા. તે પરથી જણાય છે કે તેમનો જીવનકાળ ૯મી શતાબ્દીના પૂર્વાર્ધ સુધી હોવાથી તેઓશ્રી ધવલા, જયધવલા વગેરેના રચયિતા આચાર્યવર વીરસેનસ્વામી તથા ગુરુની અધુરી ટીકાને પૂર્ણ કરનાર અને આદિપુરાણના રચયિતા આચાર્યવર જિનસેનસ્વામી (દ્વિતીય)ના વિશાળ જ્ઞાનથી પણ ઉત્તમ પ્રકારે પરિચિત હતા. અરે! માત્ર પરિચિત જ નહીં પરંતુ વીરસેનસ્વામીના ગહન જ્ઞાનનું તેઓએ રસાસ્વાદન પણ કર્યું હતું. તદુપરાંત તત્ત્વાર્થસૂત્ર, ત્રિલોયપણ્ણતિ, રાજવાર્તિક વગેરે શાસ્ત્રોને અનુરૂપ કથનોનું હરિવંશપુરાણમાં હોવું તે આપના શાસ્ત્રોના પારગામી હોવાનું પ્રમાણ છે.

તેઓશ્રીએ એક માત્ર 'હરિવંશપુરાણ' ગ્રંથની રચના કરી છે. જે સ્વયં એક અદ્વિતીય પુરાણ છે.

'હરિવંશ પુરાણ'ની રચનાનો કાળ શક સંવત ૭૦૫ અર્થાત્ વિ.સં. ૮૪૦ (ઈ.સ. ૭૮૪) પ્રાપ્ત થાય છે. તેથી તેઓ ઈ.સ. ૭૪૮ થી ૮૧૮ના સમયગાળાના આચાર્યવર હોય એવું ઈતિહાસવિદોનું માનવું છે.

'હરિવંશપુરાણ'ના રચયિતા આચાર્ય શ્રી જિનસેનસ્વામી(પ્રથમ)ને કોટિ કોટિ વંદન.



શિષ્યોને દીક્ષા આપતા આચાર્ય કાણભિક્ષુ

### ભગવાન આચાર્યદેવ

## શ્રી કાણભિક્ષુ

આચાર્ય જિનસેનજીએ આચાર્ય કાણભિક્ષુનો કથાગ્રંથના રચયિતાના રૂપે ઉલ્લેખ કર્યો છે. તે ઉપરથી જણાય છે કે તેમનો કોઈ પ્રથમાનુયોગસંબંધી ગ્રંથ હશે. આચાર્ય જિનસેનજી લખે છે કે


**धर्मसूत्रानुगा हृद्या यस्य वाङ्मणयोऽमलाः।**
**कथालङ्कारतां भेजुः काणभिक्षुर्जयत्यसौ॥**

અર્થાત્ તે કાણભિક્ષુ જયવંત હો જેમના ધર્મરૂપ સૂત્રમાં પરોવેલા, મનોહર વચનરૂપ નિર્મલમણિ કથાશાસ્ત્રથી અલંકારપણાને પ્રાપ્ત થયા હતા. અર્થાત્ જેમના દ્વારા રચાયેલા કથાગ્રંથ શ્રેષ્ઠ હતા.

તેઓએ એક ચારિત્રગ્રંથ લખ્યો હોય તેમ માનવામાં આવે છે. આપનો કોઈ કથાગ્રંથ વર્તમાનમાં ઉપલબ્ધ હોય તેમ જણાતું નથી.

તેઓ આચાર્ય જિનસેનજી દ્વારા ઉલ્લેખિત થવાથી તેઓ તેમનાથી પૂર્વવર્તી વિદ્વાન હશે. તેઓ ઈ.સ.ની આઠમી શતાબ્દીના મધ્યપાદના આચાર્ય છે.

આચાર્યદેવ શ્રી કાણભિક્ષુ ભગવંતને કોટિ કોટિ વંદન.




## ભગવાન મુનિપુંગવ
# શ્રી વાદીભસિંહ

જિન આમ્નાયમાં વાદીભસિંહ ઉપનામ ધારક બે ધર્માત્મા થયા છે. (૧) ઓડયદેવ (ઈસ્વીની ૯મી શતાબ્દી) તથા (૨) અજિતસેન ઈ.સ.ની ૧૧મી શતાબ્દી. તે પૈકી હિન્દી સાહિત્યના 'બાણકવિ' સમાન જૈન સંસ્કૃત-ગદ્ય સાહિત્યમાં પ્રથમ વાદીભસિંહનું સ્થાન છે. જ્યારે બીજા વાદીભસિંહ અજિતસેન વાદીભસિંહ, તો દાર્શનિક વિદ્વાન હતા.

તેઓશ્રી રચિત 'ગદ્યચિંતામણિ' એક એવો ગ્રંથ છે કે જે જાણે કે 'કાદમ્બરી'ની પ્રતિસ્પર્ધા ન કરતો હોય? એવા કાવ્યરસના ભાવોથી ભરપૂર છે.

આચાર્ય અકલંકદેવના ગુરુભાઈ દિગંબર આચાર્ય પુષ્પસેનના તેઓ શિષ્ય હતા. આચાર્ય પુષ્પસેન તેમના કાવ્યગુરુ અને દીક્ષાગુરુ હતા. તેમને પોતાના ગુરુપ્રતાપથી મુનિપુંગવતા પ્રાપ્ત થઈ હતી.

આપ કલિંગના ગંજામ જિલ્લાની આસપાસના નિવાસી હતા. એવું ઇતિહાસકારોનું માનવું છે. કારણ કે ગંજામ જિલ્લો મદ્રાસના ઉત્તરમાં ઉડીસામાં સમ્મિલિત છે તથા ત્યાં ઓડેય અને મોડેય નામની બે જનજાતિઓ વસે છે. સંભવતઃ તેઓ ઓડેય જાતિના હશે.


બીજું તેઓશ્રીએ ગદ્યચિંતામણિમાં જીવંધરસ્વામીની કથા લખી છે. અને ગંજામ જિલ્લામાં પ્રચલિત લોકકથામાં જીવંધરચરિત્ર આજે પણ મળી આવે છે.

તેઓ તે જ વાદીભસિંહ છે જેમનો આચાર્ય જિનસેન તથા આચાર્ય વાદિરાજે ''વાદીભસિંહ'' તરીકે ઉલ્લેખ કર્યો છે.

તેમની બે રચનાઓ છે (૧) ક્ષત્રચૂડામણિ, (૨) ગદ્યચિંતામણિ. સ્યાદ્વાદસિદ્ધિ પણ તેમની જ રચના ગણવામાં આવે છે.

આપ ઈ.સ.ની ૭૭૦ થી ૮૬૦ના આચાર્ય હતા.

મુનિપુંગવ વાદીભસિંહને કોટિ કોટિ વંદન.



એલાચાર્યની દીક્ષા સમયે જય જયકાર કરતા રાજાઓ.

ભગવાન

# શ્રી એલાચાર્ય

જોકે 'એલાચાર્ય' નામ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિવિધ નામોમાંથી એક છે. તોપણ આ એલાચાર્ય તેમનાથી ભિન્ન મહાસમર્થ આચાર્ય ભગવાન છે.

જો કે તેઓશ્રીએ સ્વયં કોઈ ગ્રંથ રચના કરી નથી. તોપણ જિનધર્મના ગંભીર રહસ્ય પ્રગટ થાય એવા ધવલાજી અને જયધવલાજીની રચનાનું શ્રેય એક પ્રકારે તેઓશ્રીને જ આપવામાં આવે તો તે અતિશયોક્તિ નહીં હોય. કારણ કે તેઓએ ધવલાજીના પૂર્ણ અને જયધવલાજીના આદ્ય રચયિતા ભગવાન વીરસેનસ્વામીને સિદ્ધાંત ગ્રંથની વિદ્યા શિખવાડી, માત્ર એટલું જ નહીં પણ તે ટીકાઓ રચવાનો આદેશ પણ તેમને આપ્યો. તેથી આપની કૃપાના ફળ સ્વરૂપે જ ધવલાજી અને જયધવલાજીરૂપે જિનવાઙ્ગમય આપણને આજે સંપ્રાપ્ત થયું છે.

તેઓશ્રી સિદ્ધાંતના વિશાળ જ્ઞાતા હતા તથા ભગવાન વીરસેનસ્વામીના વિદ્યાગુરુ હોવાથી તેમના સમકાલીન હતા. ધવલાજી તેમજ જયધવલાજીના અધ્યયનથી જણાય છે કે તેમનું સિદ્ધાંત સંબંધિત પાંડિત્ય અત્યધિક હતું. તેથી તો તેઓ ભગવાન વીરસેનસ્વામીને આ શિક્ષા આપી શક્યા.

આચાર્ય ઈન્દ્રનંદિએ પોતાના શ્રુતાવતારમાં તેમના વિષે લખ્યું છે કે તેઓ ચિત્રકૂટ (હાલનું ચિત્તોડગઢ)નગરના નિવાસી હતા તથા તેમની પાસે રહીને ભગવાન વીરસેનસ્વામીએ સિદ્ધાંતોનું અધ્યયન કરીને નિબંધનાદિ આઠ અધિકારો લખ્યા છે.

તેઓશ્રી વાત્સલ્યની મૂર્તિ સમાન હતા. તેથી તેમના વાત્સલ્યભાવની ભગવાન વીરસેનસ્વામીએ ઘણી જ પ્રશંસા કરી છે. તેથી એમ જણાય છે કે ભગવાન વીરસેનસ્વામી તેમના અત્યંત સ્નેહયુક્ત કૃપાપાત્ર હશે.

જો કે તેમણે કોઈ પણ ગ્રંથરચના કરી નથી. કારણ કે તેમની કોઈ પણ કૃતિનું ઉદ્ધરણ તેમના પશ્ચાત્વર્તી કોઈપણ આચાર્યોએ કર્યું નથી. પરંતુ તેમણે ભગવાન વીરસેનસ્વામીને સિદ્ધાંત-શિક્ષા આપી હોવાથી તેઓ સિદ્ધાન્તોના પારગામી અને મર્મજ્ઞ હશે તેમ જણાય છે. પરંતુ ભગવાન વીરસેનસ્વામીએ જ જયધવલા ટીકામાં મતભેદોનો નિર્દેશ કરતાં સ્પષ્ટ લખ્યું છે કે ભટ્ટારક એલાચાર્યનો ઉપદેશ જ સમીચીન હોવાથી ગ્રાહ્ય છે. તેથી જણાય છે કે તેઓ વાચકગુરુ હતા અને તેમની પ્રતિભા અપ્રતિમ હતી.

ઈતિહાસકારોના આધારે એમ જાણી શકાય છે કે તેમનો જીવનકાળ ઈ.સ. ૭૭૦ની આસપાસનો હોવો જોઈએ.

ભગવાન શ્રી એલાચાર્યને કોટિ કોટિ વંદન.



એલાચાર્ય દ્વારા ચિત્તોડમાં વીરસેનસ્વામીને સિદ્ધાન્તબોધ

### ભગવાન આચાર્યદેવ

## શ્રી વીરસેનસ્વામી

દિગંબર આમ્નાયમાં 'વીરસેન' નામના ઘણા આચાર્યો થયા છે. પરંતુ તે સર્વેમાં ધવલાટીકાના રચયિતા શ્રી વીરસેનસ્વામીની નિર્મલ કીર્તિ દિગંબર આમ્નાયમાં ઉજ્જવળરૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેઓ તેમના સમયગાળાના ઘણા મોટા વિદ્વાન હતા. તેમની વિદ્વતાની ઘણી જ પ્રશંસા તેમના પશ્ચાત્‌વર્તી આચાર્યોએ કરી છે. પરંતુ તેમના સમકાલીન આચાર્ય જિનસેનસ્વામીએ (પ્રથમ) પણ 'સ્વપર પક્ષના વિજેતા' વગેરે ઉપમાઓ દ્વારા તેમને અલંકૃત કર્યા છે.

તેઓશ્રી જિનેન્દ્ર ભગવાન પ્રરૂપિત સિદ્ધાંતોના પારગામી હોવાથી તેમણે ષટ્‌ખંડાગમની પૂર્ણરૂપેણ ૭૨,૦૦૦ શ્લોક પ્રમાણ ધવલા ટીકા કરી છે. તદુપરાંત ગુણધર આચાર્ય કૃત કષાયપ્રાભૃત ગ્રંથની ૨૦,૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા પણ લખી છે. તેમના સમાધિસ્થ થયા પછી તે ગ્રંથની (કષાયપ્રાભૃતની) બાકીની ૪૦,૦૦૦ શ્લોક પ્રમાણ જયધવલા ટીકા શ્રી જિનસેનાચાર્યદેવે (દ્વિતીય) પૂર્ણ કરી છે.

એક જ વ્યક્તિ દ્વારા એક લાખ શ્લોક પ્રમાણ ટીકા રચાવાથી નિમ્નોક્ત નિષ્કર્ષ નીકળે છે.

(૧) જે પ્રકારે ભરતચક્રવર્તીની આજ્ઞા છ ખંડોમાં પ્રવર્તતી થકી લક્ષ્મીવંતોને પ્રસન્ન કરતી હતી તે જ પ્રકારે આચાર્ય ભગવાન વીરસેનસ્વામીની મધુર વાણી સમસ્ત પ્રાણીઓને પ્રમુદિત કરતી થકી, આપની કુશાગ્ર બુદ્ધિરૂપ આજ્ઞાનો સંચાર કરતી હતી. તદુપરાંત આપની બુદ્ધિ સિદ્ધાંત, વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, કાવ્ય, ગણિત, આગમ વગેરે સર્વ વિષયગામિની હતી. અર્થાત્‌ આપની વાણીનો સંચાર છ ખંડરૂપ ષટ્‌ખંડાગમ નામના પરમાગમના સર્વવિષયોમાં નિર્વિવાદપણે માન્ય હતો.

(૨) પ્રત્યેક વિષયોમાં તેમની પ્રરૂપણા વિસ્તૃત, દાર્શનિકતાપૂર્ણ તેમજ પરંપરા-અનુમોદનની સાથે સાથે જે તે વિષય અથવા વસ્તુસ્વરૂપ, પ્રકૃતિ, ગુણ-દોષ વગેરેની દૃષ્ટિથી તર્કપૂર્ણ તથા સમાલોચનપૂર્ણ હતી. જેમાં અનુભવશીલતા, વિષયની પ્રૌઢતા વગેરે જોઈને તે સમયના વિદ્વાનોની સર્વજ્ઞતાના સદ્‌ભાવ વિષયક શંકા નષ્ટ થઈ ગઈ હતી. તેમને પ્રતીતિ થઈ જો છદ્મસ્થ વ્યક્તિ આગમ દ્વારા આટલો મોટો જ્ઞાની થઈ શકતો હોય તો અતીન્દ્રિય પ્રત્યક્ષજ્ઞાનધારી સર્વજ્ઞ ભગવાન સમસ્ત પદાર્થોના જ્ઞાતા હોય તેમાં ક્યું આશ્ચર્ય છે?

(૩) જો કે તેઓ કેવળી કે શ્રુતકેવળી ન હોવા છતાં પણ તેમની દ્વાદશાંગી આગમપ્રજ્ઞાને જોઈને વિદ્વાનવર્ગ તેમને 'શ્રુતકેવળી' તથા 'પ્રજ્ઞાશ્રમણોમાં શ્રેષ્ઠ' માનતા હતા અને માને છે. તેમની પ્રજ્ઞાશક્તિનું દર્શન તેમની ટીકાઓમાં પગલે પગલે થાય છે.

(૪) આપ ભટ્ટારક ઉપમાને પ્રાપ્ત કેવળી સમાન દરેક વિદ્યાઓના પારગામી હતા.

(૫) તેઓશ્રીએ પોતાની ટીકામાં જે જે વિષયોનું સ્પષ્ટીકરણ કર્યું છે તેનું ખંડન કોઈ કરી શક્યું નથી.


(૬) જ્યાં જ્યાં જરૂરિયાત જણાઈ ત્યાં સ્પષ્ટતા કરતાં તેઓએ લખ્યું છે કે 'કેવળી અને શ્રુતકેવળીના ન રહેવાના કારણે ઉપલબ્ધ સૂત્રોમાં ક્યું સૂત્ર આવશ્યક છે અને ક્યું અનાવશ્યક છે, તેનો નિર્ણય કરવો સંભવ નથી. તેથી સૂત્રની અશાતનાના ભયથી બન્ને સૂત્રોની વ્યાખ્યા કરવી આવશ્યક છે. અમે તો ગૌતમસ્વામી વડે પ્રતિપાદિત અભિપ્રાયનું કથન કર્યું છે. તે જ પ્રમાણે, એવું પણ લખ્યું છેકે 'જો એમ છે, તો આ સૂત્ર છે અને આ સૂત્ર નથી, તેનું કથન ઉપદેશ પામીને તેઓ કરે કે જેઓ આગમમાં નિષ્ણાત છે અમે આ બાબતે કાંઈ કહી શકીએ તેમ નથી; કારણ કે આ સંબંધેમાં અમને ઉપદેશ પ્રાપ્ત નથી.' તેઓશ્રીએ પૂર્વ આચાર્યોના અભિપ્રાય ભેદો વિષે એટલે સુધી લખ્યું છે કે ઉપદેશ પ્રાપ્ત કરીને 'કઈ વ્યાખ્યા સત્ય છે ! અને કઈ વ્યાખ્યા અસત્ય છે, એનો નિર્ણય કરવો જોઈએ.

પાંચસ્તૂપ સંઘના અન્વયે તેઓ આચાર્ય આર્યનન્દીના શિષ્ય હતા તથા આપના દાદાગુરુ આચાર્ય ચંદ્રસેન હતા. આપના વિદ્યાગુરુ ભગવાન એલાચાર્ય હતા. એલાચાર્યદેવ પાસે જ વીરસેનસ્વામીએ સિદ્ધાંતનું શિક્ષણ ગ્રહણ કર્યું હતું. તેઓ સ્વયં જિનસેનાચાર્યદેવ(દ્વિતીય)ના ગુરુ હતા.

ચિત્રકૂટ (ચિત્તોડ)નિવાસી એલાચાર્ય પાસે સિદ્ધાન્ત ગ્રંથોનો અભ્યાસ કર્યા બાદ તેઓ વટગ્રામ (વડોદરા) પધાર્યા હતા. ત્યાં ★આનતેન્દ્ર નિર્મિત જિનાલયમાં તેઓશ્રીએ બપ્પદેવ રચિત ષટ્ખંડાગમ અને કષાયપાહુડની વ્યાખ્યા ટીકા જોઈ. જેમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી તથા તેમના વિદ્યાગુરુનો આદેશ શિરોધાર્ય કરીને તેઓશ્રીએ ષટ્ખંડાગમની પ્રાકૃત-સંસ્કૃત મિશ્રિત ધવલા ટીકા પૂર્ણ કરી. ત્યારબાદ કષાયપાહુડની ટીકા જયધવલાનો પ્રારંભ કર્યો. તેમાં પહેલાંની લગભગ ૨૦,૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી તેઓ સમાધિસ્થ થયા. કહેવાય છે કે ધવલા તથા જયધવલા ટીકા પાવાગઢ અર્થાત્ વટ્ટગ્રામના જંગલોમાં રચાઈ હતી.

---

★ વડના ઝાડની અધિકતા જોઈ તેને વટ્ટપુરી(વડોદરા) કહેવામાં આવતું હતું. તે સમયે વડોદરા નગર પાવાગઢ સુધી ફેલાયેલ હતું. તથા આનતેન્દ્ર (રાજવી) દ્વારા બનાવડાવેલ જિનાલયો પાવાગઢમાં ઘણાં હતાં.




પાવાગઢના મંદિરમાં ધવલા ટીકાની શરૂઆત કરતા આચાર્ય વીરસેનસ્વામી

તેઓશ્રીએ પોતાની ટીકામાં ઘણાબધા ગ્રંથોના પ્રમાણ આપ્યા છે. જેથી સ્પષ્ટ થાય છે કે તેઓશ્રી અત્યધિક આગમપ્રિય અને આગમના અભ્યાસી હતા.

તેમની રચનાશૈલી શંકા-સમાધાનયુક્ત સરલ સ્વચ્છ આડંબર રહિત, આગમપ્રમાણ, અનુભવપૂર્ણ તેમજ તર્ક અને ન્યાયથી તટસ્થતાયુક્ત છે. જુદા જુદા વિકલ્પો ઉઠાવી, વિષયની રજૂઆત કરી, તેઓ અંતે નિષ્કર્ષ દર્શાવે છે કે ચારે પડખેથી તથ્યોની પસંદગી કરી ઉદાહરણો વડે જાણે પોતાની પાસે વાંચકને શિષ્યરૂપે બેસાડી સમજાવતા ન હોય તે રીતે તેઓશ્રીએ વિષયનો બોધ કરાવ્યો છે. સાથોસાથ તેઓએ પોતાના અભિમતની પુષ્ટી માટે પ્રમાણિક વ્યક્તિઓના મતો ઉલ્લેખરૂપે રજૂ કર્યા છે. તેથી તેમની રચના ટીકાગ્રંથ હોવા છતાં જાણે સ્વતંત્ર રચના હોય તેવી પ્રતીતિ થાય એવી તેમની અદ્ભુત રચના શૈલી હતી.

તેમનો જીવનકાળ ઈ.સ. ૭૭૦ થી ૮૨૭ સુધીનો માનવામાં આવે છે.

‘ધવલાટીકા’ના રચયિતા આચાર્યદેવ શ્રી વીરસેનસ્વામીને કોટિ કોટિ વંદન.

ભગવાન

# શ્રી જયસેનાચાર્યદેવ (ચતુર્થ / પંચમ)

ભગવાન શ્રી આચાર્યદેવ જયસેનાચાર્ય નામના મૂળસંઘમાં અનેક આચાર્યો થયા છે. જેમકે

(૧) શ્રુતાવતારની પટ્ટાવલી અનુસાર શ્રુતકેવળી ભદ્રબાહુ (પ્રથમ) પછી ચોથા નંબરના ૧૧ અંગ અને ૧૪ પૂર્વના ધારક જયસેન આચાર્ય હતા. તેમનો સમયગાળો ઈ.સ. પૂર્વ ૩૧૯-૨૯૮ ગણાય છે.


(૨) શ્રી જયસેનાચાર્ય ભગવત્કુંદકુંદાચાર્યના પટ્ટશિષ્ય હતા. જેમને કુંદકુંદાચાર્યદેવે 'પ્રતિષ્ઠાપાઠ' લખવાની આજ્ઞા આપી જેણે શિરોધાર્ય કરીને માત્ર બે જ દિવસમાં 'પ્રતિષ્ઠા પાઠ' પૂર્ણ કરી દીધો તેથી કુંદકુંદાચાર્યદેવે તેમને 'વસુબિન્દુ' (આઠ કર્મને શૂન્ય કરવાવાળા) નામથી નવાજિત કર્યા. તેમનો ગંભીરતાને ધારણ કરતો સંક્ષિપ્ત શબ્દોમાં લખાયેલો એક માત્ર 'પ્રતિષ્ઠાપાઠ' જ પ્રાપ્ત થાય છે. તેમનો સમય ઈ.સ. ૧૨૭ થી ૧૭૯ આસપાસનો માનવામાં આવે છે.

(૩) પુન્નાટ સંઘીય આચાર્ય જયસેન વિષે હરિવંશપુરાણમાં ઉલ્લેખ છે કે તેઓ ૧૦૦ વર્ષની ઉંમરવાળા, સદ્‌ગુરુ, ઈન્દ્રિય વ્યાપારજયી, કર્મપ્રકૃતિરૂપ આગમોના ધારક, પ્રસિદ્ધ વૈયાકરણી, પ્રભાવશાળી, સંપૂર્ણ શાસ્ત્ર સમુદ્રના પારગામી, સૈદ્ધાન્તિક વિદ્યાના ધારક ભાવલિંગી સંત હતા.

(૪) પુન્નાટસંઘની ગુર્વાવલી અનુસાર શાંતિસેનના શિષ્ય તથા અમિતસેનના ગુરુ એક જયસેનાચાર્ય હતા. તેમનો સમયગાળો ઈ.સ. ૭૨૩ થી ૭૭૩નો માનવામાં આવે છે. જો આ જ આચાર્ય પંચસ્તૂપ ગુર્વાવલીના આચાર્ય જયસેનજી હોય તો તેમનો સમય આ સમય પછીનો હોવો જોઈએ.

(૫) પાંચસ્તૂપ સંઘની ગુર્વાવલી અનુસાર આચાર્ય આર્યનંદિના શિષ્ય તથા ધવલાકાર આચાર્ય વીરસેન સ્વામીના સધર્મા પણ એક જયસેનાચાર્ય હતા. તેમનો જીવનકાળ ઈ.સ. ૭૭૦ થી ૮૨૭ હતો.

આ સિવાય જયસેન નામના બીજા પણ આચાર્યો થયા છે. અહીં ધવલાકાર આચાર્ય



જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરતા શ્રી જયસેનાચાર્ય (ચતુર્થ/પંચમ)


શ્રી વીરસેનસ્વામીના સધર્મા આચાર્ય વિષે વર્ણન કરવામાં આવે છે. તેઓ મોટા તપસ્વી, પ્રશાંતમૂર્તિ, શાસ્ત્રજ્ઞ, પંડિતજનોના અગ્રણી ભાવલિંગી સંત આચાર્યવર હતા.

આ પ્રમાણે ૧૦૦ વર્ષનું આયુષ્ય તથા કર્મપ્રકૃતિના જ્ઞાતા, વૈયાકરણી તથા શાસ્ત્ર સમુદ્રના જ્ઞાતા વગેરે વિશેષતાઓથી એમ સ્પષ્ટ થાય છે કે પુન્નાટસંઘીય તથા પંચસ્તૂપીય બંને આચાર્ય એક જ હશે અને તેઓશ્રી જ ધવલાકાર જેવા શાસ્ત્ર સમુદ્રના પારગામી, વૈયાકરણી, સિદ્ધાન્ત સાગરના ધારક આચાર્ય વીરસેનસ્વામીના સાધર્મી હોવા માટે સમર્થ છે.

જો કે તેઓશ્રીએ કોઈ શાસ્ત્રની રચના કરી નથી છતાં પણ તેઓ અમિતજ્ઞાનના સાગર અને મહાતપસ્વી હતા તેથી કોઈ શાસ્ત્રની રચના ન કર્યા છતાં પણ તેમના પછીના આચાર્યો તેમને ઘણા જ સન્માનથી સ્મરણ કરવામાં પોતાનું ગૌરવ સમજે છે.

આવા અંતરંગ આત્મજ્ઞાનની વિશુદ્ધદશાના ધારક, મહાન તપસ્વી, જ્ઞાનધ્યાનના ભંડાર આચાર્ય સદૈવ જયવંત રહો; પુન્નાટ સંઘીય તેમ જ પંચસ્તૂપીય જયસેનાચાર્ય એક જ હોય તો તે અનુસાર તેમનો સમયગાળો ઈ.સ. ૭૨૩ થી ૮૨૭ હોવાનું યોગ્ય લાગે છે. આનાથી અધિક તેમના વિષે કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

શ્રી જયસેનાચાર્યદેવ ભગવંતને કોટિ કોટિ વંદન.



'દેવાગમ સ્તોત્ર' સાંભળતા પૂર્વ સંસ્કારથી તેના ભાવ સમજમાં આવતા 'વિદ્યાનંદ' મંદિરમાં પ્રવેશ કરે છે

### ભગવાન આચાર્યદેવ

## શ્રી વિદ્યાનંદસ્વામી

જિનશાસનના સમર્થ બાલબ્રહ્મચારી આચાર્ય ભગવંતોમાં આ આચાર્યની ગણના થાય છે. માત્ર એટલું જ નહીં એક મહાન સારસ્વતાચાર્યની જેમ તેઓશ્રીએ મૌલિક તેમજ ટીકાગ્રંથો દ્વારા જિનેન્દ્ર ભગવાનના વાઙ્ગમયને (જિનવાણીને) અતિ સુદૃઢ કર્યો છે. તેમની પોતાની મૌલિક પ્રતિભા તેમના ન્યાય તથા દર્શનશાસ્ત્રોમાં સ્પષ્ટ ઝળકે છે.

(અ) તેઓ મગધરાજ અવનિપાલની સભાના એક પ્રસિદ્ધ વિદ્વાન હતા. તેમનું પૂર્વ નામ પાત્રકેસરી હોવા છતાં પણ તેઓ આચાર્ય પાત્રકેસરીથી અલગ જ હતા. તેમજ પાત્રકેસરી તેમના પછીની ઘણી શતાબ્દિ પછીના આચાર્ય છે. તેઓ તો કર્ણાટક પ્રાન્તના નિવાસી હતા. તેમનો જન્મ પ્રખર બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેઓ સમન્તભદ્રાચાર્ય રચિત દેવાગમ સ્તોત્ર (અપરનામ આપ્તમીમાંસા)નો પાઠ ભગવાન પાર્શ્વનાથના મંદિરમાં ચારિત્રભૂષણ મુનિના મુખેથી સાંભળીને જૈનમતાનુયાયી થઈ ગયા. પરંતુ પાત્રકેસરી આચાર્યના સમય તથા તેમના સમયમાં ઘણું જ અંતર હોવાથી તેમના વિષેની આ કથા બરાબર લાગતી નથી.

(બ) એક દંતકથા એવી પણ છે કે તેઓ મૂળ વૈદિક મતાનુયાયી હતા. તેથી જિનમંદિરે જતા નહોતા; પરંતુ એકવાર એવો પ્રસંગ બન્યો કે તેઓ જિનમંદિરની નીચેથી જઈ રહ્યા હતા. તે સમયે મંદિરમાંથી દેવાગમ સ્તોત્રના (આપ્તમીમાંસા) શબ્દ કાને પડ્યા. તેમને પૂર્વસંસ્કારથી તથા સ્વયંસ્ફૂરણાથી તેના ભાવ સહજ જ સમજાવા લાગ્યા, તેથી તેમના પગ જેમ જેમ મંદિર તરફ આગળ વધતા ગયા તેમ તેમ તે કાવ્યના ભાવ ઘણા જ સ્પષ્ટ થતા ગયા. તેઓ સ્તોત્રના ભાવ ગ્રહણ કરવાથી ઉપાસક ભાવરૂપ વિદ્યાનંદ બની ગયા. અર્થાત્ જિનભક્ત બની ગયા. આવું તેઓએ જાતે પણ લખ્યું છે.

(ક) કેટલાકનું એવું માનવું છે કે તેમને તે સમયે જુદા જુદા વિદ્વાનો દ્વારા યોજાતા શાસ્ત્રાર્થોને સાંભળનો તથા તેમાં ભાગ લેવાનો શોખ હતો. તેમાંથી જૈનના અનેકાન્ત તથા સ્યાદ્વાદદર્શનની ગહનતા, ગંભીરતા, સચોટતા, ન્યાયપૂર્ણતા તેમજ અકાટ્યતા પ્રતીત થવાથી તેમની જૈનધર્મમાં શ્રદ્ધા વિશેષ દૃઢ થઈ ગઈ.



મુનિચર્યામાં અત્યંત ભાવાત્મક
આચાર્ય વિદ્યાનંદસ્વામી


તેઓ મૂલતઃ વૈદિકધર્મી હોવાથી તેમના સમયના પ્રસિદ્ધ વૈદિકધર્મના અંગો જેવાં કે ન્યાય (નૈયાયિક), મીમાંસક, સાંખ્ય, યોગ, પ્રભાકર વગેરે દર્શનોનો તેમને ભરપૂર અભ્યાસ હતો. તેઓ વૈદિક ધર્મના પંડિત તેમજ પ્રસિદ્ધ વિદ્વાન હતા, તેમને બૌદ્ધદર્શનનો પણ ઘણો અભ્યાસ હતો. જૈનમતાનુયાયી થતાં તેમને દેવાગમસ્તોત્ર (આપ્તમીમાંસા), અષ્ટશતી, તત્ત્વાર્થસૂત્ર, વાદન્યાય, સર્વાર્થસિદ્ધિ, તત્ત્વાર્થવાર્તિક, સ્વયંભૂસ્તોત્ર, યુક્ત્યાનુશાસન, સન્મતિસૂત્ર, રત્નકરંડક શ્રાવકાચાર, ન્યાયવિનિશ્ચય, પ્રમાણસંગ્રહ, લઘીયસ્ત્રયી, ત્રિલક્ષણદર્શન, જલ્પનિર્ણય, વાદન્યાયવિચિક્ષણ, ષટ્ખંડાગમ તેમજ કેટલાક શ્વેતામ્બર ગ્રંથો, એમ અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો, તેવું તેમના ગ્રંથોમાં આવેલા ઉદ્ધરણોથી પ્રતીત થાય છે. તે સિવાય પણ તેમને સમયસારાદિ અનેક અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ હશે; તેવું તેમના જીવન પરથી જાણી શકાય છે.

તેઓશ્રીએ નંદિસંઘ અંતર્ગત દીક્ષા ગ્રહણ કરી હતી. તેમની લેખની ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેઓશ્રીએ અલ્પવયમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મુનિધર્મને ભાવ અને દ્રવ્યરૂપે અંતરંગમાં જ આત્મસાત કરી લીધો હતો. તેથી તેઓ મુનિધર્મની જીવનચર્યા વિષે સુસ્પષ્ટ ભાવલિંગમય હતા.

તેમનો પ્રભાવ તેમના પશ્ચાત્વર્તી આચાર્ય ભગવંતો, માણિક્યનંદિ, વાદિરાજ, પ્રભાચંદ્ર, અભયદેવ, દેવસૂરિ ઉપર પડ્યો છે, તેવું તે આચાર્યોની રચનાઓ ઉપરથી નક્કી કરી શકાય છે. અંતતઃ તેઓ બાલ બ્રહ્મચારી, મહાન તપસ્વી, સિદ્ધાંત તેમજ દાર્શનિકતાના પ્રખર વિદ્વાન આચાર્ય હતા. તેમની ભાષા ઘણી જ પરિમાર્જિત, સંક્ષિપ્ત, તેમજ પ્રભાવશાળી હતી. તેઓએ નીચે મુજબના શાસ્ત્રોની રચના કરી છે.

(૧) આપ્તપરીક્ષા સ્વોપજ્ઞટીકા સાથે (૨) પ્રમાણ-પરીક્ષા, (૩) પત્ર-પરીક્ષા (૪) સત્યશાસન પરીક્ષા, (૫) શ્રીપુર પાર્શ્વનાથસ્તોત્ર (૬) વિદ્યાનંદ મહોદય (૭) અષ્ટસહસ્ત્રી, (૮) તત્ત્વાર્થશ્લોકવાર્તિક, (૯) યુક્ત્યાનુશાસનાલંકાર.

ઈતિહાસકારોના મત મુજબ તેમનો જીવનકાળ ઈ.સ. ૭૭૬ થી ૮૪૦ની વચ્ચેનો નિર્ણિત થાય છે. 'અષ્ટસહસ્ત્રી' તથા 'તત્ત્વાર્થશ્લોકવાર્તિકાલંકાર'ના રચયિતા આચાર્ય વિદ્યાનન્દસ્વામીને કોટિ કોટિ વંદન.



ધ્યાનસ્થ આચાર્ય અનંતકીર્તિજી

### ભગવાન આચાર્યદેવ

## શ્રી અનંતકીર્તિજી

દર્શન સાહિત્યના જ્ઞાતા ઘણા અનંતકીર્તિ આચાર્યોમાં તેઓ પોતાનામાં જુદા તરી આવે છે. 'બૃહત્સર્વસિદ્ધિ' તથા 'લઘુસર્વજ્ઞસિદ્ધિ નામના બે ગ્રંથોની રચના કરીને દિગંબર જૈન સાહિત્યમાં પોતાની અમીટ સુગંધને મહેકાવીને તેઓ જૈન જગત માટે અમર વરદાનરૂપ થયા છે.

તેઓશ્રી પોતાના યુગના પ્રખ્યાત તાર્કિક વિદ્વાન આચાર્ય હતા. તેઓએ સ્વપ્નજ્ઞાનને માનસ પ્રત્યક્ષ જ્ઞાન માન્યું છે. આપના ગ્રંથોમાં સન્મતિ તર્કના ટીકાકાર આચાર્ય અભયદેવસૂરિ તથા આચાર્ય વિદ્યાનંદસ્વામીની છાપ સ્પષ્ટ પ્રતિબિમ્બિત થાય છે. તેમનો મહિમા તેમના પશ્ચાતવર્તી આચાર્ય વાદિરાજે પણ ગાયો છે.

વિદ્વાનોના મતાનુસાર તેઓ આચાર્ય વિદ્યાનંદજીના સમવર્તી પ્રતીત થાય છે. તેમના સમય વિષે વિદ્વાનો અલગ-અલગ મત ધરાવે છે, તોપણ તેઓ ઈ.સ.ની ૮મી શતાબ્દિના ઉત્તરાર્ધના આચાર્ય છે, તે પ્રમાણે આપનો સમય માનવામાં કોઈ બેમત નથી.

આચાર્યદેવ શ્રી અનંતકીર્તિ ભગવંતને કોટિ કોટિ વંદન.



आचार्य श्री कुमारनन्दिका दर्शन करते मुनिराज व श्रावकगण

## ભગવાન આચાર્યદેવ

# શ્રી કુમારનંદિ

શ્રી કુમારનંદિ દક્ષિણપ્રદેશના મહાન પ્રભાવશાળી, વાદન્યાયવિચક્ષણ, તેમજ તાર્કિક ચૂડામણિ મહાન આચાર્યદેવ થયા છે. શ્રી વિદ્યાનંદી આચાર્યદેવે 'પત્ર પરીક્ષા', પ્રમાણ-પરીક્ષા તથા 'તત્ત્વાર્થશ્લોકવાર્તિકાલંકાર'માં આપનું અત્યંત ગુણકીર્તન કર્યું છે. એટલું જ નહીં પરંતુ તેમના પ્રભાવરૂપે કેટલાંક ઉદાહરણો પણ પોતાની રચનાઓના આધારરૂપે પ્રસ્તુત કર્યાં છે.


એમ તો જિનશાસનમાં આપનું નામ અપ્રસિદ્ધ રહ્યું છે. કારણ કે તેઓની કોઈ રચના વર્તમાનમાં ઉપલબ્ધ નથી. આપના સાહિત્ય સંબંધિત જે પણ કાંઈ જાણકારી મળે છે તે આપના વિષે મહાન આચાર્ય વિદ્યાનંદિરચિત વિવિધ ગ્રંથોમાં ઘણા સ્થાનો પર કરાયેલા ઉલ્લેખોથી મળે છે.

દક્ષિણના શ્રીપુર જિનાલયમાંથી મળેલા 'નામમંગલ' તામ્રપત્રથી જણાય છે કે આપનો સમય ઈ.સ. આઠમી શતાબ્દી આસપાસનો છે. તે તામ્રપત્રથી એમ પણ જણાય છે કે તેમના ગુરુ આચાર્ય ચન્દ્રનંદી હતા. તેમના શિષ્ય કીર્તિનંદી તથા પ્રશિષ્ય વિમલચંદ્ર હતા. તેઓશ્રીનો એક જ ગ્રંથ 'વાદન્યાય વિચક્ષણ' પ્રસિદ્ધ છે. બની શકે કે અન્ય ગ્રંથો પણ હોય પરંતુ તેમનો કોઈ ઉલ્લેખ મળ્યો નથી તથા તે ઉપલબ્ધ પણ નથી.

જે કાંઈપણ હોય, એટલું સ્પષ્ટ છે કે ભગવાન કુમારનંદિ એક પ્રભાવશાળી તાર્કિક તેમજ જૈન ન્યાયના મહાન વિદ્વતતાયુક્ત જ્ઞાતા આત્મજ્ઞાની ભાવલિંગી સંત હતા.

તેઓ ઈ.સ.ની ૮મી તથા ૯મી શતાબ્દીના આચાર્ય હોય એમ વિદ્વાનોનો મત છે.

આચાર્યદેવ શ્રી કુમારસ્વામી ભગવંતને કોટિ કોટિ વંદન.



शिष्योंको उपदेश देते आचार्यश्री महावीरदेव

## ભગવાન આચાર્યદેવ
# શ્રી મહાવીરદેવ

ભારતીય ગણિતના ઈતિહાસમાં શ્રી મહાવીરાચાર્યનું નામ ઘણા જ આદર સાથે લેવાય છે. જૈન ગણિતને વ્યવસ્થિતરૂપ આપવાનું શ્રેય તેમને જ પ્રાપ્ત થાય છે. તેઓશ્રીના ગણિત ગ્રંથની પાંડુલિપિઓ તેમ જ કન્નડ તથા તામિલ ટીકાઓ, ઉપરથી ઈતિહાસકારો એમ નિષ્કર્ષ કાઢે છે કે તેઓ મૈસુર પ્રાન્તના કન્નડ ભાગમાં થયા હશે.

તે સમયે સુદૂર દક્ષિણમાં ગણિત-વિજ્ઞાનને વૃદ્ધિગંત કરવાનો શ્રેય તેમના ફાળે જાય છે. જ્યારે ઉત્તરીય ભારતમાં બ્રહ્મગુપ્ત તથા ભાસ્કરના સમય દરમ્યાન શ્રીધરાચાર્ય સિવાય કોઈ અન્ય પ્રકાંડ ગણિતજ્ઞ થયા નથી.

તેઓશ્રીએ તેમના પૂર્વવર્તી ગણિતજ્ઞોના કાર્યમાં પર્યાપ્ત સંશોધન તેમજ પરિવર્ધન કર્યું છે. તેઓશ્રીએ જ શૂન્યના વિષયમાં ભાગક્રિયા કરવાની પ્રણાલિકાનો આવિષ્કાર કર્યો. કોઈપણ સંખ્યાને શૂન્ય દ્વારા વિભાજન કરતાં પ્રાપ્ત ફળોનું નિરૂપણ કરતાં દર્શાવ્યું કે તે સંખ્યા શૂન્ય દ્વારા વિભાજિત થવાથી પરિવર્તન પામતી નથી. જે દૃષ્ટિકોણથી આ સિદ્ધાંત લખાયો છે તે સિદ્ધાંત સ્થૂળ વિભાજનને આવરનાર છે.

તેઓએ (૧) ગણિતસાર સંગ્રહ તથા (૨) જ્યોતિષપટલ આ બે ગ્રંથો રચીને જૈન ગણિતને સમૃદ્ધ કર્યું છે.

તેઓ રાજા અમોઘવર્ષ (પ્રથમ)ના મિત્ર હતા. તે બંને સાથે રહેતા હતા. પાછળથી શ્રી મહાવીરાચાર્યએ દીક્ષા ગ્રહણ કરી લીધી. તેમનો સમય અમોઘવર્ષ (પ્રથમ) અનુસાર (ઈ.સ. ૮૦૦-૮૩૦) ઈતિહાસકારો ઠરાવે છે.

આચાર્યદેવ શ્રી મહાવીરદેવને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી જિનસેનસ્વામી (દ્વિતીય)


રાજા અમોઘવર્ષનો કાળ, ઈ.સ. ૮૧૫ થી ૮૭૭, વિદ્વાનોના સન્માનનો સુંદર કાળ હતો. રાજા અમોઘવર્ષ જેમના મોટા ભક્ત હતા એવા મૂળસંઘના પંચસ્તુપાન્વયી આચાર્યદેવ શ્રી જિનસેન (દ્વિતીય) નિજ આત્માનુભવની પ્રચુરધારામાં વિચરતા થકા સાહિત્ય-ગગનના ભાસ્કર (સૂર્ય) સમાન નિરંતર પ્રકાશમાન છે.

દિગંબર મુનિરાજો પક્ષીઓની જેમ એક ઠેકાણે વસતા નથી. તેથી તેમનું કોઈ નિયત સ્થાન તો હોતું નથી તથા તેઓ વનવાસના કાળમાં ગૃહવાસથી સંપૂર્ણ વિરક્ત હોવાથી તેમના ગૃહવાસના જીવન વિષે પણ કાંઈ ખાસ જાણવા મળતું નથી. તેમાં પણ વિશેષ કરીને આચાર્યદેવ શ્રી જિનસેનસ્વામી (દ્વિતીય) તો [1]આજન્મ દિગંબર હતા. તેથી એવા આચાર્ય ભગવાન વિષે કોઈ વિશેષ જાણકારી મળવી શક્ય નથી. તો પણ તેમના પરદાદાગુરુ અને દાદાગુરુ, ક્રમશ આચાર્ય ચંદ્રસેન તથા આચાર્ય આર્યનંદી હતા અને આચાર્ય વીરસેન સ્વામીના તેઓ શિષ્ય હતા. બુદ્ધિમાન આચાર્ય દશરથગુરુ તેમના સાધર્મી ગુરુભાઈ હતા. તેઓશ્રીએ આદિપુરાણમાં એક અન્ય ગુરુભાઈ આચાર્ય જયસેનને (ચતુર્થ/પંચમ) યાદ કર્યા છે, તથા તેમના શિષ્ય શ્રી ગુણભદ્રાચાર્ય ભાવલિંગયુક્ત કવિત્વ આદિ ગુણોયુક્ત જિનશાસનના જ્ઞાતા હતા. ભગવાન શ્રી ગુણભદ્રાચાર્યને શ્રી જિનસેનસ્વામી પ્રત્યે ઘણી જ શ્રદ્ધા અને ભક્તિ હતી.

આચાર્ય ભગવાન જિનસેનસ્વામીનો ચિત્રકૂટ (ચિત્તોડગઢ) બંકાપુર (જી. ધારવાડ) તથા વટગ્રામ (વડોદરા) સાથે ઘણો સંબંધ રહ્યો છે. આનતેન્દ્ર (જ્ઞાનેન્દ્ર) કે જે રાજા અમોઘવર્ષના સામંત હોવાનું અનુમાન છે તેમણે પાવાગઢ વગેરે સ્થળોએ ઘણાં મંદિરો બનાવડાવ્યાં હતાં તે પૈકીના કોઈ એક મંદિરમાં ધવલા ટીકા રચવામાં આવી હતી. એવું કેટલાક ઈતિહાસકારોનું અનુમાન છે. આ બધી જ બાબતો પરથી એમ જણાય છે કે તેઓશ્રી અમોઘવર્ષના વિસ્તૃત રાજ્યમાં અત્યંત સન્માનિત હોવાથી તેમનું જન્મસ્થાન

---

૧. ભગવાન આચાર્ય જિનસેન દ્વિતીય બાળપણથી જ આચાર્ય વીરસેન ગુરુની સાથે સાથે જંગલમાં જતા હતા. ત્યાર પછી તેઓ ત્રણ સંસ્કાર પૂર્વે દીક્ષાધારણ કરીને દિગંબર મુનિરાજ થઈ ગયા હતા. તેથી તેમણે આ ભવમાં કપડા પહેર્યા જ નહોતા. તેથી તેઓ આજન્મ દિગંબર કહેવાયા હતા.




રાજદરબારમાં રાજા અમોઘવર્ષ દ્વારા સન્માનિત આચાર્ય જિનસેનજી (દ્વિતીય)

મહારાષ્ટ્ર અને કર્ણાટકની સીમાભૂમિ પણ અનુમાનિત થઈ શકે છે.

તેમના વ્યક્તિત્વ વિષેના આલેખિત શિલાલેખો પણ ઉપલબ્ધ છે જે તેમના સમયમાં તેમની ધવલકીર્તિની ધ્વજાને ફરકાવે છે. બાળબ્રહ્મચારી એવા તેઓએ કઠોર બ્રહ્મચર્યની સાધના કરી હતી, તેથી વાગ્દેવી (સરસ્વતી) તેમના પર અત્યંત પ્રસન્ન હતી.

આપનું શરીર કૃશ, આકૃતિ પણ ભવ્ય અને રમ્ય નહોતી, આ રીતે બાહ્ય વ્યક્તિત્વ મનોરમ ન હોવા છતાં પણ આત્મજ્ઞાનની પ્રચૂરતા તથા તપશ્ચરણ, જ્ઞાનારાધના તથા કુશાગ્ર આરાધકબુદ્ધિના કારણે આપનું અંતરંગ વ્યક્તિત્વ ઘણું જ ભવ્ય હતું. આપ જ્ઞાન અને અધ્યાત્મના અવતાર હતા. આપનો જન્મ કઈ જાતિ અને કુળમાં થયો તે નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ નથી.

તેઓશ્રી કાવ્ય, વ્યાકરણ, નાટક, દર્શન, અલંકાર, આચાર, કર્મસિદ્ધાન્ત પ્રભુતિ વગેરે અનેક ગહન વિષયોના વિદ્વાન હતા તેમની કેવળ ત્રણ જ રચનાઓ ઉપલબ્ધ છે. 'વર્ધમાન ચરિત' તેમની જ રચના હોવાની માહિતી પ્રાપ્ત થાય છે. પરંતુ આ કૃતિ હજુ સુધી જોવા મળી નથી. તેમની પ્રાપ્ત ત્રણ રચનાઓ અને તેમનો રચનાક્રમ નીચે મુજબ છે.

(૧) પાર્શ્વાભ્યુદય (૨) જય ધવલા ટીકા (૩) આદિપુરાણ (સર્ગ-૪૨ સુધી)

ઈતિહાસકારોના અનુસાર તેઓશ્રીએ સર્વપ્રથમ પાર્શ્વાભ્યુદય લખ્યા બાદ પોતાના ગુરુ વીરસેનસ્વામીકૃત જયધવલા ટીકા પૂર્ણ કર્યા પછી પોતાના અંત સમયે આદિપુરાણની રચના કરી હોય એમ જણાય છે. અને તે અપૂર્ણ રહેવાથી તેમના શિષ્ય ગુણભદ્રાચાર્યે તે રચના પૂર્ણ કરી હતી.


(૧) પાર્શ્વાભ્યુદય : આ પાર્શ્વનાથ ભગવાનની દીક્ષા બાદ કમઠ દ્વારા થયેલ ઉપસર્ગને સમયે પાર્શ્વનાથ ભગવાનના આત્મધ્યાનને દર્શાવતું એક સુંદર કાવ્ય છે. તેમનું આ પાર્શ્વાભ્યુદય કાવ્ય કાલિદાસની 'મેઘદૂત'ની સમસ્યાપૂર્તિ છે. તેઓએ આમાં 'મેઘદૂત'ના એક કે બે પદોને લઈને રચના કરી છે. આ રચનામાં સમગ્ર મેઘદૂત સમાવિષ્ટ હોવા છતાં પણ મેઘદૂત તો શ્રૃંગારરસથી ઓતપ્રોત છે જ્યારે આ રચનાને આચાર્યે શાન્તરસમાં પરિવર્તિત કરી દીધી છે. સાહિત્યિક દૃષ્ટિએ આ કાવ્ય ઘણું જ સુંદર અને કાવ્યાત્મકગુણોથી શોભિત છે. આચાર્ય જિનસેનના કથનાનુસાર તેઓશ્રીએ જયધવલાના પહેલાં જ પાર્શ્વાભ્યુદય ગ્રંથની રચના પૂર્ણ કરી દીધી હતી. જેથી વિદ્વાનોના મતાનુસાર પાર્શ્વાભ્યુદય ગ્રંથની રચના તેઓએ માત્ર ૨૦ વર્ષની લઘુવયમાં જ કરી હતી.

(૨) ૪૦,૦૦૦ શ્લોકપ્રમાણ જયધવલા ટીકા કે જે આઠ કર્મોમાંથી માત્ર મોહનીયકર્મની જ વિસ્તૃત વિવેચના છે, તથા તેમાં મોહના નાશનો જ વિસ્તૃત ઉપાય બતાવ્યો છે. આ ટીકા જોકે આચાર્ય વીરસેનસ્વામી દ્વારા રચાયેલી ટીકાની બાકી રહેલી બહુઅંશ રચના છે, જે તેઓશ્રી દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. આ ટીકાના અભ્યાસથી વાંચકો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત કર્મ સિદ્ધાંતની મહિમા સહ નત-મસ્તક થયા વિના રહી શકતા નથી. તેની ભાષા શૈલી અત્યંત સુગમ છે.

આદિપુરાણમાં ભગવાન આદિનાથનું જીવન-ચિત્રણ એટલું વિસ્તૃત અને સુંદર છે કે પાઠકો રસિકતાથી આને વાંચ્યા જ કરે છે અને તેને વાંચતાં વાંચતાં સ્હેજ પણ થાકતા નથી.

તેમનો કાળ ઈ.સ. ૮૧૮ થી ૮૭૮ આસપાસનો હોય તેવું ઈતિહાસવિદોનું માનવું છે. તેમનું આયુષ્ય લગભગ ૯૦-૯૫ વર્ષનું હોવાનું અનુમાન છે.

આચાર્યદેવ શ્રી જિનસેનસ્વામી (દ્વિતીય) ભગવંતને કોટિ કોટિ વંદન.



શ્રાવકોને ઉપદેશ આપતા શ્રી દશરથ આચાર્ય તથા મુનિસંઘ

### ભગવાન આચાર્યદેવ


## શ્રી દશરથસ્વામી

આચાર્યદેવ શ્રી દશરથસ્વામી સિદ્ધાંત ગ્રંથોના જ્ઞાતા હતા. શ્રી ગુણભદ્ર આચાર્યએ તેમને પોતાના ગુરુ માન્યા છે. પરંતુ પંચસ્તૂપ સંઘની પટ્ટાવલીઓ અનુસાર તેઓશ્રી ધવલાટીકાના રચયિતા આચાર્ય ભગવાન વીરસેનસ્વામીના શિષ્ય હતા. આચાર્ય જિનસેન (દ્વિતીય) પણ ભગવાન વીરસેનસ્વામીના શિષ્ય હતા. તેથી આચાર્ય દશરથસ્વામી શ્રી વીરસેનાચાર્યજીના(દ્વિતીય) શિષ્ય રહ્યા હશે. શ્રી ગુણભદ્રાચાર્યે તેઓશ્રીને ગુરુ માન્યા હોવાથી એમ પ્રતીત થાય છે કે તેઓ શ્રી ગુણભદ્રાચાર્યના વિદ્યાગુરુ તરીકે હશે.

શ્રી દશરથસ્વામીએ લખેલો કોઈ ગ્રંથ પ્રાપ્ત નથી; પરંતુ શ્રી ગુણભદ્રાચાર્યના વિદ્યાગુરુ તથા શ્રી વીરસેનાચાર્યના શિષ્ય હોવાથી તેઓ સિદ્ધાન્તોના તથા પ્રથમાનુયોગના જાણકાર હશે તેવું ચોક્કસ માની શકાય.

ઈતિહાસકારો આપનો સમયગાળો ઈ.સ. ૮૨૦ થી ૮૭૦નો નિર્ણિત કરે છે.

આચાર્યદેવ શ્રી દશરથસ્વામી ભગવંતને કોટિ કોટિ વંદન.



ધ્યાનસ્થ આચાર્ય શ્રી ગુણભદ્રસ્વામી

### ભગવાન આચાર્યદેવ

## શ્રી ગુણભદ્રસ્વામી

આચાર્યદેવ ગુણભદ્રસ્વામી અનેક મહાન આચાર્યોમાંના એક છે. જે સ્વયં ભાવલિંગ મુનિધર્મ સાથે યથાતથ્ય દ્રવ્યલિંગરૂપ આચારોથી અલંકૃત હતા અને તેવું જ તેઓશ્રીએ ધારદાર લેખનીથી લખ્યું પણ છે કે (૧) ''જેમ મણિઓના મધ્યમાં કાંતિમાન મણિ વિરલ જ મળી આવે છે તે પ્રમાણે જ આજના સાધુઓમાં સમીચીન સંયમનું પાલન કરવાવાળા સાધુ વિરલા જ રહી ગયા છે. (૨) તે જ પ્રમાણે જેવી રીતે પલંગ વગેરે ઉંચા સ્થાનો પર સ્થિત અલ્પવયસ્ક અજ્ઞાની બાળક તો નીચે પડી જવાની શંકાથી ભયભીત છે પરંતુ ત્રણેલોકના શિખરરૂપ તપમાં સ્થિત વિચારશીલ સાધુ પોતાના અધઃપતનથી ભયભીત થતા નથી તે ઘણી જ આશ્ચર્યકારક વાત છે.

તેમના માતા-પિતા-કુળ વગેરેની જાણકારી મળે તેવી કોઈ સામગ્રી તેઓએ પોતાના સાહિત્યમાં રાખી જ નથી. તોપણ તેમના સાહિત્ય દ્વારા એટલો નિર્ણય થઈ શકે છે કે તેઓશ્રી તેમના સમયના બહુશ્રુત વિદ્વાન આચાર્ય ભગવંત હતા. તેઓશ્રી જિનસેનાચાર્ય (દ્વિતીય) તથા આચાર્ય દશરથગુરુના શિષ્ય હતા. એમ પણ હોઈ શકે કે 'દશરથગુરુ' તેમના વિદ્યાગુરુ હોય! તેમના દાદાગુરુ ધવલાગ્રંથના રચયિતા આચાર્ય ગુરુવર્ય વીરસેનસ્વામી હતા. શ્રી ગુણભદ્ર આચાર્યના શિષ્ય લોકસેન આચાર્ય હતા.

તે પ્રતિભામૂર્તિ આચાર્યદેવ સંસ્કૃત ભાષાના શ્રેષ્ઠ કવિ પણ હતા. તેઓ યોગ્ય ગુરુના યોગ્યતમ શિષ્ય હતા. તેઓશ્રીની રચનાઓમાં સરળતા તથા સરસતા સાથે



પ્રસાદગુણ પણ સમાયેલો છે. તેઓ ઉત્કૃષ્ટ જ્ઞાની તથા મહાતપસ્વી તો હતા જ સાથે સાથે અખંડ બાળ બ્રહ્મચારી પણ હતા. તેમનું નિવાસસ્થાન દક્ષિણના આરકટ જિલ્લાનું 'તિરુમરુકુંડમ' નગર મનાય છે. તેમના ગ્રંથોની પ્રશસ્તિઓ પરથી જણાય છે કે તેઓશ્રી સેન સંઘના આચાર્ય હતા.

ભગવાન આચાર્યદેવ જિનસેન (દ્વિતીય)ની જેમ તેમની સાધનાભૂમિ કર્ણાટક અને મહારાષ્ટ્રની ભૂમિ જ રહી છે. કારણ કે તે સ્થાનોમાં જ તેઓશ્રીએ પોતાના ગ્રંથોની રચના કરી છે.

માત્ર એટલું જ નહીં પરંતુ તેઓ પોતાના ગુરુના એવા શિષ્ય હતા કે જેમણે પોતાના ગુરુની જેમ જ પોતાના ગુરુના અધુરા કાર્યોને પૂર્ણ કર્યાં. તેઓ પોતાના ગુરુના અતિશય પ્રિય ભક્ત હતા. તેઓશ્રીએ પોતાના ગુરુના મહાપુરાણ (આદિપુરાણ)ના ૪૨ સર્ગો પછીનું કાર્ય તથા તે પછીના ૨૩ તીર્થંકર અને બાકીના ૬૩ શલાકા પુરુષોનું જીવનચરિત્ર ઉત્તરપુરાણ રચ્યું છે. તેમની ગુરુભક્તિનું એક જ ઉદાહરણ પર્યાપ્ત છે, તે રચના બનાવતાં તેમાં તેઓ લખે છે કે ''આ રચનાનાં મારાં વચનો વાંચકોને સુસ્વાદુ–આનંદદાયક લાગે તો તે મારા ગુરુઓનો જ પ્રતાપ સમજવો જોઈએ કારણ કે આમ્ર વગેરે ફળોમાં જે સુસ્વાદુતા જોવા મળે છે તે તેમના ઉત્પાદક વૃક્ષોને કારણે જ હોય છે. માત્ર એટલું જ નહીં ''મારા આ વચનો જે હૃદયમાંથી નીકળવાનાં છે તે હૃદયમાં તો ગુરુઓનો વાસ નિરંતર છે. તેથી તે વચનો તેમના વચનોના સંસ્કારથી સંયુકત-રસ ભાવ તથા અલંકારાદિથી વિભૂષિત જ હશે. વળી તેઓ ગુરુભક્તિથી લખે છે કે ''જગતમાં શ્રેષ્ઠ ગુરુ સર્વત્ર દુર્લભ છે. તેઓ આ પુરાણરૂપ સમુદ્રને પાર કરવામાં મારી આગળ ચાલી રહ્યા છે.''

તેમની રચનાઓ દ્વારા ગુરુભક્તિ સહ ઉત્કૃષ્ટ વિદ્વતતા તથા તેમની શાલીનતાનો જે પરિચય મળે છે તેનાથી જણાય છે કે આવા ઉત્કૃષ્ટ મહાકાવ્યની રચના થવી તે આપની અસાધારણ પ્રતિભા તથા ઉત્કૃષ્ટ વિદ્વતતા વિના અસંભવિત જ હોત.

તેઓશ્રીએ નીચે મુજબના ગ્રંથોની રચના કરી છે. (૧) આદિપુરાણ ૪૩ સર્ગના ચોથા પદ્યથી ૪૭ સર્ગ સુધી પૂર્ણ, (૨) ઉત્તરપુરાણ, ભગવાન જિનસેનાચાર્ય (દ્વિતીય)ની મહાપુરાણ રચનાનો શરૂઆતનો ભાગ 'આદિપુરાણ'ના નામે પ્રસિદ્ધ થયો તો આ ઉત્તરભાગ 'ઉત્તરપુરાણ'ના નામે પ્રસિદ્ધ થયો. (૩) આત્માનુશાસન (૪) જિનદત્તચરિત કાવ્ય.

તેમનો સમય વિદ્વાનોએ ઈ.સ. ૮૯૮નો નિર્ણિત કર્યો છે.

ભગવાન શ્રી ગુણધરાચાર્યને કોટિ કોટિ વંદન.



श्री अमृतचंद्राचार्य देव

### ભગવાન આચાર્યદેવ

## શ્રી અમૃતચંદ્રદેવ

શ્રી કુંદકુંદાચાર્ય ભગવાનનાં સમયસાર, પ્રવચનસાર તથા પંચાસ્તિકાયના આદ્ય ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના નામથી બધા જ અધ્યાત્મરસિકો પ્રાયઃ સુપરિચિત છે. જોકે જૈન અધ્યાત્મના પુરસ્કર્તા શ્રી કુંદકુંદાચાર્યદેવ થયા. પરંતુ અધ્યાત્મની સરિતાને પ્રવાહિત કરવાનું શ્રેય શ્રી અમૃતચંદ્રાચાર્યદેવને ફાળે જાય છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ તથા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વચ્ચે લગભગ એક હજાર વર્ષોનું અંતર છે. તે સમયગાળામાં પ્રખ્યાત જૈનાચાર્યો થયા છે. તેમાંથી આચાર્ય પૂજ્યપાદ તો શ્રી કુંદકુંદાચાર્યથી પ્રભાવિત છે. તેમના રચાયેલા સમાધિતંત્ર અને ઈષ્ટોપદેશ ગ્રંથો ઉપર આચાર્ય કુંદકુંદદેવના પ્રાભૃતોનો પ્રભાવ છે. સર્વાર્થસિદ્ધિ ટીકામાં પણ પંચપરાવર્તન વિષેની પાંચ ગાથાઓ કુંદકુંદાચાર્યના બારસ અણુવેક્ખા ગ્રંથમાંથી સંગૃહિત છે. શ્રી અકલંક આચાર્યદેવે તત્ત્વાર્થવાર્તિકમાં પ્રવચનસારની એક ગાથાનો આધાર લીધો છે. શ્રી વિદ્યાનંદ આચાર્યદેવે પોતાના અષ્ટસહસ્રીમાં પંચાસ્તિકાયની ગાથા 'સત્તા' વગેરેનું સંસ્કૃત રૂપાંતર આપ્યું છે. પરંતુ શ્રી કુંદકુંદાચાર્યદેવના પ્રમુખ ગ્રંથ સમયસારને કોઈએ સ્પર્શ કર્યો નથી. તે વાતનું શ્રેય તો આચાર્ય અમૃતચંદ્રને જ પ્રાપ્ત થાય છે. તેઓશ્રીએ જ સર્વપ્રથમ તે 'ગ્રંથાધિરાજ'નું મૂલ્યાંકન કર્યું અને કર્યું તો એવું કર્યું કે શ્રી કુંદકુંદાચાર્યદેવ જૈનાકાશમાં સૂર્યની જેમ પ્રકાશમાન થઈ ગયા. આ પ્રમાણે શ્રી કુંદકુંદાચાર્યદેવને કુંદનવત્ પ્રગટ કરવાનું શ્રેય આચાર્ય અમૃતચંદ્રને જ પ્રાપ્ત થાય છે. તેથી તેમની વાણીના પ્રગટન તથા પ્રસારમાં જે સ્થિતિ ભગવાન મહાવીર અને ગૌતમ ગણધરની છે તેવી જ સ્થિતિ જૈન અધ્યાત્મના પ્રગટન અને પ્રસારમાં આચાર્ય કુંદકુંદદેવ તથા આચાર્ય અમૃતચંદ્રદેવની છે. જેમ ભગવાન મહાવીરની વાણીને દ્વાદશાંગ શ્રુતમાં ગૌતમ ગણધરદેવે ગૂંથીને પ્રવાહિત કરી તે જ રીતે આચાર્ય કુંદકુંદદેવ દ્વારા પુરસ્કૃત અધ્યાત્મને પોતાની ટીકાઓ દ્વારા શ્રી અમૃતચંદ્રાચાર્યે નિબદ્ધ તેમજ પ્રવાહિત કર્યું. તેઓશ્રીના બાદ જ અન્ય ટીકાકારોએ પણ તે ગ્રંથો ઉપર પોતાની ટીકાઓ રચી.

આ પ્રમાણે અધ્યાત્મરૂપી કમળની સૌરભ ફેલાવીને આચાર્ય અમૃતચંદ્રદેવ પોતાના વિષે મૂક છે. તેઓએ પોતાની કૃતિઓમાં પોતાનો નામોલ્લેખ માત્ર કર્યો છે. સમયસાર અને પંચાસ્તિકાયની ટીકાના અંતે તેઓશ્રી લખે છે—

'स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैर्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।'

અર્થ : પોતાની શક્તિથી વસ્તુતત્ત્વને સમ્યક્‌રૂપે સૂચિત કરનારા શબ્દોએ આ સમયની વ્યાખ્યા કરી છે. પોતાના સ્વરૂપમાં લીન અમૃતચંદ્રસૂરિનું તો કાંઈપણ કર્તવ્ય નથી. તે જ પ્રમાણે તત્ત્વાર્થસારના અંતમાં કહ્યું છે કે—

वर्णाः पदानां कर्तारो वाक्यानां तु पदावलिः।
वाक्यानि चास्य शास्त्रस्य कर्तॄणि पुनर्वयम्।।

અર્થ : અક્ષરપદોના કર્તા છે, પદ વાક્યોના કર્તા છે. વાક્યો આ શાસ્ત્રના કર્તા છે, અમે નથી.

પુરુષાર્થસિદ્ધ્યુપાયના અંતમાં પણ એ જ ભાવ વ્યક્ત કર્યો છે. અકર્તૃત્વનો આ પરિચય જૈન અધ્યાત્મની અમિટ છાપોને વ્યક્ત કરે છે એમ કહેવાય છે કે ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવ જૈન અધ્યાત્મના માત્ર કોરા (શુષ્ક) વ્યાખ્યાતા નહોતા, તેઓશ્રીએ અધ્યાત્મને પોતાના જીવનમાં આત્મસાત્ કરી લીધું હતું. તેમનો એકએક શબ્દ બહુમૂલ્ય છે. તેમના એક એક વાક્યમાં અમૃત ભરેલું છે.

જૈન વસ્તુવિજ્ઞાનના તો તેઓ પરમ પ્રવીણ આચાર્યદેવ છે, અનેકાન્ત તેમની તુલા (ત્રાજવું) છે. તે તુલાના (ત્રાજવાનાં) બે પલ્લાં છે–નિશ્ચય અને વ્યવહાર. તે તુલા દ્વારા તેઓ વસ્તુતત્વની મધ્યસ્થભાવે સમીક્ષા કરે છે. તેમના અંતરમાં બંને નયો પ્રત્યે પક્ષાતિક્રાંતતા વર્તતી હતી. બંનેમાં સમભાવરૂપ જ્ઞાન રાખતા થકા તેઓ મોક્ષમાર્ગમાં તે બંનેની ઉપયોગિતારૂપ દૃષ્ટિથી જ વિચાર કરે છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવે પોતાના સમયસારના પ્રારંભમાં જે નિશ્ચયને ભૂતાર્થ અને વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે તથા શુદ્ધનયનું જેવું સ્વરૂપ કહ્યું છે—આચાર્ય અમૃતચંદ્રદેવ સર્વત્ર તેનું જ અનુગમન કરે છે. ટીકામાં એવી કોઈ વાત શોધી પણ જડતી નથી જ્યાં આચાર્ય અમૃતચંદ્રદેવે ભગવાન કુંદકુંદાચાર્યદેવનું અતિક્રમણ કર્યું હોય! અથવા તેની આડમાં પોતાનું કાંઈ સ્વતંત્ર મંતવ્ય નિર્દિષ્ટ કર્યું હોય. તેઓ એકાન્તતયા શ્રી કુંદકુંદાચાર્યદેવને અનુસરનારા છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે પોતાના સમયસાર દ્વારા જે વૃક્ષારોપણ કર્યું હતું, આચાર્ય અમૃતચંદ્રદેવે તો કેવળ તેને સમૃદ્ધ કરીને પુષ્પિત તથા ફલિત કર્યું છે. જેમ વૃક્ષના પાન, પુષ્પ, ફળ બધું તે વૃક્ષથી અનુપ્રાણિત રહે છે, તેવી જ સ્થિતિ આચાર્ય અમૃતચંદ્રના વચનોની છે. તેમનું એક એક પદ આચાર્ય કુંદકુંદદેવના અધ્યાત્મથી અનુપ્રાણિત છે.

સમયસારની વ્યાખ્યાનો (ટીકાનો) આરંભ કરતાં ત્રીજા કળશમાં તેઓ જે ભાવ વ્યક્ત કરે છે તે વાંચીને કોનું તન-મન રોમાંચિત ન થાય? તેઓશ્રી કહે છે કે હું શુદ્ધ દ્રવ્યાર્થિકનયની

દૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું, પરંતુ મારી પરિણતિ મોહના ઉદયનું નિમિત્ત પામીને મલિન થઈ ગઈ છે. રાગ-દ્વેષરૂપ થઈ રહી છે. શુદ્ધ આત્માનું કથન કરનારા આ સમયસાર ગ્રંથની ટીકા કરવાનું એવું ફળ ઇચ્છું છું કે મારી પરિણતિ રાગાદિથી રહિત થઈને શુદ્ધ થાય, મને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય. કેટલી પવિત્ર ભાવના! તેઓશ્રીની આ ભાવના અવશ્ય તેમના સમયસારના પઠન, ચિંતન અને મનનનું જ પરિણામ છે. તેઓએ ચોક્કસપણે કુંદકુંદાચાર્યદેવના ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન, મનન તથા ચિંતન કર્યું હતું. અને તેનાથી તેમને જે આત્મબોધ થયો હતો. તેનાથી તેમની અંતર્દૃષ્ટિ અવશ્ય સવિશેષપણે પ્રાપ્ત થઈ હશે. જેના ફળ સ્વરૂપે જ તેઓશ્રીને ભગવત્કુંદકુંદાચાર્યના ગ્રંથરત્નોની આટલી સુંદર સમૃદ્ધ ટીકાઓ રચવાની અંતઃપ્રેરણા થઈ હશે. આ ટીકાઓ એક ભક્તની ભગવાન પ્રતિ કુસુમાંજલિ સમાન છે.

પંડિત આશાધરજીએ પોતાના 'અનગાર ધર્મામૃત'માં તેમના નામ સાથે ''ઠક્કુર'' શબ્દનો પ્રયોગ કર્યો છે, 'ઠક્કુર' અને 'ઠાકોર' એકાર્થવાચી છે. જૈનેતરોમાં આજે પણ 'ઠાકુર' શબ્દનો ઉપયોગ થતો જોવા મળે છે. 'જેમ કે રવિન્દ્રનાથ ઠાકુર.' જૈનાચાર્યોમાં પણ એવા આચાર્યો થયા છે જે જન્મથી જૈન નહોતા, જેમ કે આચાર્ય વિદ્યાનંદ, છતાં પણ તેમની કૃતિઓ અણમોલ છે. આચાર્ય અમૃતચંદ્ર પણ જો એવા ક્ષત્રિયકુળથી સંબંધિત હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી, કારણ કે તેમની ટીકાના શબ્દોમાં પણ આ જ શૌર્ય ઊભરી આવતું સ્પષ્ટપણે વર્તાય છે, જેમ આચાર્ય સમન્તભદ્રના આપ્તમીમાંસાને સાંભળીને આચાર્ય 'વિદ્યાનંદ' વિદ્યા + આનંદ બની ગયા હતા, તેમ સંભવિત છે કે સમયસારાદિના અધ્યયનને આચાર્ય અમૃતચંદ્રને ખરેખર અમૃતચંદ્ર બનાવી દીધા હોય. આપણને તો તેમના સમયસારના ત્રીજા કળશમાં જ આનો પ્રતિધ્વનિ સંભળાય છે. સમયસારની ટીકાની રચના કરતાં જે તેમની ભાવના હતી તે તેઓએ આ ત્રીજા કળશમાં વ્યક્ત કરી છે.

પ્રવચનસારની ટીકાના પ્રારંભમાં તેઓ લખે છે કે પરમાનંદરૂપી અમૃતના પિપાસુજનોના હિતના માટે આ વૃત્તિ રચવામાં આવે છે. તેના પરથી જણાય છે કે સમયસારની ટીકા સ્વ-હિત માટે રચી હોય અને પ્રવચનસારની ટીકા પરમાનંદરૂપી અમૃતના પિપાસુજનોના નિજાત્મહિત માટે રચી હોય.

તેમની ટીકાઓ વાંચીને કોઈ એવી કલ્પના કરી શકે કે ભગવાન કુંદકુંદાચાર્યદેવે જ જાણે અમૃતચંદ્રાચાર્યના રૂપે અવતાર ન લીધો હોય? તેમની ટીકાઓ માત્ર શબ્દાર્થ વ્યાખ્યારૂપ નથી, પરંતુ પ્રત્યેક ગાથાસૂત્રમાં ભરેલા રહસ્યોને ખોલનારી છે. તેથી તેમને ટીકાઓ ન કહેતાં ભાષ્ય કહેવાનું જ ઉચિત ગણાશે. (જેમાં સૂત્રોના અર્થ આવે તેમના આધારે તેનું રહસ્ય પણ કહેવામાં આવે તેને ભાષ્ય કહેવાય છે?) આચાર્ય અમૃતચંદ્રદેવની ટીકાનું આવું જ રૂપ છે. તેમની ભાષા તો સંસ્કૃત ગદ્યાત્મક અત્યંત મનોહર છે. શબ્દોનું ચયન અધ્યાત્મને સર્વથા



श्रीमद् भगवत्कुंदकुंदाचार्यदेव

श्रीमद् अमृतचंद्राचार्यदेव

આચાર્ય કુંદકુંદદેવે જ આચાર્ય અમૃતચંદ્રના રૂપમાં અવતાર લીધો હોય તેમ લાગે છે.

અનુરૂપ છે. આ પ્રકારની અનુપ્રાસાત્મક શ્રુતિમધુર શબ્દાવલિ અન્ય જૈન ટીકાઓમાં મળતી નથી. ગદ્ય અને પદ્ય બંનેમાં એકરૂપતા છે. ગદ્યમાં પણ પદ્યનો આનંદ આવે છે.

તેમના મૌલિક ગ્રન્થ 'લઘુતત્ત્વસ્ફોટ'ના અંતિમ પદ્યમાં તેઓએ પોતાના નામની સાથે 'કવીન્દ્ર' વિશેષણનો પ્રયોગ કર્યો છે. તેમના આ ગ્રંથમાં તેમના કવીન્દ્રત્વનાં પદે-પદે સ્પષ્ટ દર્શન થાય છે. કાવ્યતત્ત્વની બધી જ વિશેષતાઓ તેમની આ કૃતિમાં છે. એમ તો તેમની ઉપલબ્ધ રચનાઓ જ તેમના વૈદુષ્ય અને રચનાચાતુર્યની ગરિમા માટે પર્યાપ્ત હતી, પરંતુ 'લઘુતત્ત્વસ્ફોટે' તો તેમની આ ગરિમા ઉપર કલશારોહણ કરી દીધું છે.

જૈનતત્ત્વની જે નિધિએ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવને વિશેષપણે આકર્ષિત કર્યા છે તે છે અનેકાંત તથા જ્ઞાનજ્યોતિ. તેઓએ પોતાની રચનાઓના પ્રારંભમાં કોઈ તીર્થંકરાદિ વ્યક્તિને નમસ્કાર ન કરતાં આત્મજ્યોતિ અને અનેકાંતને જ નમસ્કાર કર્યા છે. સમયસારના પ્રારંભમાં સમયસારને નમસ્કાર કરીને અનેકાન્તમયી મૂર્તિનું સ્મરણ કર્યું છે. પ્રવચનસારની ટીકાના પ્રારંભમાં જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને નમસ્કાર કરીને અનેકાન્તમય તેજનો જયકાર કર્યો છે. પંચાસ્તિકાયની ટીકામાં ઉક્ત પ્રકારે પરમાત્માને નમસ્કાર કરીને સ્યાત્કાર જીવિતા જૈની સિદ્ધાન્તપદ્ધતિનો જયકાર કર્યો છે. પુરુષાર્થસિદ્ધિયુપાયના પ્રારંભમાં પરમજ્યોતિનો જયકાર કરીને અનેકાન્તને નમસ્કાર કર્યા છે. તત્ત્વાર્થસારના પ્રારંભમાં પણ જિનેશની જ્ઞાનજ્યોતિનો જ જયકાર છે. અનેકાન્તસિદ્ધાન્ત પ્રત્યે આટલી અધિક ભક્તિની અભિવ્યક્તિ તો દર્શનશાસ્ત્રના પ્રતિષ્ઠાતાઓની કૃતિઓમાં પણ મળતી નથી. તેમની ટીકાઓ જેવી ટીકા હજી સુધી અન્ય કોઈ જૈનગ્રંથની લખાયેલી નથી. તેમની ટીકાઓના પાઠકો તેમની અધ્યાત્મરસિકતા, આત્માનુભવ,

પ્રખર વિદ્વતતા, વસ્તુસ્વરૂપને ન્યાયથી સિદ્ધ કરવાની અસાધારણ શક્તિ, જિનશાસનનું અત્યંત ઊંડું જ્ઞાન, નિશ્ચય, વ્યવહારનું સંધિબદ્ધ નિરૂપણ કરવાની વિરલ શક્તિ અને ઉત્તમ કાવ્યશક્તિનો પૂરો ખ્યાલ આવી જાય છે. અતિ સંક્ષેપમાં ગંભીર રહસ્યોને મૂકી દેવાની તેમની શક્તિ વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. તેમની દૈવી ટીકાઓ શ્રુતકેવળીના વચનો જેવી છે. જેમ મૂળ શાસ્ત્રકારના શાસ્ત્રો, અનુભવ, યુક્તિ વગેરે સમૃદ્ધિથી સમૃદ્ધ છે, તેમ ટીકાકારની ટીકાઓ પણ તે તે સર્વસમૃદ્ધિથી વિભૂષિત છે. શાસનમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કળિકાળમાં જગદ્‌ગુરુ તીર્થંકર જેવું કાર્ય કર્યું છે અને અમૃતચંદ્રાચાર્યદેવે જાણે કે તેઓ કુંદકુંદાચાર્યના અંતરને સ્પર્શ કરતા હોય તે રીતે તેમના ગંભીર આશયોને વ્યક્ત કરીને તેમના ગણધર જેવું કાર્ય કર્યું છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આચાર્યદેવ પરમાગમના ઊંડા અભ્યાસી હતા, તથા તેમના પ્રત્યે તેમને અગાધ શ્રદ્ધા અને ભક્તિ હતી. એવા પ્રામાણિક ગ્રંથકારની રચનાઓ સંબંધે અન્યથા કલ્પના કરવી તે સૂરજ સામે ધૂળ ઉડાડવા જેવું છે.

પંચાસ્તિકાયની ટીકાના પ્રારંભમાં તો તેની વ્યાખ્યાને 'દ્વિનયાશ્રયા' બે નયોનો આશ્રય કરનારી કહી છે. આ પ્રમાણે જિનાગમની વ્યાખ્યા બે નયનો આશ્રય લઈને કરનારા આદ્ય ટીકાકાર તેઓ જ છે. તેમનો પ્રભાવ તેમના બાદ થયેલા આધ્યાત્મિક ટીકાકારો અને ગ્રંથકારો ઉપર જોવામાં આવે છે. આ પ્રમાણે તેઓ આ આધ્યાત્મિક યુગના સ્રષ્ટા થયા છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવના પ્રાભૃતત્રયના અન્ય ટીકાકાર શ્રી જયસેનાચાર્યદેવે પણ પોતાની ટીકાઓમાં અનેક સ્થાને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની ટીકાઓનું ઘણા જ આદર સાથે સ્મરણ કર્યું છે.

આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પોતાના પરમાગમ સમયસારના પ્રવચનોમાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ તથા તેમની આત્મખ્યાતિ ટીકાની ભરપૂર પ્રશંસા કરતાં ફરમાવે છે કે ''આ ટીકા પંચમકાળમાં તથા ભરક્ષેત્રમાં અજોડ છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ટીકા સહિત સમયસાર ઉપર સભામાં ૧૯વાર સળંગ પ્રવચનો કર્યા હતાં. તદુપરાંત સ્વયમેવ અંતરમાં તો સેંકડોવાર તેનો સ્વાધ્યાય કર્યો હતો. તદુપરાંત તેમના અન્ય ટીકાગ્રંથો ઉપર પણ ઘણીવાર તથા તેમના પુરુષાર્થસિદ્ધિઉપાય ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યાં હતા.

તેઓશ્રીની પ્રસિદ્ધ રચનાઓ (૧) સમયસારની આત્મખ્યાતિ ટીકા, (૨) પ્રવચનસારની તત્ત્વદીપિકા ટીકા, (૩) પંચાસ્તિકાયસંગ્રહની સમયવ્યાખ્યા ટીકા (૪) પુરુષાર્થસિદ્ધ્યુપાય (૫) તત્ત્વાર્થસાર (૬) લઘુતત્ત્વસ્ફોટ. આમાં પ્રથમ ત્રણ રચનાઓ ટીકાગ્રંથ છે તથા અંતિમ ત્રણ રચનાઓ તેમની મૌલિક રચનાઓ છે.

આચાર્ય અમૃતચંદ્રનો સમય વિક્રમની દસમી શતાબ્દિ (ઈ.સ. ૯૦૫ થી ૯૫૫) છે.

એવા મહાન આચાર્યદેવને અનહદ શ્રદ્ધા તથા ભક્તિહૃદયથી કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી અમિતગતિ (પ્રથમ)

જિનેન્દ્ર ભગવાન મહાવીરની આમ્નાયમાં એક નામના બે અમિતગતિ આચાર્ય થયા છે. માત્ર એટલું જ નહીં બંનેનો સમય પણ ઘણો જ નજીકનો છે. અર્થાત્ બે વચ્ચે બે પેઢીનું જ અંતર છે. તેથી ભ્રમ થવો સંભવ છે કે જાણે બંને એક જ અમિતગતિ ન હોય! તેથી ઈતિહાસકારો માટે ભેદનો નિર્ણય કરવાનું જરૂરી થયું.

આચાર્યદેવ અમિતગતિ (પ્રથમ), આચાર્ય દેવસેનના શિષ્ય હતા. આચાર્ય અમિતગતિ (પ્રથમ)ના શિષ્ય નેમિષેણ, તેમના શિષ્ય માધવસેન તથા તેમના શિષ્ય આચાર્ય અમિતગતિ (દ્વિતીય) હતા.

આચાર્ય અમિતગતિ (પ્રથમ)ને એક વિશેષ પ્રકારનું વિશેષણ લગાડવામાં આવે છે–'ત્યક્ત નિ:શેષસંગ' આ વિશેષણ આચાર્યદેવને સ્વયં આચાર્ય અમિતગતિ (દ્વિતીય) દ્વારા જ આપવામાં આવ્યું છે. જે સ્વયં આચાર્યદેવ અમિતગતિ (પ્રથમ) પણ પોતાના માટે લગાડતા હતા. આ રીતે આચાર્ય અમિતગતિ (બીજા)એ પોતાને સન્માનનીય આચાર્ય અમિતગતિ (પ્રથમ) થી જુદા બતાવ્યા છે.

તેમની સર્વોત્તમ કૃતિ 'યોગસાર પ્રાભૃત' છે કે જે અધ્યાત્મ-રસ પ્રચુર છે. આ ગ્રંથમાં તેઓએ પોતા માટે 'નિસંગાત્મા' એવું વિશેષણ લગાડ્યું હોવાથી ઉપરોક્ત વિશેષણ જેવું જ આ વિશેષણ હોવાથી તે સ્પષ્ટ થાય છે કે (યોગસાર પ્રાભૃત) આપનો જ ગ્રંથ છે.

તેમને તેમના ગુરુ શ્રી દેવસેનાચાર્ય પ્રત્યે અસીમ મહિમા હતો તે તેમના ''સુભાષિતરત્નસંદોહ''ના શ્લોકથી સિદ્ધ થાય છે.

તેમના વિશે આનાથી વિશેષ કોઈપણ માહિતી મળતી નથી. તેમના જીવનની મુખ્ય રચના 'યોગસાર-પ્રાભૃત' જ છે.

તેમનો જીવનકાળ ઈ.સ. ૯૨૩-૯૬૩ની અંતર્ગત નિશ્ચિત થાય છે.

આચાર્યદેવ શ્રી અમિતગતિ(પ્રથમ) ભગવંતને કોટિ કોટિ વંદન.

ભગવાન આચાર્યદેવ

# શ્રી અભયનંદિ સિદ્ધાંતચક્રવર્તી

નંદિસંઘ દેશીયગણ સંબંધે માન્યતા છે કે તેમની શિષ્ય-પ્રશિષ્યની દૃષ્ટિએ તે સંઘ અનેક શાખા-પ્રશાખાઓમાં વહેંચાઈ જાય છે. તેથી દીક્ષાગુરુ એક શાખાના હોવા છતાં શિક્ષાગુરુ વિભિન્ન પ્રશાખાના હોઈ શકે—આવો અંદરોઅંદરનો સંબંધ તે સમયે ચાલતો હશે. તે અનુસાર ઉક્ત દેશીયગણમાં ભિન્ન-ભિન્ન મતો ઊભા થયા હોય તેમ પ્રતીત થાય છે. તે અનુસાર મૂળસંઘ, દેશીયગણ, પુસ્તકગચ્છ, કોણ્ડકુન્દાન્વયની ઈંગ્લેશ્વરી શાખાના શ્રી સમારંભમાં એક માઘનંદી ભટ્ટારક થયા. તેમના નેમિચંદ્ર, અને અભયનંદિ સિદ્ધાન્ત ચક્રવર્તી આદિ બે શિષ્યો થયા છે.

આચાર્ય અભયનંદિ આચાર્ય ગુણનંદિના શિક્ષા-શિષ્ય હતા. અભયનંદિ તથા ઈન્દ્રનંદિ આચાર્ય, નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તીના સમયવયસ્ક દીક્ષાગુરુ અને વીરનંદિના શિક્ષાગુરુ હતા. આચાર્ય અભયનંદિને સિદ્ધાન્તચક્રવર્તીની ઉપાધિ પ્રાપ્ત થઈ હતી તેથી તેમના આ ત્રણે શિષ્યોને(ઈન્દ્રનંદિજી, નેમિચંદ્રજી, વીરનંદિજી) પણ તે ઉપાધિ સહજ જ પ્રાપ્ત થઈ હતી.

આ સિવાય અભયનંદિના ઘણા શિષ્યો થયા છે. તેમાં બાલચંદ્ર પંડિત તેમના પ્રિય શિષ્ય હતા. તેમના શિષ્યો વિશે હલેબીડ, રાવન્દુર, ભારંગી, હુમ્મચ વગેરે અનેક સ્થાનો ઉપર ગુણગરિમાના ઘણા શિલાલેખો મળી આવે છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે તેઓ તેમના સમયના મહાસમર્થ આચાર્ય ભગવંત હશે.

તેમના જ્યેષ્ઠ શિષ્ય બુલ્લગૌડ હતા. તેમના પુત્ર ગોપગૌડ કે જે કર્ણાટક પ્રદેશના નાગરખંડના શાસક હતા, તેમના માટે શિલાલેખોમાં દર્શાવવામાં આવ્યું છે કે તેઓ છન્દ, ન્યાય, શબ્દ સમય, અલંકાર તથા પ્રમાણ શાસ્ત્ર વગેરેના વિશિષ્ટ વિદ્વાન હતા.


તેઓએ પોતાના જીવન દરમ્યાન (૧) ‘કર્મપ્રકૃતિ’, (૨) કર્મપ્રકૃતિ રહસ્ય, (૩) તત્ત્વાર્થસૂત્રની તાત્પર્યવૃત્તિ ટીકા, (૪) પૂજા કલા, (૫) (સંભવત) જૈનેન્દ્ર વ્યાકરણની મહાવૃત્તિ ટીકાની રચના કરેલ છે.

ઈતિહાસકારોએ દેશીયગણ ગુર્વાવલીમાં તેમનો સમય ઈ.સ. ૯૩૦-૯૫૦ દર્શાવ્યો છે. આચાર્યદેવ શ્રી અભયનંદિ સિદ્ધાન્ત ચક્રવર્તી ભગવંતને કોટિ કોટિ વંદન.

# ભગવાન શ્રી દેવસેનાચાર્ય

દેવસેન નામના ઘણા આચાર્યોનો ઉલ્લેખ છે. તેમાંથી આ દર્શનસાર ગ્રંથના રચયિતા આચાર્યદેવ છે.

તેમની રચનાઓથી જણાય છે કે તેમનો સંપર્ક ધારા નગરી સાથે રહ્યો હતો. ત્યાં જ તેઓએ દર્શનસાર ગ્રંથ રચ્યો હતો. તેમના ગુરુ-શિષ્ય કે કુટુંબ સંબંધી કાંઈપણ પરિચય મળતો નથી.





*नवधा भक्तिपूर्वक आहार लेते हुए*

તેઓએ તેમની રચનાઓ પ્રાકૃત, સંસ્કૃત તથા અપભ્રંશ ભાષામાં કરી છે. આલાપપદ્ધતિની રચના લઘુનયચક્રના આધારે થઈ હોવાથી તે નક્કી થાય છે કે તેઓએ પ્રથમ લઘુનયચક્ર લખ્યું હતું. તેમના શ્રુતભવનદીપક નયચક્રના અંતમાં સાધનામાં થતી આત્માનુભવની પ્રક્રિયામાં નય વ્યવસ્થા કઈ રીતે પ્રક્ષિણ થાય છે તેનું સુંદર વર્ણન કર્યું છે.

તેમની (૧) દર્શનસાર, (૨) આલાપપદ્ધતિ, (૩) લઘુનયચક્ર, (૪) તત્ત્વસાર, (૫) આરાધનાસાર, (૬) નયચક્ર, (૭) શ્રુતભવનદીપક નયચક્ર રચનાઓ જણાય છે.

ઈતિહાસકારોની માન્યતા અનુસાર તેમનો સમય ઈ.સ. ૯૩૩ થી ૯૫૫નો પ્રતીત થાય છે.

'દર્શનસાર'ના રચયિતા આચાર્ય શ્રી દેવસેનસ્વામીને કોટિ કોટિ વંદન.




### ભગવાન આચાર્યદેવ

## શ્રી ઇન્દ્રનંદિ

ઈસ્વીસનની ૧૦મી શતાબ્દીના શ્રી ઈન્દ્રનંદિ એવા મહાન આચાર્ય છે કે જેઓએ નિરંતર નિજ આત્મધ્યાનની મસ્તીમાં વનમાં વિચરતા થકા પોતાના વિષે કાંઈપણ લખ્યું નથી. પરંતુ અન્ય આચાર્ય ભગવંતો વિષે તેઓ ઘણું જ લખતા ગયા છે. જેનાથી દિગંબર જૈન આમ્નાયના મહાસમર્થ આચાર્યો ભગવાનો તેમજ મુનિવરોની પરંપરા વિષે યત્કિંચિત પ્રમાણિત જાણકારી મળી શકે છે.

ભગવાન મહાવીરથી લગભગ ૧૪૦૦ વર્ષ પછી (ઈ.સ.ની ૧૦મી શતાબ્દી) તેઓ નંદિસંઘ દેશીયગણના આચાર્ય હતા. તેમના દીક્ષાગુરુનું નામ બપ્પનંદિ હતું. તેમના શિક્ષાગુરુનું નામ અભયનંદિ હતું અને તેઓ આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તીના જ્યેષ્ઠ ગુરુભાઈ સમાન હતા.

ઈન્દ્રનંદિ આચાર્યએ (૧) નીતિસાર, (૨) સમયભૂષણ, (૩) ઈન્દ્રનંદિ સંહિતા, (૪) મુનિ પ્રાયશ્ચિત્ત પ્રાભૃત, (૫) પ્રતિષ્ઠાપાઠ, (૬) પૂજાકલ્પ, (૭) શાંતિચક્રપૂજા (૮) અંકુરારોપણ, (૯) પ્રતિમા સંસ્કારારોપણ પૂજા, (૧૦) જ્વાલામાલિની, (૧૧) ઔષધિકલ્પ, (૧૨) ભૂમિકલ્પ, (૧૩) શ્રુતાવતાર વગેરે પુસ્તકોની રચના કરેલ છે.

ભગવાન મહાવીર પછી થયેલા દિગંબર જૈન આચાર્યોની મૂળ પરંપરાના ઈતિહાસને ‘શ્રુતાવતાર’ કહેવામાં આવે છે. આવા શ્રુતાવતાર તો કોઈક જ આચાર્યોએ લખ્યા છે. તેમાં આચાર્ય ઈન્દ્રનંદિનું ‘શ્રુતાવતાર’ પ્રાકૃત ગાથાબદ્ધ છે. તેવું જ શ્રુતાવતાર ઈ.સ. ૧૪૦૦ની આસપાસ થયેલા આચાર્ય શ્રીધરજીએ પણ રચ્યું છે. તોપણ આચાર્ય ઈન્દ્રનંદિનું શ્રુતાવતાર અધિક પ્રાચીન છે.

તેઓ ઈ.સ. ૯૩૯ની આસપાસના આચાર્ય હતા, એવું ઈતિહાસકારોનું માનવું છે.

આચાર્યદેવ શ્રી ઈન્દ્રનંદિ ભગવંતને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી કનકનંદિ સિદ્ધાન્તચક્રવર્તીદેવ

સિદ્ધાન્ત શાસ્ત્રના જ્ઞાતા ભગવાન આચાર્ય કનકનંદિ મૂલતઃ સિદ્ધાન્ત-શાસ્ત્રોના મર્મજ્ઞ એવા દેવેન્દ્રનંદિજીના શિષ્ય હતા. ત્યારબાદ (તેઓ સિદ્ધાન્તચક્રવર્તીદેવ ઈન્દ્રનંદિના શિષ્ય) આચાર્યદેવ નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીદેવના સહધર્મી હતા. તેઓ પણ શ્રી નેમિચંદ્રસિદ્ધાન્તચક્રવર્તીદેવની જેમ જ સમાદરણીય છે.

**वरइंदणंदिगुरुणो पासे सोऊण सयलसिद्धंतं।**
**सिरिकणयणंदिगुरुणा, सत्तट्ठाणं समुद्दिट्ठं।।** **गो.क.का.-३९६**

અર્થ : આચાર્યોમાં શ્રેષ્ઠ એવા શ્રી ઈન્દ્રનંદિ ગુરુપાસેથી સમસ્ત સિદ્ધાન્તને સાંભળીને શ્રી કનકનંદિ સિદ્ધાન્તચક્રવર્તી ગુરુએ આ સત્ત્વસ્થાનને સમ્યક્પ્રકારે કહ્યું છે.

આ પ્રમાણે ગોમ્મટસાર કર્મકાંડ ગાથા-૩૯૬ થી તે અત્યંત સ્પષ્ટ જાણી શકાય છે કે તેઓશ્રી પણ સિદ્ધાંતગ્રંથોના પારગામી હતા. આ ગાથામાં આચાર્ય કનકનંદિના પૂર્વ 'ગુરુ' શબ્દપ્રયોગ એમ સૂચિત કરે છે કે આચાર્ય નેમિચંદ્રદેવે ગોમ્મટસાર કર્મકાંડનું કાં તો આચાર્ય કનકનંદિ પાસે અધ્યયન કર્યું હોય અથવા તો આચાર્ય કનકનંદિ પોતાના સહધર્મીઓમાં ગુરુ નામથી પ્રસિદ્ધ હશે, અથવા આચાર્ય કનકનંદિ પણ તેમના 'ગુરુ' રહ્યા હોય અર્થાત્ તેઓ વય, દીક્ષા, વગેરેની દૃષ્ટિએ 'ગુરુ' હોય. હકીકત જે કાંઈપણ હોય તેઓનું સ્થાન આચાર્ય નેમિચંદ્રની નજરોમાં સન્માનનીય રહ્યું છે કે જે ભગવાન નેમિચંદ્ર આચાર્યદેવના ગોમ્મટસાર કર્મકાંડ ગ્રંથમાં પણ ઝલકી ગયું છે.

તેમનો એક જ ગ્રંથ ૪૮ કે ૫૧ ગાથા પ્રમાણ 'વિસ્તરસત્ત્વત્રિભંગી' નામનો છે કે જેની માત્ર બે જ પ્રતિ કાગળ ઉપર લખેલી 'જૈન સિદ્ધાંત મંથન 'આરા'માં છે તેમાંથી હુબહુ ૪૦ ગાથાઓ ગોમ્મટસાર કર્મકાંડની ગાથા ૩૫૮ થી ૩૯૭ જ છે. તેમાં તે ૩૯૬ ગાથા પણ આવી ગઈ. આ ઉપરથી એવું જણાય છે કે આચાર્ય કનકનંદિએ આટલો નાનો ગ્રંથ લખ્યો નહીં હોય પરંતુ નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીને ગોમ્મટસાર કર્મકાંડ લખવામાં સહયોગ કરવાના હેતુથી આ સત્ત્વ ત્રિભંગી પ્રકરણ લખ્યું હશે. જે ગોમ્મટસાર કર્મકાંડની ગાથા ૩૫૮ થી ૩૯૭ બની ગઈ અને ત્યાર પછી તેઓએ જાતે અલ્પ ગાથાઓ જોડીને તેને એક સ્વતંત્ર ગ્રંથનું રૂપ આપ્યું હોય. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તેઓ તેમના સમયના પ્રસિદ્ધ આચાર્ય હતા.

ઈતિહાસકારો અનુસાર તેમનો સમયગાળો ઈ.સ. ૯૩૯નો માનવામાં આવે છે.

આચાર્યદેવ શ્રી કનકનંદિ સિદ્ધાન્ત ચક્રવર્તી ભગવંતને કોટિ કોટિ વંદન.

ભગવાન આચાર્યદેવ

# શ્રી સોમદેવસૂરિ

આચાર્ય સોમદેવ મહાન તાર્કિક, ઉત્તમ સાહિત્યકાર, કુશળ રાજનીતિજ્ઞ, પ્રબુદ્ધ તત્ત્વચિંતક તથા ઉચ્ચકોટિના ધર્માચાર્ય હતા. એમના માટે સ્યાદ્વાદાચલસિંહ, તાર્કિક ચક્રવર્તી, વાદીભપઞ્ચાનન, વાક્કલ્લોલપયોનિધિ, કવિકુલ રાજકુંવર, અનવધ ગદ્ય-પદ્ય વિદ્યાધર ચક્રવર્તી વગેરે વિશેષણો પ્રસિદ્ધ છે. આ વિશેષણો તેઓશ્રીની ઉત્કૃષ્ટ પ્રજ્ઞા તેમજ પ્રભાવકારી વ્યક્તિત્વનાં દ્યોતક છે.

તેઓશ્રી આચાર્ય યશોદેવના પ્રશિષ્ય, આચાર્ય નેમિદેવના શિષ્ય તથા આચાર્ય મહેન્દ્રદેવના લઘુ સધર્મા હતા. તેઓ કર્ણાટકદેશના ચાલુક્ય રાજપુત્ર વાદ્યરાજ દ્વારા રક્ષિત હતા. તેઓ જેમના પ્રશિષ્ય હતા. તે તેમના ગુરુ આચાર્ય યશોદેવને તો દેવસંઘના તિલક કહેવામાં આવ્યા છે. આપના આ ગુરુ અનેક મહાવાદિઓના વિજેતા હતા.

તે સમયનું રાષ્ટ્રકૂટ કે જે પશ્ચિમના આરબ રાજ્યો સુધી વ્યાપેલું હતું–એવા રાષ્ટ્રકૂટના અભ્યુદય વિષે આચાર્ય સોમદેવજીએ પોતાના સાહિત્યમાં સુંદર પરિચય આપ્યો છે.

સહજ ચિદાનંદ.

તેમના 'નીતિવાક્યામૃત' તથા 'યશસ્તિલકચમ્પૂ'થી જણાય છે કે તેમનો સંબંધ કાન્યકુબ્જ નરેશ મહેન્દ્રદેવ સાથે રહ્યો છે. નીતિવાક્યામૃત ગ્રંથ મહેન્દ્રદેવના આગ્રહથી જ રચાયેલ છે. આ ગ્રંથ કૌટિલ્યના અર્થશાસ્ત્રની જેમ જ અર્થશાસ્ત્રનો ઉત્કૃષ્ટ ગ્રંથ છે.

આચાર્યશ્રીની ત્રણ રચનાઓ (૧) નીતિવાક્યામૃત (૨) યશસ્તિલકચમ્પૂ (૩) અધ્યાત્મ તરંગિણી છે. તે સિવાય (૧) યુક્તિ ચિંતામણિસ્તવ (૨) ત્રિવર્ગ મહેન્દ્રભાતલિસંજલ્પ (૩) પણ્ણવતિ પ્રકરણ તથા (૪) સ્યાદવાદોપનિષદ વગેરે પણ તેમની જ રચનાઓ ગણવામાં આવે છે.

તેઓ ઈ.સ. ૯૪૩ થી ૯૬૮ અર્થાત્ ઈ.સ.ની દસમી શતાબ્દિના આચાર્ય હતા.

આચાર્યદેવ શ્રી સોમદેવસૂરિ ભગવંતને કોટિ કોટિ વંદન.



### ભગવાન આચાર્યદેવ

## શ્રી વીરનન્દી સિદ્ધાન્તચક્રવર્તી

નંદીસંઘ દેશીયગણ અનુસાર શ્રી વીરનન્દી આચાર્ય મેઘચંદ્ર ત્રૈવિદ્યના શિષ્ય હતા અને ત્યાર પછી વિશેષ અધ્યયન હેતુએ આચાર્ય અભયનંદિની શાખામાં આવ્યા. તેઓ આચાર્ય ઈન્દ્રનંદિ તેમજ આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીના સહાધ્યાયી હતા. છતાં પણ જ્યેષ્ઠ હોવાના કારણે આચાર્ય નેમિચંદ્ર તેમને ગુરુતુલ્ય માનતા હતા.

શ્રી વીરનંદી જનસાધારણના મનોભાવો, હૃદયની વિભિન્ન વૃત્તિઓ અને વિભિન્ન અવસ્થાઓમાં ઉત્પન્ન થનારા માનસિક વિચારોના જીવંત ચિત્રણકર્તા મહાકવિ હતા. તેઓ સ્વયં માત્ર સિદ્ધાન્તવેત્તા જ નહીં પરંતુ તેના મર્મજ્ઞ હતા.

શ્રવણબેલગોલાના ૪૭મા શિલાલેખ પરથી સ્પષ્ટ થાય છે કે આચાર્ય ગુણનંદિના ૩૦૦ શિષ્યો હતા. તે પૈકી ૭૨ સિદ્ધાન્તશાસ્ત્રના મર્મજ્ઞ હતા. તેમાંથી દેવેન્દ્ર સિદ્ધાન્તિક સૌથી પ્રસિદ્ધ હતા. દેવેન્દ્ર સિદ્ધાન્તિકના શિષ્ય કલધૌતનંદિ અથવા કનકનંદિ સિદ્ધાન્તચક્રવર્તી હતા.

શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીદેવે ગોમ્મટસાર કર્મકાંડ ગ્રંથમાં અભયનંદિ, ઈન્દ્રનંદિ તથા વીરનંદિ તે ત્રણે આચાર્યોને નમસ્કાર કર્યા છે. આચાર્ય વીરનંદિના શિક્ષાગુરુ અભયનંદી, દાદાગુરુ ગુણનંદી તથા સહાધ્યાયી ઈન્દ્રનંદી હતા. આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી તેમના શિષ્ય અથવા લઘુગુરુભાઈ પ્રતીત થાય છે.

તેમનું 'ચંદ્રપ્રભ ચરિત્ર', કાવ્ય-પ્રતિભાનું ચૂડામણિ નિર્દેશન છે. તેમનો કાળ ઈતિહાસકારો અનુસાર ઈ.સ. ૯૫૦ થી ૯૯૦નો છે.

આચાર્યદેવ શ્રી વીરનંદિ સિદ્ધાન્તચક્રવર્તી ભગવંતને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી પ્રભાચંદ્ર (ચતુર્થ)

જિનધર્મમાં પ્રભાચંદ્ર નામના અનેક આચાર્યો થયા છે જેમ કે

(૧) નંદિસંઘ [૧]બલાત્કારગણ પટ્ટાવલિ અનુસાર આચાર્યદેવ પ્રભાચંદ્રજી (પ્રથમ) આચાર્યશ્રી લોકચંદ્રના શિષ્ય તથા (આચાર્ય) નેમિચંદ્રના ગુરુ હતા. તેમનો કાળ ઈ.સ. ૫૩૧ થી ૫૫૬ની વચ્ચે માનવામાં આવે છે.

(૨) જેમણે ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીનું અનુસરણ કરીને એક દ્વિતીય તત્ત્વાર્થસૂત્ર બનાવ્યું તે આચાર્ય પ્રભાચંદ્રજી (દ્વિતીય) ભટ્ટ અકલંકના (પરવર્તી) પછી થયેલા હોવાથી તેમનો કાળ ઈ.સ.ની સાતમી શતાબ્દીનો ઉત્તરાર્ધ માનવામાં આવે છે. તેમનું બીજુ નામ 'બૃહદ્ પ્રભાચંદ્ર' પણ પ્રસિદ્ધ છે.

(૩) રાષ્ટ્રકુટના નરેન્દ્ર ગોવિંદના તામ્રપત્ર અનુસાર આચાર્યદેવ પ્રભાચંદ્રજી (તૃતીય) તોરણાચાર્ય તથા આચાર્ય પદ્મનંદિના શિષ્ય હતા. તેમનો કાળ લગભગ ઈ.સ. ૭૯૭ની વચ્ચે માનવામાં આવે છે.

(૪) આચાર્યદેવ પ્રભાચંદ્રજી (ચતુર્થ) મહાપુરાણના કર્તા આચાર્ય જિનસેનના પૂર્વવર્તી કુમારસેનના શિષ્ય હતા. તેઓશ્રીએ ન્યાયગ્રંથ 'ચંદ્રોદય'ની રચના કરી હતી. તેમનો કાળ ઈ.સ. ૭૯૭ હોવાનું નિશ્ચિત થાય છે.


(૫) આચાર્યદેવ પ્રભાચંદ્ર(પાંચમા)ની ગુરુ-શિષ્ય પરંપરાથી જણાય છે કે તેઓ દક્ષિણ રાજ્યના હતા. કારણ કે આવી ગુરુ-શિષ્ય પરંપરા દક્ષિણમાં જ હોય છે. ત્યાંથી તેઓ પોતાના જીવનના અંતિમ વર્ષોમાં ઉત્તરની ધારા નગરી તરફ વિહાર કરી પધાર્યા હશે. ત્યાં તેમને આચાર્યદેવ માણિક્યનંદીનો સંપર્ક થતાં જ આચાર્યદેવે પ્રભાચંદ્રએ પોતાને તેમના સાક્ષાત્ શિક્ષા શિષ્યપણે જ સ્વીકારી લીધા. તેથી એમ સંભવિત છે કે તેઓશ્રીએ આચાર્યદેવ માણિક્યનંદિ પાસે ન્યાયનો અભ્યાસ કર્યો હોય તથા આચાર્યદેવના જીવનકાળમાં જ તેમના દ્વારા રચિત પરીક્ષામુખ ગ્રંથની ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ 'પ્રમેયકમલમાર્તંડ' નામની ટીકાની રચના કરી હોય.

તેઓ નંદિસંઘ, દેશીયગણ, ગોલાચાર્ય આમ્નાયમાં પદ્મનંદિ સૈદ્ધાન્તિકના શિષ્ય

૧. બલાત્કાર ગણ : નન્દિસંઘની એક શાખાનું નામ।

હતા. એટલું જ નહિ પણ તેઓ આચાર્યદેવ કુલભૂષણના પણ સમકાલીન હતા. શિલાલેખોના આધારે તેઓ કુલભૂષણના ગુરુ પણ હતા.

આચાર્યદેવ માણિક્યનંદિ તેમના શિક્ષાગુરુ હતા. તથા તેઓ ધારા નગરીના રાજા ભોજ માટે સન્માનનીય અને પૂજ્ય હતા. તેથી તેઓ રાજમાન્ય રાજર્ષિ હતા. તેઓ 'પંડિત' ઉપમાથી પણ અલંકૃત હતા. માત્ર એટલું જ નહીં પરંતુ 'જૈનેન્દ્ર વ્યાકરણ' પર રચાયેલી તેમની 'જૈનેન્દ્ર ન્યાસ-શબ્દાભોજ ભાસ્કર ટીકા'ને કારણે તેમને 'શબ્દાબ્જ દિનમણિ'ની સંજ્ઞા પણ આપવામાં આવી છે. તેઓ મહાન તાર્કિક હોવાથી તથા તેમણે તાર્કિક ગ્રંથોની પણ રચના કરી હોવાથી તેમને 'પ્રથિત તાર્કિક'ની ઉપમાથી પણ અલંકૃત કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં તેઓ વૈયાકરણી પણ હતા. તેઓએ જે શબ્દવ્યુત્પત્તિઓ ખોલી છે, તે અદ્‌ભુત હોવાથી તેઓ અસાધારણ વ્યુત્પન્ન પુરુષ પણ હતા.તેમની લેખનીના આધારે એમ પણ જણાય છે કે તેમનો ન્યાય, સિદ્ધાન્ત, અધ્યાત્મ, ચરણાનુયોગ, પ્રથમાનુયોગ, દર્શન વગેરે વિષયો ઉપર પણ સંપૂર્ણ અધિકાર હતો. તેઓ જૈનદર્શન તેમજ અન્ય દર્શનોના સૈદ્ધાન્તિક તફાવતને ઊંડાણથી જાણતા હતા. અન્ય દર્શનોમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, મીમાંસક, બૌદ્ધ, ચાર્વાક વગેરે બધા ભારતીય દર્શનોનો તેમને સારો અભ્યાસ હતો. આ પ્રમાણે સ્વયં જ્ઞાન-ધ્યાનમાં લવલીન રહેતા હોવા છતાં પણ તેઓ અસાધારણ ક્ષયોપશમના પણ સ્વામી હતા, તે અત્યંત



રાજા ભોજને જૈન ન્યાય સંબંધી સ્વરૂપ સમજાવતા આચાર્ય પ્રભાચંદ્ર (ચતુર્થ)

સ્પષ્ટ છે. તેમણે જિનધર્મને જે શાસ્ત્રો પ્રદાન કર્યા છે તેનાથી પ્રતીત થાય છે કે તેઓશ્રીનું આયુષ્ય લાંબુ હોવું જોઈએ. આત્મજ્ઞાન સાથે વિશાળ ક્ષયોપશમ અને વૈરાગ્ય લક્ષ્મીના ધારક હોવાથી તેઓશ્રીએ લઘુવયમાં જ ભગવતી જિનદીક્ષા અને આચાર્યપદવી ધારણ કરી હોય એવું અનુમાન કરવામાં આવે છે.

તેઓશ્રી રચિત 'પ્રમેયકમલમાર્તંડ' તથા 'ન્યાયકુમુદચંદ્ર' જૈન ન્યાયશાસ્ત્રના અત્યધિક મહત્વપૂર્ણ ગ્રંથો છે. તે ગ્રંથોના વિષયવસ્તુને જોતાં ક્રમશઃ 'પ્રમેયરૂપી કમળોને ઉદ્ભાસિત કરવા માટે તેઓ માર્તંડ–સૂર્ય સમાન હોવાથી 'પ્રમેયકમલમાર્તંડ' નામ યથાર્થ છે તથા 'ન્યાયરૂપી કુમુદોને પ્રસ્ફુરિત કરવા માટે ચંદ્રમા સમાન' હોવાથી તે ગ્રંથનું નામ 'ન્યાયકુમુદચંદ્ર' પણ યથાર્થ છે.

જે કાંઈ પણ હોય તેઓશ્રી દ્વારા લિખિત શાસ્ત્રોની શૈલી, ભાષા, શિલાલેખો વગેરે ઉપરથી વિદ્વાન વર્ગને નિશ્ચય થાય છે કે તેઓ નીચે મુજબના ગ્રંથોના રચનાકાર હતા તે સ્પષ્ટ છે.

(૧) પ્રમેયકમલમાર્તંડ–પરીક્ષામુખ વ્યાખ્યા, (૨) ન્યાયકુમુદચંદ્ર : લઘીયસ્ત્રય વ્યાખ્યા, (૩) તત્ત્વાર્થવૃત્તિ પદ વિવરણ, સર્વાર્થસિદ્ધિ વ્યાખ્યા, (૪) શકટાયનન્યાસ : શકટાયન વ્યાકરણ વ્યાખ્યા, (૫) શબ્દાભોજ ભાસ્કર : જૈનેન્દ્ર વ્યાકરણ વ્યાખ્યા, (૬) પ્રવચનસાર સરોજ ભાસ્કર : પ્રવચનસાર ટીકા, (૭) ગદ્યકથાકોષ : સ્વતંત્ર રચના, (૮) રત્નકરંડક શ્રાવકાચાર ટીકા, (૯) સમાધિતંત્ર ટીકા, (૧૦) આત્માનુશાસન ટીકા, (૧૧) ક્રિયાકલાપ ટીકા, (૧૨) મહાપુરાણ ટીપ્પણ (૧૩) લઘુદ્રવ્યસંગ્રહવૃત્તિ, (૧૪) પંચાસ્તિકાય પ્રદીપ, (૧૫) સમયસાર ટીકા તથા (૧૬) ચંદ્રોદય પણ આપની રચના પ્રતીત થાય છે.

આચાર્યદેવ રચિત રચનાઓ તથા ઉત્તરવર્તી રચનાઓના આધારે પૂરતી વિચારણા બાદ ઈતિહાસકાર વિદ્વાનોના વર્ગે આપનો સમય ઈ.સ. ૯૫૦ થી ૧૦૨૦ વચ્ચેનો માન્યો છે.

એવા આત્મજ્ઞાન સહ અનહદ વૈરાગ્ય તથા જ્ઞાન-ધ્યાનમાં પ્રચુર આચાર્ય પ્રભાચંદ્રને કોટિ  કોટિ વંદન

### ભગવાન આચાર્યદેવ

## શ્રી (બૃહદ) અનંતવીર્ય આચાર્યદેવ

દિગંબર પરંપરામાં અનંતવીર્ય નામના ઘણા આચાર્યો થયા છે. તેમાં આચાર્ય અકલંકસ્વામી રચિત 'સિદ્ધિવિનિશ્ચય'ની બૃહદ્ ટીકાના રચયિતા—આચાર્ય અનંતવીર્ય સ્વયં અલગ તરી આવે છે. તેઓ દેવકીર્તિ પંડિતના ગુરુ તથા ગૌણસેન પંડિતના શિષ્ય હતા. તથા શ્રીપાલના સધર્મા હતા. છતાં પણ તેમના ગુરુનું નામ 'રવિભદ્રજી' જાણવા મળે છે. તથા આચાર્ય વાદિરાજના આપ દાદાગુરુ હતા. તેઓએ કદાચ ગુરુના નામથી પોતાને 'રવિન્દ્ર પાદોપજીવી' તરીકે ઓળખાવ્યા છે. અનંતવીર્ય દ્રવિડ સંઘના નંદિગણના આચાર્ય હતા. આચાર્ય અનંતવીર્ય દ્રવિડ સંઘના નંદિગણના ઉરુઙ્ગમલાન્વયી પરંપરાના શ્રવણબેલગોલાવાસી આચાર્ય હતા.

ગરુડ-લાન્વયી આચાર્ય વાદિરાજે આચાર્ય અનંતવીર્યની સ્તુતિ કરતાં કહ્યું છે કે 'આપનાં વચનરૂપી અમૃતદષ્ટિથી જગતને ખાઈ જનારો શૂન્યવાદરૂપી અગ્નિ શાંત થઈ ગયો હતો' એટલું જ નહીં આચાર્ય વાદિરાજે તેમને'દીપશીખા સમાન' દર્શાવ્યા છે કે જે આચાર્ય અકલંકના વાઙ્મયના ગૂઢ અને અગાધ પદોના અર્થને પદે-પદે પ્રકાશિત કરે છે.

આચાર્ય અનંતવીર્યજી ન્યાયશાસ્ત્રના પારંગત તથા અનેક શાસ્ત્રોના મર્મજ્ઞ હતા. તેમની સિદ્ધિવિનિશ્ચયની ટીકા ઉપરથી જણાઈ આવે છે તેમનું દર્શન-શાસ્ત્રીય અધ્યયન ઘણું જ વ્યાપક અને સર્વતોમુખી હતું. તેમને વૈદિક સંહિતાઓ, ઉપનિષદ, તેમના ભાષ્ય તથા વાર્તા વગેરેનું પણ ગહન અધ્યયન હતું. તેઓ ન્યાય વૈશેષિક, સાંખ્યયોગ, મીમાંસક, ચાર્વાક, બૌદ્ધ વગેરે અન્ય મતોના પણ અસાધારણ વિદ્વાન હતા.


ઈતિહાસકારોનું એવું માનવું છે કે આચાર્યદેવ અકલંકસ્વામીના સિદ્ધિવિનિશ્ચય ગ્રંથની વિસ્તૃત ટીકા લખવા સમયે અનંતવીર્ય આચાર્ય સામે તેમના પૂર્વે થયેલા 'વૃદ્ધ અનંતવીર્યજી' દ્વારા લખેલ પ્રાચીન ટીકા પણ હશે. તેઓશ્રીએ આ ટીકા ગ્રંથમાં મૂળ ગ્રંથના અભિપ્રાયને વિષદ્‌રૂપે પલ્લવિત કર્યો છે. વચ્ચે-વચ્ચે તેઓએ પ્રકરણગત અર્થને સ્વરચિત શ્લોકોમાં પણ વ્યક્ત કર્યો છે. જેથી આ ગ્રંથ વાચકને ગદ્ય-પદ્યમય ચમ્પૂકાવ્ય જેવો આનંદ આપે છે. આ ગ્રંથમાં ઘણા નય-પ્રમેયોની ચર્ચા છે.

તેમના બે ગ્રંથ પ્રસિદ્ધ છે. (૧) સિદ્ધિ વિનિશ્ચય ટીકા, (૨) પ્રમાણસંગ્રહ ભાષ્ય અપરનામ પ્રમાણસંગ્રહાલંકાર છે. ઈતિહાસકારો અનુસાર તેમનો સમય ઈ.સ. ૯૭૫ થી ૧૦૨૫નો જણાય છે. 'સિદ્ધિવિનિશ્ચય ટીકા'ના રચયિયિતા આચાર્યદેવ શ્રી બૃહદ અનંતવીર્યને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી પદ્મનંદિનાથ (પ્રથમ)

શ્રી દિગમ્બર જૈન (આમ્નાયમાં) પદ્મનંદિ આચાર્ય નામના ઘણા આચાર્યો થયા છે. તેમનામાંથી જમ્બૂદ્વીપપણ્ણતિના રચયિતા ભગવાન આચાર્ય પદ્મનંદિ અલગ જ તરી આવે છે. 'પદ્મનંદિ' નામના આચાર્યોના જીવનસંબંધે જે કાંઈ લખવામાં આવે છે તેમાં પદ્મનંદિ નામના તેઓ પ્રથમ આચાર્ય હોવાથી તેમને પદ્મનંદિ (પ્રથમ) બતાવવામાં આવ્યા છે.



ધ્યાનસ્થ આચાર્યદેવ પદ્મનંદી(પ્રથમ)

તેઓશ્રીએ પોતાને આચાર્ય વીરનંદિના પ્રશિષ્ય તેમજ આચાર્ય બલનંદિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે. તેઓએ વિજયગુરુ પાસે ગ્રંથનું અધ્યયન કર્યું હતું. અર્થાત્ આચાર્યશ્રી વિજયગુરુ તેમના વિદ્યાગુરુ હતા. એમ પણ દર્શાવાય છે કે તેઓ 'પ્રમેયકમલમાર્તંડ'ના રચયિતા ભગવાન પ્રભાચંદ્ર(ચતુર્થ)ના દીક્ષાગુરુ હતા. પરંતુ તેમના અને પ્રભાચંદ્ર ચતુર્થના સમયને જોતાં એમ પ્રતીત થાય છે કે પદ્મનંદિનાથને આચાર્યપદવી પ્રાપ્ત થયા પહેલાં મુનિ અવસ્થામાં જ આચાર્ય પ્રભાચંદ્રજીને દીક્ષા આપી હોય.

'જમ્બૂદ્વીપપણ્ણત્તિ' લખવાનું નિમિત્ત બતાવતાં તેઓ લખે છે કે રાગદ્વેષથી રહિત શ્રુતસાગરના પારગામી આચાર્યદેવ માઘનંદિ થયા. તેમના શિષ્ય–સિદ્ધાંત મહાસમુદ્રમાં કલુષતાને ધોઈ નાખનાર ગુણવાન આચાર્ય સકલચંદ્ર ગુરુ થયા તથા તેમના શિષ્ય–નિર્મલ રત્નત્રયના ધારક શ્રી નંદિગુપ્ત થયા, તેમના નિમિત્તે આ જમ્બૂદ્વીપ પણ્ણત્તિ લખવામાં આવી છે. ગુરુપરંપરાના સંદર્ભમાં તેઓશ્રીએ પોતાને ત્રિદંડ રહિત, ત્રયશલ્યવિશુદ્ધ, ગારવત્રયથી રહિત, સિદ્ધાન્તના પારગામી તેમજ તપ-નિયમ-યોગથી સંયુક્ત પદ્મનંદિ મુનિ તરીકે કહ્યા છે.

તેમની ગ્રંથરચના ઉપરથી જણાઈ આવે છે કે તેઓ પ્રાકૃતભાષા તેમજ સિદ્ધાન્ત ગ્રંથોના પારગામી હતા. તેઓશ્રીએ પોતાને 'વરપઉમનંદિ' કહ્યા છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે તેઓ અન્ય પદ્મનંદિથી બિલકુલ અલગ હતા.

'જંબૂદ્વીપપણ્ણત્તિ' ગ્રંથરચનાનું સ્થાન 'વારાનગર' દર્શાવવામાં આવ્યું છે. જે નગરનો રાજા નરોત્તમશક્તિ ભૂપાલ કે જે સમ્યગ્દષ્ટિ, દાનવીર તેમજ અન્ય કલાઓમાં કુશળ હતો. આ નગર જિનમંદિરોથી વિભૂષિત, સમ્યક્દષ્ટિ તથા મુનિજનોથી શોભિત (અર્થાત્ મુનિપુંગવોનું ત્યાં આગમન થતું રહેતું હતું.) અત્યંત રમણીય હતું.

'જમ્બૂદ્વીપપણ્ણત્તિ', 'પ્રાકૃતપંચસંગ્રહવૃત્તિ' તેમજ 'ધમ્મપસાયણ' નામના ગ્રંથોની રચના તેઓશ્રીએ કરી છે એવું ઇતિહાસકારોનું માનવું છે.

તેઓ લગભગ ઈ.સ. ૯૭૭ થી ૧૦૪૩ના આચાર્ય હતા, એવું વિદ્વાનોનું માનવું છે.

'જમ્બૂદ્વીપપણ્ણત્તિ'ના રચયિતા આચાર્યદેવ પદ્મનંદિનાથ (પ્રથમ)ને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીદેવ

ઈ.સ. ૮૧૬માં આચાર્યદેવ વીરસેનસ્વામી તથા જિનસેનસ્વામી દ્વારા આત્માર્થીઓને ધવલા તથા જયધવલા શાસ્ત્રની પ્રાપ્તિ થઈ. ત્યારથી સિદ્ધાન્ત-અભ્યાસી આત્માર્થી જીવો તે ગ્રંથોને જ જીવનાધાર બનાવીને પોતાના સાધનામય જીવન બનાવતા.

ધીમે ધીમે જીવોમાં ક્ષયોપશમની મંદતા આવી જવાથી ત્યારપછીના લગભગ ૨૦૦ વર્ષોમાં તો તે ગ્રંથોને સમજવામાં મુશ્કેલી પડવા લાગી, ત્યારે આત્માર્થી સિદ્ધાંતાભ્યાસીઓને સરળ સિદ્ધાંત ગ્રંથોની જરૂર અનુભવાઈ. તે સમયે ગંગનરેશ રાયમલ્લદેવના પ્રધાન સચિવ તથા મુખ્ય સેનાપતિ કે જેમણે અનેક યુદ્ધોમાં પોતાના રાજાને જિતાડ્યા હતા એવા ચામુડરાયજીએ પોતાના ગુરુદેવ શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીને પૂછેલા પ્રશ્નોના ફળ સ્વરૂપે આત્માર્થી જીવોને સરળતાથી સમજી શકાય એવા સિદ્ધાન્તગ્રંથો પ્રકાશમાં આવ્યા.


કહેવાય છે કે એકવાર જ્યારે શ્રી નેમિચંદ્ર આચાર્યદેવ ધવલા શાસ્ત્રનો અભ્યાસ કરતા હતા તે સમયે શ્રી ચામુંડરાયજી ત્યાં દર્શનાર્થે આવ્યા. આચાર્યદેવનું ધ્યાન સહજ પ્રધાનમંત્રી તરફ ગયું. પ્રધાનમંત્રી નમસ્કાર કરી ત્રણ પ્રદક્ષિણા કરીને ત્યાં બેસી ગયા અને પ્રભુને કહેવા લાગ્યા

ચામુંડરાય : પ્રભુ! મને પણ કાંઈક આત્મહિતનો બોધ આપો ત્યારે આચાર્યદેવે ૧૪ ગુણસ્થાન, માર્ગણાસ્થાન વગેરે દ્વારા સંક્ષિપ્તમાં જીવનું સ્વરૂપ બતાવ્યું અને મુક્ત થવાનો ઉપાય બતાવ્યો.

ચામુંડરાય : ભગવાન અમને નિરંતર આ વાતનું સ્મરણ રહે તે માટે શું કરવું જોઈએ?

આચાર્યદેવ(કરુણાપૂર્વક) : દેવ-શાસ્ત્ર-ગુરુની આરાધના તથા (ધવલાજી તરફ ઈશારો કરતાં કહ્યું કે) આનો સ્વાધ્યાય કરવો જોઈએ.

ચામુંડરાય : પ્રભુ! આ તો ઘણું જ અઘરું છે. અગર આપે જે સમજાવ્યું તે પ્રમાણે આ ગ્રંથનું સંક્ષિપ્ત સ્વરૂપ લેખનરૂપ થાય તો અમને લાભદાયક થાય. કૃપા કરીને આવા



પ્રધાનમંત્રી ચામુંડરાયને ધવલા શાસ્ત્રનો અભ્યાસ કરવાનો ઉપદેશ દેતા આચાર્ય નેમિચંદ્રજી

સરળ ગ્રંથની રચના કરવાની વિનંતીનો સ્વીકાર કરો.

એવી આત્માર્થની ભાવના જોઈને આચાર્યદેવે જીવો ઉપર કૃપા વરસાવી ગોમ્મટસારાદિ ગ્રંથ લખ્યા. જેમાં ધવલાજી વગેરેને સંક્ષિપ્ત અને સરળરૂપે સમાવી દીધા. તે રીતે ગાગરમાં સાગર ભરી દીધો. આવું અપૂર્વકાર્ય ભવ્યોના ભાગ્યથી વિધિની કોઈ અપૂર્વ પળે પ્રભુકૃપાથી પ્રાપ્ત થઈ ગયું. આત્માર્થીઓના મહાભાગ્યથી આવા મહાન ગ્રંથની રચના એવા ગુરુ દ્વારા થઈ કે જે આગમના ચક્રવર્તી સમાન હતા.


जह चक्केण य चक्की छक्खण्डं साहियं अविधेण।
तह मइचक्केण मया छखण्डं साहियं सम्मं ॥ गो.क.का. 397

જે રીતે ચક્રવર્તી પોતાના ચક્રરત્નથી ભરતના છ ખંડને વિઘ્ન વિના સાધે છે તે જ રીતે મેં (નેમિચંદ્રએ) પોતાના ક્ષયોપશમરૂપી ચક્રથી ષટ્ખંડાગમરૂપ સિદ્ધાન્તગ્રંથોના ષટ્ખંડોને સમ્યક્ પ્રકારે સાધ્યા છે.

તે જ રીતે તેઓશ્રીએ ષટ્ખંડાગમ કહો કે ધવલાજી કહો, દરેકને સુવ્યવસ્થિતપણે જાણીને ભાવભાસન કરીને ગોમ્મટસારાદિ ગ્રંથોમાં સંક્ષિપ્તમાં ભરી દીધા છે. છતાં પણ તેઓ ધવલાજી જેટલા દુરુહ બન્યા નથી. તે આપની લેખનીની જ ઉત્કૃષ્ટતા છે.

આચાર્ય અભયનંદિજી તેમના દીક્ષાગુરુ હતા. તથા ભગવાન આચાર્ય વીરનંદિ-ઈન્દ્રનંદિ તેમના સહાધ્યાયી હશે અથવા જ્યેષ્ઠ ગુરુભાઈ હશે તેથી આપે તેમને ગુરુના રૂપમાં વિનયપૂર્વક સ્મરણ કર્યા છે. આપે આચાર્ય કનકનંદિજી પાસેથી 'સત્ત્વજ્ઞાન' પ્રાપ્ત કર્યું. આચાર્ય કનકનંદિજીની તેમના પર એટલી અસીમ કૃપા હતી કે તેઓશ્રીએ ગોમ્મટસાર ગ્રંથ માટે જાતે જ 'સત્ત્વજ્ઞાન ભંગ પ્રરૂપણા' અધિકાર ગાથા ૩૫૮ થી ૩૯૭ તુરત જ લખી આપી.

પ્રસિદ્ધ કથા અનુસાર ગંગનરેશના મંત્રી તથા સેનાપતિ ચામુંડરાયની જિનભક્ત માતા કાલલદેવીએ પુરાણનું શ્રવણ કરતી વખતે ભરત અને બાહુબલીની કથાના પ્રસંગમાં એમ સાંભળ્યું કે ચક્રવર્તી ભરતે પોતાના પરમ તપસ્વી લઘુભ્રાતાની પોદનપુરમાં ૫૨૫ ધનુષ ઉંચી એક મૂર્તિ બનાવડાવી હતી. પરંતુ કાળના પ્રભાવથી હવે તેની આસપાસ કુક્કુટ સર્પોનો વાસ થઈ ગયો છે અને પરમ શાંતિદાયક તે મૂર્તિનાં દર્શન દુર્લભ થઈ ગયાં છે. આ સાંભળી કાલલદેવીએ પ્રતિજ્ઞા કરી કે તેઓ જ્યાં સુધી આ મૂર્તિનાં દર્શન ન કરે ત્યાં સુધી દૂધ ગ્રહણ કરશે નહીં, માતૃભક્ત ચામુંડરાયને જ્યારે પોતાની પત્ની અજિતાદેવી પાસેથી આ વાતની ખબર પડી ત્યારે તેઓ પોતાની માતાની ઈચ્છાની પૂર્તિમાટે પ્રયત્નશીલ થયા. સેનાપતિ અને મંત્રી તો તેઓ હતા જ. તેઓ કેટલાક સૈનિકોને સાથે લઈ રથારૂઢ થઈ



આચાર્ય નેમિચન્દ્રજી સિદ્ધાન્તચક્રવર્તીના સાન્નિધ્યમાં પ્રધાનમંત્રી ચામુંડરાય દ્વારા નિર્માપિત
શ્રી બાહુબલી મુનિન્દ્રની પ્રતિમા

પોદનપુરની શોધમાં નીકળી પડ્યા. ચાલતા ચાલતા તેઓ શ્રવણબેલગોલા આવ્યા. ત્યાં તેઓએ ચંદ્રગિરિ પર ભદ્રબાહુસ્વામીના ચરણોની વંદના કરી અને ત્યાં પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યાં. ત્યાં તે યુગના મહાન આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી પણ હતા. ચામુંડરાયની સેનાએ રાત્રિવિશ્રામ માટે શ્રવણબેલગોલામાં પડાવ નાખ્યો રાત્રે ચામુંડરાયને સ્વપ્રમાં બાવીસમા તીર્થંકર નેમિનાથના એક ભક્ત દેવે કહ્યું કે પોદનપુર ઘણું જ દૂર છે ત્યાંની યાત્રા ઘણી જ દુર્ગમ છે. તેથી પ્રાતઃકાળ સ્નાનાદિ શુદ્ધિપૂર્વક સામેની પહાડી પર સોનાનું એક તીર ચલાવો જ્યાં તીર પડશે ત્યાં બાહુબલી પ્રગટ થઈને તમને દર્શન આપશે. આ જ પ્રકારનું સ્વપ્ર તેમની માતા તથા આચાર્ય નેમિચંદ્રને પણ આવ્યું. સ્વપ્રના આદેશ તેમજ આચાર્યના પરામર્ષ અનુસાર ચામુંડરાયે તેવું જ કરવાનો નિર્ણય કર્યો. જ્યારે તેઓએ સોનાનું તીર છોડ્યું ત્યારે બાહુબલીના મસ્તકની રૂપરેખા પ્રગટ થવારૂપી આશ્ચર્ય થયું.

ત્યારબાદ ચામુંડરાયે વિપુલ ધનરાશિ દ્વારા તે રૂપરેખાનુસાર મુનિન્દ્ર ભગવંત બાહુબલીની મૂર્તિ તૈયાર કરાવી. તેની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૩-૩-૯૮૧ના રોજ આચાર્યદેવ નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તીના સાન્નિધ્યમાં કરાવવામાં આવી. તે જ આજની જગત્ પ્રસિદ્ધ દક્ષિણ ભારતની બાહુબલી મુનિન્દ્રની મૂર્તિ છે. (તેની આબેહૂબ, તેનાથી કંઈક નાની પ્રતિમા પશ્ચિમ ભારતમાં સુવર્ણપુરી(સોનગઢ)માં બિરાજમાન થશે. જેથી સુવર્ણપુરી પશ્ચિમ ભારતનું દક્ષિણભારત જેવું તીર્થ બનશે.)

આચાર્ય નેમિચંદ્રદેવના સમયમાં ઘણા જ મંદિરોના નિર્માણ દ્વારા ઘણી જ પ્રભાવના



ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લામાં આવેલ અધ્યાત્મ તીર્થ સોનગઢ(સ્વર્ણપુરી)માં નિર્માણાધીન જમ્બૂદ્વીપ–બાહુબલી જિનાયતનના બાહુબલી મુનિન્દ્ર ભગવંત

થઈ. જેથી તેમનો સમય 'દિગંબર જિનમંદિર નિર્માણ યુગ'રૂપે પ્રસિદ્ધ થઈ ગયો.

જે રીતે આગળ કહ્યું તે પ્રમાણે તેઓએ ગોમ્મટસાર ગ્રંથ તેમના શિષ્ય ચામુંડરાયના પ્રશ્નોના ઉત્તરરૂપે બનાવ્યો હતો, ચામુંડરાયનું બીજું નામ ગોમ્મટ હોવાથી તે ગ્રંથનું નામ 'ગોમ્મટસાર' છે. (ગોમ્મટ અર્થાત્ ચામુંડરાયના પ્રશ્નોના ઉત્તરનો સાર)

તેમના બીજા પણ અનન્ય શિષ્યો હતા. જેમાં ચામુંડરાય, માધવચંદ્ર, ત્રિવેધ વગેરે મુખ્ય હતા. ગોમ્મટસારાદિ ગ્રંથનું અભિસૂચક બીજું નામ 'પંચસંગ્રહ' પણ છે. કારણ કે સિદ્ધાન્ત શાસ્ત્રોમાં પ્રતિપાદિત કરવામાં આવતા પાંચે વિષયોનો આમાં સંક્ષેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

તેઓશ્રી કોઈ સામાન્ય વિદ્વાન નહોતા કારણ કે ગોમ્મટસાર, ત્રિલોકસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર વગેરે ઉપલબ્ધ ગ્રંથો તેમની અસાધારણ વિદ્વતતા અને 'સિદ્ધાન્તચક્રવર્તી' પદના ગૌરવને પ્રસિદ્ધ કરે છે.

જોકે તેમના ઉપલબ્ધ ગ્રંથોમાં ગણિતની પ્રચુરતા જોઈને ગણિતજ્ઞ વિદ્વાનો પણ દંગ રહી જાય છે તેઓ એમ માનવા પ્રેરાય છે કે આચાર્યશ્રીને ગણિતની કોઈ અપૂર્વ લબ્ધિ હતી. પરંતુ એમાં કોઈ સંદેહ નથી કે આપને માત્ર ગણિત જ નહીં પણ સિદ્ધાન્તોની પણ સર્વાંગી લબ્ધિ હતી.

'તત્ત્વાર્થસૂત્ર' ગ્રંથની જેમ તેમના ગ્રંથો ઉપર પ્રાપ્ત ઘણી ટીકાઓ એમ સૂચિત કરે છે કે ભલે તેમની ભાષા સરળ હોય તોપણ તે ગ્રંથ વિષયોની ઊંડાણ અને ગંભીરતા સભર છે. તેથી જ વિવિધ આચાર્યો તથા જ્ઞાનીઓએ તેમના ગ્રંથો પર વિવિધ ટીકાઓ રચી છે. તેઓશ્રી રચિત ગોમ્મટસાર ગ્રંથ ઉપર પંડિત પ્રવર શ્રી ટોડરમલજી રચિત 'સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા' નામની ટીકા પણ અત્યંત પ્રસિદ્ધ છે.

તેમના ગ્રંથોમાં મળી આવતી ઘણી ગાથાઓ તેમનાથી પણ ઘણા પ્રાચીન ગ્રંથોમાં મળી આવે છે. જેથી એ સ્પષ્ટ થાય છે કે તેમના ગ્રંથો પ્રાચીન આગમગ્રંથોની પરંપરા શ્રેણીરૂપ મહાન છે.

તેમની (૧) ગોમ્મટસાર (જીવકાંડ તથા કર્મકાંડ) (૨) લબ્ધિસાર (૩) ક્ષપણાસાર (૪) ત્રિલોકસાર ગ્રંથ રચનાઓ વર્તમાનમાં ઉપલબ્ધ છે.

ઈતિહાસકારોના મતે તેઓશ્રી ઈ.સ. ૯૮૧ના સમયગાળાના આચાર્ય હતા.

'ગોમ્મટસાર'ના રચયિતા આચાર્યદેવ શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તીને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

# શ્રી જયસેન (ષષ્ઠમ્)




ધ્યાનસ્થ આચાર્યદેવ
શ્રી જયસેનજી(ષષ્ઠમ્)

શ્રી દિગંબર જિનઆમ્નાયમાં 'આચાર્ય જયસેન' નામના ઘણા આચાર્ય થયા છે. આ આચાર્ય જયસેન (તૃતીય) કે જેઓ આચાર્ય આર્યનંદિના શિષ્ય હતા. તેઓ આચાર્ય વીરસેનસ્વામીના સધર્મા, આચાર્ય જયસેન (તૃતીય)થી ભિન્ન લાડવાગઢ સંઘના વિદ્વાન હતા, કારણ કે આચાર્ય આર્યનંદિ કે જે આચાર્ય વીરસેનના ગુરુ હતા તેમનો સમય ઈ.સ. ૭૭૦-૮૨૧ માનવામાં આવે છે અને આ આચાર્ય જયસેન ચતુર્થ તેમના પછી થયેલા આચાર્ય છે. પોતાની ગુરુપરંપરા બતાવતાં તેઓશ્રી લખે છે કે આચાર્ય ધર્મસેનના શિષ્ય શાંતિષેણ, તથા આચાર્ય શાન્તિષેણના શિષ્ય ગોપસેન, તેમના શિષ્ય આચાર્ય ભાવસેન તથા તેમના શિષ્ય આચાર્ય જયસેનજી થયા છે. તેઓશ્રીએ પોતાના વંશને યોગીન્દ્રવંશ કહ્યો છે.

આચાર્ય અમૃતચંદ્રદેવના પુરુષાર્થસિદ્ધયુપાય તથા આચાર્ય સોમદેવજીના ઉપાસકાધ્યયનનો તેમણે પોતાના ગ્રંથમાં ભરપૂર ઉપયોગ કર્યો છે. તેમના ગ્રંથમાં આચાર્ય રામસેન કૃત 'તત્ત્વાનુશાસન'નો પણ એક શ્લોક આવે છે. તેઓશ્રીએ પોતાના ગ્રંથ 'ધર્મરત્નાકરની' રચના ઈ.સ. ૯૯૮માં કરી હતી. આ રચના 'તત્ત્વજ્ઞાન'થી ભરપૂર છે. આ રચનાનું જે નામ છે બરાબર તે જ પ્રમાણે તેમાં 'ધર્મના રત્નોનો સમુદ્ર' જ જાણે ન હોય એવું પ્રતીત થાય છે.

તેઓ દસમી શતાબ્દિના ઉત્તરાર્ધના આચાર્ય છે.

આચાર્ય શ્રી જયસેનજી(સપ્તમ) ભગવંતને કોટિ કોટિ વંદન.




રાજા મુંજની સભામાં 'વાક્પતિરાજ'ની ઉપાધિથી અલંકૃત આચાર્ય અમિતગતિ(દ્વિતીય)

ભગવાન આચાર્યદેવ

# શ્રી અમિતગતિ આચાર્યદેવ(દ્વિતીય)

આચાર્ય અમિતગતિ(પ્રથમ)ની શિષ્ય પરંપરાની બીજી પેઢીમાં થયેલા આ આચાર્ય અમિતગતિ દ્વિતીય છે. તેઓશ્રીએ એક મહાન સરસ્વતીના ભંડાર સમાન તેમના મૌલિક ગ્રંથો દ્વારા જિનધર્મને અક્ષુણ્ણ રાખ્યો. તેઓ માથુરસંઘી હોવા છતાં જૈનાભાસી માથુરસંઘી પરિપાટીના નથી. તેઓએ પોતાની ગુરુ-પરંપરા નિમ્નાનુસાર દર્શાવી છે.

આચાર્ય વીરસેન-દેવસેન-અમિતગતિ (પ્રથમ), આચાર્ય નેમિષેણ-માધવસેન-અમિતગતિ (દ્વિતીય) તેઓએ પોતાના ગુરુ અમિતગતિ (પ્રથમ)ની ઘણી જ પ્રશંસા પોતાના ગ્રંથમાં કરી છે. તે પરથી જણાય છે કે તેમનો ગુરુભક્તિ-સમર્પણભાવ અદ્‌ભુત હતો.

તેઓ રાજા મુંજની સભામાં 'વાચસ્પતિરાજ' ઉપાધિથી અલંકૃત એક રત્નના રૂપે સ્વીકારવામાં આવ્યા હતા. તેઓશ્રી બહુશ્રુત વિદ્વાન હતા. તેમનું કાવ્ય, ન્યાય, વ્યાકરણ, આચાર, પ્રભૃતિ અધ્યાત્મ વગેરે અનેક વિષયો પર પ્રભુત્વ હતું.

તેઓશ્રીએ પોતાના પંચસંગ્રહગ્રંથની રચના ધારથી સાત કોષ દૂર આવેલા 'મસીદકિલૌદા' અપરનામ 'મસૂતિકાપુર' નામના ગામમાં કરી હતી. તેમની નીચે મુજબની રચનાઓ પ્રસિદ્ધ છે.

(૧) સુભાષિતરત્નસંદોહ, (૨) ધર્મપરીક્ષા, (૩) ઉપાસકાચાર, (૪) પંચસંગ્રહ (૫) આરાધના (૬) ભાવનાદ્વાવિંશતિકા, (૭) ચંદ્ર-પ્રજ્ઞપ્તિ, (૮) સાર્દ્ધદ્વયદ્વીપ-પ્રજ્ઞપ્તિ (૯) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, (૧૦) લઘુ તથા બૃહદ્ સામાયિક પાઠ તથા અમિતગતિ શ્રાવકાચાર વગેરે પણ આપની રચનાઓ જ માનવામાં આવે છે.


તેમનો સમય રાજા મુંજનો કાળ હોવાથી તેઓ ઈ.સ. ૯૮૩-૧૦૨૩ના સમયગાળાના આચાર્ય પ્રતીત થાય છે.

'સુભાષિત રત્નસંદોહ'ના રચયિતા આચાર્યદેવ અમિતગતિ (દ્વિતીય)ને કોટિ કોટિ વંદન.

## ભગવાન આચાર્યદેવ

# શ્રી માણિક્યનંદિજી

ન્યાયવિષયક ગ્રંથોના રચયિતા આચાર્યોમાં આચાર્ય માણિક્યનંદિનું અનુપમ સ્થાન છે. તેઓ 'માણિક્યચંદ્રજી ત્રિવૈદ્ય' અથવા 'મહાપંડિત'—માણિક્યચંદ્રજીના નામથી પણ પ્રસિદ્ધ છે. તેઓ જૈન ન્યાયના મહાપંડિત હતા. તેમની નંદિસંઘના પ્રમુખ આચાર્યોમાં ગણના થાય છે. તેમનું પ્રમુખસ્થાન ધારાનગરીના આસપાસના જંગલો ગણાય છે.



પરીક્ષામુખની રચના કરતા આચાર્યદેવ માણિક્યનન્દિજી

તેઓશ્રીના ગુરુનું નામ રામનંદિ હતું. તથા શિષ્યનું નામ નયનનંદિ હતું. તેમના પાદકમળમાં જ આચાર્ય પ્રભાચંદ્રજીએ 'પ્રમેયકમલમાર્તંડ'ની અન્ય રચના કરી હતી તેવું ઈતિહાસકારોનું માનવું છે. શિલાલેખોમાં તેમને 'જિનરાજ', ન્યાયદીપિકામાં તેમને 'ભગવાન' તથા પ્રમેયકમલમાર્તંડમાં તેમને 'ગુરુ' વિશેષણથી સંબોધિત કર્યા છે.

તેઓશ્રી પોતાના વિષયના એટલા મર્મજ્ઞ હતા કે તે વિષય અન્યને સમજાવવામાં તેઓ અત્યંત નિષ્ણાત જણાય છે, તેઓશ્રીએ તેમના વિષયને ઘણો જ પરિમાર્જિત કરીને પોતાની રચના તત્ત્વાર્થસૂત્રની જેમ સંસ્કૃત સૂત્રોમાં કરી છે. તેઓએ આચાર્ય અકલંકદેવના ગ્રંથરૂપી સમુદ્રનું મંથન કરીને તેના ફળ સ્વરૂપે 'પરીક્ષામુખ'રૂપ ન્યાયશાસ્ત્રરૂપી અમૃતની ભવ્યજીવોના પુણ્ય પ્રતાપે રચના કરી છે.

તેઓશ્રીએ એક માત્ર 'પરીક્ષામુખ' ગ્રંથની રચના કરી છે. આ 'પરીક્ષામુખ' ગ્રંથમાં તેમના અસાધારણ વૈદુષ્ય તથા ન્યાયવિશેષજ્ઞતાનો પરિચય થાય છે. આ ગ્રંથમાંથી એવું પ્રતીત થાય છે કે તેઓ જિનશાસનના ગ્રંથોના મર્મજ્ઞ તો હતા જ, સાથે-સાથે ચાર્વાક, બૌદ્ધ, યોગ(ન્યાય-વૈશેષિક) પ્રભાકર, જૈમિનીય તથા મીમાંસક વગેરેના સિદ્ધાંતોના પણ પૂર્ણ જાણકાર હતા. તેથી કહેવાય છે કે જે રીતે રત્નોમાં બહુમૂલ્ય માણિક્ય હોય છે, તે જ પ્રમાણે તેઓશ્રી રચિત પરીક્ષામુખ સૂત્ર 'માણિક્યરત્નરાશિ' સમાન છે. જેમ નીતિવાક્યમાં કહ્યું છે કે ''શૈલે શૈલે ન માણિક્યં મૌક્તિકં ન ગજે ગજે' તે અનુસાર જ તેમના પરીક્ષામુખ વિષે પણ કહેવાય છે

તેઓશ્રીએ તેમની રચનાનું નામ પરીક્ષામુખ રાખ્યું છે તે સાર્થક જ છે કારણ કે– વિરુદ્ધ જુદી જુદી યુક્તિઓની પ્રબળતા તથા દુર્બળતા અવધારણ કરવા માટે પ્રવર્તમાન વિચાર તે પરીક્ષા છે. આ લક્ષણ અનુસાર તેઓશ્રીએ પોતાના ગ્રંથમાં પ્રમાણ તથા પ્રમાણાભાસોની યથાર્થ પરીક્ષા કરી છે; તથા મુખનો અર્થ પ્રવેશદ્વાર છે તેજ રીતે આ ગ્રંથ ન્યાય જેવા ગહન વિષયોમાં પ્રવેશ કરવા માટે પ્રવેશદ્વાર સમાન છે. તેથી જણાય છે કે તેઓશ્રીએ ગ્રંથનું નામ સંપૂર્ણતયા સાર્થક રાખ્યું છે.

તેઓશ્રીના આ ગ્રંથની આચાર્ય પ્રભાચંદ્રજી કૃત 'પ્રમેયકમલમાર્તંડ' તથા આચાર્ય લઘુ અનંતવીર્યજી કૃત 'પ્રમેયરત્નમાલા' ટીકાઓ મુખ્ય છે.

તેમનો સમય ઈ.સ. ૧૦૦૩ થી ૧૦૨૮ જણાય છે.

આચાર્યદેવ શ્રી માણિક્યનંદી ભગવંતને કોટી કોટિ વંદન.

# ભગવાન આચાર્યદેવ
# શ્રી શુભચંદ્રદેવ

'પરમ અધ્યાત્મ તરંગિણી' ગ્રંથના રચનાકાર આચાર્ય શુભચંદ્રદેવે આચાર્ય અમૃતચંદ્રસૂરિના અધ્યાત્મ પ્રચુર સમયસાર કળશ ઉપર ટીકા રચીને એકબાજુ તેને રત્નોથી મઢી દીધા તથા બીજી બાજુ પ્રચૂર વૈરાગ્ય ઝરવાથી જ્ઞાનાર્ણવની રચના કરીને પોતાના ભાઈ ભર્તૃહરિને પણ એવા વૈરાગ્યવંત બનાવી દીધા કે જેથી તેઓ વૈદિકધર્મના બાહ્ય ક્રિયાકાંડ છોડી ભગવતી જિનદીક્ષા ધારણ કરીને આત્માના જ્ઞાન-ધ્યાનમાં લાગી ગયા.

શુભચંદ્રાચાર્ય ક્યા સંઘ, ગણ કે ગચ્છના હતા અથવા આપની ગુરુ પરંપરા શું હતી તેની કોઈ પણ જાણકારી પ્રાપ્ત થતી નથી. તેમના વિષે પ્રસિદ્ધ એક કથાનુસાર તેઓ (શુભચંદ્ર) તથા ભર્તૃહરિ, માલવાનરેશ (ઉજ્જૈયનીના રાજા) સિન્ધુરાજના પુત્ર હતા.


એક પ્રસિદ્ધ કથા અનુસાર મહારાજા સિંહને ઘણા સમય સુધી સંતાન પ્રાપ્તિ ન થતાં તે ચિંતિત રહેવા લાગ્યા. એકવાર મંત્રીએ રાજાની ચિંતા જાણીને તેમને ધર્મારાધન કરવાની સલાહ આપી. રાજા સાવધાન થઈને ધર્મકાર્યો કરવા લાગ્યા. એકવાર રાજા તથા રાણી તેમના મંત્રીઓ સાથે વનક્રીડા માટે ગયાં અને ત્યાં મૂંજના ખેતરમાં પડેલો એક બાળક મળ્યો તે બાળકને જોતાં જ રાજાના મનમાં પ્રેમનો સંચાર થયો અને તેને ઉઠાવી લઈને રાણીને સોંપી દીધો. રાણી તે પુત્રને ખોળામાં બેસાડીને ઘણી જ પ્રસન્ન થઈ. મંત્રીએ રાજાને નિવેદન કર્યું કે નગરમાં જઈને રાણીને ગૂઢ ગર્ભવતી જાહેર કરવામાં આવે! મંત્રીની સલાહ અનુસાર રાજાએ પુત્રોત્સવની ઉજવણી કરી. રાજા સિંહે તે પુત્રનું નામ મુંજ રાખ્યું. મુંજે યુવાન થઈને થોડા જ સમયમાં સકળ શાસ્ત્રો અને કળાઓનું અધ્યયન કરી લીધું. ત્યાર પછી મહારાજાએ રત્નાવતી નામની કન્યા સાથે તેનાં લગ્ન કરાવી દીધાં.

થોડા સમય પછી મહારાજા સિંહની રાણીએ ગર્ભ ધારણ કર્યો અને દસમા માસે એક પુત્રને જન્મ આપ્યો. જેનું નામ સિંહલ (સિન્ધુરાજ) રાખવામાં આવ્યું તે

પુત્રનો પણ જન્મોત્સવ ઉજવી યુવાન થતાં તેનાં મૃગાવતી નામની રાજકન્યા સાથે લગ્ન કરાવ્યાં. મૃગાવતી થોડા સમય બાદ ગર્ભવતી થઈ. શુભ મુહૂર્તમાં તેણીએ બે પુત્રોને જન્મ આપ્યો, જેમાં જ્યેષ્ઠ પુત્રનું નામ શુભચંદ્ર અને નાનાપુત્રનું નામ ભર્તૃહરિ રાખવામાં આવ્યું. બાળવયથી જ આ બાળકોનું ચિત્ત તત્ત્વજ્ઞાનમાં વિશેષરૂપે લાગેલું હતું. તેથી તેઓએ વયસ્ક થતાં જ તત્ત્વજ્ઞાનમાં સારી યોગ્યતા પ્રાપ્ત કરી લીધી. એકવાર વરસાદી વાદળોને પરિવર્તિત થતા જોઈને રાજા સિંહને વૈરાગ્ય ઉત્પન્ન થયો, રાજાએ મુંજ અને સિંહલને રાજનીતિ સંબંધી શિક્ષણ આપીને પોતે જિનદીક્ષા ગ્રહણ કરી લીધી. રાજા મુંજ પોતાના ભાઈ સાથે સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

એકવાર મુંજ વનક્રીડાથી પાછો ફરી રહ્યો હતો ત્યારે તેણે માર્ગમાં એક તેલીને ખભા ઉપર કોદાળી રાખી ઊભેલો જોયો. તે તેલીને ગર્વોન્મત્ત જોઈ મુંજે પૂછ્યું કે આ પ્રમાણે કેમ ઊભો છે? ત્યારે તેણે કહ્યું કે "મેં એક અપૂર્વ વિદ્યા સિદ્ધ કરી છે જેના પ્રભાવથી મારામાં એટલી શક્તિ છે કે મને કોઈ હરાવી શકે તેમ નથી. જો તમને વિશ્વાસ ન હોય તો તમારા કોઈપણ સામંતને મારો આ લોહદંડ ઉખાડવાનો આદેશ આપો. એટલું કહીને લોહદંડને જમીનમાં ઘુસાડી દીધો." આદેશ મળતાં જ બધા સામંતો તે લોહદંડને ઉખાડવા માટે પ્રયત્નશીલ થયા પરંતુ કોઈથી તે દંડ ઉખાડી શકાયો નહીં. સામંતોની આ અસમર્થતાને જોઈને શુભચંદ્ર અને ભર્તૃહરિએ મુંજને નિવેદન કર્યું કે જો આપનો આદેશ હોય તો અમે બંને આ લોહદંડને ઉખાડી નાખીશું. મુંજે તે બંને બાળકોને સમજાવ્યા, પરંતુ જ્યારે તેમનો વિશેષ આગ્રહ જોયો, તો મુંજે લોહદંડ ઉખાડવાનો આદેશ આપ્યો. તે બંને બાળકોએ પોતાની ચોટીનો ફંદો લગાડી જોતજોતામાં એક જ ઝાટકે તે લોહદંડને બહાર કાઢી નાખ્યો. ચારેબાજુથી ધન્ય-ધન્યનો ધ્વની ગુંજવા લાગ્યો. તૈલી નિર્મદ થઈને પોતાના ઘેર ચાલ્યો ગયો.

બાળકોનું આ અપૂર્વ બળ જોઈને મુંજ આશ્ચર્યચકિત થઈ ગયો અને તે વિચારવા લાગ્યો કે આ બાળકો અપૂર્વ શક્તિશાળી છે અને જ્યારે તે મોટા થઈ જશે તો કોઈપણ ક્ષણે મને રાજસિંહાસનથી ચ્યુત કરી દેશે, તેથી આ બાળકોને કોઈપણ ઉપાયે મૃત્યુના મુખમાં પહોંચાડી દેવા તે જ રાજનીતિજ્ઞતા છે. મુંજે મંત્રીને બોલાવી પોતાના વિચાર પ્રગટ કર્યા અને કહ્યું કે તે બે બાળકોનો વધ થઈ જવો જ જોઈએ. મંત્રીએ રાજાને સમજાવવાના પૂરા પ્રયાસ કર્યા, પરંતુ મુંજને મંત્રીની વાતો બરાબર ન લાગી. ફલતઃ મંત્રી રાજાજ્ઞાને સ્વીકારીને ચાલ્યો ગયો.




શુભચંદ્રજી પોતાના ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરે છે જ્યારે ભર્તૃહરિ અન્યમતમાં દીક્ષિત થાય છે.


મંત્રીએ એકાન્તમાં બેસીને ઘણો જ વિચાર કર્યો , તે અંતે એવા નિષ્કર્ષ પર પહોંચ્યો કે કુમારોને આ સમાચારોની જાણ કરી દેવી જોઈએ, નહીં તો ભારે અનર્થ થઈ જશે. મંત્રીએ શુભચંદ્ર અને ભર્તૃહરીને એકાન્તમાં બોલાવ્યા અને રાજાના નિંદ્ય વિચાર કહી સંભળાવ્યા સાથે સાથે એમ પણ કહ્યું કે તમે લોકો ઉજ્જયની છોડીને ચાલ્યા જાવ, નહીં તો પ્રાણરક્ષા થઈ શકશે નહીં.

રાજકુમારો તેમના પિતા સિંહલ પાસે ગયા અને મુંજની ગુપ્ત યોજના પ્રગટ કરી દીધી. સિંહલને મુંજની નીચતા પર ઘણો ગુસ્સો આવ્યો અને પુત્રોને કહ્યું કે મુંજ દ્વારા ષડયંત્ર પુરું થાય તે પહેલાં તમે તેને યમરાજના ત્યાં પહોંચાડી દો. કુમારોએ ઘણો જ વિચાર કર્યો અને તેઓ સંસારથી વિરક્ત થઈ વન તરફ ચાલી નીકળ્યા.

મહામતિ શુભચંદ્રએ કોઈ વનમાં જઈને મુનિરાજ સમક્ષ દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી અને તેર પ્રકારના ચારિત્રનું પાલન કરતાં થકા ઘોર તપશ્ચરણ કરવા લાગ્યા. પરંતુ ભર્તૃહરી એક કૌલ તપસ્વીની પાસે જઈ તેની સેવામાં સંલગ્ન થઈ ગયો. તેણે જટાઓ વધારી લીધી, કમંડળ અને ચીપીયો લઈને કંદમૂળ દ્વારા ઉદરપોષણ કરવા લાગ્યો. બાર વર્ષ સુધી ભર્તૃહરિએ અનેક વિદ્યાઓની સાધના કરી તેણે યોગો દ્વારા શતવિદ્યા અને




ભર્તૃહરી આચાર્ય શુભચંદ્રજીને તાંબામાંથી સોનું થઇ જાય તેવો તુમ્બીરસ આપે છે.




ભર્તૃહરિને ભાવથી જિનદીક્ષા આપતા આચાર્ય શુભચંદ્રદેવ

રસતુમ્બી પ્રાપ્ત કરી. તે રસના સંસર્ગથી ત્રાંબુ સુવર્ણ થઈ જતું હતું. ભર્તૃહરિએ સ્વતંત્ર સ્થાનમાં રસતુમ્બી દ્વારા પોતાનું મહત્ત્વ પ્રગટ કર્યું.

એક દિવસ ભર્તૃહરિને ચિંતા થઈ કે તેનો ભાઈ, શુભચંદ્ર કઈ સ્થિતિમાં છે? તેણે પોતાના એક શિષ્યને ભાઈના સમાચાર જાણવા મોકલ્યો. શિષ્ય જંગલમાં ફરતાં ફરતાં તે સ્થાને આવ્યો જ્યાં આચાર્ય શુભચંદ્ર તપશ્ચર્યા કરી રહ્યા હતા. તેણે જોયું કે તેમના શરીર પર વસ્ત્રનો ટુકડો પણ નથી, તથા કમંડળ પિંછી સિવાય બીજો કાંઈપણ પરિગ્રહ તેમની પાસે નથી. શિષ્ય બે દિવસ રહીને ત્યાંથી પાછો આવ્યો અને ભર્તૃહરિને બધા જ સમાચાર સંભળાવ્યા. ભર્તૃહરિએ તુંબીનો અડધો રસ બીજી તુંબીમાં કાઢી શિષ્યને કહ્યું કે 'આ લઈને શુભચંદ્રને આપી આવ' જેથી તેની દરિદ્રતા દૂર થઈ જાય અને સુખપૂર્વક પોતાનું જીવન વીતાવી શકશે. જ્યારે શિષ્ય રસતુંબી લઈને મુનિરાજ પાસે પહોંચ્યો તો મુનિરાજે તે રસને પત્થરની શિલા પર ઢોળી નાખ્યો.

શિષ્યએ પાછા આવીને ભર્તૃહરિને રસતુંબીની ઘટના કહી સંભળાવી. તોપણ તે સ્વયં ભાઈની મમતાવશ બાકીની રસતુંબી લઈને શુભચંદ્રની પાસે આવ્યા. શુભચંદ્રએ તે બાકીના રસને પણ પાષાણ શિલા પર ઢોળી દીધો. જેથી ભર્તૃહરિને ઘણું જ દુઃખ થયું. આચાર્ય શુભચંદ્રએ ભર્તૃહરિને સમજાવતાં કહ્યું કે ભાઈ, જો સોનું જ બનાવવું હતું તો ઘર શા માટે છોડ્યું? ઘરમાં શું સોના-ચાંદી, મણિ-માણિક્યની ખોટ હતી? આ વસ્તુઓની પ્રાપ્તિ તો ગૃહવાસમાં પણ સુલભ હતી, તેથી સાંસારિક વસ્તુઓની પ્રાપ્તિ માટે આટલો પ્રયાસ કરવો વ્યર્થ છે.

આચાર્ય શુભચંદ્રના ઉપદેશ દ્વારા ભર્તૃહરિ પણ દીક્ષિત થઈ ગયા. ભર્તૃહરિને મુનિમાર્ગમાં દૃઢ કરવા અને સાચા યોગનું જ્ઞાન કરાવવા માટે આચાર્ય શુભચંદ્રજીએ 'યોગપ્રદીપ' અને 'જ્ઞાનાર્ણવ'ની રચના કરી.

તેઓશ્રીએ પોતાના ગ્રંથમાં આચાર્ય સમંતભદ્રજી, પૂજ્યપાદસ્વામી, આચાર્ય અકલંકસ્વામી, આચાર્ય જિનસેનસ્વામી, આચાર્ય સોમચંદ્રદેવ, આચાર્ય અમૃતચંદ્રસૂરિ વગેરે ઘણા આચાર્યોના આગમોના આધાર આપ્યા છે, તેથી જણાઈ આવે છે કે તેઓ ઘણા જ શ્રુતાભ્યાસી હતા. તેમના જ્ઞાનાર્ણવ ગ્રંથનો તેમના પછીના દિગંબર આચાર્યોએ જ નહીં પરંતુ શ્વેતામ્બર આચાર્ય હેમચંદ્રજીએ પણ પોતાના ગ્રંથમાં ભરપૂર ઉપયોગ કર્યો છે. જેનાથી જણાય છે કે તેમની રચના અતિપ્રિય બની છે. તે વૈરાગ્યનો અનુપમ ગ્રંથ છે, તે એક મહાકાવ્ય સમાન ગ્રંથ છે. તેઓશ્રીએ 'પરમ અધ્યાત્મતરંગિણી', 'જ્ઞાનાર્ણવ' તથા 'યોગપ્રદીપ' નામના ગ્રંથોની રચના કરી છે.

તેમનો સમય ઈ.સ.ની ૧૦૦૩ થી ૧૦૬૮નો પ્રતીત થાય છે.

'જ્ઞાનાર્ણવ'ના રચયિતા આચાર્યદેવ શ્રી શુભચન્દ્રદેવ ભગવંતને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી વાદિરાજ


'એકીભાવસ્તોત્ર' અપરનામ 'કલ્યાણકલ્પદ્રુમ' દ્વારા તેઓશ્રી જૈન સમાજમાં જન-જનમાં પ્રસિદ્ધ છે. તેમનાં સ્તોત્રનું નામ 'કલ્યાણકલ્પદ્રુમ' હોવા છતાં પણ ભક્તામર, સ્વયંભૂ વગેરે સ્તોત્રોની જેમ સ્તોત્રના 'પ્રથમ શબ્દ'થી આ સ્તોત્રનું નામ 'એકીભાવસ્તોત્ર' જગતમાં પ્રસિદ્ધ છે. આચાર્યશ્રી વિખ્યાત દાર્શનિક તેમજ ચિંતક હતા. મહાકવિઓમાં તેઓ પોતાનું આગવું સ્થાન ધરાવતા. તેઓ ઉચ્ચકક્ષાના તાર્કિક હતા. તેમની તુલના જૈન કવિઓમાં આચાર્ય સોમદેવસૂરિ સાથે તથા સંસ્કૃતના કવિ નૈષધાકાર તથા શ્રી હર્ષ સાથે કરવામાં આવે છે. તેમના માટે એક ઉક્તિ પ્રવર્તે છે કે 'તેમની બુદ્ધિરૂપી ગાયે જીવનપર્યંત શુષ્કતર્કરૂપી ઘાસનો ચારો ચરીને સહૃદયજનોને કાવ્યરૂપી દુગ્ધથી તૃપ્ત કર્યા છે.'

તેઓશ્રી દ્રવિડ સંઘમાં નંદિસંઘના આચાર્ય હતા. તેમને શક્તિશાળી વક્તા, ચિંતક ષટ્તર્કષણ્મુખ, સ્યાદ્વાદ વિદ્યાપતિ તથા જગતેકમલ્લવાદિ વગેરે ઉપમાઓ આપવામાં આવી છે. તેઓશ્રીની તુલનામાં અન્ય વૈયાકરણી, તાર્કિક તથા ભવ્યસહાયક નિમ્ન કોટિના લાગે છે. તેઓશ્રી આચાર્ય અકલંકદેવસમાન હતા. તેમની પ્રશંસાના ઘણા શિલાલેખો દક્ષિણમાં ઉપલબ્ધ છે. તેમાં એક જગ્યાએ લખ્યું છે કે ''ત્રણલોકમાં દીપક પ્રકાશન કરવાવાળા બેથી જ ઉદય પ્રાપ્ત થાય છે એક જિનરાજથી અને એક વાદિરાજથી.''

શ્રી વાદિરાજ આચાર્ય આચાર્ય શ્રીપાલના પ્રશિષ્ય, આચાર્ય મતિસાગરના શિષ્ય તથા અનંતવીર્ય અને યશપાલમુનિના ગુરુભાઈ હતા. તેમનું શુભનામ કનકસેન હતું. તથા દીક્ષાનામ વર્ધમાન મુનીશ્વર હતું. જ્યારે વાદિરાજ આપનું ઉપાધિકૃત નામ હોય તેમ જણાય છે. તેમના પાદકમળમાં (આશીર્વાદથી) પરવાદિમલ્લ નામના જિનાલયનું નિર્માણ થયું હતું. તેઓશ્રી ચાલુક્ય નરેશ જયસિંહાદિ(દ્વિતીય) દ્વારા સન્માનિત હતા. તેઓ તેમનાથી પૂજિત અને તેમના રાજ્યના વાદિ હતા.

તેઓશ્રી વિષે એક કથા પ્રચલિત છે કે તેમને કુષ્ઠરોગ થઈ ગયો હતો. એકવાર રાજ્યસભામાં આપના વિશે ચર્ચા થઈ, ત્યારે આપના એક અનન્ય ભક્ત શેઠે પોતાના ગુરુનો અપવાદ થવાના ભયથી ગુરુ પ્રત્યેની અનન્ય શ્રદ્ધાને વશીભૂત થઈ કહી દીધું કે



કુષ્ટરોગગ્રસ્ત આચાર્ય વાદિરાજજી



રાજ્યસભાની ચર્ચામાં શેઠનો 'પોતાના ગુરુ કુષ્ટરોગી હોવાનો' ઇન્કાર

'મારા ગુરુ કુષ્ઠરોગી નથી'. શેઠજીને રાજ્યસભામાં ગુરુને કુષ્ટરોગ હોવાના શબ્દો ઘણા જ કઠ્યા અને સંપૂર્ણપણે અયોગ્ય લાગ્યા, કારણ કે તેઓએ ગુરુ વાદિરાજને કુષ્ટરોગીના રૂપે લક્ષ્યગત કર્યા જ નહોતા. તેમણે તો માત્ર ભક્ત બનીને પોતાના ગુરુને સર્વસમર્પણતાભાવથી ગુરુરૂપે જોયા હતા. યોગ્ય જ છે કે જેવી જેની ભાવના હોય તેને પ્રભુની મૂર્તિ તેવી જ દેખાય છે. તેથી રાજાના પૂછવાથી શેઠજીએ સ્પષ્ટ કહી દીધું કે મારા ગુરુ કુષ્ટરોગી નથી.

આ વાત ઉપર વાદવિવાદ થયો ત્યારે અંતે રાજાએ સ્વયં પરીક્ષા કરવાનું નક્કી કર્યું. રાજાના ત્યાં થયેલા વિવાદથી શેઠને જ્ઞાત થયું કે વાદિરાજને કુષ્ટરોગ છે, તેથી ભક્ત શેઠ ગભરાઈને આચાર્ય વાદિરાજ પાસે પહોંચ્યો અને તેમને સમસ્ત ઘટના સંભળાવી. આચાર્યદેવે આશ્વાસન આપતાં કહ્યું કે ધર્મના પ્રતાપે બધું ઠીક થઈ જશે, ચિંતા ન કરો! તે




રાજા, દરબારીજનો તથા શેઠ આચાર્ય વાદિરાજના દર્શન કરે છે. આચાર્ય પોતાને કુષ્ટરોગ હોવાનો નિર્દેષ કરે છે.

સમયે આચાર્યે એકીભાવસ્તોત્રની રચના કરીને ભગવાનની ઘણા જ ભાવથી સ્તુતિ કરી, તે શુદ્ધિપૂર્વકના શુભભાવથી તથા પૂર્વના પુણ્યોદયથી તેમનો કુષ્ટરોગ મટી ગયો. કુષ્ટરોગ માટે રાજાને ચુગલી કરવાવાળાને રાજા દ્વારા દંડ ન થાય તે માટે પગના અંગુઠામાં થોડોક કુષ્ટરોગ રહેવા દીધો. રાજાએ હકીકત જાણી ત્યારે રાજા સહિત નગરજનોએ જિનધર્મ અંગીકાર કર્યો.

તેઓશ્રીની (૧) પાર્શ્વનાથ ચરિત્ર (૨) યશોધરચરિત્ર (૩) એકીભાવ સ્તોત્ર (૪) ન્યાય વિનિશ્ચય વિવરણ (૫) પ્રમાણનિર્ણય વગેરે રચનાઓ છે.

તેઓ ઈ.સ. ૧૦૧૦-૧૦૬૫ના સમયના આચાર્ય હતા.

'એકીભાવસ્તોત્ર'ના રચયિતા આચાર્યદેવ વાદિરાજને કોટિ કોટિ વંદન.



# ભગવાન
# શ્રી રામસેનાચાર્ય

રામસેન નામના જિનધર્મમાં ઘણા ભટ્ટારક તેમજ વિદ્વાન થયા છે. પરંતુ તેમાંથી તત્ત્વાનુશાસન રચયિતા શ્રી રામસેનાચાર્ય પોતાની વિશુદ્ધિની દીપ્તિને પ્રદ્યોત કરવાવાળા હતા. તેઓશ્રીના પોતાની ગુરુ પરંપરા બતાવતા સ્વયંના લખાણ ઉપરથી જણાય છે કે 'વીરચંદ્ર', 'શુભદેવ', 'મહેન્દ્રદેવ' અને 'વિજયગુરુ' તે તેમના વિદ્યાગુરુ હતા. પુણ્યમૂર્તિ તેમજ ઉચ્ચકોટિના ચારિત્રધારી કીર્તિમાન નાગસેન તેમના દીક્ષાગુરુ હતા. શ્રી રામસેનાચાર્યના વિદ્યાગુરુ મહેન્દ્રદેવ તે નેમિદેવના શિષ્ય અને સોમદેવજીના મોટા ગુરુભાઈ હતા. તેમના ચતુર્થ શાસ્ત્રગુરુ વિજયદેવ હતા.

તેઓ સેનસંઘી આચાર્યદેવ હતા એવું સેનસંઘની પટ્ટાવલીઓ ઉપરથી જણાય છે. તેઓએ એકમાત્ર તત્ત્વાનુશાસન ગ્રંથ રચ્યો છે.

તેમનો સમય ઈ.સ.ની ૧૧મી શતાબ્દીના ઉત્તરાર્ધ પછીનો પ્રતીત થાય છે.

શ્રી રામસેનાચાર્ય ભગવાનને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

## શ્રી પદ્મનંદિનાથ (દ્વિતીય)

આ આચાર્ય 'જમ્બૂદ્વીપપણ્ણત્તિ'–રચયિતા આચાર્ય પદ્મનંદિદેવ પછી થયા છે. તેથી તેઓ અલગ જ છે. તેમના વિશે ખાસ કોઈ માહિતી મળતી નથી. પરંતુ તેઓશ્રી તેમના 'પદ્મનંદિ પંચવિંશતિકા' ગ્રંથ દ્વારા સમાજમાં ઘણા જ પરિચિત છે. તેમના ગ્રંથને શ્રીમદ્ રાજચંદ્રજીએ વનશાસ્ત્ર કહીને આ ગ્રંથની ઘણી જ પ્રશંસા કરી હતી. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ ગ્રંથને માત્ર આત્મસાત જ નહીં પણ તેના કેટલાક અધિકારો ઉપર યથાવસર સભામાં પ્રવચનો પણ કર્યાં છે.

આચાર્યદેવના દીક્ષાગુરુનું નામ આચાર્ય વીરનંદી હતું. પરંતુ તેઓશ્રી જમ્બૂદ્વીપપણ્ણત્તિ'ના રચયિતા પદ્મનંદિ આચાર્યના દાદાગુરુ આચાર્ય વીરનંદિના કરતાં જુદા હતા.

તેમના ગ્રંથની ભાષા ઉપરથી જણાય છે કે તેઓ પ્રાકૃત તથા સંસ્કૃત બંનેના જાણકાર હતા, તથા ગ્રંથ ઉપરથી એમ જણાય છે કે તેમને પૂર્વાચાર્યો, આચાર્ય અમૃતચંદ્રદેવ, આચાર્ય અમિતગતિ, આચાર્ય સોમચંદ્ર, આચાર્ય પ્રભાચંદ્ર, આચાર્ય ગુણભદ્ર વગેરે અનેક આચાર્યોના ગ્રંથોનું જ્ઞાન હતું, માત્ર એટલું જ નહીં પરંતુ પૂર્વાચાર્યોના કેટલાક મર્મસભર કથનોને તેઓશ્રીએ પોતાના ગ્રંથના અવયવની જેમ બનાવી દીધા છે.

માત્ર એટલું જ નહીં તેમનો ગ્રંથ એટલો સુંદર અને અલગ બન્યો છે કે તેમના પછી થયેલા આચાર્યોએ તે ગ્રંથના ઘણા કથનોને પોતાની ગ્રંથરચનાઓમાં અપનાવ્યાં છે.

જોકે આ ગ્રંથમાં ૨૬ અધિકારો હોવા છતાં પણ તે ગ્રંથનું નામ પદ્મનંદી પંચવિંશતિકા જ રાખેલ છે.

તેઓશ્રીએ પોતામાં અલગ જ તરી આવતો એક માત્ર 'પદ્મનંદી પંચવિંશતિકા' ગ્રંથ રચ્યો છે. ચરણસાર (પ્રાકૃત) પણ આપની જ રચના માનવામાં આવે છે. તેઓ ઈસાની ૧૧મી શતાબ્દીના ઉત્તરાર્ધના આચાર્ય ગણાય છે.

'પદ્મનંદિ પંચવિંશતિકા'ના રચયિતા આચાર્યદેવ શ્રી પદ્મનંદિનાથ(દ્વિતીય)ને કોટિ કોટિ વંદન.

### ભગવાન મુનિરાજ

# શ્રી નેમિચંદ્રસિદ્ધાન્તિદેવ


સિદ્ધાન્ત અધ્યાત્મ તથા ન્યાયના ત્રિવેણીસંગમ સ્વરૂપ આચાર્યદેવ નેમિચંદ્ર સિદ્ધાન્તિદેવે ભવ્યોના ભાગ્યથી કૃપામૃત દ્વારા માત્ર ૨૫ ગાથા જેટલો તથા ત્યારબાદ ૫૮ ગાથા જેટલા બૃહદ્-દ્રવ્યસંગ્રહની રચના કરીને આત્માર્થીઓના કલ્યાણનો માર્ગ સુસ્પષ્ટ કરી દીધો છે.

તેઓશ્રી રાજા ભોજના સમયમાં આ ધરાતલને પવિત્ર કરી રહ્યા હતા, ત્યારે રાજસ્થાનના કોટા-બુંદીની પાસે ચંબલ નદી પર આવેલું 'કેશવરાય પાટણ' કે જે રાજા ભોજના પરમાર રાજ્યના અંતર્ગત માલવામાં આવેલ તપોવન સમાન છે. જે તે સમયે મંડલેશ્વર 'આશ્રમનગર'ના રૂપે પ્રસિદ્ધ હતું. તેઓશ્રીએ વિહાર કરતાં કરતાં ત્યાં પદાર્પણ કર્યું. ત્યાંના રાજશ્રેષ્ઠી સોમનાથ–શ્રીપાળના નિમિત્તે તેઓશ્રીએ શ્રી મુનિસુવ્રતનાથ તીર્થંકરના મંદિરમાં 'દ્રવ્યસંગ્રહ'ની રચના કરી હતી. કારણ કે 'બૃહદ્-દ્રવ્યસંગ્રહ'માં આવેલા ઉલ્લેખ અનુસાર' માલવદેશની ધારાનગરીના સ્વામી રાજા ભોજદેવ હતા. તેના મંડલેશ્વર શ્રીપાલના આશ્રમ નામના નગરમાં શ્રી મુનિસુવ્રતનાથ તીર્થંકરના ચૈત્યાલયમાં ભાંડાગાર વગેરે અનેક નિયોગોના અધિકારી સોમનાથ શ્રેષ્ઠિ માટે શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તિદેવે પ્રથમ ૨૫ ગાથાઓવાળો 'લઘુદ્રવ્યસંગ્રહ' નામનો ગ્રંથ રચ્યો હતો. ત્યારબાદ વિશેષ તત્ત્વોના જ્ઞાન માટે ૫૮ ગાથામય બૃહદ્દ્રવ્યસંગ્રહની રચના કરી. તેઓ આચાર્ય નયનનંદિના શિષ્ય તથા શ્રીનંદીજીના પ્રશિષ્ય હતા. તેમના શિષ્યનું નામ આચાર્ય વસુનંદિ હતું

તેઓએ 'લઘુદ્રવ્યસંગ્રહ' તથા 'બૃહદ્દ્રવ્યસંગ્રહ' એવા બે શાસ્ત્રોની રચના કરી શ્રી સોમનાથ શ્રેષ્ઠી ઉપર કૃપા કરી હતી. આપણાં એ મહાભાગ્ય છે કે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રતાપથી મુમુક્ષુઓને તે ગ્રંથોનાં માત્ર દર્શન જ નહીં પરંતુ તે શાસ્ત્ર ઉપરના પ્રવચનો સાંભળવાનો પણ લાભ મળ્યો. તેમાં ભરેલો અધ્યાત્મના મર્મરૂપ સિદ્ધાન્ત ''નિશ્ચય તથા વ્યવહારરૂપ મોક્ષમાર્ગ બેની પ્રાપ્તિ એકીસાથે જ સાધકને નિર્વિકલ્પ ધ્યાનમાં પ્રગટ થાય છે'' તેની ભવ્યજીવોને પ્રાપ્તિ થઈ. તે મહા ઉપકારી સિદ્ધાંત શ્રી કહાનગુરુદેવની કૃપાથી આપણને યત્કિંચિત્ સમજવા મળ્યો. આ બધો જ આચાર્યદેવનો શ્રી સોમનાથ શ્રેષ્ઠી પરના કૃપામૃત અંશનો પ્રતાપ છે.

તેમનો સમયગાળો વિદ્વાન વર્ગ ઈ.સ. ૧૦૬૮નો નક્કી કરે છે.

મુનિરાજ શ્રી નેમિચન્દ્રસિદ્ધાન્તિદેવ ભગવંતને કોટિ કોટિ વંદન.



સ્વાધ્યાય તથા વિચારમગ્ન આચાર્ય વસુનંદિ

### ભગવાન આચાર્યદેવ
## શ્રી વસુનંદિ

વસુનન્દિ નામના ઘણા આચાર્યો થયા છે. આ આચાર્યદેવે 'પ્રતિષ્ઠાસારસંગ્રહ' ગ્રંથ સંસ્કૃતમાં તથા 'શ્રાવકાચાર' અથવા 'ઉપાસકાધ્યયન' ગ્રંથ પ્રાકૃત-ભાષામાં લખ્યો છે. તે ઉપરથી જણાય છે કે તેઓ બંને ભાષાને જાણતા હતા.

તેમના ઉત્તરવર્તી આચાર્યોએ તેઓશ્રીને સૈદ્ધાન્તિક ઉપાધિથી અલંકૃત કર્યા હોવાથી આપ સિદ્ધાન્તોના પણ મર્મી હોય તેમ જણાય છે.

શ્રી કુંદકુંદાચાર્યની આમ્નાયમાં સ્વસમય અને પરસમયના જ્ઞાતા, ભવ્યજીવરૂપી કુમુદવનને વિકસાવવાવાળા ચંદ્રતુલ્ય શ્રીનંદિ આચાર્ય થયા. શ્રીનંદિ આચાર્યના શિષ્ય શ્રી નયનનંદિ મુનિ થયા અને નયનનંદિના શિષ્ય નેમિચંદ્ર થયા. તે નેમિચંદ્રના પ્રસાદથી શ્રી વસુનન્દિ આચાર્યે ઉપાસકાધ્યયન લખ્યું છે.

તેઓ ધારા નગરીના રાજા ભોજના કાળમાં થયા હોય એવું પ્રતીત થાય છે.


તેમની રચનાઓ (૧) પ્રતિષ્ઠાસારસંગ્રહ, (૨) ઉપાસકાધ્યયન અથવા શ્રાવકાચાર, (૨) મૂલાચારની આચારવૃત્તિ.

તેમનો સમય ઈ.સ. ૧૦૬૮ થી ૧૧૧૮નો માનવામાં આવે છે.

'પ્રતિષ્ઠાસાર સંગ્રહ' ગ્રંથના રચયિતા આચાર્ય શ્રી વસુનન્દિદેવને કોટિ કોટિ વંદન.

## ભગવાન આચાર્યદેવ

# શ્રી બ્રહ્મદેવજી



બાલ બ્રહ્મચારી આત્મલીન આચાર્ય બ્રહ્મદેવજી

અધ્યાત્મકળાના મર્મજ્ઞ આચાર્ય બ્રહ્મદેવજી અધ્યાત્મજગતમાં પ્રસિદ્ધ છે. આચાર્ય બ્રહ્મદેવજીની શૈલી આચાર્ય જયસેન (સપ્તમ) જેવી હોવાથી સંભવિત છે કે શ્રી બ્રહ્મદેવજીને જયસેનાચાર્યરચિત પ્રાભૃતત્રયની ટીકાઓ પ્રાપ્ત થઈ હોય. શ્રી જયસેનાચાર્યદેવે ભગવાન કુંદકુંદાચાર્યના પ્રાભૃતત્રયની અમૃતચંદ્રાચાર્યદેવની ટીકાઓથી અલગ શૈલીથી ટીકાઓ રચી છે, તે ટીકાઓની આચાર્ય બ્રહ્મદેવજી ઉપર ઘણી અસર થઈ છે. બ્રહ્મદેવજીએ પણ તે જ શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને તાત્પયાર્થ એવા પાંચ પાંચ પ્રકારના અર્થોથી સભર ટીકા રચી છે. તેમની શૈલી, ભાષા વગેરે આચાર્ય જયસેનજી જેવી હોવાથી કેટલાકને તો એવી શંકા થઈ આવે છે કે આચાર્ય જયસેનજી તથા આચાર્ય બ્રહ્મદેવજી એક જ છે. કેટલાક વિદ્વાનોનો

એવો મત છે કે તેઓ જયસેનાચાર્યના પૂર્વવર્તી છે કારણ કે જયસેનાચાર્યદેવે પોતાની ટીકામાં દ્રવ્યસંગ્રહનો આધાર આપ્યો છે.

વિદ્વાનોનો અભિપ્રાય છે કે તેઓ બ્રહ્મચર્યમાં અડગ હોવાથી તેમને 'બ્રહ્મ' નામની ઉપાધિ મળી હતી. તેઓ બાલબ્રહ્મચારી હતા અને દેવજી આપનું નામ હતું. કેટલાક વિદ્વાનો આપનું નામ 'બ્રહ્મદેવજી' માને છે 'દેવજી' નહીં. તેઓશ્રીએ બૃહદ્ દ્રવ્યસંગ્રહની ટીકા લખી છે તેમાં લખ્યું છે કે પહેલાં ભગવાન નેમિચંદ્ર સિદ્ધાન્તદેવ દ્વારા 'સોમ' નામના રાજશ્રેષ્ઠિના નિમિત્તે માલવદેશના આશ્રમ નામના નગરના મુનિસુવ્રત ભગવાનના ચૈત્યાલયમાં ૨૫ ગાથામાં દ્રવ્યસંગ્રહની લઘુરૂપે રચના કરવામાં આવી હતી, ત્યારબાદ વિશેષ તત્ત્વ પરિજ્ઞાનાર્થે તે જ નેમિચંદ્રજી દ્વારા બૃહદ્-દ્રવ્યસંગ્રહની રચના કરવામાં આવી છે. તે બૃહદ્-દ્રવ્યસંગ્રહના અધિકારોના વિભાજનપૂર્વક આ વૃત્તિ–ટીકાનો આરંભ થયો છે, સાથે સાથે તેમાં એમ પણ સૂચિત કરવામાં આવ્યું છે કે તે સમયે આશ્રમ નામનું આ નગર મહામંડલેશ્વરના અધિકારમાં હતું. સોમ નામના રાજશ્રેષ્ઠિ ભાંડાગાર વગેરે અનેક નિયોગોના અધિકારી હોવાની સાથે-સાથે તત્ત્વજ્ઞાનરૂપ સુધારસના પિપાસુ હતા.

આ ઉપરથી વિદ્વાનો અનુમાન કરે છે કે પૂર્વે ઉલ્લેખિત બધી જ ઘટનાઓ તેમના સામે જ ઘટી છે. તેથી ભગવાન નેમિચંદ્ર સિદ્ધાન્તિકદેવ, બ્રહ્મદેવજી તેમજ રાજા ભોજ સમ સામયિક હતા. દ્રવ્યસંગ્રહના આ ટીકાંશોથી સ્પષ્ટ જણાય છે કે દ્રવ્યસંગ્રહ અને તેની ટીકાની રચના રાજા ભોજના કાળમાં થઈ હતી.

તેઓશ્રીએ પોતાની ટીકાઓમાં અનેક આચાર્યના ગ્રંથોના ઉદ્ધરણો આધારરૂપે આપ્યાં છે, જેનાથી નક્કી થાય છે કે તેઓ મોટા શ્રુતાભ્યાસી તો હતા જ, તદુપરાંત તેઓ ચારે અનુયોગના જ્ઞાતા હતા, કારણ કે તેઓએ તેમના ગ્રંથોમાં ચારે અનુયોગના શાસ્ત્રોનાં પ્રમાણ આપ્યાં છે.

તેઓશ્રીએ (૧) બૃહદ્દ્રવ્યસંગ્રહ ટીકા (૨) પરમાત્મપ્રકાશ ટીકા (૩) કાર્તિકેયાનુપ્રેક્ષા ટીકા (૪) તત્ત્વદીપક (૫) જ્ઞાનદીપક (૬) પ્રતિષ્ઠાતિલક (૭) કથાકોષ ગ્રંથોની રચના કરી છે.

તેમનો સમય ભોજના સમયના સમીપનો હોવાથી ઈ.સ.ની ૧૧મી શતાબ્દિનો ઉત્તરાર્ધ હોવાનું મનાય છે. તે સમય આચાર્ય જયસેનજી(સપ્તમ)નો નિકટ પૂર્વવર્તી સમય જ ગણવો જોઈએ.


'બૃહદ્દ્રવ્યસંગ્રહ ટીકા'ના રચયિતા આચાર્યદેવ શ્રી બ્રહ્મદેવજીને કોટિ કોટિ વંદન.

# ભગવાન આચાર્ય શ્રી જયસેન (સપ્તમ્)

ભગવાન કુંદકુંદાચાર્યના અધ્યાત્મગ્રંથ સમયસારને જે રીતે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે દ્રવ્યદૃષ્ટિપ્રધાન શૈલીથી સમજાવ્યો છે, તે જ રીતે આચાર્ય જયસેને તે જ ગ્રંથને ચારિત્રપ્રધાનશૈલીથી સમજાવ્યો છે. તે જ પ્રમાણે પ્રવચનસાર ગ્રંથની અમૃતચંદ્રાચાર્યદેવે જ્ઞાનપ્રધાન શૈલીથી ટીકા કરી છે, તો શ્રી જયસેનાચાર્યદેવે તે જ ગ્રંથની ચારિત્રપ્રધાન શૈલીથી ટીકા કરી છે. તેઓશ્રી ભગવાન અમૃતચંદ્રાચાર્યના પશ્ચાત્‌વર્તી આચાર્ય છે. ભગવત્કુંદકુંદાચાર્યદેવના જે ગ્રંથોની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ટીકાઓ કરી છે તે જ ગ્રંથોની ટીકાઓ શ્રી જયસેનાચાર્યદેવે પણ કરી છે, તેથી તે ગ્રંથોની ટીકાઓ શ્રી અમૃતચંદ્રાચાર્યની શૈલીથી કરવાનું જરૂરી નહોતું તેથી તેઓશ્રીએ તે જ ગ્રંથોની અન્ય શૈલીથી ટીકાઓ રચી છે.

તેમના ગ્રંથોમાં તેઓશ્રીએ ખાસ કરીને શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ તેમજ તાત્પર્યાર્થ દર્શાવીને દરેક ગ્રંથોની ટીકા કરી છે. આ શૈલીથી દરેક જીવોને યથાસંભવ દરેક જગ્યાએ અર્થ કરવાનું તેઓશ્રી કહે છે. જેથી આગમના પ્રકાશમાં વક્તાનો યથાર્થ આશય સ્પષ્ટ થાય! આપશ્રીએ આગમાર્થ કરતાં ઘણા શાસ્ત્રોનાં પ્રમાણ રજૂ કર્યાં છે. જેથી સ્પષ્ટ થાય છે કે તેઓ ગહન શ્રુતાભ્યાસી આચાર્ય હતા. તેમની રચનાઓ તેમના પશ્ચાતવર્તી આચાર્યોએ ઘણો જ ઉપયોગ કર્યો છે.

તેઓશ્રીએ સ્વયં પોતાવિષે જણાવ્યું છે કે સદા ધર્મમાં રત પ્રસિદ્ધ માલુ નામના સાધુ થયા, તેમના પુત્ર મહીપતિ સાધુ થયા, તેમનો હું ચારુભટ્ટ નામનો પુત્ર થયો છું, કે જે સર્વજ્ઞ પરમાત્મા તથા આચાર્યોની આરાધનાપૂર્વક સેવા કર્યા કરે છે તે ચારુભટ્ટ અર્થાત્‌ આચાર્ય જયસેનજીએ પોતાના પિતાની ભક્તિના વિલોપ થવાના ભયથી આ પ્રાભૃત નામના ગ્રંથોની ટીકા કરી છે. (આ ઉપરથી જણાય છે કે તેમનું ગૃહસ્થાશ્રમનું નામ ચારુભટ્ટ હતું.) આપના પિતા મહિપતિ સાધુ તથા દાદા માલુ સાધુ હતા. તે સર્વે મુનિદીક્ષાધારી હશે. એવું અનુમાન થઈ શકે છે. તેથી જ આપે તેમના માટે સાધુ શબ્દ પ્રયોગ કર્યો છે. આ વાત ઉપરથી એમ પણ જણાય છે કે તેમના પિતાની ભાવનાવશ તેઓએ પ્રવચનસારાદિ અથવા ત્રણેય પ્રાભૃતગ્રંથોની ટીકાઓ રચી છે. જોકે આવી પ્રશસ્તિ તેઓએ અન્ય બે સમયસાર તથા પંચાસ્તિકાય ગ્રંથોની ટીકામાં લખી નથી.



શિષ્યોનો મોક્ષમાર્ગનું સંબોધન કરતા આચાર્ય જયસેનજી(સપ્તમ)

તેઓશ્રીએ પોતાની ગુરુ પરંપરા વિષે લખ્યું છે કે મૂલસંઘના નિગ્રંથ તપસ્વી શ્રી વીરસેનાચાર્ય થયા, તેમના શિષ્ય અનેક ગુણોના ધારક સોમસેન આચાર્ય થયા અને તેમના શિષ્ય સ્વયં જયસેનાચાર્ય થયા છે. તે ઉપરથી જણાય છે કે આચાર્ય સોમસેનજી આપના દીક્ષાગુરુ હશે. આગળ જતાં આપે શ્રીમાન્ ત્રિભુવનચંદ્ર ગુરુને પણ નમસ્કાર કર્યા છે. તેથી શ્રી ત્રિભુવનચંદ્રાચાર્ય તેમના વિદ્યાગુરુ હશે તેઓ સેન ગણાન્વયી આચાર્ય છે તે સ્પષ્ટ છે. તેઓશ્રીએ ભગવત્કુંદકુંદાચાર્યદેવના સમયસાર, પ્રવચનસાર અને પંચાસ્તિકાય ત્રણ શાસ્ત્રોની ટીકાઓ કરેલ છે. તેઓએ આ ટીકાઓમાંથી સમયસારની ટીકા વિસ્તારરૂચી શિષ્યો માટે, પ્રવચનસારની ટીકા મધ્યમરુચિ શિષ્યો માટે અને પંચાસ્તિકાયસંગ્રહની ટીકા સંક્ષેપરુચિ શિષ્યો માટે બનાવી છે. આપે રચેલ ત્રણે પ્રાભૃતગ્રંથોની ટીકાઓનું નામ 'તાત્પર્યવૃત્તિ' છે.

તેમનો સમય ઈ.સ.ની ૧૧મી શતાબ્દીનો ઉત્તરાર્ધ અથવા ૧૨મી શતાબ્દિનો પૂર્વાર્ધ માનવામાં આવે છે.

પ્રાભૃતત્રયના ટીકાકાર આચાર્યદેવ શ્રી જયસેનજી(સપ્તમ)ને કોટિ કોટિ વંદન.

### ભગવાન આચાર્યદેવ

# શ્રી જિનચંદ્રજી

ભગવાન કુંદકુંદાચાર્યદેવના ગુરુ જિનચંદ્રસ્વામીથી આ (અલગ) આચાર્ય જિનચંદ્રજી છે. તેઓએ 'સિદ્ધાન્તસાર' ગ્રંથની રચના કરી છે. તેમના 'સિદ્ધાંતસાર' ગ્રંથ ઉપરથી જણાય છે કે આ ગ્રંથ ઉપર 'ગોમ્મટસાર જીવકાંડ' તથા 'ગોમ્મટસાર કર્મકાંડ'ની ઘણી જ અસર છે. તથા તે ઉપરથી તેઓ જિનસિદ્ધાંતના જ્ઞાતા હતા તે વિશેષપણે સ્પષ્ટ પ્રતિભાસિત થાય છે.


જિનચંદ્ર નામના અનેક આચાર્ય થયા છે, તે સર્વેથી અલગ, તેઓ અદ્ભુત પ્રજ્ઞાના ધારક અન્યથી જુદા પડતા આચાર્ય છે.

તેમના ગ્રંથના અધ્યયનથી જણાય છે કે તેમનો સમય ગોમ્મટસાર જીવકાંડ અને ગોમ્મટસાર કર્મકાંડના રચયિતા આચાર્ય નેમિચંદ્રસિદ્ધાંત ચક્રવર્તીના પછી ઈ.સ.ની ૧૧મી શતાબ્દીનો હોવો જોઈએ.

આચાર્યદેવ શ્રી જિનચંદ્રજીને કોટિ કોટિ વંદન.



भूमांहि पिछली रयनिमें कछु शयन एकासन करन।



પ્રમેયરત્નમાળા સમ્બન્ધમાં વિચારમગ્ન
શ્રી લઘુઅનન્તવીર્ય આચાર્યદેવ

ભગવાન

આચાર્યદેવ

## શ્રી લઘુઅનંતવીર્ય

આ આચાર્યદેવની ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ રચના 'પ્રમેયરત્નમાલા' ઉપરથી એમ જણાય છે કે તેઓ જાણતા હતા કે તેમના પૂર્વે એક બીજા અનંતવીર્ય આચાર્ય થયા છે. કારણ કે શ્રી પ્રભાચંદ્રાચાર્યદેવે તેમના 'ન્યાયકુમુદચંદ્ર' ગ્રંથમાં સિદ્ધિ વિનિશ્ચયટીકાના રચયિતા આચાર્ય અનંતવીર્યનું સ્મરણ કર્યું છે. તથા સ્વયં આચાર્યદેવે પોતાની 'પ્રમેયરત્નમાલા'માં આચાર્ય પ્રભાચંદ્રજીને બહુમાનથી યાદ કર્યા હોવાથી એમ જણાય છે કે આ આચાર્યદેવના પૂર્વે પણ એક અનંતવીર્ય આચાર્ય થયા છે. તેથી સિદ્ધિવિનિશ્ચય-ટીકાના રચયિતા પૂર્વાચાર્ય અનંતવીર્યથી પોતાની ભિન્નતા દર્શાવવા માટે તેઓએ પોતાને 'લઘુ અનંતવીર્ય' તરીકે ઓળખાવ્યા છે.

આચાર્યદેવે પરીક્ષામુખ ગ્રંથની સંક્ષિપ્ત પરંતુ વિશદ વ્યાખ્યા કરી છે. સાથે સાથે ચાર્વાક, બૌદ્ધ, સાંખ્ય, ન્યાય, વૈશેષિક, મીમાંસક અને વેદાન્તિક દર્શનોના કેટલાક વિશિષ્ટ સિદ્ધાંતોનું સ્પષ્ટ વિવેચન તથા નિરાકરણ પણ કર્યું છે.

આપના ગ્રંથના ટીપ્પણકારોએ ગ્રંથને 'પ્રમેયરત્નમાલા' કહ્યો છે, તે પૂર્ણતઃ સાર્થક છે કારણ કે તે વિવિધ સાહજિક પ્રમેયોરૂપી રત્નોની ક્યારેય ન તુટનારી માળા છે. આ ગ્રંથના પ્રારંભમાં આપે સ્વયં તે ટીકાનું નામ 'પરીક્ષામુખ-પંજિકા' દર્શાવ્યું છે. તથા પોતે જ પ્રત્યેક પ્રકરણના અંતે પુષ્પિકા વાક્યમાં ''પરીક્ષામુખ લઘુવૃત્તિ'' કહ્યું છે

જે કાંઈપણ હોય પરંતુ આ ગ્રંથ પ્રમેયરત્નમાલાના નામથી પ્રસિદ્ધ છિ. આ ગ્રંથ ન્યાયશાસ્ત્રના જિજ્ઞાસુઓને સર્વદા ન્યાયશાસ્ત્રનો બોધ આપતો રહેશે. આ માત્ર ભાવના નથી. પરંતુ આ ગ્રંથ વર્તમાનમાં જૈન ન્યાયના અધ્યયન હેતુએ વિદ્યાલયો તેમજ મહાવિદ્યાલયોમાં પણ  પાઠ્યપુસ્તકના રૂપે આદરણીય તેમજ પઠનીય રહ્યો છે.

આ પ્રમેયરત્નમાલા રચના એક વ્યક્તિવિશેષના નિમિત્તે બતાવવામાં આવી છે. આચાર્યદેવે આ ગ્રંથના પ્રારંભ તથા અંતમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે તેઓએ આ ટીકા વૈજેયના પુત્ર હીરપના અનુરોધથી શાંતિષેણના અભ્યાસાર્થે રચી છે. જોકે વૈજેયનું ગામ ક્યાં હતું તે અંગે કાંઈ માહિતી નથી. પરંતુ હીરપ બદરીપાલ વંશ અથવા જાતિનો ઓજસ્વી સૂર્ય હતો, તેની પત્નીનું નામ નાણમ્બા હતું, કે જે પોતાના વિશિષ્ટ ગુણોના કારણે રેવતી, પ્રભાવતી વગેરે નામોથી પ્રસિદ્ધ હતી. તેને એક હીરપ નામનો દાનવીર પુત્ર થયો. જે સમ્યક્ત્વરૂપ રત્નોથી સુશોભિત હતો. તદુપરાંત તે લોકહિતના કાર્યો કરવા માટે પ્રસિદ્ધ હતો. તેના આગ્રહથી સમ્ભવતઃ તેના જ પુત્ર શાન્તિષેણના અભ્યાસાર્થે આ લઘુવૃત્તિ બનાવી હશે.

તેમનો એકમાત્ર 'પ્રમેયરત્નમાલા' ગ્રંથ છે. તેમાં પણ પરીક્ષામુખની જેમ જ પ્રમાણ તથા પ્રમાણાભાસોની વિશદ ચર્ચા છે.

તેમનો સમય ઈ.સ.ની ૧૨મી શતાબ્દિનો મધ્યપાદ જણાય છે.

'પ્રમેયરત્નમાલા'ના રચયિતા આચાર્યદેવ શ્રી લઘુઅનંતવીર્યને કોટિ કોટિ વંદન.

### ભગવાન મુનિવર


## શ્રી પદ્મપ્રભમલધારિદેવ

મુનિવર પદ્મપ્રભમલધારિદેવ ભગવત્કુંદકુંદાચાર્યદેવના નિયમસાર ગ્રંથની ટીકા લખનાર પરમ આધ્યાત્મિક નિર્ગ્રંથ મુનિરાજ હતા. તેમનું નામ 'પદ્મપ્રભ' હતું. મલધારી શબ્દ મુનિભગવંતો માટે દિગંબર તથા શ્વેતામ્બર બંને આમ્નાયોમાં પ્રચલિત છે. તેથી જણાય છે કે તેઓ મહામુનિન્દ્ર ભગવંત હતા.

તેઓશ્રીએ સ્વયંને સુકવિજન-પયોજમિત્ર, પંચેન્દ્રિયપ્રસરવર્જિત તેમજ ગાત્ર (શરીર) માત્ર પરિગ્રહી કહ્યા છે. તેમના ગુરુનું નામ શ્રી વીરનંદિસિદ્ધાન્તચક્રવર્તીદેવ હતું. મદ્રાસ પ્રાન્તના 'પટશિવપુરમ્' ગ્રામના શિલાલેખ અનુસાર, માંડલિક ત્રિભુવનમલ ભોજદેવ ચોલ્લ હેજરા નગર ઉપર રાજ્ય કરતા હતા, ત્યારે ત્યાં એક જિનમંદિર બનાવવામાં આવ્યું હતું. તે સમયે મુનિન્દ્ર પદ્મપ્રભમલધારિદેવ તેમજ તેમના ગુરુ વીરનંદિ સિદ્ધાંત ચક્રવર્તીદેવ ત્યાં વિદ્યમાન હતા. તે ઉપરથી અનુમાન કરી શકાય કે તેઓ દક્ષિણના મુનિન્દ્ર ભગવાન હતા.

તેઓશ્રીએ તેમની ટીકામાં અધ્યાત્મના ગહન ગંભીર ભાવ ભર્યા છે. તેમાં દર્શાવ્યું છે કે "મોક્ષ તથા મોક્ષમાર્ગના આશ્રયરૂપ કારણ (બીજ) નિજાત્મ સ્વભાવ પ્રત્યેક આત્મામાં વર્તમાનમાં જ વિદ્યમાન છે. તેની દૃષ્ટિ—મહત્તા—મૂલ્ય—જ્ઞાન—શ્રદ્ધાન—આચરણમાં નહીં લાવીને પોતાના આત્માને પરકર્મ તેમજ વર્તમાન સ્વપર્યાય જેટલો જ જાણવાથી—શ્રદ્ધવાથી—આચરવાથી જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે."

તેમનો પરિચય આપતાં નિયમસાર ગ્રંથની ટીકાની પ્રસ્તાવનામાં લખ્યું છે કે તેઓએ ભગવાન કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિકભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ નિયમસાર ગ્રંથની ટીકાની રચના કરી છે. આ ગ્રંથમાં રચિત કળશરૂપ કાવ્ય ઘણાં જ મધુર છે, તથા અધ્યાત્મની મસ્તી અને ભક્તિરસથી ભરપૂર છે. અધ્યાત્મ કવિના રૂપમાં પદ્મપ્રભમલધારિદેવનું સ્થાન જૈન સાહિત્યમાં ઘણું જ ઉચ્ચ ગણાય છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમજ પદ્યના રૂપે પરમપારિણામિકભાવને ઘણો જ ગાયો છે. સંપૂર્ણ ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું તથા તદાશ્રિત મુનિદશાનું એક



મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ

મહાકાવ્ય હોય તે રીતે મુમુક્ષુહૃદયને મુદિત કરે છે. પરમપારિણામિકભાવ, સહજ સુખમય મુનિદશા અને સિદ્ધ જીવોની પરમાનંદ પરિણતિ પ્રત્યેની ભક્તિથી મુનિવરનું ચિત્ત જાણે કે ઉછળી જાય છે અને અંદરના ઉલ્લાસને વ્યક્ત કરવા માટે તેમને શબ્દો ઘણા જ ઓછા પડે છે તેવું તેમના શ્રીમુખેથી પ્રસંગોચિત્ત અનેક ઉપમા અલંકાર દ્વારા વ્યક્ત થાય છે.

મુનિરાજે અન્ય ઉપમાઓ સાથે મુક્તિ, દીક્ષા વગેરેને વારંવાર સ્ત્રીની ઉપમા બેધડકપણે આપી છે. જેનાથી આત્મમસ્ત મુનિવરને બ્રહ્મચર્યનું અતિશય જોર સૂચિત થાય છે. સંસાર દાવાનળ સમાન છે, તથા સિદ્ધદશા અને મુનિદશા પરમ સહજાનંદમય છે—એવા ભાવનું બ્રહ્મનિષ્ઠ મુનિવરે પૂર્ણ ટીકામાં અલૌકિક પ્રકારે સર્જન કર્યું છે. તથા સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓને વ્રત, નિયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્ય, પરિષહજય વગેરે કોઈપણ પરિણતિ હઠથી ખેદયુક્ત, કષ્ટજનક, અથવા નરકાદિના ભયમૂલક હોતી નથી. પરંતુ અંતરંગ આત્મિક વેદનપૂર્વક, પરમ પરિતૃપ્તિના કારણરૂપ સહજાનંદમય હોય છે. જે સહજાનંદ પાસે સંસારીઓનાં કનકકામિનીજનિત કલ્પિત સુખો ઉપહાસમાત્ર અને ઘોર દુઃખમય ભાસે છે. યથાર્થતયા મૂર્તિમંત મુનિપરિણતી સમાન આ ટીકા મોક્ષમાર્ગમાં વિહાર કરતા મુનિવરોની સહજાનંદમય પરિણતિનો તાદૃશ ચિતાર આપે છે. આ કાળમાં આવી યથાર્થ આનંદનિર્ભર મોક્ષમાર્ગની પ્રકાશક ટીકા મુમુક્ષુઓને સમર્પિત કરી ટીકાકાર મુનિવરે મહાન ઉપકાર કર્યો છે.


તેઓએ (૧) નિયમસાર ગ્રંથની ટીકા તથા પાર્શ્વનાથસ્તોત્રની રચના રચેલ છે.

તેમનો સમય ઈસુની ૧૨મી શતાબ્દીનો મધ્યપાદ માનવામાં આવે છે.

'નિયમસારની તાત્પર્યવૃત્તિ' ટીકાના રચયિતા મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ ભગવંતને કોટિ કોટિ વંદન.

## ભગવાન આચાર્યદેવ

# શ્રી અભિનવધર્મભૂષણ યતિ



'ન્યાયદીપિકા' ગ્રંથના ન્યાયોમાં મગ્ન
આચાર્ય અભિનવ ધર્મભૂષણ યતિ

ધર્મભૂષણ નામના ઘણા ભટ્ટારક તથા વિદ્વાનો થયા છે. તે સર્વેથી ભિન્ન આ ધર્મભૂષણજી મુનિ હતા. તેઓએ પોતાને અન્ય ધર્મભૂષણથી જુદા બતાવવા માટે 'અભિનવ' વિશેષણ લગાડ્યું છે. તેઓ સ્વયં મુનિ હોવાથી પોતાની પાછળ 'યતિ' વિશેષણ પણ લગાડ્યું છે.

તેમના માતા-પિતા, જન્મસ્થાન વગેરેનો કોઈ ઉલ્લેખ ક્યાંય મળતો નથી. તોપણ વિજયનગર સામ્રાજ્યના સ્વામી પ્રથમ દેવરાય અને તેમનાં પત્ની ભીમાદેવી તેમનાં ભક્ત હતાં અને તેમને ગુરુ માનતાં હતાં. તેમની ગુરુ પરંપરા શિલાલેખોના આધારે નીચે મુજબ જણાય છે.

મૂળસંઘ, નંદિસંઘ--બલાત્કારગણના સારસ્વતગચ્છમાં પદ્મનંદિ (કુંદકુંદાચાર્ય) પદ્મનંદિના અન્વયમાં અમરકીર્તિ આચાર્ય (જેમના શિષ્યોના શિક્ષક-દીક્ષક સિંહનન્દી વ્રતી હતા. શ્રી ધર્મભૂષણ (દ્વિતીય) (સિંહનન્દિવ્રતીના સધર્મા) વર્દ્ધમાન મુનિશ્વર (સિંહનન્દી વ્રતીના ચરણસેવક)

ધર્મભૂષણ યતિ (તૃતીય) (ન્યાયદીપિકાકાર) આ પ્રમાણે શ્રીધર્મભૂષણજીના સાક્ષાત્ ગુરુ શ્રી વર્ધમાન મુનિશ્વર અને પ્રગુરુ દ્વિતીય ધર્મભૂષણ, દાદાગુરુ અમરકીર્તિ, પરદાદાગુરુ પ્રથમ ધર્મભૂષણ હતા.

તેમને ગુરુઓ પ્રત્યે અનન્ય સમર્પણતા થતાં સ્નેહસહ તેમના ચરણોમાં રહેવાની તમન્ના હતી. તેઓ સ્વયં એ પ્રમાણે લખે છે કે આ ન્યાયદીપિકા પૂજ્ય ગુરુ વર્ધમાન મુનિશ્વરની કૃપાનું ફળ છે.

તેઓ બહુશ્રુતાભ્યાસી હતા એમ તેમની કૃતિ પરથી ઝલકે છે. તેઓ જાતે ન્યાયશાસ્ત્રના પ્રખર વિદ્વાન હતા. તેમને અન્યમતોનો પણ ઊંડો અભ્યાસ હતો.

તેમની એકમાત્ર રચના ‘ન્યાયદીપિકા’ છે. જેમાં પ્રમાણ, પ્રમાણાભાસ, હેતુ તથા હેત્વાભાસો વગેરેનું સુંદર વિવેચન છે. તેમાં પ્રમાણની પ્રામાણ્યતા સારી રીતે સમજાવવામાં આવી છે. તે જ પ્રમાણે લક્ષણ તેમજ લક્ષણાભાસોનું પણ સુંદર વિવેચન કર્યું છે. તેઓશ્રીએ પ્રમાણની પરિભાષાની રચના શ્રી અકલંક આચાર્ય અનુસાર કરી હોય તેવું પ્રતીત થાય છે.

તેમનો સમય ઈ.સ. ૧૩૫૮ થી ૧૪૧૮નો માનવામાં આવે છે.

‘ન્યાયદીપિકા’ના રચયિતા આચાર્ય અભિનવ ધર્મભૂષણ યતિને કોટિ કોટિ વંદન.



# ભગવાન શ્રીધરાચાર્યદેવ

શ્રીધર આચાર્ય નામના અનેક જૈન વિદ્વાનો થયા છે. શ્રુતાવતાર–ગદ્ય તથા ભવિષ્યદત ચરિત નામના ગ્રંથના રચયિતાના રૂપમાં ઉપસી આવતા તેઓ એક અલગ આચાર્ય છે. એવી માન્યતા પણ છે કે તેઓ અપભ્રંશમાં લિખિત 'સુકુમારચરિઉ'ના રચયિતા પણ છે.

એવી કથા પ્રસિદ્ધ છે કે શ્રી ગોવિંદચંદ્ર શાસકને પદ્મચંદ્ર નામના એક મુનિ ઉપદેશ આપી રહ્યા હતા. ઉપદેશમાં તેઓએ સુકુમારજીનો ઉલ્લેખ કર્યો. શ્રોતામાં પાછળ સાહુનો પુત્ર કુમાર નામનો એક વ્યક્તિ પણ હતો. તેણે સુકુમારસ્વામીના વિષે વિશેષ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. મુનિરાજે તે કુમારોને તે બાબતે શ્રીધરાચાર્યને અભ્યર્થના કરવાનું કહ્યું. તેઓ જ તેમની જિજ્ઞાસા શાંત કરી શકશે. તેથી કુમારોએ શ્રીધરાચાર્યને સુકુમારચરિઉ રચવા માટે પ્રેરિત કર્યા. આચાર્યએ તે ગ્રંથ લખ્યો.

તેઓશ્રી ઈન્દ્રનન્દિ આચાર્યની જેમ એવા આચાર્ય છે કે જેમણે પોતા માટે સહેજ પણ ન લખીને અન્ય આચાર્યોની શ્રુતાવતારરૂપ પટ્ટાવલીઓ લખી છે. જેના બળે જ ઈતિહાસકારો કંઈક અંશે આચાર્યોના સમય, સ્થિતિ વગેરે વિષે સમજી શક્યા છે.

તેમની રચના શ્રુતાવતાર ગદ્ય, ભવિષ્યદત્ત ચરિત, સુકુમારચરિઉ છે. તેમનો સમય ઈ.સ.ની ૧૪મી શતાબ્દીનો મધ્યપાદ પ્રતીત થાય છે.

આચાર્ય શ્રી શ્રીધરાચાર્ય ભગવંતને કોટિ કોટિ વંદન.

# ભગવાન મહાવીરસ્વામી પશ્ચાત્ ૨૫મી શતાબ્દીમાં જિનધર્મ

ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ બાદ લગભગ ૬૮૩ વર્ષ સુધી તો અંગ, પૂર્વ તથા અંગ-પૂર્વાંશનો જ્ઞાનપ્રવાહ ક્રમશઃ ક્ષીણ થતો થકો પણ અવિરતરૂપે ચાલતો રહ્યો. ત્યાં સુધી શ્રુતપ્રવાહની મૌખિક પરંપરા જ હતી. ત્યારપછી જ્ઞાન વિશેષ વિશેષ ક્ષીણ થતું જવાના કારણે ગ્રંથ લખવાની પરંપરાઓ શરૂ થઈ.

ત્યારબાદ મહાસમર્થ આચાર્ય ભગવંતો, ધરસેનાચાર્ય, પુષ્પદંત, ભૂતબલિ, કુંદકુંદસ્વામી, સમંતભદ્રસ્વામી વગેરેને તે આચાર્ય પરંપરાથી મળેલા શ્રુતજ્ઞાનમાંથી તે આચાર્ય ભગવંતોએ ષટ્ખંડાગમ, કસાયપાહુડ, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, તત્ત્વાર્થસૂત્ર, આપ્તમીમાંસા વગેરે ગ્રંથોની રચના કરીને તે શ્રુતજ્ઞાનને ચેતનવંત બનાવ્યું. ત્યારબાદ કેટલાક સારસ્વતાચાર્ય થયા, જેમણે શ્રુતપરંપરામાંથી મળેલી શ્રુતજ્ઞાનને પોતાના આત્મજ્ઞાન તેમજ અંતરંગ વિશુદ્ધિના બળથી મૌલિક ગ્રંથો અને ટીકાગ્રંથો લખીને જિનધર્મને સરળ તથા વિશદ્રૂપે સુદ્રઢ કર્યો.

આ પ્રમાણે ભગવાન મહાવીરસ્વામી દ્વારા પ્રવાહીત જ્ઞાનગંગા ધીમે ધીમે ક્ષીણતાને પ્રાપ્ત થતી ગઈ. આમ પરંપરાથી પ્રવાહીત શ્રુતજ્ઞાન લગભગ ૨૫૦૦ વર્ષ સુધી ચાલ્યું. ભગવાન મહાવીર પછીના ૨૫૦૦ વર્ષોમાં તે જ્ઞાનગંગાએ ઘણા ઉતાર-ચઢાવ જોયા. ૨૫મી શતાબ્દીમાં તો ભગવાન મહાવીરના શાસનનું મૂળભૂત અંગ—અધ્યાત્મજ્ઞાન લુપ્તપ્રાય જેવું થઈ ગયું. તે સમયગાળામાં એટલે કે વીર નિર્વાણ ૨૪૧૬(વિ.સં. ૧૯૪૬, ઈ.સ. ૧૮૯૦)માં પરમ કૃપાળુ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તેઓશ્રીએ પૂર્વે વિદેહક્ષેત્રના ભગવાન સીમંધરસ્વામી પાસેથી પ્રાપ્ત દેશના અને વર્તમાનમાં ગ્રંથાધિરાજ શ્રી સમયસાર દ્વારા નિજ આત્મસાક્ષાત્કાર કર્યો. માત્ર એટલું જ નહીં પરંતુ ઉપરોક્ત દિગંબર પરંપરામાં થયેલા દરેક આચાર્યોના ગ્રંથોનું રસાસ્વાદન કરી તેઓએ પોતાની આત્મ પરિણતીને વિશેષ નિર્મળ બનાવી. પુણ્યશાળી ભવ્યજીવોને તેમનો પાવન, અધ્યાત્મરસ ગંભીર, શુદ્ધાત્મદ્રષ્ટિપ્રધાન ઉપદેશ પણ પ્રાપ્ત થયો. પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીને, જ્યારથી સમયસાર ગ્રંથ પ્રાપ્ત થયો ત્યારથી નિરંતર ૫૮ વર્ષ સુધી પૂર્વ આચાર્યદેવો કૃત દિગંબર ગ્રંથોનું દરરોજ ઊંડું અધ્યયન કર્યું. (તે પૂર્વે તેઓશ્રીએ કુળ પરંપરાથી મળેલી શ્વેતામ્બર તેમજ સ્થાનકવાસી ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. પરંતુ જે તેમને જોઈતું હતું તે તે ગ્રંથોમાં મળ્યું નહીં.) દિગંબર આચાર્યોકૃત દરેક ગ્રંથોથી તેઓ પોતાની પરિણતીને નિર્મળ તો બનાવતા જ હતા, સાથે સાથે તે વિવિધ દિગંબર ગ્રંથોમાંથી કોઈ ગ્રંથો પર

એકવાર અને કોઈ ગ્રંથો પર અનેકવાર તેઓશ્રીએ મુમુક્ષુ સભામાં પ્રવચનો આપ્યા.

આ પ્રમાણે શ્રુતજ્ઞાનની જે પરંપરા ભગવાન મહાવીરથી શરૂ થઈ હતી તે ઉક્ત વિવિધ આચાર્યોના માધ્યમથી પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીને પ્રાપ્ત થઈ. તેઓએ પોતાના અનુભવબળથી તે શ્રુતપરંપરાને નવપલ્લવિત કરીને અનહદ પ્રભાવના કરી.

સીમંધર ભગવાનના આશિષ પ્રાપ્ત પૂજ્ય ગુરુદેવે ભગવત્કુંદકુંદાચાર્યદેવના પંચપરમાગમોના ન્યાયોની તો ધોધમાર વર્ષા વરસાવી સમસ્ત દિગંબર શાસન ઉપર અને મુખ્યરૂપે મુમુક્ષુસમાજ ઉપર અસીમ ઉપકાર કર્યો, હાલ પણ ટેપ પ્રવચનો વડે ભાગ્યશાળી મુમુક્ષુઓ ઉપર અદ્‌ભુત કૃપા કરી રહ્યા છે. તેમની ઉપકારછાયામાં મુમુક્ષુગણ પોતપોતાના પુરુષાર્થ અને પરિણતી અનુસાર પોતાના જીવનપંથને ઉજ્જ્વળ કરી રહ્યા છે.

આ બધો ઉપકાર, આચાર્યદેવોનો, તેમના ગ્રંથોનો, તથા પરમ કૃપાળુ શ્રી કહાનગુરુદેવનો છે. જેમના દ્વારા આ જ્ઞાનપ્રવાહ અત્યારસુધી અક્ષુણ્ણધારાથી વહેતો રહ્યો છે. હે આચાર્ય ભગવંતો! આપના ગ્રંથો તથા હે કહાન ગુરુદેવ ! આપના અસીમ ઉપકારોથી નમ્રીભૂત થઈને અમે આપને કોટિ કોટિ વંદન કરીએ છીએ.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની શીતળ છાયામાં–જેમને પૂજ્ય ગુરુદેવશ્રી ‘આ કાળનું આશ્ચર્ય’, ‘આરાધનાની દેવી’, ‘ભગવતી’ વગેર વિવિધ ઉપમાઓથી અલંકૃત કરતા હતા એવા–પ્રશમમૂર્તિ ભગવતી બહેનશ્રી ચંપાબેને પણ પોતાના અદ્‌ભુત જ્ઞાન-વૈરાગ્ય-પૂજા-ભક્તિ-ધર્મચર્ચાઓ વડે તથા જિનાયતનોમાં દિગંબર આચાર્ય ભગવંતો અને સાધકોની ચિત્રાવલીઓ દ્વારા મુમુક્ષુઓના હૃદયને આચાર્ય વગેરે પ્રતિ ભક્તિભાવ જાગૃત કરી અનુપમ ઉપકાર કર્યો છે.


અંતે ફરીથી હે આચાર્યદેવો ! તમને તમારા ગ્રંથોને, પૂજ્ય કહાન ગુરુદેવને તેમજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને, ભગવાન મહાવીરની આ આ જ્ઞાનગંગાને અક્ષુણ્ણ રાખવા માટે કોટિ કોટિ વંદન કરીએ છીએ.


ગણનાતીત ગુરુ ઉપકાર મુજ અણુ અણુએ રે....
શબ્દોથી કેમ કથાય! નમું નમું ભાવે રે.....

# મુનિરાજ ભક્તિ

ઐસે મુનિવર દેખેં, વનમેં.....(૨)
જાકે રાગ–દ્વેષ નહીં તનમેં.......


ગ્રીષ્મ ઋતુ શિખર કે ઉપર.....(૨)
મગન રહે ધ્યાનનમેં......૧



ગ્રીષ્મ ઋતુમાં પહાડ પર


વર્ષા ઋતુમાં વૃક્ષ નીચે ધ્યાન

ચાતુર્માસ તરુતલ ઠાડે......(૨)
બુંદ સહે છિન છિન મેં......૨

શીતમાસ દરિયા કે કિનારે......(૨)
ધીરજ ધારે ધ્યાનનમેં......૩


શિયાળામાં નદી કિનારે ધ્યાન



ઐસે ગુરુકો મૈં નિત પ્રતિ ધ્યાઉં......(૨)
દેત ઢોક ચરણનમેં.......૪

| શાસ્ત્રોની નામવાર અનુક્રમણિકા | | | પરિશિષ્ટ - 1 | |
|---|---|---|---|---|
| **No.** | **શાસ્ત્રનું નામ રચયિતા** | **આચાર્યકાળ** | **આચાર્યપદવી કાળ (ઈ.સ.)** | **પૃષ્ઠ** |
| 1 | 84 પાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 2 | અધ્યાત્મતરંગિણી | સોમદેવસૂરિ | 943-968 | 167 |
| 3 | અધ્યાત્મતરંગિણી | શુભચંદ્ર | 1003-1068 | 191 |
| 4 | અધ્યાત્મરત્નસંદોહ | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 5 | અમિતગતિ શ્રાવકાચાર | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 6 | અમૃતાશીતિ | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 7 | અષ્ટશતી | અકલંક આચાર્ય | 620-686 | 122 |
| 8 | અષ્ટસહસ્રી | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 9 | અંકુરારોપણ | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 10 | આત્મખ્યાતિ ટીકા | અમૃતચંદ્રસ્વામી | 905-955 | 161 |
| 11 | આત્માનુશાસન | ગુણભદ્રસ્વામી | 898 | 155 |
| 12 | આત્માનુશાસન ટીકા | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 13 | આદિપુરાણ(અપૂર્ણ) | જિનસેનસ્વામી-2 | 818-878 | 150 |
| 14 | આદિપુરાણ(સર્ગ-43-47) | ગુણભદ્રસ્વામી | 898 | 155 |
| 15 | આપ્તપરીક્ષા | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 16 | આરાધના | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 17 | આરાધનાસાર | દેવસેનાચાર્ય | 933-955 | 164 |
| 18 | આલાપપદ્ધત્તિ | દેવસેનાચાર્ય | 933-955 | 164 |
| 19 | ઇન્દ્રનંદિસંહિતા | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 20 | ઈષ્ટોપદેશ | પૂજ્યપાદસ્વામી | પાંચમી શતાબ્દી | 102 |
| 21 | ઉત્તરપુરાણ | ગુણભદ્રસ્વામી | 898 | 155 |
| 22 | ઉપાસકાચાર | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 23 | ઉપાસકાધ્યયન | વસુનંદિ | 1068-1111 | 199 |
| 24 | એકીભાવસ્તોત્ર | વાદિરાજસૂરિ | 1010-1065 | 195 |
| 25 | ઔષધિકલ્પ | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 26 | કથાકોષ | બ્રહ્મદેવજી | 11મી શતાબ્દી | 201 |
| 27 | કર્મપ્રકૃતિ | અભયનંદિ સિ.ચ. | 930-950 | 163 |
| 28 | કર્મપ્રકૃતિ રહસ્ય | અભયનંદિ સિ.ચ. | 930-950 | 163 |
| 29 | કર્મપ્રાભૃત ટીકા | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 30 | કલ્યાણમંદિર સ્તોત્ર | સિદ્ધસેન | 568 | 112 |
| 31 | કસાયપાહુડ (મૌખિક) | આર્યમંક્ષુ | 73-162 | 72 |

| | | | | |
|---|---|---|---|---|
| 32 | કસાયપાહુડ(ચૂર્ણિસૂત્ર સહ) | યતિવૃષભ આચાર્ય | 143-173 | 93 |
| 33 | કસાયપાહુડ(મૌખિક) | ગુણધરઆચાર્ય | પ્રથમ શતાબ્દી પૂર્વપાદ | 46 |
| 34 | કાર્તિકેયાનુપરિક્ષા ટીકા | બ્રહ્મદેવજી | 11મી શતાબ્દી | 201 |
| 35 | કાર્તિકેયાનુપ્રેક્ષા | સ્વામી કાર્તિકેય | દ્વિતીય શતાબ્દી | 84 |
| 36 | ક્રિયાકલાપ ટીકા | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 37 | ક્ષત્રચૂડામણિ | વાદિભસિંહ | 770-860 | 133 |
| 38 | ગણિતસારસંગ્રહ | મહાવીરદેવ | 800-830 | 148 |
| 39 | ગદ્યકથાકોષ | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 40 | ગદ્યચિંતામણિ | વાદિભસિંહ | 770-860 | 133 |
| 41 | ગંધહસ્તિ મહાભાષ્ય | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 42 | ગોમ્મટસાર (કર્મકાંડ) | નેમિચંદ્ર સિ.ચ. | 981 | 180 |
| 43 | ગોમ્મટસાર(જીવકાંડ) | નેમિચંદ્ર સિ.ચ. | 981 | 180 |
| 44 | ચન્દ્રપ્રભચરિત | વીરનન્દી સિ.ચ. | 950-990 | 168 |
| 45 | ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 46 | ચંદ્રોદય | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 271 |
| 47 | ચારિત્રપાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 48 | જયધવલા ટીકા | જિનસેનસ્વામી-2 | 818-878 | 150 |
| 49 | જયધવલા(અપૂર્ણ) | વીરસેનસ્વામી | 770-827 | 139 |
| 50 | જલ્પનિર્ણય | શ્રીદત્તજી | ચોથી શતાબ્દી | 99 |
| 51 | જંબૂદ્વીપપણ્ણત્તિ | પદ્મનંદિનાથ-1 | 977-1043 | 174 |
| 52 | જિનદત્તચરિત્ર | ગુણભદ્રસ્વામી | 898 | 155 |
| 53 | જીવસિદ્ધિ | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 54 | જૈનેન્દ્રવ્યાકરણ | પૂજ્યપાદસ્વામી | પાંચમી શતાબ્દી | 109 |
| 55 | જૈનેન્દ્રવ્યાકરણ ટીકા | અભયનંદિ સિ.ચ. | 930-950 | 163 |
| 56 | જ્ઞાનદીપક | બ્રહ્મદેવજી | 11મી શતાબ્દી | 201 |
| 57 | જ્ઞાનાર્ણવ | શુભચંદ્ર | 1003-1068 | 191 |
| 58 | જ્યોતિષપટલ | મહાવીરદેવ | 800-830 | 148 |
| 59 | જ્વાલામાલિની | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 60 | તત્વસાર | દેવસેનાચાર્ય | 933-955 | 164 |
| 61 | તત્વાનુશાસન | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 62 | તત્વાનુશાસન | રામસેનાચાર્ય | 11મી શતાબ્દી | 196 |
| 63 | તત્વાર્થ ટીકા | યોગીન્દ્રદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 64 | તત્વાર્થવાર્તિક | અકલંક આચાર્ય | 620-684 | 122 |

| | | | | |
|---|---|---|---|---|
| 65 | તત્વાર્થવૃત્તિપદ વિવરણ | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 173 |
| 66 | તત્ત્વાર્થશ્લોકવાર્તિકાલંકાર | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 67 | તત્ત્વાર્થસાર | અમૃતચંદ્રસ્વામી | 905-955 | 161 |
| 68 | તત્ત્વાર્થસૂત્ર | ઉમાસ્વામી | 179-243 | 98 |
| 69 | તત્ત્વાર્થસૂત્ર | પ્રભાચંદ્ર (દ્વિતીય) | સાતમી શતાબ્દી | 116 |
| 70 | તત્ત્વાર્થસૂત્ર ટીકા | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 71 | તત્ત્વાર્થસૂત્ર ટીકા | અકલંક આચાર્ય | 620-685 | 122 |
| 72 | તત્ત્વાર્થસૂત્ર ટીકા | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 73 | તત્ત્વાર્થસૂત્ર ટીકા | અભયનંદિ સિ.ચ. | 930-950 | 163 |
| 74 | તાત્પર્યસૂત્ર ટીકા | પૂજ્યપાદસ્વામી | પાંચમી શતાબ્દી | 102 |
| 75 | ત્રિલક્ષણકવર્ધન | પાત્રકેસરી | 6-7 શતાબ્દી | 108 |
| 76 | ત્રિલોકસાર | નેમિચંદ્ર સિ.ચ. | 981 | 180 |
| 77 | ત્રિવર્ગ મહેન્દ્રભતલિસંજલ્પ | સોમદેવસૂરિ | 943-968 | 167 |
| 78 | ત્રિસ્કંધાત્મકજ્યોતિષ | ઋષિપુત્ર | 6-7 શતાબ્દી | 109 |
| 79 | દર્શનપાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 80 | દર્શનસાર | દેવસેનાચાર્ય | 933-955 | 164 |
| 81 | દસભક્તિ | પૂજ્યપાદસ્વામી | પાંચમી શતાબ્દી | 102 |
| 82 | દેવાગમસ્તોત્ર/આપ્ત મિમાંસા | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 83 | દોહાપાહુડ | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 84 | ધમ્મપસાયણ | પદ્મનંદિનાથ-1 | 977-1043 | 174 |
| 85 | ધર્મપરીક્ષા | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 86 | ધર્મરત્નાકર | જયસેનાચાર્ય-6 | 998 | 161 |
| 87 | ધવલા | વીરસેનસ્વામી | 770-827 | 163 |
| 88 | ધવલા(મૌખિક) | એલાચાર્ય | 770 | 135 |
| 89 | નયચક્ર | દેવસેનાચાર્ય | 933-955 | 164 |
| 90 | નિજાત્માષ્ટક | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 91 | નિતિવાક્યામૃત | સોમદેવસૂરિ | 943-968 | 167 |
| 92 | નિયમસાર | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 93 | નિયમસાર ટીકા | પદ્મપ્રભમલધારિદેવ | 12મી શતાબ્દી | 209 |
| 94 | નીતિસાર | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 95 | નૌકાર-શ્રાવકાચાર | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 96 | ન્યાયકુમુદચંદ્ર | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |

| | | | | |
|---|---|---|---|---|
| 97 | ન્યાયદીપિકા | અભિનવધર્મભૂષણ યતિ | 1358-1418 | 211 |
| 98 | ન્યાયવિનિશ્ચય | અકલંક આચાર્ય | 620-681 | 122 |
| 99 | પત્રપરીક્ષા | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 100 | પદ્મનંદિ પંચવિંશતિકા | પદ્મનંદિ-2 | 11મી શતાબ્દી | 197 |
| 101 | પદ્મપુરાણ | રવિષેણ આચાર્ય | 677 | 124 |
| 102 | પરમાત્મપ્રકાશ | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 103 | પરમાત્મપ્રકાશ ટીકા | બ્રહ્મદેવજી | 11મી શતાબ્દી | 201 |
| 104 | પરિકર્મ ટીકા | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 105 | પરીક્ષામુખ | માણિક્યનંદીજી | 1003-1028 | 185 |
| 106 | પંચસંગ્રહ | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 107 | પંચાસ્તિકાય ટીકા | જયસેનજી-7 | 11-12મી શતાબ્દી | 203 |
| 108 | પંચાસ્તિકાય પ્રદીપ | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 109 | પંચાસ્તિકાયસંગ્રહ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 110 | પાત્રકેસરીસ્તોત્ર | પાત્રકેસરી | 6-7 શતાબ્દી | 108 |
| 111 | પાર્શ્વાભ્યુદય | જિનસેનસ્વામી-2 | 818-878 | 151 |
| 112 | પાશકેવલી | ઋષિપુત્ર | 6-7 શતાબ્દી | 109 |
| 113 | પુરુષાર્થસિદ્ધિઉપાય | અમૃતચંદ્રસ્વામી | 905-955 | 161 |
| 114 | પૂજાકલા | અભયનંદિ સિ.ચ. | 930-950 | 163 |
| 115 | પૂજાકલ્પ | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 116 | પ્રતિમાસંસ્કારરોપણ પૂજા | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 117 | પ્રતિષ્ઠાતિલક | બ્રહ્મદેવજી | 11મી શતાબ્દી | 201 |
| 118 | પ્રતિષ્ઠાપાઠ | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 119 | પ્રતિષ્ઠાસાર સંગ્રહ | વસુનંદિ | 1068-1111 | 199 |
| 120 | પ્રમાણ પદાર્થ | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 121 | પ્રમાણપરીક્ષા | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 122 | પ્રમાણસંગ્રહ | અકલંક આચાર્ય | 620-683 | 122 |
| 123 | પ્રમાણસંગ્રહ | બૃહદ અનંતવીર્ય | 975-1025 | 172 |
| 124 | પ્રમાણસંગ્રહાલંકાર | બૃહદ અનંતવીર્ય | 975-1025 | 172 |
| 125 | પ્રમેયકમલમાર્તંડ | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 126 | પ્રમેયરત્નમાલા | લઘુ અનંતવીર્ય | 12મી શતાબ્દી | 206 |
| 127 | પ્રવચનસાર | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 128 | પ્રવચનસાર ટીકા | જયસેનજી-7 | 11-12મી શતાબ્દી | 203 |
| 129 | પ્રવચનસારસરોજ ભાસ્કર | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |

| | | | | |
|---|---|---|---|---|
| 130 | પ્રાકૃત પંચસંગ્રહવૃત્તિ | પદ્મનંદિનાથ-1 | 977-1043 | 174 |
| 131 | પ્રાકૃત વ્યાકરણ | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 132 | બારસઅણુવેક્ખા | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 133 | બૃહદ દ્રવ્યસંગ્રહ | નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ | 1068 | 198 |
| 134 | બૃહદ્ દ્રવ્યસંગ્રહ ટીકા | બ્રહ્મદેવજી | 11મી શતાબ્દી | 201 |
| 135 | બૃહદ્ સર્વજ્ઞસિદ્ધિ | અનંતકીર્તિજી | 8મી શતાબ્દી | 146 |
| 136 | બૃહદ્ સામાયિક પાઠ | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 137 | બોધપાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 138 | ભક્તામર સ્તોત્ર | માનતુંગસ્વામી | 618-650 | 115 |
| 139 | ભક્તિસંગ્રહ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 140 | ભગવતી આરાધના | શિવકોટિ | પ્રથમ શતાબ્દી | 48 |
| 141 | ભવિષ્યદત્ત ચરિત | શ્રીધર આચાર્ય | 14મી શતાબ્દી | 201 |
| 142 | ભાવનાદ્વાવિંશતિકા | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 143 | ભાવપાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 144 | ભૂમિકલ્પ | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 145 | મુનિપ્રાયશ્ચિત્તપ્રાભૃત | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 146 | મૂલાચાર | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 147 | મૂલાચાર ટીકા | વસુનંદિ | 1068-1111 | 199 |
| 148 | મોક્ષપાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 149 | યશસ્તિલકચંપૂ | સોમદેવસૂરિ | 943-968 | 167 |
| 150 | યુક્તિચિંતામણિસ્તવ | સોમદેવસૂરિ | 943-968 | 167 |
| 151 | યુક્ત્યાનુશાસન/વીર જિનગુણકથા | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 152 | યુક્ત્યાનુશાસનાલંકાર | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 153 | યોગપ્રદીપ | શુભચંદ્ર | 1003-1068 | 191 |
| 154 | યોગસાર | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 155 | યોગસારપ્રાભૃત | અમિતગતિ-1 | 923-963 | 162 |
| 156 | યોનિપ્રાભૃત (મૌખિક) | ધરસેનાચાર્ય | 38 થી 106 | 54 |
| 157 | રત્નકરંડક શ્રાવકાચાર ટીકા | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 158 | રત્નકરંડક શ્રાવકાચાર | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 159 | રયણસાર | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 160 | લઘીયસ્ત્રય | અકલંક આચાર્ય | 620-680 | 122 |
| 161 | લઘીયસ્ત્રયટીકા | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |

| | | | | |
|---|---|---|---|---|
| 162 | લઘુ દ્રવ્યસંગ્રહ | નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ | 1068 | 198 |
| 163 | લઘુ સર્વજ્ઞસિદ્ધિ | અનંતકીર્તિજી | 8મી શતાબ્દી | 146 |
| 164 | લઘુ સામાયિક પાઠ | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 165 | લઘુતત્ત્વસ્ફોટ | અમૃતચંદ્રસ્વામી | 905-955 | 161 |
| 166 | લઘુદ્રવ્યસંગ્રહ ટીકા | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 167 | લઘુનયચક્ર | દેવસેનાચાર્ય | 933-955 | 164 |
| 168 | લબ્ધિસાર | નેમિચંદ્ર સિ.ચ. | 981 | 180 |
| 169 | લિંગપાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 170 | વરાંગ ચરિત્ર | જટાસિંહનંદી | આઠમી શતાબ્દી | 126 |
| 171 | વાદન્યાય | શ્રીદત્તજી | ચોથી શતાબ્દી | 99 |
| 172 | વાદન્યાયવિચિક્ષણ | કુમારનંદિ | 8-9મી શતાબ્દી | 147 |
| 173 | વિદ્યાનંદ મહોદય | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 174 | વિસ્તરતત્ત્વત્રિભંગી | કનકનંદિ સિ.ચ. | 939 | 166 |
| 175 | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ | બપ્પદેવ | પ્રથમ શતાબ્દી | 68 |
| 176 | વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 177 | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ(મૌખિક) | શુભનંદિ, રવિનંદિ | પ્રથમ શતાબ્દી પૂર્વપાદ | 67 |
| 178 | શકટાયનન્યાસ | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 179 | શબ્દામ્ભોજભાસ્કર | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 180 | શાંતિચક્રપૂજા | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 181 | શીલપાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 182 | શ્રાવકાચાર | વસુનંદિ | 1068-1111 | 199 |
| 183 | શ્રીપુર પાર્શ્વનાથસ્તોત્ર | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 184 | શ્રુતભવનદીપક નયચક્ર | દેવસેનાચાર્ય | 933-955 | 164 |
| 185 | શ્રુતાવતાર | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 186 | શ્રુતાવતાર ગદ્ય | શ્રીધર આચાર્ય | 14મી શતાબ્દી | 212 |
| 187 | ષટ્ખંડાગમ | પુષ્પદંત, ભૂતબલિ | 66 થી 156 | 62 |
| 188 | ષટ્ખંડાગમ ટીકા | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 189 | ષટ્ખંડાગમ(મૌખિક) | ધરસેનાચાર્ય | 38 થી 106 | 51 |
| 190 | ષણ્ણપ્રતિક્રમણ | સોમદેવસૂરિ | 943-968 | 167 |
| 191 | સત્યશાસનપરીક્ષા | વિદ્યાનંદસ્વામી | 776-840 | 145 |
| 192 | સન્મતિસૂત્ર | સિદ્ધસેન | 568 | 112 |
| 193 | સમયવ્યાખ્યા ટીકા | અમૃતચંદ્રસ્વામી | 905-955 | 161 |
| 194 | સમયસાર | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |

| | | | | |
|---|---|---|---|---|
| 195 | સમયસાર ટીકા | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 196 | સમયસાર ટીકા | જયસેનજી-7 | 11-12મી શતાબ્દી | 203 |
| 197 | સમાધિતંત્ર | પૂજ્યપાદસ્વામી | પાંચમી શતાબ્દી | 102 |
| 198 | સમાધિતંત્ર ટીકા | પ્રભાચન્દ્ર-4 | 950-1020 | 171 |
| 199 | સર્વભૂષણ | ઇન્દ્રનંદિ આચાર્ય | 939 | 165 |
| 200 | સર્વાર્થસિદ્ધિ | પૂજ્યપાદસ્વામી | પાંચમી શતાબ્દી | 102 |
| 201 | સાર્દ્રદ્વીપ-પ્રજ્ઞપ્તિ | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 202 | સિદ્ધપ્રિયસ્તોત્ર | પૂજ્યપાદસ્વામી | પાંચમી શતાબ્દી | 102 |
| 203 | સિદ્ધાંતસાર | જિનચંદ્રજી | 11-12મી શતાબ્દી | 204 |
| 204 | સિદ્ધિવિનિશ્ચય ટીકા | બૃહદ અનંતવીર્ય | 975-1025 | 172 |
| 205 | સિદ્ધિવિનિશ્ચય | અકલંક આચાર્ય | 620-682 | 122 |
| 206 | સુકુમાલ ચરિઉ | શ્રીધર આચાર્ય | 14મી શતાબ્દી | 212 |
| 207 | સુભાષિતતંત્ર | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 208 | સુભાષિતરત્નસંદોહ | અમિતગતિ-2 | 983-1023 | 183 |
| 209 | સૂત્રપાહુડ | કુંદકુંદાચાર્યદેવ | 127-179 | 80 |
| 210 | સ્તુતિવિદ્યા/જિનશતક | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 211 | સ્યાદવાદ સિદ્ધિ | વાદિભસિંહ | 770-860 | 133 |
| 212 | સ્યાદ્વાદોપનિષદ | સોમદેવસૂરિ | 943-968 | 167 |
| 213 | સ્વયંભૂસ્તોત્ર | સમંતભદ્રસ્વામી | 138-185 | 91 |
| 214 | સ્વાનુભવદર્પણ | યોગીન્દુદેવ | છઠ્ઠી શતાબ્દી | 105 |
| 215 | હરિવંશપુરાણ | જિનસેનસ્વામી-1 | 748-818 | 131 |


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.